પૂજ્યશ્રી

# બ્રહ્મચારીજી

સચિત્ર જીવન દર્શન

પૂજ્યશ્રી બ્રહ્મચારીજી

દેહોત્સર્ગ અર્ધ શતાબ્દી સંવત્ ૨૦૧૦ થી ૨૦૬૦



પૂજ્યશ્રી બ્રહ્મચારીજી

# સચિત્ર જીવન દર્શન


સંયોજક

શ્રી પારસભાઈ જૈન



પ્રકાશક

શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન મંદિર, બાંધણી




**પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન**

| | | | |
|---|---|---|---|
| : પ્રકાશક :<br>શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર<br>પો. બાંધણી-૩૮૮ ૪૧૦<br>તા. પેટલાદ, જિલ્લો ખેડા,<br>ફોન (૦૨૬૯૭) ૨૪૭૭૧૩ | શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર<br>શ્રીમદ્ રાજચંદ્ર માર્ગ<br>આર.બી.મેતા રોડ,<br>ઘાટકોપર (ઈસ્ટ)<br>મુંબઈ—૪૦૦ ૦૭૭ | શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર<br>આકાશવાણી રોડ,<br>રાજકોટ<br>(ગુજરાત)<br>પીનકોડ ૩૬૦ ૦૦૧ | શ્રીમદ્ રાજચંદ્ર જન્મભુવન<br>વવાણીયા<br>તાલુકા-માળીયા મિંયાણા,<br>જિલ્લો-રાજકોટ<br>પીનકોડ ૩૬૩ ૬૬૦ |

પ્રથમાવૃત્તિ, પ્રત ૩૦૦૦, ઇસ્વી સન્ ૨૦૦૭

પડતર કિંમત : ૨૫૦/-રૂા. વેચાણ કિંમત : ૨૦/-રૂા.

# સંપાદકીય નિવેદન



પૂજ્યશ્રી બ્રહ્મચારીજીના નિર્વાણ અર્ધ શતાબ્દી મહોત્સવ નિમિત્તે તેઓશ્રીનું 'સચિત્ર જીવન દર્શન' પ્રગટ કરતા અંતરમાં આનંદ અનુભવાય છે.

આર્ય ભારતદેશમાં, સો વર્ષના અંતરાલમાં આવા ત્રણ મહાપુરુષો જન્મ લઈ ભગવાન મહાવીર દ્વારા ઉપદિષ્ટ મૂળ વીતરાગ મોક્ષમાર્ગને પ્રગટ કરી, વિસ્તારીને ચાલ્યા ગયા, એ આપણા મહાભાગ્યનો પરમ ઉદય સૂચવે છે. સૌથી પ્રથમ સંવત્ ૧૯૧૦માં પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજીનો જન્મ, પછી સંવત્ ૧૯૨૪માં જ્ઞાનાવતાર પરમકૃપાળુદેવનો જન્મ તેમજ સંવત્ ૧૯૪૫માં પ.ઉ.પ.પૂ. બ્રહ્મચારીજીનો જન્મ થયો. અને પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજીનો જન્મ સંવત્ ૧૯૧૦માં તથા પ.ઉ.પ.પૂ.બ્રહ્મચારીજીનો દેહવિલય સંવત્ ૨૦૧૦માં થવાથી બરાબર સો વર્ષના અંતરાલમાં ત્રણ સમકાલીન સત્પુરુષોનો સુમેળ થઈ વીતરાગ માર્ગનો પરમ ઉદ્યોત થયો છે.

આવા મહાપુરુષોના પવિત્ર જીવનને જાણી, શ્રદ્ધી તે પ્રમાણે જીવન જીવી મુમુક્ષુઓ પણ પોતાનું કલ્યાણ કરે એ આ ગ્રંથ પ્રગટ કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય છે. તેથી આ ગ્રંથમાં સૌથી પ્રથમ પૂજ્યશ્રી બ્રહ્મચારીજીનું સચિત્ર જીવન ચરિત્ર મૂકવામાં આવેલ છે. આ સચિત્ર જીવન દર્શનમાં બધા મળીને કુલ ૪૦૧ દર્શનીય ફોટાઓ છે.

ત્યારબાદ જે મુમુક્ષુઓ પૂજ્યશ્રીના સમાગમમાં આવેલા તેમના દ્વારા લિખિત અથવા કથિત પ્રસંગોને 'પ્રેરક પ્રસંગો'નામના વિભાગમાં ચિત્રો સહિત આપવામાં આવેલ છે. જેથી વાંચનારને તે પ્રસંગ તાદૃશ્ય નજર સમક્ષ જણાય.

ઈસ્વી સન્ ૨૦૦૧માં પરમકૃપાળુદેવનું સચિત્ર જીવનદર્શન બહાર પાડ્યું તે વખતે મુમુક્ષુઓએ એવી ભાવના દર્શાવેલી કે પૂજ્યશ્રી બ્રહ્મચારીજીનું પણ આવું કલર સચિત્ર જીવન દર્શન તથા પ્રસંગો બહાર પડે તો ઘણાને લાભનું કારણ થાય. તે વિચારને ઝીલી લઈ તે કામનો આરંભ કરેલ. તેની પૂર્ણાહુતિમાં લગભગ બે વર્ષનો સમય પસાર થયો. આપણી દોરવણી પ્રમાણે શ્રી પ્રફુલ્લભાઈ તથા શ્રી ભાર્ગવે આ કામ પૂરું કરી આપ્યું. આ તાદૃશ્ય બનેલ ચિત્રોની અસર માનવના માનસ ઉપર જાણે કોતરાઈ જાય છે. જ્યારે જ્યારે પ્રસંગ યાદ આવે કે તે ચિત્ર સ્મૃતિપટમાં આવી ખડું થઈ જાય છે. જેની અસર લાંબા કાળ સુધી ટકી રહે છે.

વળી આ ગ્રંથમાં પૂજ્યશ્રી બ્રહ્મચારીજીનો સાહિત્ય સર્જન વિભાગ જે ઘણો વિશાળ છે, તેને તે તે પુસ્તકોના ચિત્રો સહિત મૂકવામાં આવેલ છે. તથા તે તે ગ્રંથો સંબંધી સંક્ષિપ્ત વર્ણન પણ કરવામાં આવ્યું છે. પૂજ્યશ્રીનું વિશાળ સાહિત્ય પરમકૃપાળુદેવના વચનામૃતોને સમજવામાં પરમ આધારરૂપ છે. તેથી તેઓશ્રીનો આપણા ઉપર પરમ ઉપકાર છે.

તદ્ઉપરાંત 'પૂજ્યશ્રી બ્રહ્મચારીજીના બોધ વચનો' નામના વિભાગમાં નીચે પ્રમાણેના વિષયો ઉપર તેમના દ્વારા લિખિત બોધ લેવામાં આવેલ છે. પરમકૃપાળુદેવ પ્રત્યેની પરમભક્તિ, નિત્યનિયમના ત્રણ પાઠ વિષે, સ્મરણમંત્રનું અદ્ભુત માહાત્મ્ય, સાત વ્યસન અને સાત અભક્ષ્ય વિષે, સત્પુરુષની આજ્ઞા, સત્સંગ એ સર્વ સુખનું મૂળ, સમાધિમરણ પોષક અલૌકિક તીર્થ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ અગાસ, પૂજ્યશ્રીનું અપ્રગટ વચનામૃત વિવેચન તથા અપ્રગટ બોધ પણ એક વિભાગમાં થોડો આપવામાં આવેલ છે.

પૂજ્યશ્રી બ્રહ્મચારીજીની દિનચર્યા કેવી હતી તે પણ ચિત્રો સાથે આલેખવામાં આવી છે, જે મુમુક્ષુઓને પુરુષાર્થ પ્રેરક છે. વળી તેમના પરિચયમાં આવેલ મુમુક્ષુઓના લેખો પણ ચિત્રો સાથે આપવામાં આવેલ છે.

હે પ્રભુ અને યમનિયમના અર્થ પણ આમાં લેવામાં આવ્યા છે. અંતમાં પૂજ્યશ્રી બ્રહ્મચારીજી કયા કયા તીર્થોમાં યાત્રાર્થે કે સ્થાપનાર્થે પધારેલા તે તે ગામોના કે મંદિરોના ચિત્રો 'પૂજ્યશ્રી બ્રહ્મચારીજીની તીર્થયાત્રાના સંસ્મરણો' નામના લેખમાં આપવામાં આવ્યા છે. તેમજ તેમની દેહોત્સર્ગ અર્ધશતાબ્દીના દૃશ્યો પણ મૂકવામાં આવેલ છે.

આ ગ્રંથના ચિત્રો બનાવવાનો બધો ખર્ચ શ્રી છીતુભાઈ વલ્લભભાઈ પટેલ આસ્તાવાળાએ ખરા ખંતથી આપી ઉપકારી પ્રત્યેનો પ્રેમ દર્શાવ્યો છે તે બદલ તેમને ધન્યવાદ ઘટે છે.

આ પરોપકારી સત્પુરુષ કે જેણે અનેક પ્રકારે બોધ આપી પરમકૃપાળુદેવનું શરણ દૃઢ કરાવ્યું તથા તેમની ભક્તિમાં જોડ્યા એવા આ મહાપુરુષનો ઉપકાર કદી ભુલાય નહીં એમ ઇચ્છી અત્રે વિરામ પામું છું.

—આત્માર્થ ઇચ્છક, પારસભાઈ જૈન



# ગ્રંથ પ્રકાશનમાં ભાગ લેનાર દાતાઓની યાદી

''પ્રશ્નઃ—પૈસા વાપરવા ભાવના હોય તો કેવા શુભ કાર્યમાં વાપરવા? ''

તેના ઉત્તરમાં જણાવવાનું કે જે વડે ધર્મપ્રાપ્તિ તથા ધર્મ-આરાધનામાં પોતાને અને પરને મદદ મળે તેવા કામમાં વાપરવા ઘટે. વપરાયા પહેલાં તે સંબંધી વિચાર કરતાં પણ ધર્મધ્યાન થાય છેજી.''

-બોધામૃત ભાગ-૩ (પૃ.૩૪૮)

''ખરી રીતે તો લોભનો ત્યાગ કરવા અર્થે દાન કરવાનું છે. જન્મમરણનું કારણ મોહ છે અને તેમાં મુખ્ય લોભ છે. તે લોભને લઈને જીવ અનેક પ્રકારનાં પાપ કરીને ભવ ઊભા કરે છે.....તે અર્થે દાન, તપ, શીલ અને ભાવના કર્તવ્ય છેજી.'' -બો. ભાગ-૩ (પૃ.૫૦૪)

''દાન છે તે લોભ ઓછો કરવા, સન્માર્ગ પ્રત્યેનો પ્રેમ વધારવા અને આત્માની દયા ખાવા અર્થે કરવાનું છે. એટલે અનંતકાળથી જીવ લોભને લઈને ભવોભવ આથડે છે, આ મનુષ્યભવમાં પણ દેશપરદેશ લોભનો માર્યો આથડે છે, કર્મ બાંધ્યા કરે છે; તે લોભમાંથી એક કાંકરી પણ ખરે તો પણ આત્મા હલકો થાય, પવિત્ર થાય.'' -બોધામૃત ભાગ-૩ (પૃ.૭૯૬)

''મારો એટલો લોભ છૂટ્યો એવી ભાવના કર્તવ્ય છે. મળેલું બધુંય હું ભોગવું એવી સંજ્ઞારૂપ અનાદિની ટેવ ટાળવા અર્થે દાન આદિ શુભ પ્રવૃત્તિ કરું છું; પરંતુ તેના ફળની ઇચ્છા મારે રાખવી નથી. આત્માર્થે હવે સર્વ પ્રવૃત્તિ કરવી છે એવો લક્ષ મુમુક્ષુજીવને સહેજે હોય.'' -બોધામૃત ભાગ-૩ (પૃ.૩૪૩)

**—પૂજ્યશ્રી બ્રહ્મચારીજી**

| | | |
|---|---|---|
| ૫,૦૦,૫૦૧ | શ્રી ઠાકોરભાઈ માધવભાઈ પટેલ | બારડોલી (હાલ અમેરીકા) |
| ૫,૦૦,૦૦૦ | શ્રી છીતુભાઈ (મનહરભાઈ) વલ્લભભાઈ પટેલ તથા પરિવાર | આસ્તા |
| ૩૦,૦૦૦ | શ્રી સ્વ. મણીબેન શનાભાઈ તથા શ્રી સ્વ. વિનોદભાઈ શનાભાઈ માસ્તરના સ્મરણાર્થે હસ્તે શ્રી કમુબેન, શ્રી ચાંદનીબેન, તથા પરિવાર | અગાસ આશ્રમ |
| ૧૧,૦૦૦ | શ્રી ભાવનાબેન પારસભાઈ જૈન | અગાસ આશ્રમ |
| ૫,૦૦૦ | શ્રી મીકૂબેન રીખબચંદજી તથા પુત્ર શ્રી પુરણકુમાર નાહટા | ગઢ સિવાના |
| ૫,૦૦૦ | શ્રી મુમુક્ષુબેન | અગાસ આશ્રમ |
| ૨,૦૦૦ | શ્રી સુવાસબેન રઘુનાથમલજી | રમણિયા |
| ૧,૧૦૧ | શ્રી ગૌરવકુમાર અશોકજી ટીમરેચા | ભિવંડી |
| ૧,૧૦૧ | શ્રી પ્રેમલતાબેન નવરતનભાઈ મહેતા | સુરત |
| ૧,૧૦૧ | શ્રી શાંતિલાલજી હસ્તીમલજી હુંડિયા | બેંગલોર |
| ૧,૧૦૧ | શ્રી સૂરજબેન શાંતિલાલજી હુંડિયા | બેંગલોર |
| ૧,૦૦૧ | શ્રી મંજુબેન દિનેશભાઈ | મુંબઈ |
| ૧,૦૦૧ | શ્રી રાજેશકુમાર શાંતિલાલજી હુંડિયા | બેંગલોર |
| ૧,૦૦૧ | શ્રી શિલ્પાબેન રાજેશકુમાર હુંડિયા | બેંગલોર |
| ૧,૦૦૧ | શ્રી કવિતાબેન રાજેન્દ્રકુમાર મુથા | અમેરીકા |
| ૧,૦૦૧ | શ્રી રેખાબેન મનીષકુમાર કુહાડ | બેંગલોર |
| ૧,૦૦૧ | શ્રી બિન્દુબેન અભયકુમાર મુથા | જલગાવ |
| ૧,૦૦૧ | શ્રી સ્વીટીબેન શાંતિલાલજી હુંડિયા | બેંગલોર |



પૂજ્યશ્રી બ્રહ્મચારીજી

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | પરમપૂજ્ય શ્રી બ્રહ્મચારીજીનું જીવન ચરિત્ર<br>લેખક - શ્રી પારસભાઈ જૈન | ૧ |
| ૨. | બ્રહ્મચારી ભાઈ બહેનોને પાળવાના નિયમો<br>લેખક - પૂ. શ્રી બ્રહ્મચારીજી | ૪૦ |
| ૩. | મુમુક્ષુઓ દ્વારા જણાવેલ પૂ.શ્રી બ્રહ્મચારીજીના પ્રેરક પ્રસંગો | ૪૧ |
| (૧) | શ્રી મનહરભાઈ ગોરધનદાસ કડીવાળા, સુરત | ૪૨ |
| (૨) | શ્રી અંબાલાલભાઈ જેસીંગભાઈ પટેલ, બોરીઆ | ૪૬ |
| (૩) | શ્રી ૐકારભાઈ, અગાસ આશ્રમ | ૪૮ |
| (૪) | શ્રી સુમેરભાઈ ફૂલચંદજી બંદા, સુરત | ૫૩ |
| (૫) | શ્રી છીતુભાઈ ડાહ્યાભાઈ પટેલ, ભુવાસણ | ૫૬ |
| (૬) | શ્રી નેમિચંદજી ફૂલચંદજી બંદા, આહોર | ૬૦ |
| (૭) | શ્રી મણિભાઈ ફૂલાભાઈ પટેલ, સુણાવ | ૬૧ |
| (૮) | શ્રી દયાળજીભાઈ લલ્લુભાઈ પટેલ, સુરત | ૬૪ |
| (૯) | શ્રી શનાભાઈ મથુરભાઈ પટેલ, અગાસ આશ્રમ | ૬૬ |
| (૧૦) | શ્રી હીરાભાઈ પટેલ, વ્યારા | ૬૭ |
| (૧૧) | શ્રી ઠાકોરભાઈ માધવભાઈ પટેલ, બારડોલી | ૬૭ |
| (૧૨) | શ્રી નરસીભાઈ ભગાભાઈ પટેલ, સડોદરા | ૬૮ |
| (૧૩) | શ્રી ભુલાભાઈ વનમાળીદાસ પટેલ, આસ્તા | ૬૯ |
| (૧૪) | શ્રી નરોત્તમભાઈ પ્રભુદાસ પટેલ, આસ્તા | ૭૧ |
| (૧૫) | શ્રી ડાહ્યાભાઈ નારણભાઈ પટેલ, સીમરડા | ૭૪ |
| (૧૬) | શ્રી મોરારજીભાઈ લલ્લુભાઈ પટેલ, નવસારી | ૭૭ |
| (૧૭) | શ્રી ડાહ્યાભાઈ નાથુભાઈ પટેલ, ધામણ | ૭૮ |
| (૧૮) | શ્રી મગનભાઈ શંકરભાઈ પટેલ, સુણાવ | ૮૦ |
| (૧૯) | શ્રી દિનુભાઈ મુળજીભાઈ પટેલ, વડોદરા | ૮૩ |
| (૨૦) | શ્રી નાથાભાઈ ભીખાભાઈ સુથાર, સુણાવ | ૮૪ |
| (૨૧) | શ્રી રાવજીભાઈ છગનભાઈ દેસાઈ, અગાસ આશ્રમ | ૮૫ |
| (૨૨) | શ્રી ચીમનલાલ ગોરધનદાસ દેસાઈ, નડિયાદ | ૮૬ |
| (૨૩) | શ્રી ગોવિન્દજી જીવરાજ લોડાયા, મુંબઈ | ૮૭ |
| (૨૪) | શ્રી ઓટરમલજી કે. સાટિયા, શિવગંજ | ૮૮ |
| (૨૫) | શ્રી ધર્મચંદજી જોરાજી, શિવગંજ | ૯૦ |
| (૨૬) | શ્રી પારસભાઈ જૈન, અગાસ આશ્રમ | ૯૧ |
| (૨૭) | શ્રી નિર્મળાબેન ફૂલચંદજી બંદા, આહોર | ૧૦૦ |
| (૨૮) | શ્રી રતનબેન પુનશીભાઈ શેઠ, મુંબઈ | ૧૦૩ |
| (૨૯) | શ્રી સુવાસબેન ઘેવરચંદજી, શિવગંજ | ૧૦૮ |
| (૩૦) | શ્રી કમળાબેન નિહાલચંદજી ડગલી, બોટાદ | ૧૧૦ |
| (૩૧) | શ્રી સવિતાબેન રાવજીભાઈ પટેલ, ભાદરણ | ૧૧૧ |
| (૩૨) | શ્રી વીમુબેન શનાભાઈ પટેલ, કાવિઠા | ૧૧૨ |
| (૩૩) | શ્રી રમુબેન આદિતરામ, સુરત | ૧૧૨ |
| (૩૪) | શ્રી મણિબેન ભાઈલાલભાઈ, ધૂળિયા | ૧૧૨ |
| (૩૫) | શ્રી મણિબેન શનાભાઈ માસ્તર, અગાસ આશ્રમ | ૧૧૩ |
| (૩૬) | શ્રી અંબાલાલભાઈ પટેલ, સંદેસર | ૧૧૪ |
| (૩૭) | શ્રી રમણભાઈ પટેલ, કાવિઠા | ૧૧૪ |
| (૩૮) | શ્રી શિવબા કલ્યાણભાઈ પટેલ, કાવિઠા | ૧૧૪ |
| (૩૯) | શ્રી ડાહીબેન શંકરભાઈ પટેલ, સીમરડા | ૧૧૪ |
| (૪૦) | શ્રી શાંતિલાલજી વરદીચંદજી, શિવગંજ | ૧૧૫ |
| (૪૧) | શ્રી પ્રેમરાજજી પોખરાજજી, યવતમાલ | ૧૧૬ |
| (૪૨) | શ્રી મૂળચંદભાઈ શાહ, મુંબઈ | ૧૧૮ |
| ૪. | પૂજ્યશ્રી બ્રહ્મચારીજીનું વિશાળ સાહિત્ય<br>લેખક - શ્રી પારસભાઈ જૈન | ૧૧૯ |
| ૫. | પૂજ્યશ્રી બ્રહ્મચારીજીના ૬૫ વર્ષનું વિહંગાવલોકન<br>લેખક - શ્રી અશોકભાઈ જૈન | ૧૨૯ |
| ૬. | પૂજ્યશ્રી બ્રહ્મચારીજીના બોધ વચનો<br>લેખક - પૂજ્યશ્રી બ્રહ્મચારીજી | ૧૩૩ |
| (૧) | પરમકૃપાળુ પ્રત્યેની પરમભક્તિ | ૧૩૫ |
| (૨) | નિત્યનિયમના ત્રણ પાઠ વિષે | ૧૩૬ |
| (૩) | સ્મરણ-મંત્રનું અદ્ભુત માહાત્મ્ય | ૧૩૭ |
| (૪) | સાત વ્યસન અને સાત અભક્ષ્ય વિષે | ૧૪૦ |
| (૫) | સત્પુરુષની આજ્ઞા | ૧૪૧ |
| (૬) | સત્સંગ એ સર્વ સુખનું મૂળ | ૧૪૩ |
| (૭) | શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ | ૧૪૫ |
| (૮) | શ્રી સદ્ગુરુ ભક્તિ રહસ્ય (અર્થ) | ૧૪૬ |
| (૯) | કૈવલ્ય બીજ શું ? (અર્થ) | ૧૪૯ |
| (૧૦) | વચનામૃત વિવેચન (વિવિધ શબ્દાર્થ) | ૧૫૧ |
| (૧૧) | વચનામૃત વિવેચન (પત્રાંક ૭૮૧) | ૧૫૫ |
| (૧૨) | વચનામૃત વિવેચન (પત્રાંક ૮૧૯) | ૧૫૬ |
| (૧૩) | પૂ. શ્રી બ્રહ્મચારીજીનો અપ્રગટ બોધ | ૧૫૭ |
| ૭. | પૂ. શ્રી બ્રહ્મચારીજીની તીર્થયાત્રાના સંસ્મરણો<br>સંયોજક - શ્રી ભાવનાબેન પી. જૈન | ૧૬૩ |
| ૮. | પૂ. શ્રી બ્રહ્મચારીજી દેહોત્સર્ગ અર્ધ શતાબ્દી મહોત્સવ<br>નિમિત્તે અગાસ આશ્રમમાં થયેલ વરઘોડાના દશ્યો | ૧૯૫ |


પૂજ્યશ્રી બ્રહ્મચારીજી

## પૂજ્યશ્રી
## બ્રહ્મચારીજી
## જન્મોત્સવ ૫૬

જનમ્યા જનમ્યા ગોવર્ધન ગિરધારી,
ગુરુરાજની આણા શિરધારી,
એના રોમે રોમે ગુરુરાય...ગોવર્ધન ગિરધારી
ઉપકારો એના ન ભુલાય...ગોવર્ધન ગિરધારી -૧
ગુરુમંત્ર દઈ અમ દુઃખ ટાળ્યા,
આત્માર્થે જીવન અજવાળ્યા,
ગુરુભક્તિમાં અમને વાળ્યા,
એ તો કૃપાતણો અવતાર...ગોવર્ધન ગિરધારી -૨
મળ્યા મળ્યા ગોવર્ધન ગિરધારી,
પ્રભુશ્રીએ નામ આપ્યું બ્રહ્મચારી,
ગુરુરાજની વાણી અવધારી,
એ તો રમે સદા બ્રહ્મમાંય...ગોવર્ધન ગિરધારી -૩
મળ્યા સંત સલુણા ઉપકારી,
એની શિક્ષા આત્માને હિતકારી,
ગુરુભક્તિ બતાવી કલ્યાણકારી,
એ તો ખરો મોક્ષ ઉપાય...ગોવર્ધન ગિરધારી -૪
પ્રભુ પરમકૃપાળુને નમું,
વળી નમું સંત લઘુરાજ રે,
ઉપકારી ગોવર્ધન ગુણ નમું,
મારા મોક્ષ કાજે ભવિ આજ...ગોવર્ધન ગિરધારી -૫

શ્રી પારસભાઈ જૈન

# પૂજ્યશ્રી બ્રહ્મચારીજી

## જન્મ

**‘ઉપકારી કો નહીં વીસરીએ, એ હી ધર્મ અધિકાર’**



પૂજ્યશ્રી બ્રહ્મચારીજીનો જન્મ વિક્રમ સંવત્ ૧૯૪૫ના શ્રાવણ વદ ૮ના દિવસે ગુજરાતના ચારુતર પ્રદેશમાં બાંધણી નામના ગામમાં, જન્માષ્ટમીના શુભ દિને થયો હતો. જન્માષ્ટમી, મહાત્મા શ્રીકૃષ્ણનો જન્મ દિવસ છે. તે દિવસે જન્મ થવો એ પણ એક શુભ સંકેત હતો. શ્રી કૃષ્ણે એકવાર ‘ગોવર્ધન’નામનો પર્વત ઉપાડેલો, તેથી તેમનું બીજું નામ ‘ગોવર્ધનધર’ પણ હતું. તેને અનુસરતું એમનું નામ પણ ‘ગોવર્ધન’ રાખવામાં આવ્યું.

---

શ્રી શાંતિભાઈ પટેલ દ્વારા રચિત ‘જીવનરેખા’ના આધારે ‘પૂ.શ્રી બ્રહ્મચારીજીનું સચિત્ર જીવન દર્શન’ લખનાર શ્રી પારસભાઈ જૈન, અગાસ આશ્રમ.



## પિતાશ્રીનું ભક્તિમય જીવન

તેમના પિતાશ્રીનું નામ શ્રી કાળિદાસ દ્વારકાદાસ હતું. તેઓ મહાત્મા શ્રીકૃષ્ણના પરમ ભક્ત હતા. ત્રણ ત્રણ વાર ગોકુળ મથુરાની યાત્રાએ જઈ આવેલા. પ્રથમ વખતની યાત્રા પગપાળા કરી હતી. તેમનું વ્યક્તિત્વ ઉદાર હતું. મંદિરના જીર્ણોદ્ધાર વગેરે કરાવવામાં દ્રવ્ય ખર્ચતા. લોભ કષાયની મંદતાના કારણે છેલ્લી યાત્રામાં ધનની મર્યાદ કરી. તેના ફળસ્વરૂપ તેમની આ દાન પ્રવૃત્તિ ત્યાગના રૂપમાં પલટાઈ ગઈ. આયુષ્ય થોડું બાકી રહ્યું જાણી ચેતી ગયા અને આત્મસાર્થક કરવા કુટુંબથી દૂર જઈને વસ્યાં. ત્યાં તેમણે ભગવત્ ભક્તિમાં જ પોતાનું આયુષ્ય પૂર્ણ કર્યું.

## તમારો નંદન તો મહાપુરુષ છે

તેમના માતુશ્રીનું નામ જીતાબા હતું. તેઓ પણ ભક્તહૃદયી હતા. હવે તેમને એકમાત્ર પોતાના લાડકવાયા પુત્રમાં જ બાલકૃષ્ણનાં દર્શન થયાં. પુત્રનો જન્માષ્ટમીએ જન્મ, જન્મથી પરમ શાંત, આનંદી અને હસમુખો ચહેરો જોઈને માતાને મન પરમ આનંદ રહેતો અને લાગતું કે આ કોઈ દૈવી પુરુષ છે. એકવાર પ્રસંગવશાત્ જોષીની મુલાકાત થઈ. જોષી, તેમના જમણા પગના ઢીંચણે લાખું જોઈને, આનંદમાં આવી ઉમળકાથી બોલી ઊઠ્યો કે માજી, આ તમારો નંદન તો કોઈ મહાપુરુષ છે. માતાને મન તેને અનુસરતી માન્યતા તો હતી પણ તે જોશીના જ્યોતિષ વડે વિશેષ દૃઢતાને પામી.


### બાલ્યાવસ્થા

જેમ જેમ આનંદમાં બાળકની ઉંમર વધતી ગઈ તેમ તેમ તેમનું વિશાળ ભાલ, ગાલે ખંજન અને કાનની ભરાવદાર બુટ્ટિઓ તેમજ ગૌર વદન પર નિર્દોષ હાસ્ય સર્વેને આનંદનું કારણ થતું તથા તેમના ભાવિ સૌમ્ય વ્યક્તિત્વનાં પણ તેમાં અણસાર મળતા.

## અભ્યાસકાળ

તેમનું વિદ્યાર્થી જીવન શાંત, સરળ, વિનયી અને આજ્ઞાંકિત હોવાથી તેમજ સમજું હોવાને કારણે સ્વજન સમુદાયમાં તે ખૂબ જ પ્રિય થઈ પડ્યાં. કોઈની સાથે લડવા ઝઘડવાનું તો પોતાની પ્રકૃતિમાં અંશે પણ નહોતું.

અભ્યાસ માટે તેમને પ્રતિરોજ ચાર ગાઉ ચાલી નજીકના શહેર પેટલાદમાં જવું પડતું. તે સમયે મોટરો વગેરેની સગવડ નહોતી. બાલવય છતાં પોતાને ફરજનું ભાન તીવ્ર હતું. તેમના અંતરમાં એમ થતું કે એકલા મોટાભાઈ નરસિંહભાઈ ઉપર ઘરનો બધો બોજ કેમ નખાય? મારે પણ યથાશક્તિ મદદ કરવી જોઈએ. તેથી નિશાળેથી આવી ઘરના કામમાં લાગી જતાં. જ્ઞાતે પાટીદાર હોવાથી ખેતીનું કામકાજ રહેતું. ઘરના કામકાજમાં વધુ સમય જવાથી અભ્યાસમાં ખામી આવી અને નાપાસ થયા. પરિણામે અભ્યાસ છોડવો પડ્યો.



## હે ભગવાન! મને તું ખૂબ ભણાવ

પિતાશ્રીના સ્વર્ગવાસ થયા પછી એક વર્ષે, માત્ર તેર વર્ષની ઉંમરમાં જ તેમનાં લગ્ન થઈ ગયાં. હવે ફરજનું ભાન વિશેષ વધ્યું. ઘરનાં ઘરડાં માણસોને બળદની સાથે ઢોરની જેમ વૈંતરુ કરતા જોઈ કુટુંબની ભાવી જવાબદારીના વિચારમાં ને વિચારમાં તેમના અંતઃકરણમાં ઘણું દુઃખ થતું અને તેનો ઉપાય માત્ર એક ભણતર છે એમ લાગ્યા કરતું. છતાં શરમાળ પ્રકૃતિના કારણે મોટાભાઈને કંઈ કહી શકતા નહીં. પણ ભગવાનને દરરોજ પ્રાર્થના કરતા કે હે ભગવાન! મને તું ખૂબ ભણાવ, મારે ખૂબ ભણવું છે.



## જેવા ભાવ તેવા પ્રભુ ફળે

અંતે તેમની પ્રાર્થના ફળી અને બન્યું પણ એવું કે પ્રસંગવશાત્ એક વખત સગાંઓ બહારગામથી તેમના ઘરે આવેલા. તેમણે પૂછ્યું - કેમ ગોવર્ધન ભણવું નથી? તેમણે ભણવાની ઇચ્છા દર્શાવી. →

તે જાણી સગાંઓએ નરસિંહભાઈને કહ્યું કે ગોરધનને ભણાવોને! નરસિંહભાઈને પણ તે વાત હિતકર જણાઈ. જેથી ફરીથી પેટલાદ અંગ્રેજી પહેલા ધોરણમાં દાખલ કર્યા. અંગ્રેજી સારું હતું તેથી પરીક્ષા લઈ બીજા ધોરણમાં દાખલ કર્યા. આ વખતે પેટલાદ બોર્ડિંગમાં રહેવાની જોગવાઈ થવાથી ત્યાં જ રહ્યા. ત્યાં સેવાભાવી મોતીભાઈ અમીનની દેખરેખ નીચે હોવાથી લાગણી રાખી ખૂબ ભણ્યાં; અને બીજું ત્રીજું ← ધોરણ બેય સાથે જ પાસ કરી ગુમાવેલ પોતાના દોઢ બે વર્ષનો બદલો વાળી લીધો.




પેટલાદ બોર્ડિંગ →



## સતત પુરુષાર્થી વિદ્યાર્થીજીવન

તેમને ઘર કરતાં બોર્ડિંગમાં સારો એવો સમય મળતાં વાંચન-વિચારણા વડે પોતાની જાતને ઘડવાનો સારો મોકો મળ્યો. શ્રી મોતીભાઈ અમીન જેવા પ્રેરણામૂર્તિ મળતાં તેમનો સરળ, કર્તવ્ય પરાયણ અને સચ્ચાઈભર્યા સ્વભાવનો જલદી વિકાસ થયો. શ્રી મોતીભાઈ અમીને પૈસા કમાવવાની લોલુપતાને ઠોકર મારી એક આદર્શ શિક્ષક બનવાનું સ્વીકારેલું. પોતાની જાતને ઘડવામાં જે પરિશ્રમ પડેલા તેના અનુભવો તે વિદ્યાર્થીઓ આગળ ખુલ્લા મને ઠાલવતા અને તેમને યોગ્ય દોરવણી પણ આપતા. તેમનો એક પ્રસંગ પૂજ્યશ્રી બોધામૃત ભાગ-૩ (પત્રસુધા)ના પત્રાંક ૪૨૨માં નોંધે છે :–

### સંગ જેવો રંગ




''પ્રથમ જ્યારે પૂ.મોતીભાઈ સાહેબ પેટલાદમાં હેડમાસ્તર થયા અને એમને મણિલાલ નભુભાઈનું ''ચારિત્ર'' (charactorનું ભાષાંતર) નામનું પુસ્તક ગુજરાતીના પિરિયડમાં શીખવતા તે વખતે સત્ય સંબંધી વિવેચન કરતાં બોલેલાં કે આટલી ઉમ્મર થતાં સુધી એક પણ અક્ષર હું જૂઠું બોલ્યો નથી. એ વાક્યની અસર આખા પુસ્તક કરતાં વિશેષ અસરકારક નીવડેલી અને ત્યારથી તે આજ સુધી તેમના પ્રત્યે બહુમાનપણું વધતું રહ્યું.''

તે પોતે સમયનો પૂરો ઉપયોગ કરતા અને ખૂબ ચિંતનમગ્ન રહેતા. આવા શિક્ષકના સહવાસથી પોતાના જીવનમાં પણ મક્કમતા આવી. બેન્જામીન ફ્રેન્કલીનની જેમ ટાઈમટેબલ બનાવી સમયની નિયમિતતા જાળવતા. તેમજ નેપોલિયન બોનાપોર્ટના જીવનની એકાગ્રતા અને કામમાં તલ્લીન થઈ જવાની વૃત્તિને પણ પોતાના સ્વભાવમાં એવી તો વણી લીધી કે જે સમયે જે કામ ધારે તે કામ તે સમયે પૂર્ણ થાય જ. એવી નિશ્ચિતતા જીવનમાં વણાઈ ગઈ.

## કરુણાળુ સ્વભાવ

તેઓ સદ્‌ગુણો અને દુર્ગુણોનું પણ એક ટેબલ બનાવી રાખતા. તેમાં પ્રતિદિન સદ્‌ગુણોને કેમ ખીલવવા અને દુર્ગુણોને કેમ દૂર કરવા તેના વિચારમાં અને પ્રયત્નમાં રહેતા. પોતે ઉપવાસ આદિ કરી ઘરથી મળતા પૈસા બચાવી તેમાંથી નોટબુકો, પેન્સિલો અને જમવા સિવાય પ્રવાસ આદિ પ્રવૃત્તિનું ઇતર ખર્ચ તેમાંથી જ કાઢતા અને ભણવામાં હોશિયાર હોવાથી તેઓને ઇનામ અને સ્કોલરશીપ જે મળતા, તેનો ઉપયોગ તેઓ ગરીબ વિદ્યાર્થીઓને સહાય કરવામાં કરતા. એવો કરુણાળુ સ્વભાવ તેમનો બાલવયથી જ હતો.

## કાવ્યકળા અને સાહિત્યપ્રેમ

કવિ શ્રીકાંતની પ્રબળ અસર નીચે આવવાથી તેમની કાવ્યશક્તિ ખીલી અને પોતે પણ સુંદર કાવ્યો લખતા થયા.

શ્રી કરુણાશંકર માસ્તરની પ્રેરણા અને દોરવણીથી તેમના નાજુક ઉર્મિશીલ સ્વભાવમાં સાહિત્ય પ્રત્યેનો પ્રેમ જાગ્યો અને જીવનમાં ઉચ્ચ આદર્શોનું સિંચન સુગમ બન્યું.

## મિનિટ મિનિટનો સદ્‌ઉપયોગ

મેટ્રિક પાસ કરી તેઓ હવે બરોડા આર્ટ્સ કૉલેજમાં જોડાયા. ત્યાં પણ પોતાના કામમાં એટલા બધા મશગુલ રહેતા કે તેમના નિયમિત જીવનની છાપ બીજા વિદ્યાર્થીઓ ઉપર પણ પડી. ત્યાં પણ સમયના મિનિટે મિનિટનો સદ્‌ઉપયોગ કરી અભ્યાસ ઉપરાંત તેમણે ખૂબ વાંચ્યું, વિચાર્યું. તેમના મનમાં હતું કે જાણે વિદ્યાર્થીજીવનની એકપળ પણ વ્યર્થ કેમ જવા દેવાય? કારણ, સમય અમૂલ્ય છે.

## જનસેવા અને દેશોદ્ધારની ભાવના

બરોડામાં ઇન્ટર પાસ કરી પેટલાદ બોર્ડિંગના જૂના મિત્રોને મળ્યા. તેમાં ભીખુભાઈ મુખ્ય હતા. શ્રી ભીખાભાઈની ધગશ વિદ્યાનગરમાં સ્વાધીન જનપદ વિદ્યાપીઠ (Rural University) સ્થાપવાની હતી. પૂજ્યશ્રીના મનમાં પણ પેટલાદ બોર્ડિંગમાંથી જનસેવા અને દેશોદ્ધારની ભાવના હોવાથી તે ભાવનાને સફળ કરવા ઉચ્ચ પ્રકારનું શિક્ષણ પ્રાપ્ત કરી દેશભરમાં સ્વતંત્રતાનું ખમીર રેડવા શિક્ષણનો-કેળવણીનો પ્રચાર કરવાનું વિચાર્યું. તે કાર્ય માટે શિક્ષણમાં સર્વત્ર અંગ્રેજીનું મહત્વ વધારે હોવાથી 'બોમ્બે પ્રેસિડન્સી'માં પ્રસિદ્ધ થયેલ વિદ્વાન સ્કૉટ પાસેથી ઉચ્ચ કક્ષાનું અંગ્રેજી જ્ઞાન મેળવવા, મુંબઈની વિલ્સન કૉલેજમાં જોડાવાનું નક્કી કર્યું.



ઘણી મુશ્કેલીઓ અને ભારે ખર્ચ વેઠીને પણ શ્રી ભીખાભાઈ સાથે મુંબઈ બે વર્ષ ભણી ઈસ્વીસન ૧૯૧૪માં તેઓ B.A.પાસ થયા. B.A. માં પણ મુખ્ય વિષય અંગ્રેજી સાહિત્ય રાખી તેના ઉપર એવો કાબુ મેળવ્યો કે 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'માં પણ તેમના લેખો છપાવા લાગ્યા. અવિભક્ત કુટુંબ (Joint Family) ઉપર તેમણે ઘણો જ સારો લેખ તે સમયમાં લખ્યો હતો.

## અજબ સહનશક્તિ

તેઓશ્રીની સહનશક્તિ પણ અજબ હતી. મુંબઈથી B.A.ની પરીક્ષા આપી ટ્રેનમાં આવતા હતા. વડોદરા મુકામે સ્ટેશન ઉપર મિત્રો અને મુરબ્બીઓને મળવા માટે અર્ધખુલ્લા ડબાના બારણા આગળ હાથ મૂકીને ઊભેલા. ત્યાં કોઈએ અકસ્માત બારણું બંધ કર્યું. જેથી એમના હાથનો અંગૂઠો કપાઈ ગયો, અને તેનું ટેરવું બારણા સાથે ચોંટી રહ્યું. છતાં તેમણે નહીં કોઈ પ્રકારનો મોઢે અવાજ કર્યો કે નહીં પેલા ભાઈને પણ ઠપકો સરખો આપ્યો.




## આખું વિશ્વ કુટુંબરૂપ

તેઓ હવે ગ્રેજ્યુએટ થઈ ગયા હોવાથી માતુશ્રી અને મોટાભાઈના મનમાં એમ થયું કે તે હવે મોટા અમલદાર બનશે. પણ તેઓના મનમાં સરકારની નોકરી કરવી તે પરદેશી સરકારની ગુલામી કરવા જેવું લાગતું. વળી દેશોદ્ધાર તથા જનસેવાની ભાવના ઘર કરી ગયેલી હોવાથી તેમને મન "वसुधैव कुटुम्बकम्" એટલે આખી સૃષ્ટિ પોતાનું કુટુંબ જણાતું હતું.

"अयं निजः परो वेति गणना लघुचेतसाम् ।
उदारचरितानां तु वसुधैव कुटुम्बकम् ॥"

**અર્થ :–** આ મારું છે, આ પરાયું છે, એવી ગણત્રી તો જેનું મન નાનું હોય તે કરે છે. પણ જેનું મન ઉદાર છે-વિશાળ છે; તેને મન તો આખું વિશ્વ કુટુમ્બરૂપ છે.

## શિક્ષણ ક્ષેત્રમાં પણ સ્વયંસેવક

તે જ વર્ષના ડિસેમ્બર મહિનામાં પેટલાદ બોર્ડિંગના જૂના વિદ્યાર્થીઓનું સંમેલન બાંધણી ગામમાં જ ભરાવાનું નક્કી થયું. સંમેલનમાં રજૂઆત થઈ કે જો ચરોતરની ઉન્નતિને અર્થે શ્રી મોતીભાઈ સાહેબની આગેવાની હેઠળ ચરોતર એજ્યુકેશન સોસાયટીની સ્થાપના થાય તો પોતે અને શ્રી ભીખાભાઈ અને શ્રી અંબાલાલ એ ત્રણે મિત્રો સ્વયંસેવક તરીકે સંસ્થા પગભર થાય ત્યાં સુધી સેવા આપશે. તે મિટિંગમાં સંસ્થાની સ્થાપના કરવાનું નક્કી કર્યું અને ઈ.સન ૧૯૧૫ના જાન્યુઆરીથી શ્રી ભીખાભાઈ અને શ્રી અંબાલાલભાઈ બોરસદ ખાતે સેવામાં જોડાયા, અને પોતે વસો ખાતે સેવામાં જોડાયા. વસોમાં અંગ્રેજી શાળામાં તેમને છઠ્ઠું ધોરણ સોંપવામાં આવ્યું. સાથે સાથે મોતીભાઈ સાહેબની પ્રેરણા અને કાર્યદક્ષતાથી વસો ક્ષેત્રે ગુજરાતમાં સૌ પ્રથમ બાલમંદિરની સ્થાપના થઈ. તેમાં પણ પોતે મોન્ટેસરી પદ્ધતિથી શિક્ષણ આપવા માંડ્યું, અને નવા શિક્ષકોને પણ પોતે તૈયાર કર્યા. આ પ્રયોગ દેશમાં નવો હોવાથી દૂરદૂરથી લોકો જાતે નિરીક્ષણ કરવા માટે ત્યાં આવતા. એ પ્રયોગ ખૂબ સફળતા પામ્યો અને શ્રી ગિજુભાઈ બધેકા વગેરેએ તેનો પ્રચાર આખા ગુજરાતભરમાં કરવાનું કામ માથે ઉપાડી લીધું.

ત્યારબાદ એક-બે વર્ષમાં ચરોતર એજ્યુકેશન સોસાયટીએ પોતાનું કેન્દ્ર આણંદમાં સ્થાપ્યું, અને સ્વતંત્ર કેળવણી સંસ્થા ચલાવવી શરૂ કરી. તે સંસ્થાનું નામ દાદાભાઈ નવરોજી હાઈસ્કુલ (D.N.) રાખ્યું.







## પૂ.શ્રી બ્રહ્મચારીજીની હેડમાસ્તર પદે નિયુક્તિ

ત્યાં સ્વયંસેવકોની વધારે જરૂર હોવાથી તેઓ વસો છોડી ઈ.સન. ૧૯૧૯માં આણંદ આવ્યા. આણંદમાં ૧૯૨૦-૨૧માં દાદાભાઈ નવરોજી હાઈસ્કુલમાં બે વર્ષ હેડમાસ્તર તરીકે સેવા બજાવી. બન્ને વર્ષ મેટ્રિક કક્ષાનું પરિણામ સો ટકા આવ્યું.

## વિદ્યાર્થીઓને ભણાવવામાં તલ્લીન પૂ.શ્રી બ્રહ્મચારીજી



## આદર્શ શિક્ષક

તેઓનું વલણ વિદ્યાર્થીઓ પ્રત્યે ઘણું જ પ્રેમાળ હતું. બીજા શિક્ષકોને પણ ખાસ ભલામણ કરેલી કે વિદ્યાર્થીનો ગમે તેવો ગુનો હોય તો પણ તેને તાત્કાલિક શિક્ષા કરવી નહીં; પણ બીજે દિવસે કરવી. આમ કરવાથી શિક્ષકનો તાત્કાલિક આવેશ શમાઈ જતો અને વિદ્યાર્થીને સુધરવાની તક મળતી, અને ક્યારેક અન્યાય થતો પણ અટકી જતો. તેમજ શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચેનો સંબંધ પણ મીઠો બનતો.

તેઓ વિદ્યાર્થીઓને ભણાવવામાં એટલા બધા તલ્લીન થઈ જતા કે કેટલીક વખત પિરિયડને અંતે થતા ઘંટના ટકોરા પણ તેમને સંભળાતા નહીં. પણ દરવાજા બહાર બીજા શિક્ષકને આવી ઊભેલા જોઈ તેઓ સમજી જતા અને ચાલવા માંડતા.


## વિદ્યાર્થીઓને સુધારવાની આગવી રીત

વિદ્યાર્થીઓની ટેવો સુધારવાની પદ્ધતિ પણ તેમની તો આગવી જ હતી. છાત્રાલયમાં છાત્રોને પરોઢીયે ઊઠી પરવારવાનો નિયમ હતો. કેટલાક વિદ્યાર્થીઓ કૂવે નાહીને પોતાના ધોતીયા ધોયા વગર ત્યાંને ત્યાં જ રહેવા દેતા. તે તેમના ધ્યાન બહાર નહીં. કેટલાક દિવસ એમ ચાલ્યું. પણ અંતે તેમની ટેવ સુધારવા માટે એક બે વખત છાનામાના ધોતીયા ધોઈ છોકરાઓની ઓરડીએ સૂકવી દીધા. તેની વિદ્યાર્થીઓને જાણ થઈ અને શરમાઈને પોતાની ટેવ સુધારી લીધી.

તે સમયમાં ભારતભરમાં દેશને આઝાદ કરવા અસહકાર આંદોલનની પ્રવૃત્તિ ચાલતી હતી. ગાંધીજીએ રાષ્ટ્રીય કેળવણીના લક્ષથી અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કરેલી. તેમાં ગુજરાતની કેટલીક હાઈસ્કુલો-વિદ્યાપીઠ માન્ય બની. આણંદની દાદાભાઈ નવરોજી હાઈસ્કુલનો મેટ્રિક વર્ગ પણ વિદ્યાપીઠ માન્ય કરાવવામાં આવ્યો હતો.

## આચાર્ય થવા સમ્યક્‌જ્ઞાન અને ઉત્તમ આચાર જોઈએ

હવે ડી.એન.હાઈસ્કૂલ 'વિનયમંદિર' બનતાં તેઓ હેડ માસ્તરને બદલે આચાર્ય કહેવાયા. આચાર્ય પદવીએ તેમને ચેતાવી દીધા. તેઓને મન તો 'આચાર્ય' થવા માટે સાચું જ્ઞાન અને ઉત્તમ આચાર જોઈએ; તેમજ મન, વચન, વાણી અને વર્તનની એકતા જોઈએ. તેના વિના 'આચાર્ય' કહેવડાવવું યોગ્ય નથી. આમ આચાર્યપદ તેમને ખૂંચવા લાગ્યું. તેના ફળસ્વરૂપ તેમની ભાવના શ્રી અરવિંદ કે રમણ મહર્ષિ જેવા કોઈ મહાપુરુષ પાસે જઈ જીવન ઉન્નત કરવાની ઝંખના જાગી. અગાઉની દેશોદ્ધારની ભાવના હવે આત્મોદ્ધાર કરવા ભણી વળી.



પૂ.શ્રી બ્રહ્મચારીજીનું બાંધણી ગામમાં આવેલ ઘર-જન્મસ્થળ

## શ્રીમદ્ લઘુરાજ સ્વામી વિષેની પ્રથમ જાણકારી

સંવત્ ૧૯૭૭ની દિવાળીની રજાઓમાં તેમને બાંધણી આવવાનું બન્યું. ત્યારે ગામના ભગવાનભાઈ પાસેથી શ્રીમદ્ લઘુરાજસ્વામી વિષે જાણવા મળ્યું. મહાત્માની અંતરમાં શોધ તો હતી જ અને આ નિમિત્ત મળવાથી અગાસ આશ્રમમાં જવાનું નક્કી કર્યું. દશેરાને દિવસે વહેલી સવારે ઘરેથી નીકળતાં ભગવાનને પ્રાર્થના કરી કે હે ભગવાન! હવે મને કંઈ માર્ગ સૂઝાડ.

## મહાપુરુષના મિલનથી થયેલો અપાર આનંદ

આશ્રમના દરવાજામાં પગ મૂક્યો કે પરમપૂજ્ય પ્રભુશ્રીજી રાયણના વૃક્ષ નીચે બિરાજેલ હતા. તેમણે મુક્તિનો મારગ શું છે તે જાણે તેમની વિનંતી સાંભળીને જણાવવા ન માગતા હોય તેમ એક છોકરાને **'મૂળ મારગ સાંભળો જિનનો રે'** એ પદ બોલવા જણાવ્યું. તે સાંભળી તેઓશ્રીના આનંદનો પાર ન રહ્યો.

પ.પૂ.પ્રભુશ્રીજી સાથે પૂ.શ્રી બ્રહ્મચારીજીનું પ્રથમ મિલન





## પ.પૂ.પ્રભુશ્રીજીની અનંતકૃપા




તે સ્થિતિને પ્રજ્ઞાવબોધના એક કાવ્યમાં સ્વયં વર્ણવે છે :-

**''હું દ્રમક સમ હીનપુણ્ય પણ તુજ દ્વાર પર આવી ચઢ્યો,**
**સુસ્થિત શ્રીમદ્ રાજચંદ્ર તણી કૃપાનજરે પડ્યો;**
**ત્યાં સંત શ્રી લઘુરાજ સ્વામી પ્રેમસહ સામે મળ્યા,**
**મુજ દૃષ્ટિરોગ મટાડવા જાતે પરિશ્રમમાં ભળ્યા.''**

**અર્થ** :- ઉપમિતિ ભવપ્રપંચમાં અલંકારી ભાષામાં નિષ્પુણ્યક એવા દ્રમકની કથા છે. તેના જેવો હું પણ આપના દ્વાર પર આવી ચઢ્યો. ત્યાં સુસ્થિત મહારાજા જેવા પરમકૃપાળુદેવની કૃપા નજરે હું પડ્યો. વળી ધર્મ બોધકર મંત્રી સમ સંત શ્રી લઘુરાજ સ્વામી આશ્રમના દરવાજામાં પ્રવેશ કરતાં જ રાયણ વૃક્ષ નીચે સામે મળ્યા. તથા મારા અનાદિના આત્મભ્રાંતિરૂપ કદન્નને દૂર ફેંકાવી સમ્યક્ જ્ઞાનરૂપ ક્ષીરભોજન કરાવ્યું. આમ સ્વયં પ્રભુશ્રીજીએ પરિશ્રમ કરીને મારા પર અનંત કૃપા કરી.

## પ.પૂ.પ્રભુશ્રીજીની સેવા મળે તો જીવન ધન્ય

પ.પૂ.પ્રભુશ્રીજીના દર્શન માત્રથી જ પૂર્વના સંસ્કારને લઈને તે વખતે એમને થયું કે પિતાશ્રીની સેવા તો ન મળી શકી, પણ આ મહાપુરુષની સેવા કરી હોય તો જીવન સફળ થઈ જાય. ત્યાં પ્રભુશ્રીજીએ તેમને પૂછ્યું કે **''ટાળી સ્વચ્છંદ ને પ્રતિબંધ''** એટલે શું? સ્વચ્છંદનો અર્થ પોતાની મતિકલ્પનાએ વર્તવું એમ કર્યો પણ પ્રતિબંધ શબ્દનો અર્થ ન આવડતાં પૂ.શ્રી પ્રભુશ્રીજીએ સમજાવ્યો કે કલ્યાણ કરવામાં જે જે વિઘ્ન કરે તે બધા પ્રતિબંધ છે. તે સમયથી જ તેમણે મનમાં ગાંઠ વાળી કે હવે આજથી મારે પૂ.શ્રી પ્રભુશ્રીજીની સેવામાં રહેવા માટે **'સ્વચ્છંદ'** અને **'પ્રતિબંધ'** ટાળવાનો પ્રયત્ન કરવો.



### મંત્રદીક્ષા

પ.પૂ.પ્રભુશ્રીજીએ તેમને તેજ કાળી ચૌદસના રવિવારના દિવસે એવા અપૂર્વ વાત્સલ્યભાવથી મંત્ર આપ્યો કે તેમની સેવામાં રહેતા ભગતજીને ઉલ્લાસમાં આવી પ.પૂ.પ્રભુશ્રીજીએ જણાવ્યું કે **આવું સ્મરણ (મંત્ર) હજુ સુધી અમે કોઈનેય આપ્યું નથી.** ખરેખર! **'પવિત્ર પુરુષોની કૃપાદૃષ્ટિ એ જ સમ્યક્દર્શન છે.'**


પૂજ્યશ્રી પણ પ.પૂ.પ્રભુશ્રીજી દ્વારા આપેલ **'તત્ત્વજ્ઞાન'**માં એવા જ અલૌકિક ઉલ્લાસભાવથી સ્વયં નોંધે છે — **''મંત્રદીક્ષા!''** કાળીચૌદસ જેવા સિદ્ધિયોગ દિને આવા મહાપુરુષના હસ્તે **''મંત્રદીક્ષા''** મળવી એ પણ કેવી અપૂર્વ ઘટના, કહ્યું છે કે —

**''ફરી ફરી મળવો નથી,**
**આ ઉત્તમ અવતાર;**
**કાળી ચૌદસને રવિ,**
**આવે કોઈક જ વાર.''**


# પૂ.શ્રી બ્રહ્મચારીજીને પ.પૂ.પ્રભુશ્રીજીએ આપેલ તત્ત્વજ્ઞાન



આ તત્ત્વજ્ઞાનમાં પ.કૃ.દેવનો ચિત્રપટ



પૂ.શ્રી બ્રહ્મચારીજીને પ.પૂ.પ્રભુશ્રીજીએ આપેલ તત્ત્વજ્ઞાનમાં લખી આપેલ હસ્તાક્ષરમાં માર્ગદર્શન



આ તત્ત્વજ્ઞાનમા પ.પૂ.પ્રભુશ્રાજીના ાચત્રપટ

## સ્વચ્છંદ અને પ્રમાદ ટાળી સ્વરૂપ ભજવાની આજ્ઞા

પ.પૂ.પ્રભુશ્રીજીએ તેમને **'તત્ત્વજ્ઞાન'**માં મંત્ર ઉપરાંત કેટલાક છૂટક વચનો લાલ પેન્સિલથી લખી આપેલા. તે આ છે:

**''સ્વચ્છંદ ટાળી અપ્રમત્ત થા, જાગ્રત થા, જાગ્રત થા. પ્રમાદથી મુક્ત થઈ, સ્વરૂપને ભજ=આત્મા છેજી - જ્ઞાન દર્શન ચારિત્રઃ- આત્મભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે, જીવ લહે કેવળજ્ઞાન રે=સદ્‌વિચાર, સદ્‌વિચાર.**

**તત્ ૐ સત્**

**સહજાત્મ સ્વરૂપ=પરમગુરુ**

**જુગાર, માંસ, દારૂ, મોટી ચોરી, વેશ્યાસંગ, શિકાર, પરદારાગમન એ સાત વ્યસનનો ત્યાગ કર્તવ્ય છેજી.**

**દયા, ક્ષમા, ધીરજ, સમાધિમરણ, સમભાવ, સમતા, અસંગ, અપ્રતિબંધ, શાંતિઃ''**

ઇત્યાદિ વચનોએ તેમને ખૂબ જાગૃત કર્યા. પછી આત્મ-સિદ્ધિમાં **'પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગથી, સ્વચ્છંદ તે રોકાય'** આદિ વચનોનો વિચાર થતાં પ.પૂ.પ્રભુશ્રીજી વિના તેમને બીજે ક્યાંય ગમતું નહીં. જેથી વ્યવહારકાર્યમાંથી છૂટી બચતો વખત ભક્તિમાં જ ગાળતા. એવી ભક્તિની લય લાગી હતી. સોસાયટીના મિત્રોમાં તો એ ગોરધનભાઈ ભગતને નામે જ ઓળખાતા. અને રજા કે અવકાશ મળતાં આશ્રમમાં જ આવી જતા. હવે તેમને જીવનમાં શું કરવા માટે નિશ્ચય કરવો તે વિષયનું ભાન થયું. જેથી **'તત્ત્વજ્ઞાન'**માં પોતાનો નિશ્ચય સ્વહસ્તે સાત કલમોમાં નોંધે છે. તથા સાત ભાવ વ્યસનની પણ નોંધ કરે છે તે નીચે પ્રમાણે છે :-

## જીવનનો નિશ્ચય

**શ્રી સદ્‌ગુરુ દેવ કી જય**

**૧. પ્રભુશ્રીના દર્શનની સેવાની સદૈવ ઇચ્છા. (પ્રત્યક્ષ કે ચિત્રપટશ્રી ર)**

**૨. શ્રી ગુરુદેવની આજ્ઞા (રાગદ્વેષનો ત્યાગ) નું સ્મરણ. અ.અહો શ્રી સત્પુરુષ કે વચનામૃત, આ. ક્ષમાપના, ઇ. હે પ્રભુ ર (સહજાત્મસ્વરૂપની પ્રાપ્તિ - સ્વચ્છંદ ને પ્રતિબંધ તજી શ્રીમદ્ રાજચંદ્રનું વાંચન. પ્રભુશ્રીના લેખનું મનન. ૫ માળા ફેરવવી. કોઈને કહેવું નહીં.**

**૩. મારી જાતને માટે બનતા સુધી કોઈને ફેરા ખવરાવવાની ઇચ્છા ન કરું.**

**૪. બને તેટલો વિચાર કરીને કાર્યનો આરંભ કરું.**

**૫. અહંભાવ ટાળવા બનતો પ્રયત્ન કરું.**

**૬. કોઈને વચન આપતા પહેલાં અતીવ વિચાર કરું કે આપું જ નહિં.**

**૭. જેટલી ક્ષણો વ્યવહારકાર્યમાંથી બચે તે ભક્તિ માટે જ વાપરવી.**

## સાત ભાવ વ્યસન

**સાત વ્યસન - ત્યાગ કર્તવ્ય છે.**

**૧. જુગાર :- શુભ કર્મના ઉદયમાં હર્ષ, અશુભમાં ખેદ માનવો તે હારજીતરૂપ ભાવ જુગાર.**

**૨. માંસ :- દેહ પર (સ્વ-પરના) પ્રીતિ રાખવી. તે ભાવ માંસ ભક્ષણ છે.**

**૩. મદિરા :- મોહનીય કર્મથી સ્વપર વિવેક ભૂલી જવો તે ભાવ મદિરા પાન-દારૂનું વ્યસન છે.**

**૪. મોટીચોરી :- ધન પર પ્રીતિ અને તે મેળવવાની ઇચ્છા રહ્યા કરે તે ભાવ ચોરી છે.**


**૫. વેશ્યાસંગ :- તે કુબુદ્ધિને વશ થઈ વર્તવું.**

**૬. શિકાર :- નિર્દય પરિણામ ભાવ રાખવા.**

**૭. પરદારાગમન :- કાયા ઉપર મમતા રાખી વર્તવું તે.''**

આવો ઉત્તમ નિશ્ચય તેમના અંતરમાં વર્તતો હતો.

## ''આજ્ઞા એ જ ધર્મ, આજ્ઞા એ જ તપ''



ક્યારેક તો પ્રભુશ્રીજીના વિરહાગ્નિથી રહ્યું નહોતું જતું. પ્રભુશ્રી અમદાવાદ હોય ત્યારે ભાડાના પૈસાની પૂરી ગણત્રી કર્યા વિના જ અમદાવાદ દોડી જતા. બે એક વખત તો આણંદ ચાલતાં આવેલા. **'ટાળી સ્વચ્છંદ ને પ્રતિબંધ'** એ વચનો તો જાણે રામબાણ જેવા હૈયે વાગેલા, તેથી પ્રભુશ્રીજીની ચરણસેવામાં બેસી જવાની જ તેમની તાલાવેલી હતી.

એક વખતે તો ઘરે પાછા નહીં આવવાની ભાવનાથી ભાડાના પૈસાની પૂરી ગણત્રી કર્યા વિના અમદાવાદ પ્રભુશ્રીજી પાસે આવી પહોંચ્યા. પ્રભુશ્રીજી સેનેટોરીયમની લાંબી પરસાળમાં પાટ ઉપર બિરાજેલા હતા. તેમને વંદન કરી તેઓ ઊભા રહ્યા.

ત્યાં પ્રભુશ્રીજીએ પ્રસાદ અપાવ્યો. સામે છેડે બેસી પ્રસાદ લેતા હતા. તેટલામાં પ્રભુશ્રીજીની લાકડી ખખડી ← કે તેમનું ધ્યાન તે તરફ ગયું. પ્રભુશ્રીજીએ પગે મોજાં પહેર્યા અને પછી પાદુકા પહેરવા પ્રયત્ન કરી તેને છોડી દીધી. તેથી તેઓ એમ સમજ્યા કે પાદુકાની જેમ ચરણસેવા કરવામાં વચ્ચે મોજાં જેવો પ્રતિબંધ આડો આવે છે. પછી પ્રસાદ આરોગી તેઓ પ્રભુશ્રીજી પાસે આવ્યા.



ત્યારે પ્રભુશ્રીજીએ કહ્યું : ''પ્રભુ! પધારો!'' →

ત્યારે પોતાને સેવામાં રાખવાની જરાપણ તેમણે વિનંતી કર્યા વિના 'आज्ञा गुरुणाम् अविचारणीया'ની જેમ પ્રભુશ્રીજીની આજ્ઞાને ફૂલની જેમ મસ્તકે ચઢાવી, વંદન કરી ત્યાંથી ચાલતા થયા. પૂરા ભાડાના પૈસા વિના સીધા જ અમદાવાદથી આખી રાત ચાલીને સવારે આણંદ ઘરે પાછા આવી પહોંચ્યા. તેઓને મન 'आणाए धम्मो आणाए तवो' અર્થાત્ 'આજ્ઞા એ જ ધર્મ અને આજ્ઞા એ જ તપ' હતું. તેની પૂરી કસોટી થઈ.



## ફરજનું ભાન અને ત્યાગ વૈરાગ્યની તીવ્રવૃત્તિ

તે સમયમાં એમના ચિરંજીવી જશભાઈ (બબુ)ના બા જશભાઈને અઢી વર્ષના મુકીને સ્વર્ગસ્થ થયેલા. તેથી જશભાઈના સંસ્કાર ઝિલનના અગત્યના સમયમાં તેના ઉછેરનું કામ કોઈને સોંપવાનું તેમને યોગ્ય ન લાગવાથી પોતાના સસરા સાથે તેઓ આણંદમાં રહેતા.

પ્રભુશ્રીજીએ માર્ગ ઉતાવળનો નથી એમ જણાવેલું તથા આચરવાના ગુણોમાં પ્રથમ 'દયા' લખી આપેલ. તેથી 'બબુ' પ્રત્યેની ફરજ સમજી આણંદમાં તેમનાથી રહ્યું જતું અને કંઈક ધીરજ પણ રહેતી હતી. સ્વજનો તરફથી ફરી પરણવાની સહજ તૈયારી થયેલી છતાં પ્રભુશ્રીજીની સેવામાં તે પ્રતિબંધરૂપ જણાતાં ફરી નહીં પરણવાનો વિચાર તેમણે મક્કમ રાખ્યો હતો.

એક બાજુ પોતાને ફરજનું તીવ્ર ભાન હતું અને બીજી બાજુ ત્યાગ વૈરાગ્યની વૃત્તિ પણ ઘણી જ પ્રબળ હતી. તે પોતાના મોટાભાઈને લખેલ પત્રના અવતરણો ઉપરથી આપણને સહેજ ખ્યાલ આવી શકે તેમ છે. માટે તે અત્રે આપીએ છીએ :—

## સંસાર છોડી નાસી જવાનો પ્રયત્ન


''આ બબુના જન્મ પહેલા તેનો મોટોભાઈ વિઠ્ઠલ હતો. તે વખતે મને ઉપરની (આત્મકલ્યાણની) ભાવનાઓએ.....સંસાર છોડીને નાસી જવા જેવો પ્રયત્ન કરવા એક બે વખત પ્રેરેલો, એક વખત તો રાત્રે ત્રણ વાગે બાંધણીથી લોટો લઈને નીકળી પડેલો. તે એવા વિચારથી કે ચાલતાં ચાલતાં કોઈ જંગલ આવે તો તેમાં સંતાઈ રહેવું અને ઉત્તમ જીવન માટે તૈયાર થવું. પણ બે કલાક સીમમાં આડાઅવળી ફરતાં ફરતાં સવાર થવા આવ્યું. ત્યારે......લાગ્યું કે હજી તો બાંધણીની પાસે જ છું ને કોઈને (મને) પકડી પાડવો સહેલું થઈ પડે તેમ છે; તેથી....મનની વૃત્તિઓ દબાવીને ઘેર પાછો આવતો રહ્યો. આવી ત્યાગવૃત્તિ તો ઘણીવાર ઊછળી આવતી. પણ સંસાર ભોગવવાનું કર્મ પણ તેટલા જ વેગથી કે તેથી વધારે વેગથી જીવ ખપાવતો.

## નિમિત્તાધીન વૃત્તિ


મોટો દિકરો ત્રણ જ વર્ષ જીવ્યો; પણ તમે એક છોકરો ઉછેરી ત્રીસ વર્ષનો મોટો કરો ત્યાં સુધી જે ચિંતા કરો તેટલી ચિંતાઓ તેણે મને કરાવેલી. અને તેની કેળવણી માટે શું શું કરવું, શી ગોઠવણ કરવી, મારે કેટલી તૈયારી કરવી, વગેરે બન્યું તેટલું વિચાર્યું હતું. અને દુનિયાની કોઈપણ વસ્તુ કરતાં તેના ઉપર વિશેષ મોહ રાખેલો. તેમ છતાં તે ક્ષણભંગુર છે એટલુંય સમજાયેલું નહીં-એ જ દીવા તળે અંધારુ-અને આપણા સંસારીના બધા કામોમા આ જ ધબડકો હોય છે; વાતો ડાહી ડાહી કરીએ પણ મન જ ચોખ્ખું નહીં. તેને વારસામાં શું આપી જવું તેનો વિચાર પણ મેં કરી મૂક્યો હતો. અને ઉત્તમ જીવન પિતા ગાળે એ પુત્રને માટે જેટલું ઉત્તમ છે તેના જેટલો ઉત્તમ વારસો કોઈપણ પિતા પુત્રને આપી ન શકે, એ મારા મનમાં સ્વાભાવિક રીતે કોઈ પૂર્વ કર્મના બળે સ્ફુરેલું, તે જાગ્રત રહેલું. તેથી પૈસાદાર તેને જોવાનાં સ્વપ્નો મેં કરેલાં નહીં, કારણ કે મેં જેને સારું માનેલું તેવું ઉત્તમ જીવન જ વારસામાં તેને મળે એવી મારી ઇચ્છા હોય જ. મારું અધુરું રહેલું કામ પૂરું કરે તેવો પુત્ર થાય એવી મેં ઇચ્છા રાખેલી અને તે પ્રમાણે મારે, આપણા પિતાએ અધુરું મૂકેલું કામ પૂરું કરવું એમ પણ મનમાં હતું અને હજી છે.....''

## આમ કોઈ કોઈ કંઈ કામ કાઢી જશે

તેઓશ્રીને મન પરમાર્થ જ એક માત્ર જીવનમાં કર્તવ્યરૂપ છે એમ લાગવાથી જશભાઈ ૫-૬ વર્ષના થયા કે અઠવાડિયે આશ્રમમાં આવવાને બદલે હવે પાસ કઢાવી દરરોજ રાત્રે આશ્રમમાં આવી સવારે આણંદ જવાનું રાખ્યું. આશ્રમમાં રાત્રે મોડા સુધી વાંચન અને લખવાનું કરતા અને પરોઢિયે વહેલા ત્રણ વાગે ઊઠી પ્રભુશ્રીજી આગળ વાંચન કરવાનું રાખ્યું. ઊંઘ ન પજવે અથવા પ્રમાદ ન થાય તે માટે સાંજનો ખોરાક પણ નજીવો જ લેવાનું રાખેલ. તે વિષે એક દિવસ પ્રભુશ્રીજીએ જણાવેલું કે **''આ ગિરધરભાઈ રોજ પાસ લઈ આવે છે, વાંચન કરે છે તેમાંય પહેલાંના કરતાં કેટલો ફેર? બધું મૂકી દીધું. એમ આ પ્રમાણે કોઈ કોઈ કંઈ કામ કાઢી જશે.''** ↓



એક મુમુક્ષુને એ વાતની ખૂબ અસર થઈ એટલે બીજે દિવસે પ.પૂ.પ્રભુશ્રીજીને પૂછ્યું – ''જી પ્રભુ, કોઈ જીવને મૂકવું હોય પણ મૂકાતું ન હોય, સમજાતું ન હોય કે કેમ મૂકવું, તેનું કેમ?''



પ્રભુશ્રી કહે – ''કંઈક એ જ રહ્યું છે. મૂકવાનું એવું ક્યાં દેખાય એવું છે કે નખ વધેલા હોય તો તેને કાપી નાખીએ તેમ, દૂર થાય? પણ જે જ્ઞાનીની દૃષ્ટિએ સાચું નથી તેને સાચું માનવું નહીં. પછી ભલેને બધું પડ્યું રહ્યું. એ તો એનો કાળ આવ્યે જશે. **મમતા ઓછી થાય તેમ કરવું.** ઠાર ઠાર મરી જવા જેવું છે.''

## સ્વચ્છંદ અને પ્રતિબંધ ટાળવાની ઝૂરણા

આમ દરરોજ આણંદથી આવવું ને જવું તે દૂધમાં ને દહીંમાં પગ રાખવા જેવું લાગતું. તેથી પોતાને પૂરો સંતોષ થતો નહોતો. પણ એમના મનમાં તો **'મૂળમાર્ગ'** ના **'ટાળી સ્વચ્છંદ ને પ્રતિબંધ'** એ વચનો ક્યારે છૂટું ક્યારે છૂટું? ના ભણકારા જગવતા હતા. તેથી પ્રતિબંધ રહિત થઈ પ.પૂ.પ્રભુશ્રીજીની સેવામાં આજીવન રહેવાની ઉત્કટ ઇચ્છા દર્શાવતો પચ્ચીસેક પાનાનો પત્ર મોટાભાઈ નરસીભાઈ ઉપર લખેલો. તે પત્રમાંના થોડાક અવતરણો જોતાં તેમની સ્વપરહિતની વિશાળ ભાવના, ઊંડી સમજ તેમજ ઘરબાર છોડી હૃદયથી સાચા ત્યાગી થવાની ભાવના આપણને સ્પષ્ટ દૃષ્ટિગોચર થાય છે. તે બો.ભા.–૩ પત્રાંક નં.૧માં જણાવે છે કે :–

## માત્ર મોક્ષ અભિલાષ

''ટૂંકામાં કહું તો આજ સુધી અભ્યાસ કરીને, દુનિયાનો અનુભવ લઈને, ઘણા લેખકોએ પોતાનો અનુભવ પુસ્તકોમાં લખેલો છે તે સમજીને જીવતા જાગતા સત્પુરુષોની દશા મારા ગજા પ્રમાણે સમજીને મને જે કંઈ સમજાયું છે તે ટૂંકામાં આ પત્રમાં મારા જાત–અનુભવના કંઈ સાર જેવું તમારા આગળ તમારી આશિષ માટે રજૂ કરું છું, ભેટ ધરું છું. અને તે દ્વારા તમારું ચિત્ત–આત્મા સાચી વસ્તુ સમજીને તમારું અને મારું કલ્યાણ જે રસ્તે થાય તેનો વિચાર કરી.....તેમાં સંમતિ સહાય આપે એટલો જ હેતુ આ પત્ર લખવાનો છે.

## પરમાર્થ પામવા ચિત્ત તલપાપડ

હું..પરમાર્થની શોધમાં અને તેને પ્રાપ્ત કરવાના પ્રયત્નો માટે જીવું છું..અને તેને માટે સર્વસ્વ અર્પણ કરીને પણ સંપૂર્ણ ઉન્નતિ સાધી શકાય તે માટે તૈયાર થવા મારું ચિત્ત તલપાપડ થઈ રહ્યું છે.. જેવા ધર્મને અનુકૂળ સંજોગો (નિસ્પૃહી અને આત્માના અનુભવી પ્રભુશ્રીજીની સેવા અને સત્સંગ) અગાસ આશ્રમના વાતાવરણમાં છે તેવા સંજોગોમાં થોડા વર્ષ રહેવાથી હું સોસાયટી, કુટુંબ, બબુ કે મારા દેહ સંબંધીની ચિંતાઓનો આવરો અટકાવી શકીશ. એટલે એકવાર તે સર્વની ચિંતા છોડવાનો નિશ્ચય થયા પછી કોઈ કાળે તે નહીં સાંભરે તેવી સ્થિતિ સદ્ગુરુકૃપાથી પ્રાપ્ત થવી સંભવે છે. મારી ઉપર ગમે તેટલી ભવિષ્યમાં આફત આવી પડે તો પણ સાંસારિક સગવડો કે સુખની ઇચ્છા પણ નહીં જાગે એમ પણ અત્યારે લાગે છે. પણ એક મુશ્કેલ વાત છે કે હાલના કરતાં વધારે સાંસારિક સુખમાં ઘેરાઈ જવાનો ઉદય આવે તો શું? તો પણ સદ્ગુરુકૃપાથી અને સદ્ગુરુને શરણે રહેવાથી તથા આ સંત મહાપુરુષોને હાથે હજી તેવી તાલીમ લેવાની ઇચ્છા છે, તેથી તેવા સાંસારિક અનુકૂળ સંજોગોમાં પણ નહીં ચળી શકાય તેવી સ્થિતિ પ્રાપ્ત થવાનો સંભવ લાગે છે.

## દીક્ષા લેવાની ઉત્કંઠા

હું ખાસ કરીને તેને માટે જ વહેલી દીક્ષા લેવા ઇચ્છા ધરાવું છું, કારણ કે અત્યારના અગાસના સંજોગોમાં હું સંપૂર્ણ વૈરાગ્યથી રહેવાનું શીખી લેવાની ઇચ્છા રાખું તો મોટા મહારાજ–શ્રીની દશા દ્વારા મારી વૃત્તિઓ સ્થિર થવાનો ઉત્તમ યોગ હાલ મને લાગે છે. કુટુંબને સદાને માટે છોડીને આખી દુનિયાને કુટુંબ ગણી મારા પ્રારબ્ધ ઉપર આધાર રાખીને આ ભવમાં બાકી રહેલાં વર્ષો પરમકૃપાળુદેવનાં ચરણકમળમાં અર્પણ કરવા તત્પર થયો છું....મને સંસાર છોડી આશ્રમમાં રહેવાની આજ્ઞા ન મળે તો મારે કંઈ કહેવાતા સાધુ થઈ ફર્યા કરવું નથી; પણ તે યોગ્યતા પ્રાપ્ત કરવા માટે જે જે ઉપાય દીર્ઘદૃષ્ટિથી બતાવે તે મારે માન્ય હોવાથી, પહેલાં હું બીજી જવાબદારીઓમાંથી મુક્ત થઈ – ચોખ્ખો થઈ તેમને (પ્રભુશ્રીને) વાત કરવા વિચાર રાખું છું....ભલે મને કાશી જઈ શાસ્ત્ર–અભ્યાસ કરવાની આજ્ઞા મળે કે આશ્રમમાં પૂંજો વાળવા કે ઘંટ વગાડવા જેવું નજીવું કામ સોંપે તો પણ મને તો પૂરેપૂરો સંતોષ થવાનો એમ અત્યારે લાગે છે, કારણ કે મારું કલ્યાણ તે પુરુષની આજ્ઞા ઉઠાવવા માટે જ જીવવામાં છે એમ મને સમજાય છે.

## આજે જ મરી ગયા જાણી શેષ જીવન આત્માર્થે

મારે વહેલું મરી લેવું છે એટલે જે ચિંતા મર્યા પછી થવાની તે પહેલાં થવાની હોય તે થઈ જાય અને પછી બચ્યાં તેટલાં વર્ષ મારા આત્માની કહો, આશ્રમની કહો, કે જગતની કહો, પણ જેમાં સર્વની સાચી સેવા સમાય તેવી ફરજ બજાવવા માટે હું ઘરબાર છોડી અણગાર થવા ઇચ્છું છું....સંત, મહંત કે ગાદીપતિ થવાની ગંધ સરખી પણ મારી ઇચ્છામાં નથી. પણ સર્વનો સેવક અને આત્માર્થી થવાની ઇચ્છા ઘણા કાળથી બાંધી રાખી છે, તેવા થવું છે.

## અન્યને પણ કલ્યાણનો માર્ગ બતાવવાની ભાવના

નથી હું સોસાયટીના કામથી કંટાળ્યો કે નથી સોસાયટી વાળાઓએ મને કાઢી મૂકવાનો વિચાર કર્યો કે જેથી મારે બીજું કોઈ સ્થળ શોધવું પડે. જો તેમ હોય તો આજે બસો પાંચસો રૂપિયા મહિને મળે તેવી નોકરી હું શોધી શકું એટલી મારામાં મને શ્રદ્ધા અને શક્તિ જણાય છે. પણ તે બધા ગુલામ કે નોકર બનાવનારાં કારખાનાં હોવાથી, માત્ર સ્વતંત્ર જીવન સમજવું, સ્વતંત્ર થવું અને સ્વતંત્ર થવા ઇચ્છનારને દેખેલો માર્ગ યથાશક્તિ આંગળી ચીંધી બતાવવા તૈયાર થવું એટલું જ કામ કંઈક મારાથી બની શકે તો આટલા ટૂંકા જીવનમાં તે ઓછું નથી. એમ અત્યારે લાગે છે. જે વસ્તુ માલ વગરની લાગે છે તેમાં ને તેમાં જ ગોચલા ગણવા અને તેના તે વિચારોમાં ગૂંચાયા કરવું તે હવે અસહ્ય લાગે છે. તેમાં જીવવું તે સાક્ષાત્ મરણ દેખાય છે. જેને માટે જીવવું છે તે જો ન બને તો હાલતાચાલતા મડદા જેવી સ્થિતિમાં જીવવા જેવું છે.''

## સેવાનો ઉત્કૃષ્ટ ભાવ

બીજી બાજુ પ્રભુશ્રીજીને પણ વિનંતી પત્રોમાં લખે છે :-

''ગમે તે ક્ષણે જો આપના તરફથી એક સૂચના માત્ર મળે કે મારે સેવામાં ખડા થવું, તો કોઈપણ વસ્તુ કદી પણ મેં મારી ન ગણી હોય તેમ તેને છોડી આપની સેવામાં હાજર થવાનો ઘણા વખતનો મારો નિશ્ચય છે.

.....કોઈ કોઈ વાર એમ થઈ આવે છે કે કાવિઠાના કલ્યાણજી ડોસા તથા મગનભાઈ સ્ટેશન માસ્તરને આપ સ્પષ્ટ શબ્દોમાં જંજાળ છોડી સત્પુરુષને આશરે આવવાનું કહો છો તેમ મને પણ કહેશો જ, એવી આશા રાખીને હું પણ બેઠો છું; અને જ્યારે આજ્ઞા મળશે ત્યારે વિના વિલંબે આપની સેવામાં હાજર થઈ જવું, એવો નિશ્ચય કરી રાખ્યો છે, કારણ કે આપની આજ્ઞા થઈ એટલે કોઈપણ જાતનું વિચારવાનું રહેતું જ નથી એવું હું ભણ્યો છું. 'आज्ञा गुरुणाम् अविचारणीया' ગુરુની આજ્ઞા મળતાં તે યોગ્ય છે કે કેમ તેનો વિચાર જ ન આવવો જોઈએ, માત્ર તેને અમલમાં મૂકવી ઘટે.

''પવિત્ર સેવાનો કે તે ન બને તો પરમ સત્સંગનો કે જે આજ્ઞા થાય તે ઉઠાવવાનો પ્રસંગ મેળવી પ્રયત્ન કરવા તત્પર આ દીનદાસના સવિનય સાષ્ટાંગ નમસ્કાર પવિત્ર સેવામાં પ્રાપ્ત થાય.''

## સર્વસ્વ ત્યાગી પ્રભુશ્રીજીની સેવામાં જોડાઈ ગયા

આવી સર્વાર્પણની ભાવના છતાં તેઓશ્રીના મનમાં એમ રહેતું કે કામ વિના આશ્રમમાં રહી બોજારૂપ કેમ થવાય? પ્રભુશ્રીજીએ તેમના મનનો ભાવ જાણી કહ્યું કે અહીં તો કામના ઢગલા છે. પછી તો તેમનાથી રહ્યું જ ન ગયું. પ્રભુશ્રીજીની આજ્ઞા મેળવી, ઘેરથી મોટાભાઈની રજા મેળવી તેમજ ચરોતર એજ્યુકેશન સોસાયટીમાં રાજીનામું આપી જૂન ૧૯૨૫માં પ્રભુશ્રીની સેવામાં જોડાઈ ગયા.


## બ્રહ્મચર્ય દીક્ષા



**''સર્વ ચારિત્ર વશીભૂત કરવાને માટે, સર્વ પ્રમાદ ટાળવાને માટે, આત્મામાં અખંડ વૃત્તિ રહેવાને માટે, મોક્ષ સંબંધી સર્વ પ્રકારના સાધનના જયને અર્થે 'બ્રહ્મચર્ય' અદ્‌ભુત અનુપમ સહાયકારી છે, અથવા મૂળભૂત છે.''** એમ પરમ કૃપાળુદેવની શિક્ષા જાણી તેઓશ્રીએ પ્રભુશ્રી પાસે બ્રહ્મચર્ય દીક્ષા અંગીકાર કરી. પછી તો પ્રભુશ્રીજી બીજા બ્રહ્મચારીઓ હોવા છતાં તેમને જ માત્ર 'બ્રહ્મચારી' એવા નામથી સંબોધન કરતા. તેથી આ સામાન્ય નામ વિશિષ્ટતાને પામ્યું અને ગોવર્ધનદાસજી **'શ્રી બ્રહ્મચારીજી'**ના નામથી જ સર્વત્ર ઓળખાવા લાગ્યા.

તા. ૧૧-૧-૨૬ની રાત્રે દસ વાગ્યે પ્રભુશ્રી પોતે વાંચન કરી રહ્યા કે મુનિ મોહનલાલજી ભક્તિમાંથી પ્રભુશ્રી પાસે આવ્યા ત્યારે પ્રભુશ્રીએ કહ્યું : ''અમારી તો હવે, કૃપાળુદેવે જણાવ્યું છે તેમ, તેના ઉપર જેને દૃષ્ટિ હોય તેમણે સંભાળ રાખવી. એમને-મુનિને સાચવી લેજો, સંભાળ રાખજો.'' એમ જણાવ્યું છે તેમ કરવું ઘટે. જેમ નાના બાળકની-લઘુની તેમ આ 'લઘુરાજ'ની સંભાળ લે તેમ કરવું જોઈએ. હવે કંઈ બોલાય છે? નહીં તો દોડ પણ કરીએ. પણ પહેલાથી અમારે તો ભાવના જ એવી છે કે કંઈક સાંભળીએ; કોઈ સંભળાવે, સાંભળ સાંભળ કરીએ એવું રહેતું અને હજીય રહે છે. કાળ તો જાય છે ને? બીજું હવે શું કરવું છે''. આવા પ્રભુશ્રીના ઉદ્‌ગારો સાંભળીને અંતરથી રોવાઈ ગયું.

## ‘નિશદિન નૈનમેં નિંદ ન આવે નર તબ હી નારાયણ પાવે!’




(૧) હવે પરમપૂજ્ય પ્રભુશ્રીજીની સેવામાં જોડાયા પછી રાતદિવસ સંતસેવાનું કામ કર્યે જ જતાં. રાત્રે ભક્તિ પછી અગિયાર વાગ્યા સુધી પ્રભુશ્રી પાસે વાંચન કરવું, બાર-બે વાગ્યા સુધી ડાયરીઓ લખવી, ઉતારા કરવા, પુસ્તકોની સંકલના કરવી, ભાષાંતરો કરવા, પ્રશ્નોના જવાબો આપવા ઇત્યાદિ કાર્યો કરતા, તેમજ પરોઢિયે ઊઠીને ત્રણ વાગે તો પ્રભુશ્રી પાસે ગોમ્મટસાર આદિનું વાંચન કરતા. પછી ભક્તિ અને આખો દિવસ પ્રભુશ્રીજીની સેવા. આમ પ્રબળ પુરુષાર્થ આદર્યો હતો. ઊંઘ આરામ માટે સમય નજીવો જ કાઢતા. મજબૂત શરીર, ઉત્તમ નૈષ્ઠિક બ્રહ્મચર્ય, મનની અદ્ભુત સ્વસ્થતા, ઉપયોગની તીક્ષ્ણતા અને સંયમમય નિયમિત જીવન હોવાથી અત્યંત શ્રમ કરતાં છતાં પણ પ્રસન્નતા સદૈવ ઝલકતી. ‘નિશદિન નૈનમેં નિંદ ન આવે નર તબ હી નારાયણ પાવે!’એ મુદ્રાલેખને જ જાણે અપૂર્વ ઉલ્લાસના બળે ચરિતાર્થ કરતા હોય એમ જણાતું હતું.

### જીવન પલટો

(૨) પરમપૂજ્ય પ્રભુશ્રીજીની છત્રછાયામાં રાતદિવસ સ્વાધ્યાય ભક્તિમાં કેટલાયે શાસ્ત્રોનું વાંચન, મનન, નિદિધ્યાસન, ચર્ચા અને તેના અવગાહનમાં જ તેમનો સમય વીતતો. તેમજ તે બધું શ્રવણ મનન કરી પચાવ્યે જ જતા. ક્યારેય પણ તે જ્ઞાનને બહાર વેડફાવા દીધું નહીં. વિક્રમની ત્રણ પૂતળીઓમાંની એકની જેમ કાનથી સાંભળી અંતરમાં જ તે જ્ઞાનને શમાવી દીધું. તેઓશ્રીને પત્રલેખનાદિ કરવા પડતા તે પણ માત્ર પ્રભુશ્રીજીની આજ્ઞાથી કરતા. ‘હું કંઈ જ નથી’ એવા ભાવથી જાણે પોતાનું પરમકૃપાળુદેવમાં જ આત્મવિલોપન કરી દીધું. આખું જીવન પલટાવી નાખ્યું. અંગ્રેજી ઉપર પણ સુંદર કાબુ હતો તે પણ ભુલાઈ જવા જેવું થઈ ગયું.

પરમકૃપાળુદેવે પત્રાંક ૨૯૯માં જણાવ્યું છે કે:- **"ગમે તે ક્રિયા, જપ, તપ કે શાસ્ત્રવાંચન કરીને પણ એક જ કાર્ય સિદ્ધ કરવાનું છે; તે એ કે જગતની વિસ્મૃતિ કરવી અને સત્‌ના ચરણમાં રહેવું."** તે પ્રમાણે જ તેમણે ચરિતાર્થ કરી બતાવ્યું.


પરમપૂજ્ય પ્રભુશ્રીજી ક્યારેક તેઓશ્રી વિષે જણાવતા કે **"આ તો કુંદન જેવો છે; વાળ્યો વળે જેમ હેમ તેવો સરળ છે, જેવો ઘાટ ઘડવો હોય તેવો ઘડાય તેમ છે."**

## ગુરુગમની પ્રાપ્તિ

સંવત્ ૧૯૮૨માં પરમકૃપા કરી પ્રભુશ્રીજીએ પૂજ્યશ્રીને **'સમાધિશતક'** સ્વાધ્યાય અર્થે આપ્યું. છ છ વર્ષના સ્વાધ્યાયથી તેમણે તેને ખૂબ પચાવ્યું. તેના ફળ સ્વરૂપ પ્રભુશ્રીજીએ પ્રસન્ન થઈને એક એવી અપૂર્વ વસ્તુ આપી કે જેની માંગણી મોટા અગ્રણી ગણાતા મુમુક્ષુઓ પણ કરતા, પણ યોગ્યતા વગર પ્રભુશ્રી તેમને આપતા નહીં; અને જણાવતા કે યોગ્યતા વિના વસ્તુ મળે નહીં. જ્ઞાનીઓ તો રસ્તે જનારને યોગ્યતા હોય તો બોલાવીને આપે એવા કરુણાળુ હોય છે.વળી પ્રભુશ્રી કહેતા કે **"બેટો થઈને ખવાય બાપ થઈને ન ખવાય." "ઉપમિતિ ભવ પ્રપંચમાં કેટલી વાત આવે છે! તેમાં તો ભારે કરી છે! એક સત્પુરુષ ઉપર દૃષ્ટિ રાખવાની જ વાતો આવે છે. એ જ હું તો જોયા કરું છું કે આ શું લખી ગયો છે! પણ યોગ્યતા વગર કેમ સમજાય?"** (ઉ.પૃ.૩૨૦) આમ યોગ્યતા વિના ભલભલાનેય ન મળે તેવી અપૂર્વ વસ્તુ તે **'ગુરુગમ'**, પરમ પૂજ્ય પ્રભુશ્રીજીએ પૂજ્ય શ્રી બ્રહ્મચારીજીને સંવત્ ૧૯૮૮ના જેઠ સુદ નવમીના દિને આપી. (પૂ.શ્રી બ્રહ્મચારીજીની નોંધના આધારે)


પ્રસંગોપાત્ પૂ.શ્રી બ્રહ્મચારીજી વિષે પ.પૂ. પ્રભુશ્રીજીએ જણાવ્યું કે **"સમ્યક્‌દર્શન છે એજ એને છાપ છે. છાપની જરૂર નથી."**

## નિત્યનિયમ, વ્રત, મંત્રાદિ આપવાના કામની સોંપણી



પરમપૂજ્ય પ્રભુશ્રીજી ઘણીવાર પોતાની હયાતીમાં પણ મુમુક્ષુઓને નિત્યનિયમ, વ્રત, મંત્રાદિ આપવાનું કામ પૂજ્યશ્રી બ્રહ્મચારીજીને જ સોંપતા. સં.૧૯૯૨ના મહા સુદ પૂર્ણિમાથી તો પ્રભુશ્રીજીની તબિયત વિશેષ નરમ થવા લાગી. જાણે પોતાની જીવન લીલા હવે સંકેલી લેવા માગતા હોય તેમ સં.૧૯૯૨ના ચૈત્ર વદ પાંચમના પવિત્ર દિને, પરમકૃપાળુદેવે ઉદ્ધારેલ સત્યધર્મને પોતે પ્રર્વતાવેલો તે માર્ગની સોંપણી હવે પૂજ્યશ્રી બ્રહ્મચારીજીને ટ્રસ્ટીઓની હાજરીમાં કરે છે :—

# મુખ્ય બ્રહ્મચારી સોંપણી




(૧) ''આ બધું આશ્રમખાતું છે, શેઠ, ચુનીભાઈ, મણિભાઈ, દાળ વાંહે ઢોકળી, કહેવાય નહીં. સોંપણી જાણવી. મણિભાઈ, શેઠ, બ્રહ્મચારી ઘણા કાળે, જો કે શરીર છે ત્યાં સુધી કંઈ કહેવાનું નથી, **પણ મુખ્ય બ્રહ્મચારી સોંપણી.** (બ્રહ્મચારીજીને) **કૃપાળુદેવ આગળ જવું. પ્રદક્ષિણા દઈને, સ્મરણ લેવા આવે તો ગંભીરતાએ લક્ષમાં રાખી લક્ષ લેવો, પૂછવું. કૃપાળુદેવની આજ્ઞાએ અને શરણાએ આજ્ઞા માન્ય કરાવવી.''** -ઉ.પૃ.(૭૭) આ મંગલમય પ્રસંગ આશ્રમવાસી જનોને પરમ બાંધવરૂપ, પરમઆનંદના કારણરૂપ બની રહ્યો. બીજે દિવસે પરમપૂજ્ય પ્રભુશ્રીજી મૃત્યુ મહોત્સવ, ધર્મ અને આજ્ઞા સંબંધી જણાવે છે :-

## આજ્ઞા એ ધર્મ

**''આત્માને મૃત્યુ મહોત્સવ છે. એક મૃત્યુ મહોત્સવ છે.'' ''આત્મા ધર્મ - આજ્ઞાએ ધર્મ. કૃપાળુદેવની આજ્ઞા..... आणाअे धम्मो आणाअे तवो.... પરમકૃપાળુદેવનું શરણું છે તે માન્ય છે....સૌ સંપે મળીને રહેજો.''**

## ખાનગીમાં પણ ધર્મની સોંપણી

(૨) પરમપૂજ્ય પ્રભુશ્રીએ ફરીથી પૂજ્યશ્રી બ્રહ્મચારીજીને ખાનગીમાં પણ આ સોંપણી સંબંધી જણાવ્યું હતું. તે પ્રસંગે ''પ્રભુશ્રીની વીતરાગતા, તેમની મુખમુદ્રા, આંખ વગેરેના ફેરફારથી સ્પષ્ટ તરી આવતી અને જાણે તે બોલતા નથી, પણ દિવ્ય ધ્વનિના વર્ણનની પેઠે આપણે સાંભળીએ છીએ એમ લાગે. **'મંત્ર આપવો, વીસ દોહરા, યમનિયમ, ક્ષમાપનાનો પાઠ, સાત વ્યસન, સાત અભક્ષ્ય જણાવવાં. તને ધર્મ સોંપુ છું''** -ઉ.પૃ.(૭૭)

## ધર્મ એટલે શું?

**''આત્મપરિણામની સહજ સ્વરૂપે પરિણતિ થવી તેને શ્રી તીર્થંકર 'ધર્મ કહે છે''** -શ્રીમદ્ રાજચંદ્ર (પત્રાંક ૫૬૮)

**''જીવે ધર્મ પોતાની કલ્પના વડે અથવા કલ્પનાપાત્ર અન્ય પુરુષ વડે શ્રવણ કરવા જોગ, મનન કરવા જોગ કે આરાધવા જોગ નથી. માત્ર આત્મસ્થિતિ છે જેની એવા સત્પુરુષથી જ આત્મા કે આત્મધર્મ શ્રવણ કરવા જોગ છે, યાવત્ આરાધવા જોગ છે.''** -શ્રીમદ્ રાજચંદ્ર (પત્રાંક ૪૦૩)

''મુમુક્ષુઓને તો સત્પુરુષના ગુણગ્રામ કરવા, પણ ધર્મ તો સત્પુરુષ પાસેથી જ સાંભળવો. કંઈ ડહાપણ કરવા ગયો તો ઝેર ખાધા જેવું છે.'' - ઉપદેશામૃત (પૃ.૨૬૩)

**'''ધર્મ' એ વસ્તુ બહુ ગુપ્ત રહી છે. તે બાહ્ય સંશોધનથી મળવાની નથી. અપૂર્વ અંતર સંશોધનથી તે પ્રાપ્ત થાય છે. તે અંતર સંશોધન કોઈક મહાભાગ્ય સદ્ગુરુ અનુગ્રહે પામે છે.''**

– શ્રીમદ્ રાજચંદ્ર (પત્રાંક ૪૭)

એવો **'ધર્મ'** જે ગુપ્ત છે તે આ દુષમકાળમાં મહા-પ્રભાવશાળી એવા પરમઉપકારી પ.પૂ.પ્રભુશ્રીજીને પરમઇષ્ટદેવ પરમાત્મસ્વરૂપ પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુ દ્વારા મળ્યો તે જ **'ગુપ્ત ધર્મ'** પરમ ઉપકારી પ.પૂ.પ્રભુશ્રીજીએ પોતાના સંપૂર્ણ આજ્ઞાંકિત શિષ્ય પૂ. શ્રી બ્રહ્મચારીજીને તેમની સત્પાત્રતા અને અધિકારીપણું જોઈને અનંત કૃપા કરી સોંપ્યો.

સં.૧૯૮૦માં જ્યારે પ્રભુશ્રી આશ્રમમાંથી પૂના વિહાર કરી ગયા ત્યારે પ્રભુશ્રીના દર્શન અર્થે કેટલાંક મુમુક્ષુજનો આણંદ ગયેલા. તેમણે નિરાશાથી આંસુ સહિત નયને ઉદ્ગાર કાઢેલા : ''પ્રભુ, અમારે હવે કોણ આધાર?'' પ્રભુશ્રીએ આશ્વાસન આપતા કહેલું કે **''અમારી સેવામાં જેની આણે જમનાજી માર્ગ દે એવો એક કૃષ્ણ જેવો બાલ બ્રહ્મચારી આવશે. તેને આશ્રમમાં મૂકતાં જઈશું.''**



શ્રી માણેકજી શેઠ




શ્રી જીજીકાકા



શ્રી કલ્યાણજીકાકા

## સેવામાં અગ્યાર વર્ષ

અન્ય પ્રસંગે પણ શ્રી માણેકજી શેઠ, શ્રી જીજીકાકા અને શ્રી કલ્યાણજીકાકા વગેરે મુમુક્ષુઓએ આશ્રમના ભાવિ હિત માટે ચિંતા વ્યક્ત કરતાં પરમ પૂજ્ય પ્રભુશ્રીજીએ જણાવેલું કે - **''એક**



**બ્રહ્મચારી પાછળ મૂકતા જઈશું, જે અમારી સેવામાં ૧૧ વર્ષ રહેશે.''** તેઓશ્રીના સાતિશય વચનો પ્રમાણે જ પૂજ્યશ્રી બ્રહ્મચારીજી ૧૧ વર્ષ સતત સેવામાં રહ્યા અને ત્યાર પછી પણ ૧૮ વર્ષ પરમપૂજ્ય પ્રભુશ્રીજીની આજ્ઞાનુસાર ધર્મની ધૂરા સંભાળી પરમકૃપાળુદેવના માર્ગનો પરમ ઉદ્યોત કર્યો.

એકવાર પ.પૂ. પ્રભુશ્રીજીની છેલ્લી વિશેષ માંદગી જોઈને આશ્રમના ઉપપ્રમુખ શ્રી પુનશીભાઈ શેઠના ધર્મપત્ની શ્રી રતનબહેને પ.પૂ. પ્રભુશ્રીજીને પૂછ્યું : ''પ્રભુ! આપના પછી અમારે આધાર કોણ?'' ત્યારે પ્રભુશ્રીજી બોલ્યા : (પૂજ્યશ્રી બ્રહ્મચારીજીનો હાથ પકડી તેમને બતાવી કહ્યું:) **''અમે આને મૂકી જઈએ છીએ. ગાદી ખાલી નથી. અમારી આગળ જેમ પેટ ખોલીને વાત કરે છે તેમ બધી વાત આને કરવી. આ (બ્રહ્મચારીજી) કુંદન જેવો છે. જેમ વાળીએ તેમ વળે છે''** આ સાંભળી તેમના મનને શાંતિ થઈ.

## મોટા મુનિઓને દુર્લભ એવી સમાધિ

અંતિમ દિનોમાં પ્રભુશ્રી પોતાની સમાધિ-આરાધનામાં લીન બન્યા. તે સંબંધી પૂજ્યશ્રી બ્રહ્મચારીજી જણાવે છે કે :- ''પ્રભુશ્રીની દશા આખર વખતે અવધૂત જેવી હતી. રાગ-દ્વેષ જેવું કંઈ મળે નહીં. કપડું પણ શરીર ઉપર રાખતા નહીં. તેટલા માટે બારણાં બંધ રાખવાં પડતાં. જ્યારે દર્શન કરાવવાં હોય ત્યારે જ કપડું નાખવામાં આવતું; બાકી દિગંબર અવસ્થામાં જ રહેતા'' સં.૧૯૯૨ના વૈશાખ સુદ આઠમના પવિત્ર દિને રાત્રિએ **'મોટા મુનિઓને દુર્લભ એવી નિશ્ચલ અસંગતાથી નિજ ઉપયોગમય દશા રાખીને'** તે મહાપ્રભુ સમાધિને વર્યા.

## વિરહાગ્નિ


હવે પરમપૂજ્ય પ્રભુશ્રીજીનો દેહોત્સર્ગ થવાથી પૂજ્ય શ્રી બ્રહ્મચારીજીના માથે સકળ સંઘની જવાબદારી આવી પડી. તેમજ પ્રભુશ્રીજીનો વિરહ પણ તેમના માટે અસહ્ય થઈ પડ્યો.



**''જ્યાં જ્યાં નજર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની;**
**આપની પ્રભુ આપની, ઉપકારી પ્રભુજી આપની. જ્યાં જ્યાં૦૧**
**આ પાટ જોતી વાટ પ્રભુની, મુમુક્ષુ મનમાં વસી;**
**ઘડિયાળ, પાળુ, શ્રુતિયંત્રો, સ્મૃતિ હે પ્રભુ આપની.'' જ્યાં જ્યાં૦૨**

તે વિરહને હળવો કરવા પરમપૂજ્ય પ્રભુશ્રીજીનું જીવનચરિત્ર તેમણે લખવું શરૂ કર્યું. તેમજ તેઓશ્રી જે જે તીર્થોમાં વિચરેલા તે તે તીર્થોની યાત્રા કરી; પણ તેમ કરવાથી તો પરમપૂજ્ય પ્રભુશ્રીજીની સ્મૃતિ વિશેષ તાજી થઈ અને વિરહાગ્નિ વધારે ભભૂકી ઊઠ્યો. આખરે તેનું ફળ, પરમકૃપાળુદેવ લખે છે તેમ, સુખદ આવ્યું કે **''અતિશય વિરહાગ્નિ હરિ પ્રત્યેની જલવાથી સાક્ષાત્ તેની પ્રાપ્તિ હોય છે. તેમજ સંતના વિરહાનુભવનું ફળ પણ તે જ છે.''** (વ.પત્રાંક ૨૪૬) તે જ પ્રમાણે યાત્રાની અંતિમ રાત્રિએ સંવત્ ૧૯૯૩ના જેઠ વદ ૮ના દિવસે તેઓશ્રીને **અપૂર્વ બ્રહ્મ-અનુભવ** (આત્મ-અનુભવ) થયો. તે પોતાની ડાયરીમાં **'ધર્મરાત્રિ'**નામના કાવ્યમાં નોંધે છેઃ

## પૂ. શ્રી બ્રહ્મચારીજીના હસ્તાક્ષર


ધર્મ-રાત્રિ
યાત્રાની અંતિમ રાત્રિએ જાગ્રત ભાવ જણાયો રે.
માંગલિક શુભ અધ્યવસાયે અંધકાર ગમાયો રે. ૧
ધર્મ ધ્યાન જે શ્રેય રૂપ છે, શ્રેષ્ઠ જ્યેષ્ઠમાં સાધ્યું રે
છઠ્ઠી રાત્રિ કૃષ્ણપક્ષની બ્રહ્મચર્ય બળ વાધ્યું રે. ૨
ગૌરી પૂજામાં કરે જાગરણ કુમારિકા વ્રતધારી રે
લૌકિક રૂઢ રિવાજ ભૂલી આત્માર્થે નિંદ નિવારી રે. ૩
સ્મૃતિ આત્મસિદ્ધિની ધારી સદ્ગુરુ સદા ઉપકારી રે
જ્યાં જ્યાં જે જે યોગ્ય જણાવે તે આતમ-હિતકારી રે. ૪
રમણ રેતીમાં રાસ રમંતાં સ્મરણ અપૂરવ પામ્યાં રે,
ગોપીજન(નો) તે જુગ જ જુદો (એ) સંસાર-સ્મરણ વિરામ્યાં રે. ૫
માતાજીમાં માહાત્મ્ય ઘણું છે નવરાત્રિનું શાથી રે?
ધર્મ ધ્યાનમાં કાળ જતા નવજીવન આવે આથી રે ૬
શાંત સુરાત્રિ આત્મહિતમાં ધર્માત્મા જન ગાળે રે
તો કળિકાળ નડે નહિ તેને (આનંદ) બ્રહ્મ અપૂરવ ભાળે રે ૭
જ્યેષ્ઠ વદ ૮ ગુરુવાર સં.૧૯૯૩ ૧ 7/37

### ધર્મરાત્રિ

યાત્રાની અંતિમ રાત્રિએ જાગ્રતભાવ જણાયો રે,
માંગળલક શુભ અધ્યવસાયે અંધકાર ગમાયો રે. ૧
ધર્મધ્યાન જે શ્રેયરૂપ છે શ્રેષ્ઠ જ્યેષ્ઠમાં સાધ્યું રે,
છઠ્ઠી રાત્રી કૃષ્ણપક્ષની, બ્રહ્મચર્યબળ વાધ્યું રે. ૨
ગૌરી પૂજામાં કરે જાગરણ કુમારિકા વ્રતધારી રે,
લૌકિક રૂઢ રિવાજ ભૂલી આત્માર્થે નીંદ નિવારી રે. ૩
સ્મૃત્ત આત્મસિદ્ધની ધારી સદ્ગુરુ સદા ઉપકારી રે,
જ્યાં જ્યાં જે જે યોગ્ય જણાવે તે આતમ હિતકારી રે. ૪
રમણ રેતીમાં રાસ રમંતા સ્મરણ અપૂરવ પામ્યાં રે,
ગોપીજન(નો) તે જુગ જ જુદો (એ) સંસાર-સ્મરણ વિરામ્યા રે. ૫
માતાજીમાં માહાત્મ્ય ઘણું છે નવરાત્રિનું શાથી રે?
ધર્મધ્યાનમાં કાળ જતા નવજીવન આવે આથી રે. ૬
શાંત સુરાત્રિ આત્મહિતમાં ધર્માત્મા જન ગાળે રે,
તો કળિકાળ નડે નહિ તેને (આનંદ) બ્રહ્મ અપૂરવ ભાળે રે. ૭

(જયેષ્ઠ વદ ૮ ગુરુવાર સં.૧૯૯૩ તા. ૧-૭-૩૭)

થોડા સમય બાદ જાણે પોતાના અનુભવ જ્ઞાનની સાક્ષીરૂપ સ્વ અને પરના વિચારની પ્રેરણા આપનારું **'વિવેક બાવની'** નામનું કાવ્ય તેમણે **'મોક્ષમાર્ગ પ્રકાશક'** ઉપરથી રચ્યું. તેમજ **'જ્ઞાનસાર'** તથા **'જ્ઞાનમંજરી'** જેવા ગહન ગ્રંથોના અનુવાદ પણ તે સમયમાં કર્યાં.




## અનન્ય ગુરુભક્તિ

તેઓશ્રીનું વિશાળ અધ્યાત્મજ્ઞાન, સ્વભાવમાં પરમશાંતિ તેમજ તીવ્ર સત્પુરુષાર્થની પાછળ અખૂટ આંતરિક બળ શું હતું? તો કે તેઓશ્રીની **અનન્ય ગુરુભક્તિ**. તેઓશ્રી કહેતા કે ''જ્ઞાન જ્ઞાનીમાં છે. તે તો અમાપ છે, અનંત છે, પુસ્તકોથી તેનો પાર પમાય તેમ નથી. તેની પ્રાપ્તિ માટે સૌથી સુગમ અને સચોટ ઉપાય **આ કાળમાં એક માત્ર પરમકૃપાળુદેવની ભક્તિ છે.''** પોતે તો જાણે સદૈવ પરમકૃપાળુદેવની ભક્તિમાં જ ખોવાઈ ગયા હોય એમ તેમની મુદ્રા, વાણી અને વર્તનથી જણાતું.

પૂજ્યશ્રી કાવ્યમાં લખે છે કે :—

**''નથી નાથ જગમાં સાર કાંઈ, સાર સદ્ગુરુ પ્યાર છે''**

તેમને મન સદ્ગુરુ પરમકૃપાળુદેવની પરમ ભક્તિ એ જ **'સહજાત્મસ્વરૂપ'** પ્રગટાવવાનો સાચો ઉપાય હતો.



## એકને ભજવાથી સર્વની ભજના

તેઓશ્રી બોધામૃત ભાગ-૩ (પત્રસુધા)માં મુમુક્ષુઓ પરના પત્રોમાં પરમકૃપાળુદેવની ભક્તિ વિષે લખી જણાવે છે કે :-

''એક પરમકૃપાળુદેવ પ્રત્યે જેટલી ભક્તિ થશે તેટલી આત્મ હિતકારી છે....**એકને ભજ્યાથી સર્વ સિદ્ધ અને વર્તમાન અરિહંત આદિની પણ ભક્તિ થાય છે.''** (પત્રાંક ૧૨૨)

''પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુની ભક્તિ પ.ઉ. પ્રભુશ્રીજીએ આપણને બતાવી આપણા ઉપર અપાર ઉપકાર કર્યો છે. તે પરમપુરુષ ભક્તિ કરવા યોગ્ય, સ્તવવા યોગ્ય, ઉપાસવા યોગ્ય, ગુણગ્રામ કરી પવિત્ર થવા યોગ્ય છે.'' (પત્રાંક ૧૩૫)

## પરમકૃપાળુદેવ આ કાળમાં અપવાદરૂપ

''દુષમકાળમાં પણ જ્ઞાનીની આજ્ઞા પામનાર ભાગ્યશાળી હશે તેનું કલ્યાણ પરમકૃપાળુની ભક્તિથી થશે. કારણ કે **આ કાળમાં તેટલી ઊંચી દશાવાળો પુરુષ તેમના જેવો પ્રાપ્ત થવો અસંભવ છેજી.પરમકૃપાળુદેવ આ કાળમાં અપવાદરૂપ છે. હજારો વર્ષે તેવા પુરુષો દેખાવ દે છે. ઘણા ખરા મહાત્માઓ ગણાતાં પરમકૃપાળુદેવનાં જ્ઞાન અને વીતરાગપણાની સરખામણીમાં આવી શકે તેવા નથી.** માટે 'એક મત આપડી ને ઊભે માર્ગે તાપડી' ની વાત જેવું આંખો મીંચી તેને શરણે રહેવાનો પુરુષાર્થ કર્તવ્ય છેજી.'' (પત્રાંક ૯૯૨)

## આપણા ગુરુ પરમકૃપાળુદેવ

''પરમકૃપાળુદેવ દરેક કામ કરતાં યાદ આવે, ક્ષણ પણ ભુલાય નહીં એમ કરવા વિનંતી છેજી. પરમ ઉપકાર પરમ કૃપાળુદેવનો છે. તેમણે આત્મા પ્રગટ કર્યો, આત્માનો ઉપદેશ આપ્યો, મ્યાનથી તરવાર ભિન્ન છે તેમ દેહથી ભિન્ન આત્મા જણાવ્યો અને બીજા ખોટા માર્ગોથી આપણને છોડાવી સાચા આત્માના માર્ગે વાળ્યા, મોક્ષનો માર્ગ બતાવ્યો! માટે એમના જેવો કોઈએ આપણા ઉપર ઉપકાર કર્યો નથી. માટે **પરમ-કૃપાળુદેવજી આપણા ગુરુ છે, તે જ આપણે પૂજવા યોગ્ય છે. તેમના પર જ પરમ પરમ પ્રેમ કરવા યોગ્ય છે.''** (પત્રાંક ૭૬૭)

**''પરમકૃપાળુદેવ સિવાય કોઈ ઉદ્ધાર કરે તેમ નથી.** એવો દૃઢ નિશ્ચય કરવા ભલામણ છેજી. **જ્યાં આત્મજ્ઞાન નથી તે પાણી વગરના કૂવા છે.** ત્યાં તરીલા ચાકળાં લઈને જાઓ, કૂવામાંથી પાણી કાઢવા પ્રયત્ન કરો તો **ત્યાં કાદવ સિવાય કંઈ હાથ લાગશે નહીં, મહેનત વ્યર્થ જશે.**

## ભૂલેલા લોકોની પાછળ ભટકવું નહીં

વીસ દોહાનો વારંવાર વિચાર અનુ-પ્રેક્ષા કરી એક **''સદ્ગુરુ સંત સ્વરૂપ તુજ એ દૃઢતા કરી દેજ''** એ ભાવમાં આત્માને લાવશો અને અન્યજનોનાં વ્રતો અને પરમકૃપાળુ પ્રભુશ્રીજીને હાથે મળેલાં વ્રતોમાં આભજમીનનો ભેદ છે, તે વિચારી બાહ્ય આશ્ચર્ય ભૂલી, **ભૂલેલા લોકોની પાછળ ભટકવાનું તજી ઘેર બેઠા બેઠા મંત્રની માળા ગણવાનો પુરુષાર્થ કરશો તો વહેલો નીવેડો આવશેજી''** - (પત્રાંક ૧૦૦૦)

''એક પરમકૃપાળુદેવની શ્રદ્ધા જ સુખકારી છે. જેને તે શ્રદ્ધા આવી તે દુઃખી હોતો નથી, દુઃખ આવી પડે તો દુઃખ માનતો નથી. તેને એક પ્રકારનો આધાર મળ્યો છે.'' (પત્રાંક ૫૫૬)

## ભક્તિ વડે આત્મશુદ્ધિ

પ્રસંગે પૂજ્યશ્રી જણાવતા કે જેટલી આત્માની શુદ્ધિ થાય તેટલું જ્ઞાન પ્રગટે; અને આત્માની કે હૃદયની શુદ્ધિ માટે ભક્તિ એ સર્વોત્તમ ઉપાય છે અને સુગમ માર્ગ છે. જ્ઞાની પ્રત્યે સર્વાર્પણ બુદ્ધિ થાય, પોતાનો અહંભાવ મટી જઈ સત્પુરુષ પ્રત્યે અભેદ બુદ્ધિ થાય તો જ્ઞાનીનું જ્ઞાન તે પોતાનું જ થઈ જાય. પરમકૃપાળુદેવથી જાુદું મારે કંઈ કરવાનું નથી કે કહેવાનું નથી એમ રહેવું જોઈએ.

તેઓશ્રીનો અલૌકિક પુરુષાર્થ જોઈ એમ થતું કે **ભક્તિ એ કંઈ સામાન્ય પદાર્થ નથી. પણ જીવમાંથી શિવ બનવાનો એક સાચો ઉપાય છે.** તેમજ આધ્યાત્મિકતા એ કેવળ નિશ્ચયનયના શબ્દો વાપરી જાણતું કેવળ શુષ્કજ્ઞાન નથી પણ ઘનિષ્ટ સજાગૃત પુરુષાર્થમય જીવન છે.

## ભાવ ત્યાં ભગવાન

પરમકૃપાળુદેવ પ્રત્યેના પરમ પ્રેમને લીધે તેમની દશામાં એવી સ્વાભાવિકતા આવી ગયેલી કે કોઈપણ કાર્યમાં તેમને પ્રયત્ન કરવો પડતો હોય એમ જણાતું નહીં. બધું સહજ લીલામાત્ર થયે જતું હોય એમ લાગતું. જાણે એ બધાની પાછળ કોઈ અખૂટ અચિંત્ય મહાશક્તિ કામ કરતી હોય એમ ભાસ થતો. તેમના સાનિધ્યમાં પરમકૃપાળુદેવની હાજરી ચાલુ અનુભવાતી. તેમના વચનોનો એવો જ રણકાર હતો. પોતે પણ કહેતા કે **''બધું કૃપાળુદેવના યોગબળે થાય છે. બધું એમની આજ્ઞા લઈને જ કરવું''** ત્યારે મુમુક્ષુએ પ્રશ્ન કર્યો કે –''પરમકૃપાળુદેવ કંઈ કહેવા આવવાના છે?'' પૂજ્યશ્રીએ કહ્યું – ''હા, કહે પણ ખરા. પ્રભુશ્રી કહેતા કે કૃપાળુદેવ હાજરાહજૂર છે; જ્ઞાની એની સાથે વાતો કરે છે''.


## હરિરસ અખંડપણે ગાયો

શ્રીમદ્ રાજચંદ્ર મહાત્મા વ્યાસજી સંબંધી લખે છે કે : **''આત્મદર્શન પામ્યા છતાં પણ વ્યાસજી આનંદ સંપન્ન થયા નહોતા; કારણ કે હરિરસ અખંડપણે ગાયો નહોતો.''** (વ.પત્રાંક ૨૮૨) તે ઘટના જાણે આ મહાપુરુષના જીવનમાં ન બની હોય તેમ એમણે પણ આનંદ સંપન્ન થવા અર્થે **'પ્રજ્ઞાવબોધ'**નામના ગ્રંથની રચના કરી તેમાં હરિરસ અખંડપણે ગાયો. તેમાં પરમ-કૃપાળુદેવની અનેક અલૌકિક દશાઓનું દિગ્દર્શન કર્યું. શાંતરસમાં પરિણમેલો એવો હરિરસ **'પ્રજ્ઞાવબોધ'**ના પ્રત્યેક પુષ્પે પુષ્પે શરૂઆતની પહેલી ગાથામાં જ વિવિધસ્વરૂપે પરમકૃપાળુદેવની ભક્તિરૂપે પ્રગટ થાય છે. તેઓશ્રીની પરમકૃપાળુદેવ પ્રત્યેની કેવી પરમ અલૌકિક નિષ્કામ પ્રેમભક્તિ હતી તેનાં દર્શન તેમાં જોવા મળે છે.



**શ્રીમદ્ રાજચંદ્ર**

તે **'પ્રજ્ઞાવબોધ'**ની
થોડીક કડીઓ અત્રે જોઈએ :—




(રાગ : લાવણી. હે નાથ ભૂંલી હું ભવસાગરમાં ભટક્યો...)

**''શ્રી રાજચંદ્ર - પ્રભુ ચરણકમળમાં મૂકું,**
**મુજમસ્તક ભાવે, ભક્તિ નહીં હું ચૂકું;**
**આ કળિકાળમાં મોક્ષમાર્ગ ભુલાયો,**
**અવિરોધપણે કરી તમે પ્રગટ સમજાવ્યો.'**

(રાગ : વામાનંદન હો પ્રાણ થકી છો પ્યારા)

**''દેવાનંદન હો રાજચંદ્ર પ્રભુ પ્યારા,**
**આ કળિકાળે હો અમને ઉદ્ધરનારા.**
**વંદન-વિધિના જાણું તો યે, ચરણે આવી વળગું;**
**અચળ ચરણનો આશ્રય આપો, મન રાખું ના અળગું.''દેવા૰**

(રાગ : હરિની માયા મહા બળવંતી, કોણે જીતી ન જાય જોને..)

**''વંદુ શ્રી ગુરુ રાજપ્રભુને, અહો ! અલૌકિક જ્ઞાન જોને,**
**તીવ્ર જ્ઞાનદશામાં ક્યાંથી અવિરતિ પામે સ્થાન જોને ?**
**ભાન ભુલાવે તેવી ભીડે જાગ્રત શ્રી ગુરુરાજજોને,**
**બીજા રામ સમા તે માનું સારે સૌનાં કાજજોને.''**

(રાગ : હાં રે મારે ધર્મ જિણંદશુ લાગી પૂરણ પ્રીત જો...)

**''હાં રે વ્હાલા રાજચંદ્ર ગુરુ જ્ઞાનીમાં મન જાય જો,**
**ત્રિભુવન-જનનું શ્રેય ઉરે જે ધારતા રે લો.**
**હાં રે તેને ચરણે નમતાં કળિમળ પાપ કપાય જો,**
**શરણાગતના કારજસઘળાં સારતા રે લોલ.''**

(રાગ : વિહરમાન ભગવાન સુણો મુજ વિનતી....)

**''રાજચંદ્ર ભગવાન અધ્યાતમ - યુગપતિ,**
**તવ ચરણે સ્થિર ચિત્ત રહો મુજવિનતિ;**
**પ્રણમું ધરી ઉલ્લાસ હૃદયમાં આપને,**
**આપની ભક્તિ અમાપ હરે ભવન્તાપને.''**

## અદ્‌ભુત સંયમ

તેમની સેવામાં રહેનાર મુમુક્ષુભાઈએ જણાવેલું કે આ **'પ્રજ્ઞાવબોધ'** તો મોટે ભાગે તેઓશ્રી રાત્રે લખતા. મોડે સુધી પણ જાગતા. ક્યારેક થોડીવાર સૂઈ જાય, વળી ઊઠીને લખે,વળી પાછા તે ના તે વિચારમાં સૂઈ જાય. પાછો વિચાર આવે તો ઊઠી-ને લખે. આ પ્રકારે ત્રણ વર્ષ સુધી તેના સર્જનનું કામ ચાલ્યું. બીજા એક વર્ષ સુધી લગભગ પુનઃ નિરીક્ષણ ચાલ્યું. છતાં કોઈએ પણ તેમના મુખેથી તેની એક લીટીનો સ્વર સરખો પણ સાંભળ્યો નથી. એ તેમના કેટલા અદ્‌ભુત સંયમનું સૂચન કરે છે. પરમ નિઃસ્પૃહ પુરુષો જ આ પ્રમાણે વર્તી શકે.

## પરમ નિસ્પૃહતા


આ **'પ્રજ્ઞાવબોધ'** વિષે પરમકૃપાળુદેવે **'શ્રીમદ્ રાજચંદ્ર'** ગ્રંથમાં પૃષ્ઠ ૬૬૪ ઉપર ભવિષ્ય ભાખેલ છે કે **'તેનો 'પ્રજ્ઞાવબોધ' ભાગ ભિન્ન છે તે કોઈક કરશે''** તેમજ તેમાં વિષયો કયા રાખવા તેની સંકલના પણ પરમકૃપાળુદેવે તે ગ્રંથમાં પૃષ્ઠ ૬૫૫ ઉપર આપેલ છે. તદ્ અનુસાર આ ગ્રંથની રચના જુદા જુદા ગેય રાગોમાં છંદોમાં કરવામાં આવી છે. તેમાં યથાયોગ્ય સ્થાને પરમકૃપાળુદેવના પત્રોને પણ કાવ્યમાં વણી લીધા છે. તેને ગાતાં પરમ-કૃપાળુદેવની ભક્તિમાં મનડું ડોલી ઊઠે છે. કારણ કે પ્રત્યેક પાઠની પહેલી કડી કૃપાળુદેવની સ્તુતિરૂપે હોય છે. અને તે સ્તુતિની પહેલી લીટી અનેકવાર પાઠમાં ધ્રુવ પદે આવે છે. આવી ભાવવાહી શૈલીથી ભરપૂર આશ્ચર્યકારી રચના કરીને પણ તેઓશ્રીએ ક્યાંય પોતાનું નામ સુદ્ધા લખ્યું નથી. તે કેવી પરમ નિસ્પૃહતા.

## એ તો અનુભવીનું કામ

એક ભાઈ એક નોટમાં **'પ્રજ્ઞાવબોધ'** રચી પૂજ્યશ્રી બ્રહ્મચારીજીને મળ્યા અને કહ્યું : ''અત્યાર સુધી પ્રજ્ઞાવબોધ બહાર પડ્યો નહીં એટલે થયું કે જેવું આવડે તેવું ચાલો લખીએ. આ લખ્યો છે તેમાં કંઈ સુધારા સૂચવવા યોગ્ય હોય તો જણાવશો.''


પૂજ્યશ્રી તેને સામાન્ય જોઈ ગયા અને ખૂબ આત્મીયતાથી જણાવ્યું કે – **''એ તો અનુભવીનું કામ**; સ્વાધ્યાય માટે વિચારવું તે જુદી વાત, પણ **પરમકૃપાળુદેવે સંકલના યોજી છે તેમ લખવું તે તો અનુભવીનું કામ; બાકી વાણી ને વાપાણી.''**

'જીવનકળા'ની શરૂઆતમાં 'મંગલ-વચન' શીર્ષક નીચે પૂજ્યશ્રીએ લખ્યું છે કે – **''સર્વતો ભદ્ર – સ્વપરહિતકારી કાર્યની પ્રતીતિ થયા પછી આ કલમ પકડી છે.''** એમ જ્ઞાનીપુરુષના વચનોનો અંતર્આશય તો નિરંતર ધ્યાન સ્વાધ્યાયમાં રત રહેતા એવા જ્ઞાની જ સમજાવી શકે; તે બીજાનું કામ નથી.



## સદ્‌ગુરુ સ્વરૂપની અભેદરૂપે પ્રાપ્તિ

આમ રાત દિવસ નિસ્પૃહપણે ધ્યાન અને સ્વાધ્યાયરૂપ સતત્ પુરુષાર્થના ફળસ્વરૂપે તેઓશ્રીની આત્મદશા વર્ધમાન થઈ **વિશિષ્ટ અનુભવ** પ્રગટ થાય છે.




પૂ.શ્રી બ્રહ્મચારીજીના હસ્તાક્ષરમાં તેમનો વિશિષ્ટ આત્મઅનુભવ

તે સંવત ૧૯૯૬ના વૈશાખ વદ ૯ તા. ૩૦-૪-૪૦ ને દિવસે ગુરુવારે તેઓશ્રી પોતાની ડાયરીમાં નોંધે છે :—

**"આજ ઊગ્યો અનુપમદિન મારો,**
**તત્ત્વપ્રકાશ વિકાસે રે;**
**સદ્‌ગુરુ સ્વરૂપ અભેદ અંતરે,**
**અતિ અતિ પ્રગટ પ્રભાસે રે."**



**અર્થ :-** આત્મતત્ત્વનો પ્રકાશ વિકસિત થવાથી આજનો દિવસ મારા માટે અનુપમ છે. સદ્‌ગુરુ પરમકૃપાળુદેવનું સહજ આત્મસ્વરૂપ મારા અંતર આત્મામાં અભેદરૂપે અત્યંત અત્યંત પ્રત્યક્ષ, પ્રકૃષ્ટપણે ભાસી રહ્યું છે અર્થાત્ અભેદરૂપે અત્યંત અત્યંત પ્રગટ સ્પષ્ટ અનુભવમાં આવી રહ્યું છે.

ત્યારપછી તો પૂ. શ્રી બ્રહ્મચારીજીનું જીવન આનંદની લહેરીઓથી વિશેષ ઉભરાવા લાગ્યું. તેઓશ્રીનું આનંદી, ગોળમટોળ ગૌર વદન પરમાત્માના સચ્ચિદાનંદ સ્વરૂપની ઝાંખી કરાવતું અને ધર્મ પરમ આનંદરૂપ છે, એમ જણાતું હતું.

### નિર્દોષ વ્યક્તિત્વ

એમના સ્વભાવમાં નિર્દોષતાના કારણે રોમેરોમમાં વિશ્વબંધુત્વની ભાવનાનાં સદૈવ દર્શન થતાં અને હરકોઈને તેમના પ્રત્યે આત્મીયતાનો અનુભવ થતો. એમના હૃદયમાં કોઈ પ્રત્યે ભેદભાવની ભાવના જ નહોતી. સાગર જેવા ગંભીર હોવા છતાં પણ બાળકના જેવું નિરભિમાનપણું હતું. વિશાળ શાસ્ત્રજ્ઞાન, માનવ સ્વભાવનું ઊંડું સૂક્ષ્મજ્ઞાન અને આત્માની અધમમાં અધમ સ્થિતિથી માંડીને સર્વોત્કૃષ્ટ સ્થિતિ સુધીની ઊંડી અલૌકિક સમજ હોવા છતાં પણ તેઓશ્રી સદાએ સમાયેલા જ રહેતા. બધું જાણે પરમકૃપાળુદેવના યોગબળના પ્રતાપે જ છે એમ માનતા. ક્યારેય પણ પોતાનું જ્ઞાન કે મહત્તા બતાવવાનો પ્રયત્ન સરખો પણ કર્યો નથી. પણ સર્વ સાથે માત્ર સરળતાથી, નિખાલસતાથી વાત કરતા. એમનો આ સ્વભાવ અખા ભગતની એક ઉક્તિનું સ્મરણ કરાવે છે કે :— **"જ્ઞાની ગુરુ ન થાયે કેનો,**

**સે'જ સ્વભાવે વાત જ કરે,**
**અખા, ગુરુપણું મનમાં નવ ધરે."**

એમના સમાગમથી મુમુક્ષુઓની સાત્ત્વિકતા ખીલી ઊઠતી. પોતે ગમે તેવા દોષિત પ્રત્યે પણ અજોડ કરુણાથી મૈત્રી ભાવે વર્તતા. એમની નિર્દોષતાના કારણે મુમુક્ષુઓને એમનામાં પરમ વિશ્વાસ હતો. તેથી બાળકની જેમ તેમના આગળ પોતાના દોષો ઠાલવી હૃદય ખાલી કરતા અને યોગ્ય માર્ગદર્શન મેળવતા.

### દોષો કઢાવવા વજથી પણ કઠોર

પણ ક્યારેક દોષોને કઢાવવા વજથી પણ અધિક કઠોર હૃદયનો અણસાર પણ તેમનામાં મળતો. જેના સ્મરણમાત્રથી ગમે તેવા દોષ થવાના પ્રસંગથી બચી જવાતું.

ગમે તેવા દોષિતને સુધારવા માટે એમને ક્યારેય ગંભીર થવું પડ્યું નથી. એમની સહજ ગંભીરતા તેના માટે બસ હતી. એ જ્યારે ગંભીર બની જાય ત્યારે સત્‌ની પાછળ છૂપાયેલ પ્રતાપના પ્રભાવે ધ્રુજી ઉઠાતું. છતાં પણ એ ગંભીરતામાંથી એક પ્રકારની કરુણા જ વરસતી હોય એમ જણાતું હતું.

હજારો મુમુક્ષુઓને તેઓશ્રીએ પરમકૃપાળુદેવનું શરણ અંગીકાર કરાવ્યું. સેંકડો સજ્જનોને તેમનો નિકટનો પરિચય પ્રાપ્ત થયો. દરેક પ્રત્યે આત્મીયતા હોવા છતાં પણ તેઓશ્રીની ઉદાસીનતા-વૈરાગ્ય અદ્‌ભુત હતો. તેમજ આંખમાં ચમત્કાર હતો.

ઝીણવટથી જોનારને તેમની આંખ, હસે બોલે કે જુએ, ગમે તે દશામાં પણ ન્યારી જ લાગતી. તેઓ સંસારના ભાવથી સાવ અલિપ્ત પરમ સંયમી હતા.

### જેને જ્ઞાન થશે તેને પરમકૃપાળુદેવથી થશે

એકવાર એક મુમુક્ષુભાઈએ પૂછ્યું કે "કંઈ જ્ઞાન થયું હોય તો કહેજો;" ત્યારે પૂજ્યશ્રી બ્રહ્મચારીજીએ જવાબમાં કહ્યું કે – **"જેને થશે તેને અહીંથી થશે; કંઈ બીજેથી થવાનું છે"?**

## વાત્સલ્યતા



દરેક મુમુક્ષુ પ્રત્યેનો તેમનો વાત્સલ્યભાવ, પ્રેમ ઉપજાવતો. વાત્સલ્યતા એ સમ્યક્દૃષ્ટિનું અંગ છે. ઘણાને એવો અનુભવ થતો કે જાણે એ આપણા છે. છ બાર મહિને કોઈ આવે તો જે પત્રો વગેરે મુખપાઠ કરવા આપ્યા હોય તે તેમને યાદ રહેતું અને પૂછતા. આપણે મન તેઓ એક જ હતા પણ તેઓને મન મુમુક્ષુઓ ઘણા હતા; છતાં બધાની સંભાળ લેતા. પૂજ્યશ્રી વાત્સલ્યતા વિષે જણાવે છે :—

''કૃપાળુદેવને ભજે છે, તો એના ઉપર વાત્સલ્યભાવ રાખવો. જે જીવનું કલ્યાણ થવાનું હોય તે જ જીવ કૃપાળુદેવને શરણે આવે છે, પ્રભુશ્રીજી કહેતા કે કૃપાળુદેવને શરણે આવ્યા હોય તેના અમે દાસના દાસ છીએ. આપણે સેવા કરવી છે એમ ઇચ્છા રાખવી. મુમુક્ષુ છે તે સગાંવહાલાં કરતાં પણ વધારે હિતકારી છે. **વાત્સલ્ય અંગ તો પહેલું જોઈએ. બીજું કશું ન થાય અને વાત્સલ્યભાવ રાખે તોય તીર્થંકરગોત્ર બાંધે. એ ગુણ આપણામાં નથી તો લાવવો છે એમ રાખવું. સમ્યક્ત્વ થાય એવા ગુણો મારામાં ન આવ્યા તો બધું પાણીમાં ગયું.''** - બો.ભા.૧ (પૃ.૩૩૧)

## વાણીની વિશેષતા

પૂજ્યશ્રી જ્યારે બોધ આપતા ત્યારે મુમુક્ષુઓ કલાકો સુધી સાંભળ્યા જ કરતા, થાકતા નહીં. એમની વાણીમાં એવી શીતળતા હતી કે જે રોમેરોમમાં પ્રસરી જઈ આત્માને પરમ શાંત કરતી, તેથી જાણે સાંભળ્યા જ કરીએ એમ રહેતું. વાણીમાં સ્વાભાવિક સત્યતા હતી, જેમાંથી ભૂત અથવા ભવિષ્યકાળની ઘટનાઓના સંકેત મળતા. તેમજ મુમુક્ષુઓના મનમાં ચાલતા અનેક પ્રશ્નોનું સમાધાન આપોઆપ થઈ જતું, એવો તેઓશ્રીનો વચન અતિશય હતો. તેઓશ્રી ઘણું ખરું સૂચનાત્મક બોલતા, આદેશાત્મક નહીં.

એમની વાણીમાં એવી વિશેષતા હતી કે ગમે તેવી વ્યવહારની વાત હોય તેને પરમાર્થમાં જ પલટાવતા. એકવાર પૂજ્યશ્રીના ચિરંજીવી જશભાઈનાં પત્ની આશ્રમમાં આવેલા. પૂજ્યશ્રીને મળવા ગયા ત્યારે કહ્યું કે એક વખત ઘરે આવીને અમને બધું વહેંચી આપો. ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું – ''બધું સૌ સૌના પ્રારબ્ધ પ્રમાણે પહેલાથી વહેંચાયેલું જ છે. **હવે દેહ અને આત્મા, બેનો વિવેક કરવાનો છે; આત્માને બધાથી જુદો કરવાનો છે.''**

## મૌનની મહાનતા

એમની વાણી કરતા એમના મૌનમાં અધિક સામર્થ્ય હતું. તેઓશ્રી મૌન દશામાં બોધમૂર્તિ સમા જ લાગતા. અને તેમના દર્શન માત્રથી જ સંકલ્પ વિકલ્પ અને કષાયો મંદ પડી જતા. તબિયતના કારણે છેલ્લા વર્ષમાં નાસિક ત્રણેક માસ રહેલા ત્યારે એવી તો અસંગદશામાં રહેતા કે એમની પાસે જતાં મૌન જ થઈ જવાતું અને ઘડીભર સઘળું સ્વપ્નવત્ લાગતું.

## કાયાનું સંયમન

કાયાનું સંયમન એમનું અજોડ હતું. કાયાને તો કમાન જેવી રાખેલી. પર્વતોની ઊંચી ટેકરીઓમાં એકલા જ નીકળી પડતા. મુમુક્ષુઓ સાથે હોય તો પણ ચાલવામાં સર્વથી આગળ હોય. મુમુક્ષુઓને તેમની સાથે ચાલવું ભારે પડી જતું. ચોસઠમાં વર્ષ સુધી એ જ જોમ અને ખુમારી હતી. **બ્રહ્મચર્ય વ્રત લીધું ત્યારથી જ નહીં સ્નાન કે નહીં મર્દન** (વૈદ્યના ઉપચાર માટે ક્યારેક છેલ્લા વર્ષોમાં થતું) **કે માલિસ છતાં તેઓશ્રીના શરીરની સૌમ્ય કાંતિ બ્રહ્મતેજના પ્રતાપે અતિ નિર્મલ તેમજ સતેજ હતી.**

## નહીં જેવા આધાર ઉપર રહી કાયોત્સર્ગ ધ્યાન

પ.પૂ.પ્રભુશ્રીજીની અનન્ય કૃપા તેમના પર વરસેલી. તેના પ્રતાપે તેઓશ્રી આખી રાત પદ્માસન ધ્યાનમાં કે કાયોત્સર્ગ ધ્યાનમાં ગાળતા. પોતે સ્વાધ્યાય, ધ્યાન, ભક્તિમાં અપ્રમત્ત રહેતાં અને મુમુક્ષુઓને પણ યોગ્યતાનુસાર ધર્મમાં જોડતા. શરીરને માત્ર એકાદ-બે કલાક જ આરામ આપતા. ચારિત્ર મોહને ટાળવા એમણે પાછી પાની કરી નથી. દેહને તો જાણે ફગાવી જ દીધેલો. ઈડર, ગિરનાર, આબુ ઇત્યાદિ પહાડી સ્થળોએ યાત્રા જતા ત્યારે **ભયંકર વન, ગુફાઓમાં રાત્રિઓ ધ્યાનમાં જ વ્યતીત કરતા.**


ઊંચા નહીં જેવા આધાર ઉપર અથવા કૂવાના કાંઠા ઉપર ઊભા રહી દિવસે કે રાત્રે કાયોત્સર્ગ કરતા. જો ઊંઘનું ઝોકું આવે તો નીચે પડતાં જ પ્રાણ છૂટી જાય. સીમરડા નિવાસ દરમ્યાન પણ એવા નોંધારા સ્થળોએ જ કાયોત્સર્ગ કરી રાત્રિઓ વ્યતીત કરતા. ઊંઘ આરામ માટે પૂછતા ત્યારે જણાવતા કે ઊંઘ તો હેય છે, ઉપાદેય નથી.

## વરઘોડા સમયે મધમાખીનો ઉપદ્રવ

પર્યુષણના છેલ્લા દિવસે અગાસ આશ્રમમાં વરઘોડો હતો. મોટા દરવાજામાંથી વરઘોડો બહાર નીકળતાં રખાએ બંદુક ફોડી. દરવાજા ઉપર મધમાખીનો પૂડો હતો. મધમાખીઓ ઊડીને મુમુક્ષુઓ તથા પૂ.શ્રી બ્રહ્મચારીજીના માથામાં ચોંટી ડંખ મારીને ઊડી ગઈ. બધા પોતપોતાની ધમાલમાં હતા. પૂજ્યશ્રીએ માથામાં હાથ સરખો ફેરવ્યો નહીં. વરઘોડો પીઠામાં જઈ આવ્યા બાદ પૂજ્યશ્રી એમના રૂમ ઉપર આવ્યા. ત્યાં મુમુક્ષુઓએ આવીને જોયું તો માથામાં મધમાખીઓના કાંટા હતા. તે ચિપિયાથી કાઢ્યાં; મોઢું સૂજી ગયું હતું છતાં તેમના મનમાં સંપૂર્ણ શાંતિ જણાતી હતી. છેલ્લી ઉંમરમાં તેમની એક આંખનું તેજ ગયું તે પણ છ મહીના વીત્યા પછી જાણવા મળ્યું. તેમજ પગ અને કેડનો દુઃખાવો રહ્યા કરતો તે પણ દોઢ વર્ષે પૂછતાં જાણવામાં આવ્યું હતું.



પર્યુષણ વખતે દરવાજામાંથી
પસાર થતાં વરઘોડા સમયે
મધમાખીનો ઉપદ્રવ


શ્રી સનાતન જૈન
રાજચંદ્ર આશ્રમ

## તીર્થયાત્રા અને પ્રતિષ્ઠાઓ



ચરોતર, મારવાડ, ધામણ વગેરે પ્રદેશોમાં યાત્રા કરી મુમુક્ષુઓને ધર્મમાં જાગ્રત રાખતાં. યાત્રામાં સો-બસો મુમુક્ષુઓનો સંઘ પણ સાથે જોડાઈ જતો. સમેતશિખરજી, શત્રુંજય, ગિરનાર આદિની યાત્રાઓમાં તે તીર્થોનું માહાત્મ્ય બતાવી ચતુર્થકાળનું સ્મરણ કરાવતા.

તેઓશ્રીના સાનિધ્યમાં કાવિઠા, ધામણ, આહોર, ભાદરણ, સડોદરા વગેરે સ્થળોએ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમોમાં ચિત્રપટોની સ્થાપના કરવામાં આવેલ છે. અને ઘણા મુમુક્ષુઓના ઘરોમાં પણ તેઓશ્રીના હાથે પરમકૃપાળુદેવ તથા પ.પૂ.પ્રભુશ્રીજીના ચિત્રપટોની સ્થાપના થયેલ છે.

તેમજ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ અગાસના **રાજમંદિરમાં પ.પૂ.પ્રભુશ્રીજીના રંગીન ચિત્રપટની સ્થાપના પણ તેઓશ્રીના કરકમળે સંવત્ ૨૦૦૯ ના આસો વદ ૨ના શુભ દિને થયેલ છે.**



## સાહિત્ય સર્જન

તેઓશ્રી દ્વારા રચાયેલ સાહિત્યમાં 'શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા', 'શ્રીમદ્ લઘુરાજ સ્વામી જીવનચરિત્ર', 'પ્રજ્ઞાવબોધ', 'સમાધિશતક-વિવેચન' અને 'આત્મસિદ્ધિ વિવેચન' મૌલિક રચનાઓ છે. તથા 'પ્રવેશિકા' ગ્રંથનું સંયોજન કરેલ છે. તેમજ ભાષાંતરોમાં 'સમાધિસોપાન' અને 'જ્ઞાનમંજરી' ગદ્યમાં તથા 'તત્ત્વાર્થસાર', 'દશવૈકાલિક', 'બૃહદ્ દ્રવ્યસંગ્રહ', 'વિવેકબાવની', 'જ્ઞાનસાર' અને 'લઘુયોગવાસિષ્ઠસાર' પદ્યમાં છે. તેમણે આત્મસિદ્ધિનું અંગ્રેજી પદ્યમાં પણ ભાષાંતર કરેલ છે. તેઓશ્રીએ મોક્ષમાળા ઉપર કરેલ વિવેચન ઉપરથી 'મોક્ષમાળા વિવેચન' તેમજ પરમકૃપાળુદેવના પદો ઉપર કરેલ વિવેચન ઉપરથી 'નિત્યનિયમાદિ પાઠ' પુસ્તકની સંકલના થઈ છે. આઠ દૃષ્ટિની સજ્ઝાયના વિવેચન પરથી 'આઠ દૃષ્ટિની સજ્ઝાય (અર્થ સહિત) પુસ્તક બનેલ છે. તેઓશ્રીએ આપેલ બોધ ઉપરથી 'બોધામૃત ભાગ-૧' તેમજ વચનામૃત ઉપર કરેલ વિવેચન ઉપરથી 'બોધામૃત ભાગ-૨' (વચનામૃત વિવેચન) અને મુમુક્ષુઓ ઉપર લખેલ પત્રોના સંગ્રહરૂપ 'બોધામૃત ભાગ-૩' (પત્રસુધા) ગ્રંથનું સર્જન થયું છે.

''આલોચનાદિ પદ સંગ્રહ'' માં તેઓશ્રીએ રચેલ પદ્યોમાંથી આલોચના અધિકાર, જિનવર દર્શન અધિકાર, વૈરાગ્યમણિમાળા, હૃદયપ્રદીપ, સ્વદોષ દર્શન, યોગપ્રદીપ, કર્તવ્ય ઉપદેશ, દ્વાદશ અનુપ્રેક્ષા આદિ પદ્યો પ્રકાશિત થયેલ છે.

## પરમકૃપાળુદેવને પ્રગટમાં લાવનાર કોણ?

એક વખત પરમકૃપાળુદેવના દીકરી જવલબેન અને તેમના દીકરા વગેરે આશ્રમમાં આવેલા. ત્યારે પૂજ્યશ્રીને પ્રશ્ન કર્યો કે - ''પરમકૃપાળુદેવના થઈ ગયા બાદ પચાસ વર્ષે ધર્મની ઉન્નતિ કોણ કરનાર છે? અને તેમને કોણ પ્રગટમાં લાવનાર છે?

ત્યારે પૂ.શ્રી બ્રહ્મચારીજીએ જણાવ્યું કે ''**જે પરમકૃપાળુદેવને ઈશ્વરતુલ્ય માની તેમની ભક્તિમાં જોડાયા તે. બાકીના બધા તો તેમને પ્રગટમાં લાવનાર ન કહેવાય, પણ ઢાંકનાર કહેવાય.** તેઓશ્રીના (પરમકૃપાળુદેવના) વચનો ઉપરથી ગમે તે અર્થ કરી વાત થતી હોય તો પણ **પરમકૃપાળુદેવે જણાવ્યું છે કે અમે મહાવીર સ્વામીનું હૃદય શું હતું તે જાણીએ છીએ; તેમ પરમકૃપાળુદેવનું હૃદય શું હતું તે જે જાણે તે જ તેમને પ્રગટમાં લાવી શકે તેમ છે. તેમનું હૃદય સહેજે ક્યાં સમજાય તેમ છે?''**



શ્રીમદ્ રાજચંદ્ર

પૂ.શ્રી બ્રહ્મચારીજી

શ્રી જવલબેન

## પરમકૃપાળુદેવને મળેલા શ્રી ત્રિભુવનભાઈ


શ્રી ત્રિભોવનભાઈ


પૂ.શ્રી બ્રહ્મચારીજી

ખંભાતના શ્રી ત્રિભુવનભાઈનું શરીર બરાબર નહોતું. ત્યારે મનમાં તેઓને એમ થવા લાગ્યું કે આ દેહ છૂટી જશે, માટે મારે શું કરવું? મારે સત્સંગ નથી, એમ થવા લાગ્યું. ત્યારે હું ત્યાં ગયો. તેમણે મને કહ્યું કે હું શું કરું? **''પરમગુરુ નિર્ગ્રંથ''** જપું કે **''આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે''** જપું? છેવટે મારે શું કરવું? તેમને કૃપાળુદેવ પાસેથી મંત્ર નહીં મળેલો. પછી મેં પ્રભુશ્રીજીનું કહેલું **'સહજાત્મસ્વરૂપ પરમગુરુ'** જપવાનું કહ્યું. ત્યારે તેમણે કહ્યું કે 'આ તો કૃપાળુદેવ મારા માટે જ લખી ગયા છે!' મરતાં સુધી તેઓની વૃત્તિ તેમાં જ રહી હતી. - બો.ભા.૧ (પૃ.૧૮૭)

## પરમકૃપાળુદેવના શરણે જ જીવન અને મરણ

પૂજ્યશ્રી વારંવાર કહેતા કે **બીજા શાસ્ત્રો વાંચવા છે તે પરમકૃપાળુદેવના વચનોને સમજવા માટે.** પરમકૃપાળુદેવને સમજવા માટે જ જીવવું છે; **પરમકૃપાળુદેવને શરણે જ જીવવું છે અને પરમકૃપાળુદેવના શરણે જ આ દેહનો ત્યાગ કરવા યોગ્ય છે.**



પૂજ્યશ્રી બ્રહ્મચારીજી પોતાના દેહોત્સર્ગના ત્રણ દિવસ પહેલા અગાસ આશ્રમમાં સંવત્ ૨૦૧૦ના કાર્તિક સુદ ૪ના રોજ બોધમાં જણાવે છે કે :—


### આપણેય માથે મરણ છે ને ?

''ક્ષમાવું છું. હવે તો કોઈને કંઈ કહેવું નથી. કોઈને કોઈના દોષો કહેવા નથી. પૂછે તોય કહેવા નથી, એવું ચિત્ત થઈ ગયું છે. .....મને હવે કોઈ કહેનાર નથી. મારેજ દોષો ટાળવાના છે, એમ લાગે તો પછી દોષો કાઢે. કૃપાળુદેવે પુષ્પમાળામાં છેલ્લું એ જ લખ્યું છે કે - **'દોષને ઓળખી દોષને ટાળવા.' હવે તો સમાધિ મરણ કરવાનું છે. આપણેય માથે મરણ છેને?''** બો.ભા.૧ (પૃ.૩૩૩)

પછી દેહોત્સર્ગના આગલા દિવસે કાર્તિક સુદ ૬ના રોજ બોધમાં પૂજ્યશ્રી બ્રહ્મચારીજી ફરીથી જણાવે છે :—

### 'જેનું આયુષ્ય પૂરું થાય તેને જવું પડે'

''રડવાથી અશાતા વેદની બંધાય છે. આપણો વિચાર નથી આવતો. **કાલે શું થશે તેની ખબર છે? કૃપાળુદેવનું શરણું રાખવું તો બધાનું કલ્યાણ થવાનું છે.** કોઈનું દુઃખ લેવાય નહીં, આપણું સુખ કોઈને દેવાય નહીં. આપણને પણ મરણ આવવાનું છે. આપણે ગભરાઈ જઈએ તો તે વખતે મરણ બગડી જાય. જે થવાનું છે તે તલભાર આઘુંપાછું થવાનું નથી. આપણા મનને દૃઢ કરવું. મંત્રમાં ચિત્ત રાખવું. **કૃપાળુદેવનું શરણ છોડવા જેવું નથી.** મનુષ્યભવ રડવા માટે નથી મળ્યો. આખું જગત આપણને કર્મ બંધાવી લૂંટી લે એવું છે. **જે થવાનું હશે તે થશે રૂડા રાજને ભજીએ.** ગમે તેવું દુઃખ પડે પણ રડવું નથી. રડવાથી કોઈને લાભ નથી. જેનો દેહ છૂટી ગયો હોય તેને પણ રડવાથી લાભ ન થાય. અને આપણે રડીએ તો આપણને પણ લાભ ન થાય. હરતાં ફરતાં **''સહજાત્મસ્વરૂપ પરમગુરુ''** કરવું એથી બળ મળે. શૂરવીર થાય તો કર્મ આવતાંય ડરે. **''ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષ પાટણ સુલભ જ છે.** (પત્રાંક ૮૧૯) ખેદ કરવાથી કંઈ કલ્યાણ થતું નથી. રોજ મરણ સંભારવું. **મહેમાન જેવા છીએ. જેનું આયુષ્ય પૂરું થાય તેને જવું પડે.''** -બો.ભા.૧ (પૃ.૩૩૫)




## દેહોત્સર્ગ દિને ઉપદેશામૃત કાર્યની પૂર્ણતા

દરરોજ સવારના પ.પૂ.પ્રભુશ્રીજીના મૂળ બોધની (ઉપદેશામૃતની) પ્રેસ કૉપી તૈયાર કરવા તેઓશ્રી ત્રણચાર મુમુક્ષુઓ સાથે બેસતા. કાર્તિક સુદ ૫ના દિવસે તેમણે જણાવ્યું કે હવે તો સાંજે પણ બેસવું છે, જેથી કામ પૂરું થઈ જાય. તે પ્રમાણે સંવત્ ૨૦૧૦ના કાર્તિક સુદ સાતમને સાંજના તે **ઉપદેશામૃતની પ્રેસ કૉપીનું કામ પૂરું કરી લોટો લઈ જંગલમાં ગયા.**

## અપૂર્વ સમાધિમરણ



શ્રી રાજમંદિરમાં પરમકૃપાળુદેવ સમક્ષ કાઉસગ્ગ મુદ્રામાં પૂ.શ્રી બ્રહ્મચારીજીનો દેહોત્સર્ગ

જંગલમાંથી રોજ કરતાં જરા વહેલા આવ્યા. હાથપગ ધોઈ, રાજમંદિરમાં પરમકૃપાળુદેવના ચિત્રપટ સામે જ કાયોત્સર્ગ ધ્યાનમાં ઊભા રહ્યા. તે સમયે અમુક પ્રશ્નોના ખુલાસા કરવા માટે ભાઈશ્રી ફૂલચંદભાઈ, શ્રી દેવીચંદજી, શ્રી કુસુમબેન વગેરે મુમુક્ષુઓ શ્રી રાજમંદિરમાં પૂજ્યશ્રીની પાછળ આવી ઊભા રહ્યા. તેઓશ્રીનું ધ્યાન પ્રતિરોજ ૫-૭ મિનિટમાં પૂરું થઈ જાય. પણ આજે તો ૨૦-૨૫ મિનિટ ચાલ્યું. જાણે હવે ધ્યાન પૂરું થશે એમ બધા વિચારમાં ઊભા હતા. તેટલામાં તો પૂજ્યશ્રીનો દેહ સાયંકાળે ૫-૪૦ મિનિટે કાયોત્સર્ગ મુદ્રામાં ૨-૩ વાર ડાબે જમણે કિંચિત્ ડોલાયમાન થઈ એકદમ નીચે ઢળી પડ્યો. શ્રી ફૂલચંદભાઈને શંકા થવાથી હાથની નાડી તપાસી તો તેમને અનુભવથી જણાયું કે પૂજ્યશ્રીનો દેહ છટી ગયો છે. આવું પ્રત્યક્ષ નિહાળી બધા આશ્ચર્ય પામ્યા કે **અહો! મરણની કેવી કપરી વેદના, તેને પણ તેમણે કાયોત્સર્ગ મુદ્રામાં સ્વરૂપમગ્ન બની સહન કરી, પરમ કૃપાળુદેવની સમક્ષ તેમના શરણે જ ઊભા ઊભા આ નશ્વર દેહનો ત્યાગ કરી અપૂર્વ એવું સમાધિમરણ સાધ્યું.**


## પવિત્ર દેહ સમક્ષ આખી રાત ભક્તિ-સ્મરણ

પશ્ચાત્ પૂજ્યશ્રીના શરીરને પાણી વગેરેથી સ્વચ્છ કરી, રાજમંદિરના નીચેના દરવાજામાં તે પવિત્ર દેહને સુખાસન મુદ્રામાં વિરાજમાન કર્યો. ત્યાં આખી રાત ભક્તિ અને સ્મરણમંત્રની ધૂન ચાલી. ઘણા સ્થળોએ તુરત જ ટેલીફોનથી તેમજ નજીકના ગામોમાં વાહનથી દેહત્યાગના સમાચાર આપવામાં આવ્યા. સવારે નવ વાગતા સુધીમાં મુમુક્ષુઓની ભારે મેદની આશ્રમમાં એકત્ર થઈ ગઈ. અગ્યાર વાગે સ્મશાનયાત્રા નીકળી. **પૂજ્યશ્રીની પાલખી સહ વરઘોડો આશ્રમની પ્રદક્ષિણા કરી એક વાગે અગ્નિસંસ્કાર સ્થળે પહોંચ્યો.**


## ચંદનના કાષ્ટ વડે અગ્નિસંસ્કાર

અંતમાં આશ્રમના વિદ્વાન ટ્રસ્ટી શ્રી અમૃતલાલ પરીખે આંખમાં વિરહનાં આંસુ સહ ગુણગ્રામ કરી અંતિમ ભાવ અંજલિ અર્પી પંચાગ નમસ્કાર કર્યા. તે સમયના દૃશ્યે બધાને ભાવવિભોર કરી દીધા. **પશ્ચાત્ ચંદનના લાકડાથી ખડકેલી ચિતામાં પૂજ્યશ્રીના દેહને પધરાવી, અગ્નિસંસ્કાર પ.પૂ.પ્રભુશ્રીજીનો કરેલ તેમ અંતિમ વિધિ પ્રમાણે ઘી હોમી કરવામાં આવ્યો. તે વખતના બધા ચિત્રો અત્રે આપવામાં આવે છે :—**

## પૂજ્યશ્રીના દેહોત્સર્ગ બાદ પાર્થિવદેહને સુખાસનમાં બિરાજમાન



## સભામંડપ આગળથી નીકળતી પૂજ્યશ્રી બ્રહ્મચારીજીની સ્મશાનયાત્રા













# ચંદનના કાષ્ટવડે અગ્નિસંસ્કાર








## પૂજ્યશ્રી  બ્રહ્મચારીજીના ચિત્રપટની સ્થાપના

તેઓશ્રીના દેહવિલય બાદ સંવત્ ૨૦૧૦ના આસો સુદ ૮ના રોજ તે વખતના આશ્રમના પ્રમુખ શેઠશ્રી શાંતિલાલ મંગળદાસના શુભ હસ્તે પૂજ્યશ્રી બ્રહ્મચારીજીના ચિત્રપટની સ્થાપના તેઓ જે ઓરડામાં કાયમ બેસતા હતા, ત્યાં કરવામાં આવી.



## પૂજ્યશ્રીના અક્ષરદેહથી આવતી અપૂર્વ જાગૃતિ

આવું અપૂર્વ સમાધિમરણ સાધનાર પૂ.શ્રી બ્રહ્મચારીજી આજે દેહધારી રૂપે તો વિદ્યમાન નથી, પણ તેઓશ્રીના જીવનમાં વણાઈ ગયેલ પરમકૃપાળુદેવ પ્રત્યેની પરમભક્તિની ભાવના તેમના અક્ષર દેહ-વચનો દ્વારા આજે પણ મુમુક્ષુઓને જાગૃત કરે છે; મોક્ષનો અપૂર્વ માર્ગ ચીંધી કલ્યાણ બક્ષે છે.

## ધન્ય છે પવિત્ર પુરુષોના પરમ ઉપકારને

ધન્ય છે એવા પવિત્ર પુરુષોના પરમ ઉપકારને કે જેમણે પરમકૃપાળુ સદ્ગુરુ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુનું શરણ અપાવી આપણા આત્માનું અનંત હિત કર્યું. પ્રત્યુપકાર વાળવાને સર્વથા અસમર્થ એવા અમારા આપના ચરણાર્વિંદમાં કોટિશઃ પ્રણામ.



## પૂ.શ્રી બ્રહ્મચારીજીના હસ્તાક્ષરમાં બ્રહ્મચારી ભાઈ બહેનોને પાળવાના નિયમો

૩૮

સં.૧૯૮૬ કાર્તિક શુ.૮ 3

ત્યાગી બ્રહ્મચારી ભાઈઓને પાળવાના
— નિયમો —

૧- ત્યાગી બ્રહ્મચારી ભાઈઓ બ્રહ્મચારીણી આદિ કોઈ સ્ત્રીને અડે નહિ.

૨- ત્યાગી બ્રહ્મચારી ભાઈઓએ બ્રહ્મચારિણી આદિ બેનોને રાંધેલો ખોરાક આપવો નહિ.

3- ત્યાગી બ્રહ્મચારી ભાઈઓએ બ્રહ્મચારિણી આદિ સ્ત્રીઓને પોતાનાં કપડાં ધોવા ન આપવાં.

૪ ત્યાગી બ્રહ્મચારી ભાઈઓએ અનાજ સાફ કરવાનું વગેરે કામ ત્યાગી બ્રહ્મચારી બેનોને બતાવવું નહિ; તેમજ રસોઈ કરવા કોઈ પણ, બેનોને બોલાવવાં નહિ; કપડાં સીવવા વગેરે માટે પણ ત્યાગી બ્રહ્મચારી બેનોને ન આપવાં.

ત્યાગી બ્રહ્મચારી બેનોને પાળવાના
— નિયમો —

૧- ત્યાગી બ્રહ્મચારી બેનો બ્રહ્મચારી આદિ કોઈ પુરુષને અડે નહિ.

૨- ત્યાગી બ્રહ્મચારી બેનોએ બ્રહ્મચારી આદિ ભાઈઓને રાંધેલો ખોરાક આપવો નહિ.

3- ત્યાગી બ્રહ્મચારી બેનોએ બ્રહ્મચારી આદિ ભાઈઓને પોતાનાં કપડાં ધોવા ન આપવાં.

૪- ત્યાગી બ્રહ્મચારી બેનોએ કોઈનું તથા આશ્રમનું અનાજ સાફ કરવા, રસોઈ કરવા વગેરે કામ કરવું નહિ. માંહોમાંહે બેનોમાં એક બીજાનું કામ કરવાની છૂટ છે. તેમજ બ્રહ્મચારી ભાઈઓને કપડાં વગેરે ખરીદવા કે સીવડાવવા વગેરેનું કામ ન સોંપવું.

### પૂ.શ્રી. બ્રહ્મચારીજીના પરિચયમાં આવેલા મુમુક્ષુઓ દ્વારા જણાવેલ

# પ્રેરક પ્રસંગો



### સુરતમાં પ.પૂ.પ્રભુશ્રીજી રહેલા તે મકાનમાં પૂજ્યશ્રી બ્રહ્મચારીજી મુમુક્ષુઓ સાથે

પૂજ્યશ્રી બ્રહ્મચારીજી એક અધ્યાત્મયોગી પુરુષ હતા. તેમના સમાગમમાં આવનારને તેમના પ્રત્યે આશ્ચર્યભાવ સહિત પૂજ્યભાવ થતો અને તેમના ચારિત્રની મન ઉપર અવિસ્મરણીય છાપ પડતી. તેમની સહજ વાણી જિંદગી સુધી અને મૂંઝવણના પ્રસંગે માર્ગદર્શકરૂપ નીવડતી હતી. એવા પ્રસંગો તેમના સમાગમમાં આવેલા ઘણા મુમુક્ષુઓએ પોતાના આત્માર્થે લખી રાખેલા અથવા કોઈની પ્રેરણાથી કહી બતાવેલા. તે પ્રત્યક્ષ સમાગમના પ્રસંગો સર્વને પ્રેરણાદાયી હોવાથી અત્રે આપીએ છીએ.

# શ્રી મનહરભાઈ ગોરધનદાસ કડીવાલા

સુરત

## પરમાર્થ સિવાય પૂજાવાનો સ્વાર્થ નહીં

પ.પૂ. શ્રી બ્રહ્મચારીજી સાથેના મારા લગભગ ૧૨ વર્ષના પરિચય સંબંધમાં જણાવવાનું કે જેમ જેમ મને એમનો પરિચય થતો ગયો તેમ તેમ મને એમના ગુણો વિશેષ જણાવા લાગ્યા. એમનો પરિચય આશ્રમ સિવાય બીજા સ્થાનોમાં પણ નીચે મુજબ થયો હતો.

૧૦ દિવસ વવાણિયામાં
૩૦ દિવસ ઉમરાટ દરિયા કિનારે
૪૦ દિવસ આબુમાં
૧૮ દિવસ ડુમસ દરિયા કિનારે
૨૩ દિવસ ડુમસ દરિયા કિનારે બીજી વાર



આ સિવાય જાત્રામાં તથા આશ્રમમાં અને મુમુક્ષુઓ રહે છે તે લગભગ દરેક સુરત જિલ્લાના ગામોમાં હું તેમની સાથે ફર્યો છું. તેમની સાથેના આ બધા પરિચયોમાં મને એક વસ્તુ સ્પષ્ટ જણાઈ કે એમને પરમાર્થ સિવાય બીજો પૂજાવવા વગેરેનો સ્વાર્થ નહોતો. એમના સમાગમ દરમ્યાન જે પ્રસંગો બન્યા છે તેમાંના થોડાક પ્રસંગો નીચે જણાવું છું :—

## પર્વ તિથિએ ઉપવાસ, બાકીના દિવસોમાં એકાસણું

પૂ.શ્રી બ્રહ્મચારીજી અમારી વિનંતીથી સંવત્ ૧૯૯૯ના પોષ સુદ ૧૩ના રોજ સાંજે સાત વાગ્યાની લોકલમાં સુરત અમારે ત્યાં ચિત્રપટોની સ્થાપના નિમિત્તે પધાર્યા હતા. બીજે દિવસે ચૌદસ હતી તેથી તેઓશ્રીને ઉપવાસ હતો. **પૂજ્યશ્રી બીજ, પાંચમ, આઠમ, અગિયારસ, ચૌદસ વગેરે તિથિએ ઉપવાસ કરતા અને બાકીના દિવસોમાં એક વખત જમતા - એકાસણું કરતા હતા.**

## ગમે તેવા પ્રસંગમાં પણ ધીરજ રાખવી

પૂનમના દિવસે બપોરે ૧૧ાા વાગે સ્થાપનાનું મુહૂર્ત હતું. સ્થાપના કરવાની હતી તે રૂમમાં વીસ દોહરાના અર્થો મને તથા ઊર્મિલા બહેનને સમજાવ્યા હતા. તે વખતે ઊર્મિલા બહેને સ્મરણમંત્ર લીધું નહોતું તેથી તેમને ઉદ્દેશીને કહ્યું : **"વીસ દોહરા, યમનિયમ, ક્ષમાપના, આત્મસિદ્ધિ તત્ત્વજ્ઞાનમાંથી વાંચવું, વિચારવું અને જ્યારે મનને બરાબર રુચે ત્યારે નિયમ લેવો."** અને સાથે કહ્યું કે, **"ગમે તેવો પ્રસંગ આવે તોપણ ધીરજ રાખવી."** તે જ પૂનમને દિવસે રાત્રે ઊર્મિલા બહેનના પતિ શ્રી અમૃતલાલને ઘોડાગાડીમાં અકસ્માત થયો અને થાપાનું હાડકું ભાંગી ગયું હતું.

## સમજી ગયો એમ માનવાથી અટકી જવાય

અગાસ આશ્રમ, તા. ૨૬-૮-૪૬

ઇન્દોરવાળા ભાઈ પાસે વચનામૃત પત્રાંક ૪૧૬ વંચાવ્યો. "ધ્યાનના ઘણા ઘણા પ્રકાર છે."ત્યારે તે ભાઈએ પૂછ્યું : સમજાય પછી જ આગળ વધાયને ?"

પૂજ્યશ્રીએ — કૃપાળુદેવે લખ્યું છે કે **"આ જીવ એક અક્ષર પણ સમજ્યો નથી."** સમજ્યો છું એવી બુદ્ધિ કરવાથી આગળ વધાતું નથી; અટકી જવાય છે.

**"સત્પુરુષના એક એક વાક્યમાં, એક એક શબ્દમાં અનંત આગમ રહ્યા છે."** (વ.પત્રાંક ૧૬૬)

## ધણી વગરના ઢોર સૂના

ઇન્દોર સં.૨૦૦૧

ઇન્દોરમાં પૂજ્યશ્રી સાથે બધા દેરાસરોના દર્શન કર્યાં.

બીજે દિવસે સવારે શ્રી.....ના આમંત્રણથી એમના બંગલે સ્વાધ્યાયભુવનમાં ગયા. શ્રી....દિગંબર પંડિતો સાથે 'સમયસાર' ગ્રંથનો સ્વાધ્યાય કરતા હતા.

સાંજે અમો સુરત જવાના હોવાથી પૂજ્યશ્રીને મળવા ગયા. પૂજ્યશ્રીએ કેટલોક બોધ કર્યો અને પછી કહ્યું : **"શ્રી.....ની પુન્યાઈ જોઈ? બધું કરે છે, પણ સ્વચ્છંદ છે. 'ધણી વગરના ઢોર સૂના.' ધન્ય છે આપણા મુમુક્ષુઓને કે જેમને માથે ધિંગધણી જેવા પરમકૃપાળુદેવ છે. એમને જરૂર દેવગતિ તો છે જ."**

અગાસ આશ્રમ સં.૨૦૦૧ના પર્યુષણમાં

## શ્રીમદ્ રાજચંદ્ર લિખિત પત્રોનો ઉતારો

શ્રી મણિભાઈ કલ્યાણજી મુંબઈથી ખંભાતના શ્રી અંબાલાલ ભાઈના હાથે ઉતારેલા પત્રોનો સંગ્રહ 'શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત' લાવેલા, જે ખંભાતના મુમુક્ષુ મંડળનું પુસ્તક હતું. તે પૂજ્યશ્રીજી જોઈ રહ્યા પછી મને જોવા માટે - દર્શન માટે આપ્યું હતું. એ પુસ્તક પરમકૃપાળુદેવની આજ્ઞાથી શ્રી અંબાલાલભાઈએ બધા મુમુક્ષુઓ પાસેથી તેઓશ્રીના લખેલા પત્રો મંગાવીને તેના ઉપરથી ઉતારો કરી તૈયાર કર્યું હતું. શ્રી અંબાલાલભાઈના હસ્તાક્ષરો મોતીના દાણા જેવા એક સરખા હતા. તેમાં ઘણા પત્રોમાં પરમકૃપાળુદેવે પોતાના હાથે સુધારો કર્યો હતો, અને શ્રી અંબાલાલભાઈને કહ્યું હતું કે આ રીતે પુસ્તક છપાવવું. તે પુસ્તક ઘણું જ દર્શનીય હતું.

## નિજ ડહાપણ તજી જ્ઞાની કહે તેમ કરવું

અગાસ આશ્રમ, આસો સુદ ૧૪, સં.૨૦૦૧


મેં પૂ.પ્રભુશ્રીજીનો બોધ પૂજ્યશ્રીની આજ્ઞા લઈને ઉતાર્યો. પછી તે પુસ્તકના આગળના પાન ઉપર પૂજ્યશ્રીને પોતાના હસ્તાક્ષરમાં કંઈ લખી આપવા જણાવ્યું તેથી તેઓશ્રીએ નીચેની ગાથા લખી આપી હતી.

(હરિગીત)

**'ટળે છે દશા પરિભ્રમણની', વિશ્વાસ વિણ વિચાર ક્યાં?**
**રે! શ્રવણ પણ ના ઓળખે, ભક્તિ ન ભાવ વિચાર જ્યાં,**
**'વાતે વડાં ના થાય' મંડી પડ વિનય-ભક્તિ સજી,**
**જે જાગશે તે છોડશે, કર સમજ નિજ ડહાપણ તજી.**

## 'અપૂર્વ અવસર'નું પદ કાઉસગ્ગમાં બોલવું

સંવત્ ૨૦૦૨ના કારતક વદ સાતમે પૂજ્યશ્રી સંઘ સાથે વવાણિયા જાત્રાએ પધાર્યા. ત્યાં તલાવડી વગેરે જુદી જુદી જગ્યાએ જવાનું થતું. અને મોટે ભાગે બધે જ 'અપૂર્વ અવસર'નું પદ બોલતા. એક દિવસ સાંજે રવિમાતાની દેરીએ **'અપૂર્વ અવસર'**નું પદ બોલ્યા. પાછા ફરતાં રસ્તામાં મેં પૂજ્યશ્રીને કહ્યું કે **'અપૂર્વ અવસર'**ની પાછળની ગાથાઓ યાદ રહેતી નથી, ભૂલ પડે છે. ત્યારે પૂજ્યશ્રીએ જણાવ્યું કે **''વારંવાર બોલવાથી યાદ રહેશે''** અને કહ્યું : **''કોઈક વાર 'અપૂર્વ અવસર'નું પદ કાઉસગ્ગમાં બોલવું.''** તેમ કર્યાથી મને એ પદ આખું ત્યાં જ યાદ રહી ગયું.



## અગાઉ આપણે શું વાંચી ગયા? કહો

ત્યાં રોજ વચનામૃત વંચાતું. તે શરૂ કરતા પહેલા રોજ પૂજ્યશ્રી બધાને પૂછતા કે અગાઉ આપણે શું વાંચી ગયા? એટલે જે વંચાય તે બધા કાળજીપૂર્વક સાંભળતા અને યાદ રાખતા. ઘણો અપૂર્વ બોધ ચાલતો હતો. શ્રી જવલબહેન (શ્રીમદ્જીના પુત્રી) તથા શ્રી ભગવાનભાઈ ત્યાં રોજ સાંભળવા બેસતા.

## રસ વગરનું જે મળે તે ખાઈ લેવું

સંવત્ ૨૦૦૨ના ચૈત્ર સુદ ૮ ઉપર હું આશ્રમમાં ગયો તે વખતે આયંબિલની ઓળી ચાલતી હતી. પૂજ્યશ્રીએ મને પૂછ્યું કે ''તમે કોઈ આંબેલ કર્યું છે?'' મેં કહ્યું : ''નથી કર્યું.'' ત્યારે તેઓશ્રીએ જણાવ્યું : **''ઘણો આનંદ આવે છે, કંઈ ખાવાની ઉપાધિ નહીં. રસ વગરનું જે મળે તે ખાઈ લેવાનું.''** આ સાંભળ્યા પછી મેં ત્રણ દિવસ આંબેલ કર્યા હતા.

## પોતાની શક્તિ વિચારી કામ હાથમાં લેવું

સંવત્ ૨૦૦૨ના જેઠ સુદ ૧૧ના રોજ હું અગાસ ગયો હતો. તે વખતે મારે શ્રી હીરાભાઈ ઝવેરી સાથે, રાજકોટમાં પરમકૃપાળુદેવનો જે મકાનમાં દેહ છૂટેલો તે મકાન ખરીદવા સંબંધમાં પત્રવ્યવહાર ચાલતો હતો. પૂજ્યશ્રીને પૂછતાં તેમણે જણાવ્યું કે **''કામ સારું હોય તોપણ એકલા હાથે બોજો ઉપાડવાનું થતું હોય તો પોતાની શક્તિ વિચારી તે કામ હાથ ધરવું.''** પાછળથી એ મકાન લેવાનો વિચાર માંડી વાળ્યો હતો. (પત્રસુધા-પત્રાંક ૬૫૬માં આનો ઉલ્લેખ છે.)

## દૃઢ નિશ્ચય

સંવત્ ૨૦૦૫ના માગસર સુદ ૮ના રોજ પૂજ્યશ્રીજી ધામણ મંદિર પ્રતિષ્ઠા દિન માગસર સુદ ૧૦ની ઊજવણી નિમિત્તે પધાર્યા હતા.

માગસર વદ બીજના રોજ આશ્રમ પાછા ફરતા સુરત આવ્યા હતા. તે દિવસે આગમ મંદિરના દર્શન કરવા ગયા. ત્યાં ૪૫ આગમની મોટા અક્ષરોમાં છાપેલ પ્રત હતી તે જોઈ પૂજ્યશ્રીએ મને જણાવ્યું કે આમાંની પ્રત મળે તો આશ્રમ માટે લેશો. પછી મેં બહુ તપાસ કરાવી પણ તે મળી નહોતી. ત્યાંથી અમારે ઘરે પધાર્યા. બધાને ખબર પડવાથી ઘણા મુમુક્ષુ ભાઈ બહેનો દર્શન માટે આવ્યા હતા. પૂ.ગાંડાકાકા વગેરે બધાએ સુરત રોકાવા માટે ખૂબ વિનંતી કરી પણ પૂજ્યશ્રીએ જવાનો નિશ્ચય દૃઢ કરેલો હોવાથી કોઈનું કંઈ ચાલ્યું નહીં.

## જલ્દી આશ્રમમાં આવી રહેશો

સ્ટેશન ઉપર પૂજ્યશ્રીએ ગાંડાકાકાને કહ્યું કે **''તમે પણ હવે જેમ બને તેમ જલદી આશ્રમમાં આવી રહેશો.''**

પછી પોષ સુદમાં પૂ.ગાંડાકાકા આશ્રમમાં ગયા હતા, અને ફાગણ સુદ ૮ની રાત્રે સવા વાગે હૃદય બંધ પડી જવાથી ગુજરી ગયા હતા. તે નિમિત્તે અમો બધા અગાસ આવ્યા ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું ''એમણે પોતે જે કરવાનું હતું તે કર્યું અને આપણા હાથમાં હજુ મનુષ્યદેહ છે એટલે પુરુષાર્થ કરીએ તો આપણે એથી પણ વિશેષ કરી શકીએ, માટે પુરુષાર્થ કરવો. ખેદ કરવો નહીં.''

પૂ.ગાંડાકાકાના દેહાવસાન નિમિત્તે ચૈત્ર વદ ૬ના દિવસે સુરતથી મંગુભાઈ સુખડિયાને લઈને અમે આશ્રમમાં આવ્યા. ત્યાં ઘારી બનાવી પ્રસાદ કર્યો. તે પ્રસંગે મંગુભાઈને ઉદ્દેશીને પૂજ્યશ્રીએ બોધ કર્યો કે :

## અહોભાગ્ય હોય તો દરવાજામાં પગ મૂકાય

''ગમે તે નિમિત્તે અહીં આવવું થયું તે ઘણા પુણ્યનું કારણ છે. **આખો વખત બીજા કામોમાં કાઢીએ છીએ તેમાંથી થોડો વખત આત્મકલ્યાણ માટે કાઢવો.** એમને ત્યાં (મને બતાવીને) મંદિર છે. ત્યાં કોઈ કોઈ દિવસ દર્શન કરવા જવું. પ્રભુશ્રીજીએ કહ્યું છે કે જેનું અહોભાગ્ય હશે તે આ દરવાજામાં પગ મૂકશે. ગમે તે કારણે આવવાનું થયું, પણ તે પૂર્વના પુણ્યના જોગે બને છે.'' તેના ઉપર એક દૃષ્ટાંત કહ્યું :

## પૂર્વના સંસ્કારે ઉપદેશમાં રુચિ

કોઈ બે મિત્ર હતા. તે બધો વખત સાથે જ રહેતા. જ્યાં જ્યાં જાય ત્યાં સાથે જ જાય. એક વખત મુનિના વ્યાખ્યાનમાં ગયા ત્યાં એકને ગમ્યું અને બીજાને ન ગમ્યું. ત્યારે બેઉના મનમાં વિચાર આવ્યો કે અમને બન્નેને બધું જ સરખું ગમે છે ત્યારે આમાં કેમ ભેદ પડ્યો? તે માટે મુનિને પૂછ્યું. મુનિએ જવાબ આપ્યો કે આગલા ભવમાં બે ચોર હતા. તે સાથે ચોરી કરવા જાય. એક વખતે પકડાઈ જવાની બીકથી તેઓ જંગલમાં સંતાવા નાસી ગયા. એક ચોર ગુફામાં સંતાઈ ગયો. ત્યાં એક મુનિને સમાધિમાં બેઠેલા જોઈ તેને ભાવ આવ્યો કે આ મુનિ કેવા શાંત નિર્ભય છે! તેથી તેને આ ભવમાં મુનિના ઉપદેશમાં રુચિ થઈ અને બીજાને તેવા સંસ્કાર ન હોવાથી ઉપદેશમાં રુચિ ન થઈ.''


શ્રી અગાસ આશ્રમ, ચૈત્ર વદી ૧૨, સં.૨૦૦૫

## મોક્ષનો ઉપાય - જ્ઞાનીપુરુષની આજ્ઞાએ વર્તવું

વચનામૃત પત્રાંક ૪૬૦ વંચાતા -

''.....**સદ્‌વિચાર અને આત્મજ્ઞાન એ આત્મગતિનું કારણ છે.**'' આત્મગતિ એટલે શું? પૂજ્યશ્રીએ કહ્યું : **મોક્ષ.**

**''તેનો પ્રથમ સાક્ષાત્ ઉપાય જ્ઞાની પુરુષની આજ્ઞાને વિચારવી એ જ જણાય છે.''** જ્ઞાની પુરુષની આજ્ઞાને વિચારવી એટલે શું? પૂજ્યશ્રીએ કહ્યું : ''જ્ઞાની પુરુષનાં વચનો વિચારી તે પ્રમાણે વર્તે તો 'આજ્ઞા વિચારી' ગણાય.



## આપણે ઉપદેશ આપવાના અધિકારી નથી

સંવત્ ૨૦૦૫ના ચૈત્ર વદ ૧૩ના રોજ સાંજે દેવવંદન પહેલા પૂજ્યશ્રીજી પાસે સુરત જવા માટે હું રજા લેવા ગયો. દેવવંદનનો સમય થતાં, ત્યાં બીજા મુમુક્ષુઓ બેઠેલા હતા, તે બધા ઊઠ્યા અને ગયા ત્યાં સુધી હું ત્યાં જ ઊભો રહ્યો. પૂજ્યશ્રી પણ ઊભા થયા અને પાણી વાપર્યું. પછી મારી પાસે આવીને અતિ ગંભીર મુદ્રાએ શાંતિથી કહ્યું કે ''પરમકૃપાળુદેવના વચનો વાંચીએ છીએ ત્યારે એમ લાગે છે કે **આપણે એક શબ્દ પણ કોઈને ઉપદેશનો કહેવાને અધિકારી નથી. જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી ઉપદેશ આપી શકાય નહીં. મૌન રહેવું જોઈએ.** કૃપાળુદેવનાં વચનો અતિ ગંભીર છે. ગંભીરતાપૂર્વક વિચારવા જોઈએ.'' આ બનાવ પછી જ્યારે કંઈ ધર્મ સંબંધી વાત કરવામાં આવે ત્યારે અંતરમાં એમની તે વખતની મૂર્તિ ખડી થતી અને કહેતી કે ' આપણે ઉપદેશ દેવાને અધિકારી નથી.' આમ ચેતવણી આપતી હતી.

## જેવો ભક્તિભાવ તેવી વચનમાં શ્રદ્ધા

**પૂજ્યશ્રીના બોધમાંથી ટાંચણ -** ઉમરાટ તા.૫-૬-૪૭

''પરમકૃપાળુદેવ ઉપર જેટલો પ્રેમ આવે તેટલો ભક્તિભાવ ઊગે, તેટલી તેમના વચનમાં શ્રદ્ધા થાય અને આત્મા ઊંચો આવે.''

ઉમરાટ તા.૮-૬-૪૭

## એકાદ કલાક ધર્મધ્યાન અવશ્ય કરવું

''મનુષ્યભવની સાર્થકતા કરી લેવી. જેટલો વખત મળે તેનો ઉપયોગ કરી લેવો. દૃષ્ટાંત :

એક છોકરાને શેરડી ખાવી હતી. તેની માએ પૈસા આપ્યા. તે બજારમાંથી શેરડી લાવ્યો. તેની માએ કહ્યું: આ શેરડી ખવાય તેવી નથી. નીચે મૂળિયાં સખત, એમાંથી રસ નીકળે નહીં, ઉપર ફીકી લાગે અને વચલો ભાગ સડેલો છે. પણ એ વિચારવાન હતી એટલે શેરડીના ગાંઠ આગળથી કકડા કરીને જમીનમાં વાવ્યા તેથી બીજે વરસે સારી શેરડી થઈ.

તેમ મનુષ્ય ભવ મળ્યો છે તેમાં બાળ-પણ તો રમતમાં, અણસમજણમાં અને ભણવામાં ચાલ્યું જાય છે. જુવાનીમાં પરણે અને છોકરા-છૈયાની સંભાળ લેવામાં, ધન કમાવામાં અને તેવી બીજી પ્રવૃત્તિઓમાં વખત પૂરો થાય છે. ઘડપણમાં રોગ આવે, ઇન્દ્રિયો કામ આપે નહીં એટલે પથારીવશ પર-વશતામાં વખત જાય, પણ એ બધા માંથી શેરડીની ગાંઠની જેમ **રોજ એકાદ કલાક મળે તે ધર્મધ્યાનમાં, વાંચવા-વિચારવામાં ગાળે તો બીજા ભવમાં ધર્મસાધનની અનુકૂળતા મળે.''**



અગાસ આશ્રમ, શ્રાવણ સુદ ૧૪, સં.૨૦૦૪

## 'વચનામૃત' છે તે પ્રત્યક્ષ કૃપાળુદેવ તુલ્ય

''શ્રદ્ધા નથી એટલે મનાતું નથી. સત્પુરુષનો દૃઢ વિશ્વાસ થયે એ શ્રદ્ધા આવે છે. અને એ થવા માટે પરમકૃપાળુદેવના વચનામૃત વાંચવા, વિચારવા. **'વચનામૃત' છે તેને પ્રત્યક્ષ કૃપાળુદેવ તુલ્ય જ જાણવું.** એટલી શ્રદ્ધા થઈ નથી એટલે એમ મનાતું નથી. એવી દૃઢ શ્રદ્ધા કરવી. એમનું એક એક વચન લઈને આખો દિવસ રટણ કરવું.'' **''તમે પરિપૂર્ણ સુખી છો.'' ''આત્મા પરમાનંદરૂપ જ છે.''**

આબુ,વૈશાખ સુદ ૧૫, સં.૨૦૦૫

## પોતાની યોગ્યતા અને સત્પુરુષ બેય જોઈએ

બે મુનિઓ (કચ્છી) દેલવાડાથી આવેલા. તેમની સાથે ઘણી વાતો—ચર્ચા થઈ. મુનિઓએ પૂછ્યું : અનાદિકાળથી બધું કર્યું તે સફળ થયું નહીં તેનું શું કારણ?

પૂજ્યશ્રીએ કહ્યું : **''રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ.''** સ્વચ્છંદને લઈને.

પ્રશ્ન—સ્વચ્છંદ શાથી જાય?

ઉત્તર—**''સદ્ગુરુના ઉપદેશથી સ્વચ્છંદ તે રોકાય.''**

પ્રશ્ન—સદ્ગુરુની પરીક્ષા શી? કેમ ઓળખાય?

ઉત્તર—યોગ્યતા જોઈએ. બોધને યોગ્ય ભૂમિકા જોઈએ.

પ્રશ્ન—આટલો કાળ ગયો તેમાં ભૂમિકા તૈયાર નહીં થઈ હશે? ઉત્તર—પણ તે વખતે સદ્ગુરુનો યોગ ન હોય તો એકલી ભૂમિકા શું કરે?

પ્રશ્ન—અનાદિકાળમાં સત્પુરુષ નહીં મળ્યા હોય?

ઉત્તર—ત્યારે ભૂમિકા તૈયાર નહીં હોય. પ્રમાદ વિશેષ વર્તતો હોય એટલે વિશેષ લાભ લઈ શક્યો નહીં. શિથિલતા અને એવા બીજા કારણોને લઈને રખડ્યો.

## સદ્ગુરુની કૃપા

વચનામૃત પત્રાંક ૬૭૦ વંચાયો. પત્રના મથાળે **''ૐ શ્રી સદ્ગુરુપ્રસાદ''** હતું. મને પૂછ્યું : 'સદ્ગુરુ-પ્રસાદ'નો અર્થ શો?



શ્રી મનહરભાઈ

મેં કહ્યું—સદ્ગુરુના વચનોરૂપી પ્રસાદી. પૂજ્યશ્રીએ કહ્યું— સદ્ગુરુની કૃપા.

# શ્રી અંબાલાલભાઈ જેસીંગભાઈ પટેલ

બોરીઆ

## વિષયકષાયની વૃત્તિથી લાભમાં ખામી

પૂ.પ્રભુશ્રીજીનો સમાગમ મને થયેલો, પણ તે વખતે મારી ઉમ્મર નાની હતી. વિષય-કષાયની વૃત્તિઓ પણ ખરી. તેથી યથાર્થ લાભ થયેલો નહીં. પણ પૂ.શ્રી બ્રહ્મચારીજીના સમાગમથી મને ઘણો લાભ થયો. તેઓશ્રી બોધ આપતા તે મેં થોડો નોટમાં ઉતારેલો. પછી તેઓશ્રી પાસે સુધરાવેલો. તે બોધામૃત ભાગ પહેલામાં છપાયેલ છે.



## 'તમે આરાધનાના ક્રમમાં છો'

એકવાર તે નોટ પૂજ્યશ્રી પાસે રહેલ. તેમાં છેલ્લા પાના ઉપર તેઓશ્રીએ લખ્યું હતું : ''આરાધનના ક્રમમાં તમે છો'' આથી ખૂબ જ અંતર શાંત રહે છે, અને એ જ ભાવોમાં રહેવા ઇચ્છા રહે છે. પણ કર્મ આવે છે. આ વ્યવહાર અને આશ્રમના મેનેજમેન્ટનું કામ પણ વિકલ્પોનું કારણ તો થાય છે. પણ તેઓશ્રીએ આશ્રમની સેવાનો નિર્દેશ કરેલો તેથી તે બાબત કંઈ બીજો વિચાર નથી. મરણ સુધી સેવા બજાવવા જ ભાવ રહે છે. (સ્વ.અંબાલાલ ભાઈએ જીવનના અંત પર્યંત આશ્રમના ટ્રસ્ટી તરીકે અને છેલ્લા વર્ષોમાં સહાયક વ્યવસ્થાપક ટ્રસ્ટી તરીકે સેવા આપી છે)

## ભાવનું અનુસંધાન

કામ અને તેના વિકલ્પો આવે પણ તે પસાર થઈ ગયા પછી પાછું ભાવનાનું અનુસંધાન થઈ જાય છે. જેથી એમ જણાય છે કે તે યથાર્થ જ છે. જેને પૂર્ણ નિવૃત્તિ છે તે ઘણું જ ઝડપી કામ કરી શકે છે.

**પૂ.શ્રી બ્રહ્મચારીજીનો બોધ –**

## સમ્યક્દર્શન પછી મોક્ષમાર્ગની શરૂઆત

પ્રશ્ન—સાચો ધર્મ ક્યારે થાય?

ઉત્તર—સમ્યક્દર્શન થયા પછી સાચો ધર્મ થાય છે. કષાયોની મંદતા કે તીવ્રતાથી શુભ કે અશુભ ગતિ થાય છે. પરંતુ સમ્યક્દર્શન થયા બાદ મોક્ષમાર્ગની શરૂઆત થાય છે. ઉપદેશ-બોધથી આરંભ-પરિગ્રહ પ્રત્યેની વૃત્તિ પાછી વળે એટલે સિદ્ધાંત-બોધ પરિણામ પામે અને ત્યારે સમ્યક્દર્શન થાય. સંસારનું સ્વરૂપ તથા દેહનું સ્વરૂપ વારંવાર વિચારવું તે વૈરાગ્યનું કારણ છે.

## ભાવ ટકી રહેવા તે પરિણામ

પ્રશ્ન—ભાવ અને પરિણામ એ બેમાં ફેર શો?

ઉત્તર—ભક્તિમાં કે સત્પુરુષના બોધથી ભાવ થાય છે. તે ક્ષણિક હોય છે. પાછો જીવ ત્યાંથી ઊઠે છે અને બીજા પ્રસંગોમાં પડે છે એટલે ભૂલી જાય છે. પણ એ જ ભાવ બીજા પ્રસંગોમાં પણ કાયમ રહેવા એને પરિણામ કહે છે.

## વચનો વિચારીએ તો ઉલ્લાસ આવે

આઠ દૃષ્ટિ વાંચવી, શેરડીનો કટકો મોઢામાં રાખી ફેરવ ફેરવ કરીએ તો મીઠાશ નહીં આવે. પણ જરા દાંત વતી દબાવીએ તો મીઠાશ આવે. તેમ જ્ઞાનીના વચનો વાંચીએ, વિચારીએ તો તેમાં ઉલ્લાસ આવે.

## જેટલા કષાય ઘટ્યા તેટલો આત્મા નિર્મળ

આઠ દૃષ્ટિની સજ્ઝાય છે, તે અંતર્ પરિણામ ઉપર છે. પ્રથમની ચાર દૃષ્ટિમાં જે ગુણોનું વર્ણન કરેલું છે તે ભૂમિકારૂપે છે. તેવા ગુણો જીવમાં આવ્યે યોગ્યતા આવે છે. વ્રતરૂપે યમનિયમ હોય અથવા ન પણ હોય. જેટલા કષાય ઘટ્યા હોય તેટલો આત્મા નિર્મળ હોય છે. પાંચમી દૃષ્ટિમાં ક્ષાયિક સમકિતનું વર્ણન છે. ઉપશમ સમકિત થોડો વખત જ રહે છે, પછી ક્ષયોપશમ થઈ જાય ત્યારે નિર્મળપણું હોતું નથી. સમ્યક્ત્વ મોહનીયનો ઉદય રહ્યા કરે છે. તેથી સ-મળપણું આત્મામાં રહે છે. જેમ થાળી સુવર્ણની હોય પણ અંદર લોખંડનો ખીલો માર્યો હોય તે મુજબ જાણવું. કામ તો બન્ને પ્રકારની થાળીથી સરખા પ્રમાણમાં લઈ શકાય છે. પણ લોખંડનો ખીલો છે તેટલી એબ ગણાય છે. તેમ બન્ને પ્રકારના સમકિતમાં હોય છે. ક્ષયોપશમ સમકિત ઘણી વખત આવે છે અને જાય છે. જો ઉપયોગ ન રહે તો આ ભવમાં જતું પણ રહે. વધુમાં વધુ તે છાસઠ સાગરોપમ સુધી રહી શકે છે. માટે સાવચેત રહેવા જ્ઞાનીપુરુષોનો નિરંતર ઉપદેશ હોય છે.

## આત્મસિદ્ધિના દરેક વાક્યો લબ્ધિરૂપ

મહાવીર સ્વામીએ ઉપદેશમાં ગૌતમ સ્વામીને ઉત્પાદ, વ્યય, ધ્રુવ કહ્યું. અને તેટલાથી તે બધું સમજી ગયા તે મુજબ પરમકૃપાળુદેવે આત્મસિદ્ધિ-શાસ્ત્ર બનાવ્યું છે. તેનાં દરેક વાક્યો લબ્ધિરૂપ છે, એમ પ્રભુશ્રી કહેતા. થોડે થોડે કરીને પણ મોઢે કરી લેવું. વાંચી જવા કરતાં મોઢે કર્યું હોય તે વધુ ફળદાયક છે, કારણ તેમાં ઉપયોગ, વાંચી જવા કરતાં સારો રહે છે. ઘરડી ડોશીઓ પણ એક એક કડી દરરોજ કરી આત્મસિદ્ધિ પૂરી મોઢે કરે છે.

## પૂજ્યશ્રી બ્રહ્મચારીજી



### આજકાલ કરતાં અપૂર્વ જોગ ખોઈ બેસે

આવો દુર્લભ મનુષ્ય જન્મ પામીને પ્રમાદ કરવા યોગ્ય નથી. જેઓ પરમાર્થ સાધવામાં પ્રમાદને વશ થઈ એવો વિચાર કર્યા કરે કે આજે નહીં, કાલે કરીશું; અને જ્યારે કાલ થાય ત્યારે ફરી કાલે કરીશું. આમ ને આમ કાલ-કાલ કરતાં જીવન પૂર્ણ થઈ જાય છે, તો પણ મૂઢ જીવ પ્રમાદ છોડી શકતો નથી, અને મળેલો અપૂર્વ જોગ ગુમાવી બેસે છે. જીવન પાણીના વહેણની માફક છે. પાણી વહી ગયા પછી પાછું વળતું નથી. તેમ જિંદગી ચાલી ગયા પછી કાંઈ બની શકતું નથી. ગયેલા સમયમાં કાંઈ બની શક્યું નહીં, આવનારા સમય ઉપર ભરોસો રાખવો નહીં, પરંતુ વર્તમાન સમયનો ઉપયોગ કરી લેવો.



શ્રી અંબાલાલભાઈ

## શ્રી ૐકારભાઈ

અગાસ આશ્રમ



### સમ્યક્દર્શન છે એ જ એને છાપ છે

એક વાર સીમરડાવાળા પૂજ્ય મોતીભાઈ ભગતજીએ સ્વમુખે મને જણાવેલું કે ''પ્રભુશ્રીજીએ મને કહ્યું હતું કે ભગતડા! એને (પૂ.બ્રહ્મચારીજીને) **સમ્યક્ દર્શન છે એ જ એને છાપ છે. છાપની જરૂર નથી.**

પૂ. ભગતજીએ ફરી મને જણાવેલું કે પૂ. બ્રહ્મચારીજીએ, દેહત્યાગના બે-ત્રણ દિવસ પહેલાં રસોડામાં જમવા આવતાં મને જણાવેલું કે ભગતજી! **અમને હવે બુદ્ધિપૂર્વક દોષ થતા નથી. અબુદ્ધિપૂર્વક થાય તે ખરા.**

નાકોડા તીર્થ, મહા વદ ૧૩, સં.૨૦૦૮

### વચનો પ્રત્યક્ષ સત્પુરુષ તુલ્ય

પૂજ્યશ્રીને મેં પૂછ્યું : કૃપાળુદેવે ઠેકાણે ઠેકાણે લખ્યું છે કે પ્રત્યક્ષ સત્પુરુષ હોય તો જ કલ્યાણ થાય. હવે કૃપાળુદેવ તો પરોક્ષ છે. તો હવે કોને સત્પુરુષ માનવા?

પૂજ્યશ્રી કહે : **આત્મા જેને પ્રત્યક્ષ છે. પ્રત્યક્ષ સત્પુરુષનાં વચનો છે તે પ્રત્યક્ષ સત્પુરુષ તુલ્ય જાણી વિચારવા તથા આરાધવાં, તો સમકિત થાય એવું છે.''**

### મંત્ર સ્મરણમાં કે શાસ્ત્રમાં ચિત્ત પરોવવું

એક મુમુક્ષુએ પૂજ્યશ્રીને પ્રશ્ન પૂછ્યો કે સંકલ્પ વિકલ્પ બહુ થાય છે. માટે શું કરવું?

પૂજ્યશ્રી—સંકલ્પ વિકલ્પ થાય છે તે પૂર્વકર્મનું ફળ છે. તેથી ગભરાવું નહીં અને પુરુષાર્થ કરીને તેને દૂર કરવા. મંત્ર-સ્મરણમાં અથવા સારા પુસ્તકોમાં ચિત્ત પરોવી દેવું. સંકલ્પ વિકલ્પ કરવા નહીં. સંકલ્પ વિકલ્પ શાના થાય છે?

મુમુક્ષુ—''પ્રત્યક્ષ સદ્ગુરુ અને પરોક્ષ સદ્ગુરુ બાબતમાં સંકલ્પ વિકલ્પ થાય છે.''

### જેણે આત્મા જાણ્યો એવા પરમકૃપાળુદેવ પ્રત્યક્ષ જ છે

પૂજ્યશ્રી—''એવા કોઈ સંકલ્પ વિકલ્પ કરવા નહીં. જેણે આત્મા યથાર્થ જાણ્યો છે એવા પરમકૃપાળુદેવ તે પ્રત્યક્ષ જ છે. તેમના શરણે જ રહેવું. કોઈ બીજા વિકલ્પમાં પડવું નહીં. પૂનાની પ્રતિજ્ઞા યાદ છે? ત્યાં પ્રભુશ્રીજીએ બધાને પ્રતિજ્ઞા કરાવી હતી કે 'સંતના કહેવાથી મારે કૃપાળુદેવની આજ્ઞા માન્ય છે.' સંતની આજ્ઞાએ મને એક કૃપાળુદેવ જ માન્ય છે. બીજો કોઈ નહીં. આપણે પ્રત્યક્ષની ક્યાં શોધ કરવાની છે? **પ્રભુશ્રીજીએ બહુ શોધ કરી કૃપાળુદેવને આખરે શોધી કાઢ્યા અને તે જ આપણને માન્ય કરવા કહ્યું, માટે બીજા કોઈ સંકલ્પ વિકલ્પ કરવા નહીં.** એક પરમકૃપાળુએ જેવો આત્મા જાણ્યો છે તેવો જ મારે માન્ય છે. તે જ મારે જોવો છે. અને તેમની આજ્ઞા અને વચનોનું યથાર્થ પાલન કરવું છે. **આપણે પરમકૃપાળુદેવ પ્રત્યક્ષ જ છે, એમ નિશ્ચય રાખવો, કારણ કે જો પ્રત્યક્ષ હોત તો તેમના વચનોનું જ પાલન કરવાનું હતું. બીજું શું?** માટે તેમના જે વચનો મળ્યા છે તેનો લક્ષ રાખી પ્રવર્તન કરવું. અને તે પુરુષે કહેલાં વચનો કોઈ બીજો કહેતો હોય તો સાંભળવા, માન્ય કરવા યોગ્ય છે. પણ બીજા કોઈ વિકલ્પ કરવા નહીં. બધા સંકલ્પ વિકલ્પો મૂકી દઈ એક પરમકૃપાળુ સદ્ગુરુને શરણે જ વર્તવા યોગ્ય છે. સર્વ પ્રકારે પરમકૃપાળુદેવ ઉપર અર્પણબુદ્ધિ કરવી. **પ્રત્યક્ષ પરોક્ષના કોઈ પણ વિકલ્પો કરવા નહીં. એક પરમકૃપાળુ દેવના જ આશ્રયે તેમની આજ્ઞા પાલન કરવાની છે.''**

### જેવા ભાવ હોય તેવા સ્વપ્ના આવે

એક વખત મેં પૂજ્યશ્રીને જણાવેલ કે ''આપને કેવળજ્ઞાન થયું એવું મને ગઈ કાલે સ્વપ્ન આવ્યું.''

પૂજ્યશ્રી—કોને કેવળજ્ઞાન થયું?

મેં કહ્યું—આપને. અને આકાશમાંથી એટલાં બધા ફૂલો વરસ્યાં કે હું ઊભો હતો તે ઢીંચણ સુધી ફૂલોથી ઢંકાઈ ગયો. આકાશમાં દેવદુંદુભિ વાગતી હતી.

પૂજ્યશ્રી—(હસીને) સ્વપ્નાની વાત સાચી હોતી નથી. પણ સારા સ્વપ્નો આવે તો પુણ્ય બંધાય છે. અને ખોટાં સ્વપ્નો આવે તો પાપ બંધાય છે. જેવા ભાવ હોય તેવા સ્વપ્નો આવે છે. સ્વપ્ના ઉપરથી આપણા ભાવ કેવા રહે છે તેની ખબર પડે છે.

અગાસ આશ્રમ, જેઠ સુદ ૩, સં.૨૦૦૮

## જ્ઞાનીના વચનોનો સંગ્રહ હોય તો વિચાર આવે

મેં પૂજ્યશ્રી બ્રહ્મચારીજીને પૂછ્યું—''હું વાંચુ છું. પણ વિચાર નથી આવતા.'' પૂજ્યશ્રીએ જણાવ્યું—''આવશે. મનને રોકવું. પહેલાં મૂડી હોય તો વ્યાપાર થાય ને? તેમ પહેલાં તો જ્ઞાનીના વચનોનો સંગ્રહ કરવાનો છે. આત્માર્થે બધું કરવાનું છે. એ લક્ષ રાખવો. આપણે સારા થવું છે. સારી સારી વસ્તુ, ગુણકારી વસ્તુ ગ્રહણ કરવી. કોઈને દુઃખી કરવા નહીં. ઉત્તમતા, ઉદારતા કોઈની સાંભળવામાં આવે તો મારે એવા થવું છે એવી ભાવના કરવી. વિશાળ દૃષ્ટિ રાખવી. વારંવાર સાંભળ્યું હોય તો એને યાદ આવે અને સારા ભાવ થાય. લાગણી જેમ જેમ વધારે થશે તેમ તેમ પછી કેમ વર્તવું? શું કરવું? શા માટે કરવું છે? એવા વિચારો આવશે. જ્યારે ઇચ્છા જાગશે ત્યારે લાગશે કે આત્માના હિત માટે કરવું છે. એ લક્ષ થશે.

## સત્સંગ, સત્શાસ્ત્રનો પરિચય રાખવો

**''સ્વરૂપલક્ષે જિન આજ્ઞા આધીન જો''** સ્વરૂપનો લક્ષ રાખીને ભગવાનની આજ્ઞાએ વર્તવું. શું કરવાથી પાપ, પુણ્ય, નિર્જરા, આસ્રવ બંધ થાય છે? કેમ જીવવું? એ બધાય વિચાર કરવાના છે. આ મનુષ્ય ભવમાં ઉત્તમમાં ઉત્તમ લાભ થાય એવું કરવાનું છે. કામ કરવા બેસે તો ખબર પડે, આગળ વધે. પોતાનું જીવન કેમ ગાળવું? તેનો વિચાર બધાએ કરવાનો છે. સત્સંગ, સત્શાસ્ત્રનો પરિચય રાખી એમાંથી મારે કેમ જીવવું, એમ વિચારવું. મોહ છે ત્યાં સુધી મારે શું કરવું? એ વિચારવું. **''નથી ધર્યો દેહ વિષય વધારવા, નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા.''** પહેલાં એ તો ખસેડી નાખવા છે. પંચેન્દ્રિયમાં તણાવું નથી. એમાં ખોટી નથી થવું. એની એ ગડમથલમાં જિંદગી ગાળવી નથી.

## મોક્ષે જવું હોય તેણે બીજા વિચાર કરવા નહીં

મનુષ્યભવની દુર્લભ ક્ષણો છે. માટે કોઈ ક્ષણે આપણને લાભ થઈ જાય તેમ કરવાનું છે. કંઈ નહીં તો સ્મરણ, વાંચવું, વિચારવું. ખોટી ટેવમાં મન ન જાય એવું કરવાનું છે. ચેતતા રહેવાની જરૂર છે. કોઈ વસ્તુ પ્રત્યે આસક્તિ થાય તો એના એ જ વિચારો આવે. આ જગત બધું એવું જ છે. મનમાં ઘર કરી જાય એવું ન કરવું. જેણે મોક્ષે જવું છે તેણે બીજા વિચાર કરવાના નથી. મોઢે કર્યું હોય તેને ફેરવવું, વિચારવું, તેના અર્થ સમજવા. તે ન સમજાય તો બીજાને પૂછવા. શ્રવણ પછી ધારણા થાય, પછી સમજાય; ન સમજાય તેને સમજવાનો પુરુષાર્થ કરે. સમજાયું હોય તેને વિશેષ વિશેષ સમજવાનો પુરુષાર્થ કરે. એ બધા વિચારના ભેદો છે. **બધાનો સહેલો ઉપાય સત્સંગ છે.** સત્સંગમાં દોષ દેખાય. દોષ ટાળવાનો પુરુષાર્થ થાય. વિચાર જાગે, પ્રમાદમાં ન રહેવું. ગમે તેટલી હોશિયારી હોય તોયે પ્રમાદમાં ખોઈ બેસે.''

અષાઢ સુદ ૧૨, સંવત્ ૨૦૦૮

## હું દેહાદિ સ્વરૂપ નથી એમ ગોખવું

ફરી મેં પૂજ્યશ્રી બ્રહ્મચારીજીને કહ્યું કે ''વાંચું છું, શીખું છું, પણ વિચાર નથી આવતા.'' ત્યારે તેઓશ્રીએ જણાવ્યું કે ''વિચાર ન આવે તો વારંવાર હું દેહાદિ સ્વરૂપ નથી, હું દેહાદિ સ્વરૂપ નથી એમ ગોખ ગોખ કરવું. એની મેળે આવશે.

અગાસ આશ્રમ, અષાઢ વદ ૫, સંવત્ ૨૦૦૯

## રુચિ જાગે ત્યારે જીવનું કલ્યાણ થાય

સવારે સભામંડપમાં વચનામૃતના વાંચન પ્રસંગે કોઈએ કહ્યું કે **'બહુ પુણ્ય કેરા પુંજથી'** એની રેકર્ડ કઢાવી હોય તો જીવોને રુચિ જાગે અને એ તરફ વળે.



પૂજ્યશ્રીએ જણાવ્યું: ''ઠીક છે એ તો. એથી કંઈ કલ્યાણ થઈ જાય તેવું નથી. રુચિ જાગે ત્યારે કલ્યાણ થાય છે. ઊલટું એમ તો સામાન્યપણું થઈ જાય તેથી પછી કોઈ વેળા અહીં આવે તોયે એને સામાન્યપણું થયેલું હોવાથી માહાત્મ્ય ન લાગે. આ તો સાંભળ્યું છે, હું ગાઉં છું ને? એમ થઈ જાય. ગાયન ગાય તેવું આ પણ થઈ જાય.''

સંવત્ ૨૦૦૮, પોષ વદ ૧, ગુડિવાડા

## ક્યાય આસક્તિ ન થાય એની સાવચેતી રાખવી

ધર્મશાળામાં ઉપરની ઓરડીમાં પૂજ્યશ્રીજી ઊતર્યા હતા ત્યાં તેઓશ્રીને માટે હું ગરમ પાણીનો લોટો મૂકવા ગયો ત્યારે પૂજ્યશ્રીએ પૂછ્યું ''પત્રો શીખ્યા છે તે ફેરવે છે?''

મેં કહ્યું—''હાજી.''

પૂજ્યશ્રી—''રોજ ફેરવવા. પત્રો ફેરવીએ ત્યારે વિચાર કરવો કે આમા શું કહ્યું? જગતના નિમિત્તો એવા છે કે જીવને ક્યાંનો ક્યાં લઈ જાય. આસક્તિ ન થાય એની સાવચેતી રાખવી. સમાધિસોપાનમાંથી જે પત્રો નથી શીખ્યો તે શીખી લેજે. રોજ કંઈને કંઈ નવીન શીખવું.''

મેં પૂછ્યું—''આપ જે વાણી બોલો છો તે હું લખું છું. કંઈ વાંધો નથી ને?''

પૂજ્યશ્રી—''કંઈ વાંધો નહીં.''

અગાસ આશ્રમ, ચૈત્ર સુદ ૧૩, સં.૨૦૦૮ મહાવીર જયંતી


## સંસ્કૃતનો અભ્યાસ કરવો

સવારે પૂજ્યશ્રીએ મને સંસ્કૃત અભ્યાસ કરવાની આજ્ઞા કરી જણાવ્યું કે ''ઘણાં ખરાં શાસ્ત્રો મૂળ સંસ્કૃતમાં છે, તે સંસ્કૃતનો અભ્યાસ કરવાથી સમજવામાં ઠીક પડે. પરમકૃપાળુ દેવના વચનો પણ વિશેષ સમજાય. એક વચનમાં અનંત આગમ રહ્યાં છે. તે સમજવા માટે સંસ્કૃતનો અભ્યાસ કરવાનો છે. કૃપાળુદેવે પ્રભુશ્રીજીને વૃદ્ધાવસ્થામાં પણ સંસ્કૃતનો અભ્યાસ કરવા જણાવેલું.''

અગાસ આશ્રમ, ચૈત્ર સુદ ૧૪, સંવત્ ૨૦૦૮

## વીતરાગમાં અને અમારામાં ભેદ ગણશો નહીં

એક ભાઈ પૂજ્યશ્રી પાસે આવ્યા. અને કહ્યું કે ''મારે ઘેર ઋષભદેવ અને કૃપાળુદેવના ચિત્રપટ રાખ્યાં છે. સવારમાં પાંચ વાગે ઊઠીને ગુરુભક્તિ કરું છું. પછી ઋષભદેવના ચિત્રપટ આગળ સ્તવન આદિ દેવભક્તિ કરું છું. એમાં કંઈ વાંધો તો નહીં ને?''



પૂજ્યશ્રીએ જણાવ્યું—''**કશો ભેદ ન રાખવો. એક જ છે. કૃપાળુદેવે લખ્યું છે કે વીતરાગમાં અને અમારામાં કશોય ભેદ ન રાખશો. આત્માની અનંત શક્તિઓ છે.** પરમ પૂજ્ય પ્રભુશ્રીજીએ કૃપા કરીને આ ભક્તિનો ક્રમ યોજ્યો છે. તે રોજ કરવો. સ્વચ્છંદ કરવો નહીં. એથી લાભ નથી. કોઈને **'તત્ત્વજ્ઞાન'** ન આપવું. તેમને કહેવું કે અગાસ જાઓ, ત્યાં જ્ઞાનીની આજ્ઞાથી અપાય છે. તમને વધારે લાભ થશે. ભક્તિ તો ઉત્તમ છે. બીજી ઇચ્છા ન કરતાં **'પરમશાંતિપદને ઇચ્છીએ એ જ આપણો સર્વસમ્મત ધર્મ છે.'** પ્રભુશ્રીજી કહેતા કે જેનું મહાપુણ્ય હશે તે જ આ દરવાજામાં પગ મૂકશે.''

## મહાપુરુષો જે આપે તે આગળ જતાં ઊગે

દેહોત્સર્ગના ચાર-પાંચ દિવસ પહેલાં પૂજ્યશ્રી બ્રહ્મચારીજી પોતાના નિવાસ સ્થાનમાં સવારે લગભગ ૧૦॥ વાગે પાટ પર સૂતા હતા. હું તથા બીજા બે ત્રણ મુમુક્ષુઓ ચરણસેવા કરતા હતા. તે વખતે તેઓશ્રીએ મને પૂછ્યું—''તને પ્રભુશ્રીજીનો પ્રસાદ મળેલો.''

મેં કહ્યું—''પ્રભુશ્રીજી આહોર પધાર્યા ત્યારે હું લગભગ છ મહિનાનો હતો. મારી બા પરમપૂજ્ય પ્રભુશ્રીજી પાસે કોઈ ખાદ્ય વસ્તુ ભેટ ધરવા લઈ ગયા હતા. પ્રભુશ્રીજીએ તે લઈ લીધી હતી અને એક પાકી સુંદર કેરી આપી જણાવ્યું હતું કે તારે ઘેર છ મહિનાનો છોકરો ઘોડિયામાં ઝૂલે છે તેના મોઢામાં આ કેરીના કટકા કરીને ખવડાવજે. પછી મારી બાએ મને તે કેરી ખવડાવેલ, એમ મારા પિતાશ્રી કહેતા હતા.''

તે વખતે પૂ.શનાભાઈ માસ્તરે જણાવ્યું કે ''એ તો નાના હતા. શું ખબર પડે?''

પૂજ્યશ્રીએ જણાવ્યું—''ભલે ને નાનો હોય, પણ મહાપુરુષો અંદર એવું કંઈક ઘાલી દે કે જે આપણને ખબર ન પડે, પણ આગળ જતાં ઊગે.''

## પુરુષાર્થ કરે તો સફળતા મળે

વિ.સં.૨૦૦૭માં પર્યુષણ પહેલાં થોડા દિવસ મને આશ્રમમાં રહેવાનું મળેલ. તે દરમ્યાન એક દિવસ સવારે પૂજ્યશ્રી બ્રહ્મચારીજી પરમપૂજ્ય પ્રભુશ્રીજીના ઓરડામાં બિરાજ્યા હતા અને કંઈ લખતા હતા. મેં તેમની પાસે જઈ હાથ જોડી જણાવ્યું કે ''મારે પરણવાના ભાવ નથી અને હવેનું જીવન ભક્તિ માટે આશ્રમમાં ગાળવાના ભાવ છે. તે સફળ થશે કે નહીં?

તેઓશ્રીએ મારી સામે જોયું અને હાથ લાંબો કરીને હસતાં હસતાં કહ્યું કે ''સફળ થશે. કેમ નહીં થાય? પુરુષાર્થ એ તો તારા હાથની વાત છે. ભાવ છે તો વ્રત લઈએ.'' પછી તેઓશ્રી કાયોત્સર્ગમાં સ્થિત થઈ ગયા.

## જલેબી એ અભક્ષ્ય વસ્તુ છે

લગભગ ૧૪ વર્ષની ઉંમરે મેં પૂજ્યશ્રી બ્રહ્મચારીજીને જણાવેલ કે ''કંદોઈને ત્યાંની કોઈ વસ્તુ વાપરવી નહીં. એવો મને નિયમ આપો.'' તેઓશ્રીએ કહ્યું કે ''બધી વસ્તુઓનો ત્યાગ ન કરાય તેમ છે. માટે એક જલેબી નહીં ખાવી એવો નિયમ લઈ લે. જલેબી એ અભક્ષ્ય વસ્તુ છે.'' પછી મેં એ નિયમ લીધો હતો.

## કંઈ થતું નથી એમ થાય તો પુરુષાર્થ જાગે

પરમ પૂજ્ય બ્રહ્મચારીજીના દેહોત્સર્ગના થોડા દિવસ પહેલાં (કાર્તિ સુદ ૧, ૨૦૧૦) અમે ત્રણ ચાર મુમુક્ષુઓ તેઓશ્રીની ચરણસેવા કરતા હતા. તે વખતે અમોને તેઓશ્રીએ પૂછ્યું ''તમને એમ થાય છે કે અહીં આશ્રમમાં રહી બધો વખત નકામો જતો રહે છે, કંઈ થતું નથી?''


ત્યારે મેં જણાવ્યું—''નકામું તો નથી લાગતું, પણ કંઈ થતું નથી એમ તો થાય છે.''

પૂજ્યશ્રી કહે—''એમ થાય તો પુરુષાર્થ જાગે, નહીં તો આશ્રમમાં રહ્યા છીએને? બધું થશે એમ થઈ જાય.''

## કષાયની ઉપશાંતતા વગેરે ગુણો પ્રગટાવવા

બહુ ઉતાવળ કરવાની નથી. તેમ પ્રમાદપણ કરવાનો નથી. તરવારની ધાર જેવું છે. બહુ ઉતાવળ કરવા જાય તો અધીરજ આવી જાય. તેથી પુરુષાર્થ થાય નહીં. અહીં રહીને કષાયની ઉપશાંતતા વગેરે ગુણો પ્રગટાવવાના છે. આત્માના હિત માટે અહીં રહ્યા છીએ એ લક્ષ રાખવો. આ તો વચ્ચે વખત મળે તેમાં બીજું વાંચવા જાણવાનું છે. એમ સંતોષ ન માનવો કે આટલું ભણી ગયા. હવે બસ, આખી જિંદગી સુધી વિદ્યાર્થી રહેવું. થોડું શિખાય તો કંઈ નહીં, પણ વિચાર કરતાં શીખવાનું છે. ઇન્દ્રિયોને નુકસાન ન થાય અને ઇન્દ્રિયો વધારે લોલુપી પણ ન થાય તેનું નામ સંયમ છે. બહુ ઉતાવળ કરવાની નથી. શક્તિ હોય તેટલું તપ વગેરે કરવાનું છે. શરીરને પણ નુકસાન ન થાય અને પ્રમાદ પણ ન થાય તેમ કરવાનું છે. નહીં તો શરીર બગડી જાય, પછી કંઈ ન થાય. ગાંધીજી શરીરને ગધેડું કહેતા, વધારે ખાઈ જાય ત્યારે ગધેડું વધારે ખાઈ ગયું એમ કહેતા.''

## સ્વપ્નમાં પરમકૃપાળુદેવના દર્શન



એક દિવસ સ્વપ્ન સંબંધી કોઈ મુમુક્ષુ બહેને વાત કરી ત્યારે પૂજ્યશ્રી બ્રહ્મચારીજીએ જણાવેલ—'આલોચનાદિ પદ સંગ્રહમાં જે **'જિનવર દર્શન અધિકાર'**છે તે લખવા મને ઇચ્છા થઈ ત્યારે વિચાર આવ્યો કે મને પરમકૃપાળુના દર્શન તો થયાં નથી તો કેમ લખું? પછી રાત્રે સ્વપ્નું આવ્યું કે બાંધણીના મકાનમાં મેડા ઉપર પરમકૃપાળુદેવ પધાર્યા છે. દાતણ-પાણી કરીને દર્શન કરવા જઈશ. તેટલામાં તો આંખ ઊઘડી ગઈ. દર્શન ન થયાં તેથી ખેદ થયો. રાત બાકી હતી તેથી ફરી સૂઈ ગયો. ફરી તે જ પ્રમાણે સ્વપ્ન આવ્યું. હું મેડા ઉપર ગયો. પરમકૃપાળુદેવ, કફની વાળો ચિત્રપટ છે તે મુદ્રામાં બિરાજ્યા હતા. પૂ.સોભાગભાઈ પણ સાથે હતા. દર્શન કરી બહુ આનંદ થયો. પછી ઊઠીને **'જિનવર દર્શન અધિકાર'**કાવ્ય લખ્યું. તેમાં પ્રથમ પ્રાસ્તાવિક પદ એ લખ્યું –

**''ધન્ય રે દિવસ આ અહો, પ્રભુ દર્શન આજ પમાય રે,**
**સુધર્મ પ્રભાત પ્રગટ થતાં, દુઃખ સ્વપ્નની રાત્રિ ગમાય રે.''**

## મૂઠીના મારથી આખા શરીરમાં ઝણઝણાટી

એક વખત પૂજ્યશ્રીએ જણાવેલ કે ''ભગવતી સૂત્રમાં વાત આવે છે કે શ્રી ગૌતમ સ્વામીએ શ્રી મહાવીર સ્વામીને પ્રશ્ન કર્યો કે હે ભગવાન! આપણે જમીન ઉપર ચાલીએ છીએ તેનાથી પૃથ્વીકાય જીવોને કેવી પીડા થતી હશે? ભગવાને ઉત્તરમાં જણાવ્યું કે કોઈ દેવ પોતાની બે મૂઠીઓ વાળીને કોઈ માણસના માથામાં બહુ જોરથી મારે તેનાથી જેવી પીડા થાય છે, તેવી પીડા આપણા ચાલવાથી પૃથ્વીકાયના જીવોને થાય છે.'' પછી પૂજ્યશ્રી કહે — ''એ વાતનો મને અનુભવ થયેલો. એક વખત કોઈ માણસ મારી પાસે મંત્ર લેવા આવેલ તેને મેં મંત્ર વિષે સમજાવ્યું પછી તેને પરમકૃપાળુદેવના ચિત્રપટ આગળ નમસ્કાર કરાવવા લઈ ગયો. તેના શરીરમાં વ્યંતર હતો. તેણે મારા માથામાં મૂઠીઓ વાળીને જોરથી મારી અને ભાગી ગયો. આખા શરીરમાં ઝણઝણાટી થઈ ગઈ.''

**પૂ.શ્રી બ્રહ્મચારીજીના બોધની હસ્તલિખિત નોટ નં.૧,૨,૩ માંથી :**

## આપણે પણ સાધુ થવું છે ને

પૂજ્યશ્રીએ ૐકારને 'દશવૈકાલિક' સૂત્રનું પોતે કરેલું ગુજરાતી ભાષાંતર મોઢે કરવા જણાવ્યું. ૐકારે મોઢે કરવું શરૂ કર્યું. અને એકવાર પૂજ્યશ્રીને પૂછ્યું કે : ''આમાં તો સાધુઓના આચારનું વર્ણન આવે છે. તો આપણે મોઢે કરવાથી શો લાભ? ત્યારે પૂજ્યશ્રી કહે—'આપણે પણ સાધુ થવું છેને.'

## ભણીભણીને વેદીયા ઢોર જેવા ન થવું

પૂજ્યશ્રી કહે—દેવસીભાઈ માંદા છે. તું તેમને ત્યાં જાય છે? ૐકાર કહે—નાજી. પૂજ્યશ્રી કહે—ત્યાં જજે. સેવા કરવી એ મુમુક્ષુનો ધર્મ છે. ભગવાને પરસ્પર સેવા કરવાનું મુનિઓને પણ કહ્યું છે. એકલું ભણવામાં જ રહે તેને પછી વ્યવહારની કંઈ ખબર ન રહે. ભણી ભણીને વેદીયા ઢોર જેવા થઈ ન જવું. પરમાર્થને પ્રેરે એવો વ્યવહાર કરવા યોગ્ય છે. દેવશીભાઈ પાસે જઈએ અને કંઈ કામ હોય તો પૂછવું. શરીર દબાવવું હોય તો દબાવી આપવું. -શ્રી બ્ર.બો.હ.નો.નં.૩ (પૃ.૧૪૨૧)

## કોઈને ગરજ હશે તો કરશે

ૐકાર કહે – આપે જે 'દશવૈકાલિક'નો અનુવાદ કર્યો છે તે ક્યારે છપાશે?

પૂજ્યશ્રી કહે—શું છપાવે? હજુ ટીકા લખવી તો અધૂરી પડી છે. ૐકાર કહે—ક્યારે લખાશે?

પૂજ્યશ્રી કહે—હમણાં આંખોનું કંઈ ઠેકાણું નથી. તેથી લખાય એવું નથી.

ૐકાર કહે — તો એમનું એમ પડ્યું રહેશે?

પૂજ્યશ્રી કહે—કોઈને ગરજ હશે તે કરશે. સાથે ટીકા હોય તો સમજાય. -શ્રી બ્ર.બો.હ.નો.નં.૩ (પૃ.૧૪૪૯)

## ઊંડા ઊતરવા માટે વિચારની જરૂર છે

પૂજ્યશ્રીએ મને પૂછ્યું — કશું વિચારવાનું રાખે છે?


મેં કહ્યું — નાજી. પૂજ્યશ્રી કહે — દિવસમાં ગમે તે ટાઈમમાં ગમે તે પદ, પત્ર કે પાઠનો વિચાર કરવો. આપણે આમાં શું કરવા જેવું છે? એમ વિચારવું. ઊંડા ઊતરવાની જરૂર છે. ઊંડા ઊતરવા માટે વિચારની જરૂર છે. વિચારથી ઊંડા ઊતરતાં શીખાય છે. વિચાર ન કરે અને એકલું શીખ શીખ કરે તો ઊંડુ ન ઉતરાય. -શ્રી બ્ર.બો.હ.નો.નં.૩ (પૃ.૧૧૬૩)

## સદ્ગુરુને ભૂલે તેથી માનમાં પેસે

ૐકાર કહે — પ્રભુ, માન તો બહુ આવે છે.

પૂજ્યશ્રી કહે — માન કરવા જેવું કંઈ નથી. આ કાળમાં એટલા સંઘયણ નથી કે બાર બાર મહિના ઉપવાસ કરી શકે. એવી શક્તિ નથી કે સારી રીતે સંયમ આરાધી શકે. તો અભિમાન શાનું કરે?.... સદ્ગુરુને ભૂલે તેથી માનમાં પેસે છે. સદ્ગુરુને ન ભૂલવા એ માન દૂર કરવાનો ઉપાય છે. જીવ ઊંચી શ્રેણીમાં નથી જોતો તેથી માન આવે છે.

-શ્રી બ્ર.બો.હ.નો.નં.૨ (પૃ.૫૩૩)



## પુદ્ગલના સ્વરૂપને જાણે તો વૈરાગ્ય આવે

ૐકાર કહે —"**પુદ્ગલજ્ઞાન પ્રથમ લે જાણ**" એમ કૃપાળુદેવે લોકપુરુષ સંસ્થાને કહ્યો' (પત્રાંક ૧૦૭) તેમાં કહ્યું છે તો તેનો શો પરમાર્થ હશે? પૂજ્યશ્રી કહે — પ્રથમ પુદ્ગલના સ્વરૂપને જાણે ત્યારે વૈરાગ્યભાવ ઉત્પન્ન થાય. તેનું સ્વરૂપ વિનાશી અને ક્ષણિક જાણે ત્યારે તેનું માહાત્મ્ય ન લાગે; પછી જીવ જ્ઞાન પામે.

-શ્રી બ્ર.બો.હ.નો.નં.૧ (પૃ.૧૩૭)

**"શાસન દીપાવ્યું રાજનું, માનાદિની તો ગંધના;<br>તે બ્રહ્મચારીજી તણા પાદારવિંદે વંદના."**

## દેવલોકના દેવ તો, સત્દેવને પૂજનારા છે

પૂજ્યશ્રીએ પારસને પૂછ્યું — તેં મોક્ષમાળાના કેટલા પાઠ વાંચ્યા છે?

પારસ કહે — સાત પાઠ વાંચ્યા છે.

પછી પ્રભુએ આઠમો પાઠ 'સત્દેવ તત્ત્વ'નો ત્યાંજ વાંચવા કહ્યું. ત્યારબાદ પૂજ્યશ્રી કહે — દેવ એટલે શું ?

ૐકાર કહે—રાગ દ્વેષ આદિ અઢાર દૂષણથી રહિત તે દેવ.

પૂજ્યશ્રી કહે — એ તો સત્દેવ કહેવાય. પણ દેવ કોને કહેવાય? કોઈને આવડ્યું નહીં ત્યારે પૂજ્યશ્રી કહે — જે દેવલોકમાં રહે છે તે દેવ કહેવાય. મનુષ્ય કરતાં વધારે સુખ ભોગવે, તેથી તે દેવ કહેવાય; પણ સત્દેવ નહીં. સત્દેવને તો તે પૂજનારા છે.

-શ્રી બ્ર.બો.હ.નો.નં.૧ (પૃ.૧૩૬)

## એક પત્ર રોજ અડધો કલાક વિચારવો

ૐકાર કહે — પત્રો તો ફેરવું છું. પણ વિચાર નથી આવતા.

પૂજ્યશ્રી કહે — બીજા પત્રો બધા ફેરવવાના રાખવા. પણ એક પત્ર રોજ અર્ધો કલાક બેસીને વિચારવાનું રાખવું.

-શ્રી બ્ર.બો.હ.નો.નં.૨ (પૃ.૪૫૬)

## ભૂલ થયે કૃપાળુદેવ આગળ ક્ષમાપના બોલવી

ૐકાર કહે — કાલે મેં આયંબિલનું પચ્ચખાણ લીધું હતું. ત્યાર પછી મારાથી ભૂલમાં કાચું પાણી પીવાઈ ગયું.

પૂજ્યજી કહે — સાંભર્યા પછી ફરીથી તો ન પીધું ને? ૐકાર કહે — ના. પૂજ્યશ્રી કહે — ફરીથી એવું ન થાય તેનું ધ્યાન રાખવું. (ફરી કહ્યું) કૃપાળુદેવના ચિત્રપટ આગળ ક્ષમાપના બોલી આવ. -શ્રી બ્ર.બો.હ.નો.નં.૧ (પૃ.૧૩૭)

## જેટલું બને તેટલું સારું

ૐકાર કહે — ચોવિહાર હોય ત્યારે સવારમાં કઈ વેળાએ ખાવું? પૂજ્યશ્રી કહે — સૂર્ય ઊગે ત્યારે. કોઈ બે ઘડી પછી ખાય છે. જેટલું બને તેટલું સારૂં.

-શ્રી બ્ર.બો.હ.નો.નં.૧ (પૃ.૧૮૩)

## ન સમજાય તો અર્થ વાંચવા

ૐકાર કહે — રોજ હું પ્રતિક્રમણ કરું છું. પણ મારું ચિત્ત તેમાં લાગતું નથી. અને કંઈ સમજાતું પણ નથી.એમ વગર સમજ્યે કર્યા જઈએ તો શું થાય?

પૂજ્યશ્રી કહે — ન સમજાતું હોય તો તેના અર્થ છે તે વાંચી જવા તો આપણને ધ્યાન રહે. પ્રતિક્રમણ ન કરવું એવું પણ નથી. ન કરીએ તો શીખેલું ભૂલી જવાય.

-શ્રી બ્ર.બો.હ.નો.નં.૧ (પૃ.૧૩૯)



શ્રી ૐકારભાઈ

# શ્રી સુમેરભાઈ ફૂલચંદજી બંદા

સુરત

## પૂજ્યશ્રીની ભગવાન થવાની ભાવના

ડૉ. ભાટે પાસેથી સાંભળેલું :

''પંડિતજી ગુણભદ્રજી કહેતા હતા કે મેં પૂ.બ્રહ્મચારીજીને તેમના દેહવિલયના લગભગ ૧૫-૨૦ દિવસ પહેલાં પૂછેલું કે તમને નાનપણમાં શું ભાવના હતી? તેમણે કહ્યું હતું કે **ભગવાન થવાની ભાવના હતી.** મેં પૂછ્યું : તે ફળી? પૂ.બ્રહ્મચારીજી હસ્યા.''

એક વાર ઘણા મુમુક્ષુભાઈ-બહેનો વચ્ચે પૂજ્યશ્રીએ કહેલું કે ''આત્મજ્ઞાન ન થાય ત્યાં સુધી કંઈ લખવું નથી એમ રાખવું.''

## વૈરાગ્ય વગર આશ્રય રહે નહીં

એક વખત વણાગનટવરની વાર્તા ઘણા વિસ્તારથી કહીને કહ્યું : **''આશ્રય બહુ મોટી વાત છે. આશ્રયથી તો એક-બે ભવમાં મોક્ષ થાય તેવું છે. એનો (કૃપાળુદેવનો) આશ્રય રાખવો.** પછી ભલેને એક - બે ભવ થાય. પણ વૈરાગ્ય વગર આશ્રય રહે નહીં. માટે વૈરાગ્ય વધારવો. **વૈરાગ્ય વગર આગળ વધાય નહીં. વૈરાગ્ય એ મોક્ષનો ભોમિયો છે.''**

## આટલા બધા મુમુક્ષુઓ ક્યાંથી જોવા મળે?

પુખરાજજી કહે — પ્રભુ મારે અને સુમેરને ઈડર જવાના ભાવ છે. પર્યુષણમાં અહીં માણસો બહુ આવશે. અમને એથી કંટાળો આવે છે. આપની આજ્ઞા હોય તો આઠ દિવસ માટે ઈડર જઈએ.

પૂજ્યશ્રી કહે — ''તમને અહીં પર્યુષણમાં નથી ગમતું? એ તો પ્રભાવના કહેવાય. **આટલા બધા મુમુક્ષુઓ ક્યાંથી જોવા મળે? ધર્મની પ્રભાવના જોઈને સમ્યક્દૃષ્ટિને હર્ષ થાય છે.** એથી કંટાળવા જેવું નથી. **ભક્તિ, સેવા એ મુખ્ય વસ્તુ છે. ભણવાનું છે તે તો ઠીક છે, પણ મુખ્ય ભક્તિ છે. સમૂહમાં ભક્તિ કરવાથી વિશેષ આનંદ આવે છે.**

પહેલાં હું અહીં આવતો ત્યારે **'આત્મસિદ્ધિ'** વાંચતો, પણ ખબર વિશેષ પડતી નહોતી. પણ જ્યારે ભક્તિમાં બેસતો ત્યારે બધું સમજાતું અને આનંદ આવતો. કંટાળવું નહીં. અરતિ થવાથી કર્મ બંધાય છે. જે થાય તે જોયા કરવું. લપટાવું નહીં.''

-બ્ર.બો.નો.નં.૩ (પૃ.૮૧૯)

## બધું વાંચન પરમકૃપાળુદેવના વચનો સમજવા માટે

પંડિતજી પાસે અમે સંસ્કૃત ભણવા અને સમજવા જતા. તે સંબંધમાં પૂજ્યશ્રીએ જણાવ્યું કે :

''પરમકૃપાળુદેવનાં વચનો સમજવા માટે બધું વાંચું છું,



> ''વીસરું નહિ નહિ વીસરું રે, ઉપકાર તારો.
> નિત નિત નિત સમરું રે, ઉપકાર તારો.''

શીખું છું એમ રાખવું. હું સમજી ગયો એમ ન કરીએ. પરમ કૃપાળુદેવ જાણે છે અને મારે જાણવું છે એમ રાખવું. પરમકૃપાળુદેવે પ્રગટ કર્યો છે તેવો જ મારો આત્મા છે.''

વચનામૃત વાંચવા-સંબંધી :

## વારંવાર વાંચીએ ત્યારે સમજાય

''રોજ મોટું પુસ્તક વાંચીએ. એક વાર વાંચી રહીએ ત્યારે ફરી અવળેથી વાંચવું. એમ વારંવાર વંચાય ત્યારે સમજાય એવું છે. ન સમજાય તો કૃપાળુદેવ જાણે છે એમ રાખવું. આગળ ઉપર સમજાશે.''

નવી જિથરડીમાં બોધ આપતાં :

''આજે જ જાણે મરી ગયો એમ કરી લે તો થોડા કાળમાં ઘણું કામ થઈ જાય એવું છે.''

## મનને નિરંતર સ્મરણમાં રાખવું

ડુમસમાં : ''નવરા ન રહેવું, નવરો નખ્ખોદ વાળે.


મન છે તે એક સમયમાં સિત્તેર કોડાકોડી સાગરોપમની સ્થિતિ પાડી દે તેવું છે. એને નવરું ન મૂકવું. માટે નિરંતર સ્મરણમાં રહેવું. વેઠિયાની જેમ આની પાસેથી કામ લેવું છે.''

## ફરવા જઈએ ત્યારે સ્મરણ કરીએ

પૂ.બ્રહ્મચારીજીએ એક વાર મને પૂછ્યું—''ફરવા જાય ત્યારે શું કરે છે?'' મેં કહ્યું : ''કંઈ નહીં.''

પૂજ્યશ્રી કહે : ''ફરવા જઈએ ત્યારે સ્મરણ કરીએ, શીખેલું ફેરવીએ. ફરવા જવાનું તો ઠીક છે.''

## પરમકૃપાળુદેવ દેહ નહીં પણ આત્મા



'પરમકૃપાળુદેવના દેહ તરફ દૃષ્ટિ કરવાની નથી. આત્મા પ્રત્યે દૃષ્ટિ રાખવી.'

બીજા પ્રસંગે એક વાર કહેલું—**''પરમ-કૃપાળુદેવનો દેહ છે તે પરમકૃપાળુદેવ નથી. તેમનો આત્મા છે તે પરમકૃપાળુ-દેવ છે.''**

આશ્રમમાં પોતાની રૂમમાં :

## સત્‌ની ભાવના રોજ કરે તો સત્ મળે

''મોટું પુસ્તક વાંચીએ. ઘણા વિચારો કર્યા પછી આ વચનો લખાયાં છે, એમ મનમાં રાખી વાંચવું.''

એક વખત હું એકલો હતો ત્યારે કહેલું : ''સવારમાં ઊઠીને 'હે પ્રભુ! મને સત્ મળો' એમ ભાવના કરે તો સત્ મળે.''


ગુડિવાડામાં પૂજ્યશ્રીએ કહેલું :

## સૂતાં પહેલાં અઢાર પાપસ્થાનક વિચારવાં

''રોજ સૂતાં પહેલાં અઢાર પાપસ્થાનકો વિચારવાં. સવારથી સાંજ સુધીની પ્રવૃત્તિ તપાસી જવી. મારાથી ક્યાં હિંસા થઈ? ક્યા જૂઠ બોલાયું? એમ આખા દિવસની પ્રવૃત્તિને અઢાર વાર તપાસી જવી. દોષ થયા હોય તેનાથી પાછા હઠવું. અને બીજા દિવસે લક્ષ રાખવો. **એમ કરવાથી પ્રતિક્રમણ કરવા કરતાં વધારે ફળ થાય.''**

## નિર્જન સ્થાનમાં ધ્યાન કાયોત્સર્ગ

પૂજ્યશ્રી જ્યારે દીર્ઘશંકાર્થે જંગલમાં જતાં ત્યારે કૂવાના કાંઠે, વૃક્ષ નીચે, કોઈ ખંડેર જગ્યામાં કે પહાડ ઉપર ધ્યાનમાં બેસતાં કે કાયોત્સર્ગમાં ઊભા રહેતા.



એકવાર પૂજ્યશ્રી મુમુક્ષુઓ સાથે જાલોર તીર્થના દર્શનાર્થે પધાર્યા હતા. નીચે ધર્મશાળામાં સહુનો ઉતારો હતો. ત્યાંથી લોટો ભરી પૂજ્યશ્રી જંગલમાં પધાર્યા. **ત્યાં પહાડ ઉપર એક ઊંચી ટેકરી હતી. ત્યાં જઈ ધ્યાનમાં બેસી ગયા.** ઘણો સમય થયે પાછા ફર્યા નહીં તેથી હું અને શ્રી ગટુલાલ તેમની તપાસ અર્થે ગયા. ત્યાં દૂરથી એક ઊંચી ટેકરી ઉપર તેઓશ્રી ઊભા થતા જણાયા. ત્યાંથી પાછા વળતાં રસ્તામાં જે લોટામાં પાણી હતું તે વડે માત્ર પગ ધોઈ આવતા જણાયા.

આશ્રમથી આહોર જતાં :

## જ્યાં જઈએ ત્યાં સ્મરણ કરતા જઈએ

એક વાર મેં કહ્યું ''પ્રભુ, આણંદ જવું છે.''

પૂજ્યશ્રી કહે : ''સ્મરણ કરતા  કરતા જઈએ. બીજા લોકો બીજી વાતો કરતા હોય તેમાં લક્ષ ન આપવો. સ્મરણ કરવું. ગમે ત્યાં જવું હોય તોય પૂછીને જઈએ. કંઈ મંગાવવું હોય તો પણ મંગાવાય.''

એક વાર સ્વચ્છંદ પર બોલતાં :

''કેટલાક **'સહજાત્મસ્વરૂપ પરમગુરુ'**ને બદલે **'શ્રી સહજાત્મસ્વરૂપ પરમગુરુ'** બોલે છે. એ સ્વચ્છંદ છે. ક્યાં થઈને સ્વચ્છંદ પેસે છે, તેની જીવને ખબર નથી.''

## ગુર કૃપાળુદેવને માનવા

શ્રી નેમિચંદજીએ એક વાર પ્રશ્ન કર્યો : ''પરમકૃપાળુદેવ તો પરોક્ષ છે. અને પ્રત્યક્ષ જ્ઞાનીથી કલ્યાણ થાય એમ કહ્યું છે. તો ગુરુ કોને માનવા?'' પૂજ્યશ્રી કહે : **''ગુરુ કૃપાળુદેવને માનવા. બીજા બધા ઉપકારી છે એમ રાખવું.''**

## રોજ કંઈ કંઈ નવું શીખવું

હું દ્રવ્યસંગ્રહ થોડે થોડે મુખપાઠ કરતો. પૂજ્યશ્રી કહે : ''ક્લાસમાં ચાલે છે તેટલું જ મોઢે કરવું એવું કંઈ નથી. આગળનું પણ કરી લેવું.''

બીજા પ્રસંગે નાસિક જતાં પૂજ્યશ્રીએ કહેલું : ''નિત્યક્રમ પુસ્તકમાંથી બધું મોઢે કરવું. અહીંના ક્રમમાંનું કંઈ આવડતું નથી એમ ન થવું જોઈએ. થોડે થોડે કરી બધું શીખી લેવું. કંઈ કંઈ નવું શીખવું. રોજ કંઈને કંઈ મોઢે કરવું. વધારે ન બને તો એક લીટી, બે લીટી જ કરીએ પણ રોજ રોજ કંઈ કંઈ નવું શીખવું.

પરમકૃપાળુદેવ આગળ પુસ્તક મૂકી—**'હે પ્રભુ, તારી આજ્ઞાથી આટલું મોઢે કરીશ'** એવી ભાવના કરી મોઢે કરવું. અને અઠવાડિયામાં તો એક વાર બધું શીખેલું ફેરવી જવું.''

## પરમકૃપાળુદેવનો આત્મા અનંત સુખમય

એક વખત આશ્રમમાં રાજમંદિરમાં બેઠા હતા ત્યારે મેં પૂછેલું : ''શુદ્ધભાવ કેમ પ્રાપ્ત થાય?'' પૂજ્યશ્રી કહે : (કૃપાળુદેવ તરફ આંગળી કરી) **''અહીં અનંત સુખ છે. એમ શ્રદ્ધા રાખવી.''**



એક વાર મને પ્રશ્ન કર્યો : 'પ્રભુ એટલે શું?' મેં તથા બીજાઓએ કંઈક કંઈક ઉત્તર આપેલો તે હાલ યાદ નથી. પછી પોતે બોલ્યા : **''હે પ્રભુ બોલતાં પરમકૃપાળુદેવ તરફ લક્ષ જવો જોઈએ.''**

એકવાર પોતાની રૂમ-માંથી બહાર આવતાં આવતાં કહ્યું : **''બહુ પુણ્ય કેરા''** વિચારજો.

## સ્વચ્છંદ રોકવાથી અવશ્ય મોક્ષ થાય

એક વાર ઘણા ભાઈ બહેનો ઉપર રૂમમાં બેઠેલા હતાં ત્યારે પૂછ્યું : ''મોક્ષ અવશ્ય કેમ થાય? શું કરે તો જીવનો મોક્ષ અવશ્ય થાય?'' કોઈને કંઈ જવાબ સૂઝ્યો નહીં. પછી પોતે વદ્યા : **''રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ.''** ઘણાને મનમાં થયું કે આ તો રોજ બોલીએ છીએ છતાં લક્ષમાં નથી.

આશ્રમમાં —

## જેને વ્રત આવ્યું તેણે હવે પ્રમાદ ન કરવો



''એક આત્માનું જ કલ્યાણ કરવું હોય તો ભણીને ક્યાં જવું છે? ભણવું હોય તો સંસ્કૃત શીખવા જેવું છે. જૈનના બધા શાસ્ત્રો સંસ્કૃતમાં છે.''

એક વાર 'જંબુસ્વામી ચરિત્ર' વાંચીને પાછું આપવા ગયો ત્યારે પૂજ્યશ્રી કહે : **''જેને વ્રત આવ્યું તેણે હવે પ્રમાદ કરવા જેવું નથી. થોડો પુરુષાર્થ કરે તો કામ થઈ જાય.''**

## વીસ દોહરાના અર્થ કૃપા કરી સમજાવ્યા

એક વાર ચૌદસની રાત્રિએ ભક્તિ કરતાં કરતાં પૂછ્યું : ''તને વીસ દોહરાના અર્થ આવડે છે?'' ''થોડા થોડા આવડે છે''એમ મેં કહ્યું; ત્યારે પહેલી ગાથાથી પૂરા વીસ દોહરાના અર્થ પૂજ્યશ્રીએ કૃપા કરી સમજાવ્યા હતા. પછી બીજા દિવસે લખી લાવવાનું કહેલું તે લખીને ગયેલો તે પોતે જોઈ ગયા હતા.

## ભાગ્યશાળી હોય તેને આશ્રમમાં રહેવું ગમે

''સંસારના ભાવો છોડી અહીં રહેવું મુશ્કેલ છે. ભાગ્ય-શાળી હોય તેને અહીં ગમે છે. અહીં ઘણા આવે છે. પણ કોઈકને જ ગમે છે. પેલું બંધનું કારણ છે અને ભક્તિ મોક્ષનું કારણ છે. મોજશોખથી ઉદાસ થાય ત્યારે એ ગમે. **પ્રીતિ અનંતી પર થકી જે તોડે, તે જોડે એહ કે પરમ પુરુષથી રાગતા.''**

## પૂછીને મુખપાઠ કરીએ

એક વાર અમે સેવામાં હતા ત્યારે પૂ.શ્રીએ પૂ.ગોપાળ-ભાઈને પૂછ્યું કે ''શું કરો છો હમણાં?''

ગોપાળભાઈ કહે : ''પ્રભુ, મુખપાઠ કરું છું.''

''શું મુખપાઠ કરો છો?'' એમ પૂજ્યશ્રીએ પૂછ્યું.

''જે સારા લાગે તે પત્રો મુખપાઠ કરું છું'' એમ ગોપાળ-ભાઈએ કહ્યું.

પૂજ્યશ્રી કહે : ''દવાખાનામાં કેટલીક દવાઓ પડી હોય તેમાંથી સારી લાગે તે લેવાય? પૂછીને મુખપાઠ કરીએ. જીવને શું હિતકારી છે તે જીવ જાણતો નથી.''

## બોધમાં આવેલ વચનામૃતો

આત્મા માટે આશ્રમમાં રહેવું છે.

મોક્ષ સિવાય બીજી આડાઅવળી ઇચ્છા રાખવી નહીં.

એને (પરમકૃપાળુદેવને) શરણે બધાનું કલ્યાણ થશે.

કૃપાળુદેવ પર ભક્તિભાવ વધારવો.

મરણને સંભારવું, નિરંતર સંભારવું, તો વૈરાગ્ય રહે.


આશ્રમમાં રહીને શમ, સંવેગાદિ ગુણો વધારવાના છે. હું કંઈ જ જાણતો નથી એમ કરવાનું છે.

ક્ષાયિક સમ્યક્દર્શન થાય ત્યાં સુધી હું કંઈક સમજું છું એમ રહ્યા કરે.

# શ્રી છીતુભાઈ ડાહ્યાભાઈ પટેલ

ભુવાસણ

## પૂજ્યશ્રી બ્રહ્મચારીજીના હાથે પ.પૂ.પ્રભુશ્રીજીના ચિત્રપટની સ્થાપના



પૂજ્યશ્રી બ્રહ્મચારીજી ગોવર્ધનદાસજી કે જેમને પ.પૂ. પ્રભુશ્રીજીએ પરમકૃપાળુદેવે દર્શાવેલ આત્મકલ્યાણકારી આજ્ઞા જિજ્ઞાસુ ભાઈ-બહેનોને આપવાની સોંપણી કરી હતી, તે મહાપુરુષ સંબંધી મને જે જાણવા-જોવા મળ્યું છે તેમજ અનુભવમાં આવ્યું છે તે યથામતિ મુજબ જણાવું છું.


સંવત્ ૨૦૦૯ના આસો વદ બીજના દિવસે રાજમંદિરમાં પ.પૂ.પ્રભુશ્રીજીના તૈલ ચિત્રપટની સ્થાપનાનો ચઢાવો ૬૦૦ મણમાં અમારા ભાઈ ગોપાળભાઈએ લીધેલો. ગોખમાં પધરામણી વખતે શ્રી રાવજીભાઈ દેસાઈ બોલ્યા : ગોપાળભાઈ ઊઠો. ત્યારે ગોપાળભાઈએ પૂજ્યશ્રીને કહ્યું : ''પ્રભુ, હું તો ઘીનો ચઢાવો બોલ્યો છું. ચિત્રપટ તો આપના હાથે જ પધરાવવાનો છે.'' ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું : ''ચિત્રપટનો એક છેડો તમે ઝાલો.'' આમ પૂજ્યશ્રી બ્રહ્મચારીજીના હાથે આ ચિત્રપટની સ્થાપના થયેલ છે.



શ્રી ગોપાળભાઈ

## એક હાર છીતુભાઈને આપો

સ્થાપના વખતે હું ત્યાં હતો. મને મનમાં વિકલ્પ થયો કે પ્રભુશ્રીજીના ચિત્રપટ ઉપર ગોપાળભાઈ હાર ચઢાવે, તે જ વખતે પરમકૃપાળુદેવના ચિત્રપટ ઉપર હું ફૂલનો હાર ચઢાવું તો કેવું સુંદર થાય! એટલામાં પૂજ્યશ્રી બ્રહ્મચારીજીએ શ્રી રાવજીભાઈ દેસાઈને કહ્યું : **''ફૂલના કરંડિયામાંથી એક હાર છીતુભાઈને આપો.''** તે લઈ મેં પરમકૃપાળુદેવના ચિત્રપટને તે જ સમયે સાથે હાર ચઢાવ્યો હતો.



## જેવા ભાવ તેવા પ્રભુ ફળે

સંવત્ ૨૦૦૯ના આસો મહિનામાં શ્રી દેવશીભાઈ, પૂજ્યશ્રી બ્રહ્મચારીજીના પગ દબાવતા હતા. તે દરમ્યાન મારું ત્યાં જવું થયું. ત્યારે મને પણ મનમાં એ જ રીતે સેવા કરવાનો ભાવ થયો એટલે પૂજ્યશ્રી બ્રહ્મચારીજી બોલ્યા : **''દેવશીભાઈ, છીતુભાઈને પણ કરવા દો.''** પછી હું પગ દબાવવા લાગ્યો. મંત્ર **''પરમગુરુ નિર્ગ્રંથ સર્વજ્ઞ દેવ''** સતત બોલાતો હતો. સાથે પૂજ્યશ્રી બ્રહ્મચારીજી પણ મંત્ર બોલતા હતા.



શ્રી છીતુભાઈ

## વિનયના બદલામાં સ્મરણમંત્ર

સંવત્ ૧૯૮૯માં ભુવાસણમાં બે કલાક માટે પૂ.પ્રભુશ્રીજી પધારેલા. તે વખતે હીરાભાઈ ફકીરભાઈના પત્નીએ **પ.પૂ. પ્રભુશ્રીજીનો વિનય કરેલો, છીંકણીની ડાબલી આગળ ધરેલી.** ત્યારે પૂ.મોહનભાઈ બ્રહ્મચારીએ કહ્યું : ''માજી, મહારાજશ્રી સ્ત્રીને અડતા નથી, ડાબલી પાછી લઈ લો.

પછી સંવત્ ૨૦૦૯માં પૂ.શ્રી બ્રહ્મચારીજી ભુવાસણ પધારેલા ત્યારે બહાર લોટે જતાં, કોઈએ ઘર બતાવ્યા વગર જ સીધા હીરાભાઈના ઘરે ગયા, અને હીરાભાઈના પત્નીને કે જેમણે પ્રભુશ્રીજીનો વિનય કરેલ તેમને કહ્યું, **''માજી, અમે બતાવીએ તે મંત્રની માળા ગણશો?''** તેમણે કહ્યું, ''જી પ્રભુ!'' પછી તેમને સ્મરણમંત્ર આપ્યો હતો. છેક મરણ પર્યંત મંત્રનું રટણ અને પરમકૃપાળુદેવનું જ શરણ તેમણે રાખ્યું હતું.

## 'તમારા ઘરમાં મારકણો બળદ છે?'

ઈસ્વીસન્ ૧૯૩૬-૩૭માં હું તથા ઘરના બીજા માણસો આશ્રમમાં હતા, અને ગામડેથી તાર આવ્યો કે અમારા બાપુજીની તબિયત સારી નથી. તાર લઈને અમે પૂ.શ્રી બ્રહ્મચારીજી પાસે ગયા. તાર જોઈને તેઓશ્રીએ કહ્યું : **''તમારા ઘરમાં મારકણો બળદ છે?''** મેં કહ્યું : 'જી પ્રભુ.'' તેઓશ્રી કહે : **''વગાડ્યું છે?''** મેં કહ્યું : ''ટપાલ નથી.''

પછી ભુવાસણ જતી વખતે મારા બાને તેઓશ્રીએ કહ્યું : **''ગાડીમાં સ્મરણ કરજો.''** પછી અમે ભુવાસણ પહોંચ્યા. તપાસ કરી તો બાપુજીને બળદે શીંગડું મારેલું, તેના મારથી બીમાર પડેલા. પછી સારું થઈ ગયું અને લગભગ સાત વર્ષ સુધી જીવેલા.

## પરમકૃપાળુદેવ આપણા ગુરુ, તેમની ભક્તિ કરવી

ગામ અંભેટીના મુમુક્ષુ માધવભાઈ કાળાભાઈ ભક્ત કોઈ મહાત્માના કહેવાથી ૐનો જાપ કરતા હતા. ગામમાં મુમુક્ષુઓ પરમકૃપાળુદેવની ભક્તિ કરતા તે સાંભળી તેમને રસ જાગ્યો. અને પર્યુષણમાં તેમનું આશ્રમમાં આવવું થયું. ત્રણ દિવસ પછી મંત્ર લેવાના ભાવ થતાં તેઓ પૂ.શ્રી બ્રહ્મચારીજી પાસે ગયા. મંત્રની માગણી કરતા પૂ.શ્રી બ્રહ્મચારીજી બોલ્યા : **''તમે ૐનો જાપ રાત્રે સૂતાં સૂતાં આંગળીના વેઢા પર ગણો છો?''** તેમણે કહ્યું ''જી પ્રભુ, આ પ્રમાણે કરું છું.'' પછી રાજમંદિરમાં લઈ જઈ મંત્ર આપ્યો. મંત્ર આપતાં પૂજ્યશ્રીએ કહ્યું : ''પ્રભુશ્રીજીના કહેવાથી હું આ મંત્ર આપું છું. પરમકૃપાળુદેવ એ આપણા ગુરુ. એની ભક્તિ તમારે કરવી, હું પણ એ જ કરું છું.'' ત્યારે માધવભાઈ બોલ્યા :''તમે કહો છો કે પરમકૃપાળુદેવ અમારા ગુરુ. પણ તે તો હાજર નથી. પણ તમે મને મંત્ર આપ્યો માટે તમે મારા ગુરુ.''



ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું : ''મંત્રસ્મરણ આપવાની આજ્ઞા પ્રભુશ્રીજીએ મને કરી છે, તેથી આપું છું. પણ ભક્તિ કૃપાળુદેવની કરવી.'' ત્યારે તેઓ બોલ્યા : ''તમારા કહેવાથી ભક્તિ કૃપાળુદેવની જ કરીશ. પણ સ્મરણમંત્ર તમારા હાથે મને મળ્યો, માટે તમે પણ મારા ગુરુ. કારણ કે પરમકૃપાળુદેવે પ્રભુશ્રીજીને આજ્ઞા કરી અને પ્રભુશ્રીજીએ તમને આજ્ઞા કરી તો अ = ब અને ब = क તો क = अ થયું ને? પૂ.શ્રી બ્રહ્મચારીજી હસતાં હસતાં બોલ્યા : ''તમે તો ભૂમિતિનો દાખલો લાવ્યા.''

## નરસિંહ મહેતાની ઝૂંપડી છે

પૂજ્યશ્રી બ્રહ્મચારીજીની પથરાડિયા ગામે સ્થિરતા હતી. ત્યારે એક વખત લોટો લઈ જંગલમાં ગયા ત્યારે હું અને ગોપાળભાઈ પણ સાથે હતા. પૂજ્યશ્રીએ કહ્યું : ''છોટુભાઈનું ગામ કેટલું દૂર છે?'' ત્યારે અમે કહ્યું : ''નજીક જ છે.'' એટલે ચાલતા ચાલતા સીધા નીઝર ગામે છોટુભાઈના ઘરે પહોંચ્યા. છોટુભાઈએ અને તેમના પત્ની જમનાબહેને રાત્રે ભાવના કરેલી કે પૂજ્યશ્રી બ્રહ્મચારીજી આટલે નજીક આવ્યા છે, તો આપણે સંઘને ચા-પાણી કરાવીએ તો કેવું! આખા સંઘને જમાડવાની તો શક્તિ નથી. સવારે જમનાબહેને છોટુભાઈને કહ્યું : મારી પાસે રૂા. ૨૦૦ છે, તો આપણે સંઘને ચા-પાણી કરાવીએ તો? પછી છોટુભાઈના ઘરે પૂજ્યશ્રી થોડીવાર બિરાજ્યા હતા અને બોધ કર્યો હતો. ઘરથી બહાર નીકળી રોડ ઉપર ચાલતા બોલ્યા હતા કે ''નરસિંહ મહેતાની ઝૂંપડી છે.''

## આ મંત્ર તો સંસારનું ઝેર ઉતારવા માટે છે

ગામ આસ્તામાં મકનભાઈ ભવનભાઈ પટેલે તેમજ તેમના પત્નીએ પૂજ્યશ્રી બ્રહ્મચારીજી પાસે સ્મરણમંત્ર લીધેલો. સવાર-સાંજ તેઓ નિયમિત ભક્તિ કરતા. બેઉ બહુ સરળ અને ભદ્રિક હતા. ઘણા ભક્તિરાગી હતા. ગામમાં ખેડૂતો ડાંગર રોપવા જાય ત્યારે તેમને અવારનવાર સાપ કરડતા. તે વખતે મકનભાઈ નાહી-ધોઈને જ્યાં સાપ કરડ્યો હોય તે જગ્યા ઉપર કપડાનો ટુકડો ફેરવતા જાય અને મંત્ર **'સહજાત્મસ્વરૂપ પરમગુરુ'** બોલતા જાય. જેથી સાપનું ઝેર ઊતરી જતું. તેઓ ફરીથી આશ્રમમાં આવ્યા ત્યારે મેં પૂજ્યશ્રી બ્રહ્મચારીજીને કહ્યું કે, ''પ્રભુ! આ મકનભાઈ ઘણાને સાપનું ઝેર ઉતારવા માટે મંત્રનો ઉપયોગ કરે છે. તેથી ઝેર ઊતરી જાય છે. ત્યારે પૂજ્યશ્રી બોલ્યા : ''આ મંત્ર તો જન્મમરણના ફેરા ટાળવા માટે છે. સંસારનું ઝેર જીવને ચઢેલું છે તે ઉતારવા માટે છે. લૌકિકમાં તેનો ઉપયોગ ન કરવો. પોતાના આત્માર્થે જ ઉપયોગ કરવો.''



# શ્રી નેમિચંદજી ફૂલચંદજી બંદા

આહોર

## આત્મકલ્યાણ માટે સતત પુરુષાર્થ કરવો



એક પ્રસંગે પૂજ્યશ્રી બ્રહ્મચારીજીએ મારી ઉપર અમીયભરી દૃષ્ટિ નાખી કહ્યું—''જે કરવું છે, તે પોતાના આત્માર્થે કરવું છે. કોઈને બતાવવા માટે નથી કરવું એ લક્ષ રાખવો. જીવન પલટાવી નાખવાનું છે.'' પછી ચપટી વગાડતાં બોલ્યા-''કરવા દે પુરુષાર્થ.'' એ પ્રસંગ આજે પણ નજર આગળ તરે છે.

મને સંકલ્પ-વિકલ્પ ઘણા આવતા. તે બાબત મેં પૂજ્યશ્રીને કહ્યું કે ''મને સંકલ્પ-વિકલ્પ બહુ આવે છે તો શું કરું?'' પૂજ્યશ્રી કહે —''ચકલી માથા ઉપર થઈને જાય તો જવા દેવી, પણ માળો કરવા દેવો નહીં. તેમ સંકલ્પ-વિકલ્પો આવે ત્યારે જવા દેવા. પણ એમાં તણાઈ જવું નહીં; નહીં તો કર્મ બંધાય.'' વગેરે ઘણો બોધ કર્યો હતો. મને અહીં બહુ જ મૂંઝવણ રહેતી અને અનેક વિકલ્પો આવ્યા કરતા. તે બાબત મેં, પૂજ્યશ્રી પૂ.પ્રભુશ્રીની પાટ પાસે ઉપર એકલા બેઠા હતા ત્યારે નિવેદન કરી. પૂજ્યશ્રીએ પાસે પડેલા પુસ્તકોમાંથી મને 'મોક્ષમાળા' લાવવા કહ્યું. અને તેમાંથી 'શિક્ષાપાઠ ૧૯' 'સંસારને ચાર ઉપમા' વાંચવાનું જણાવ્યું. તે પાઠ વાંચતા મારી આંખમાંથી આંસુ વહેવા લાગ્યા અને મારી મૂંઝવણ મટી ગઈ.

## સ્વપ્નમાં ભગવાનના દર્શન

મને સ્વપ્નમાં પરમકૃપાળુદેવ પ.પૂ.પ્રભુશ્રીજી અને પૂ.બ્રહ્મચારીજીનાં દર્શન થતાં. કૃપાળુદેવનો ફેંટો બાંધેલો છે તે મુદ્રામાં દર્શન થયેલા. તે બાબત મેં પૂજ્યશ્રીને નિવેદન કરી ત્યારે તેઓશ્રીએ કહ્યું—''સ્વપ્નમાં ભગવાનનાં દર્શન થાય તે સારું છે.''

## મંત્રે મંત્ર્યો...ગાથા રોજ બોલતા રહેવું

પૂજ્યશ્રી આશ્રમથી વિહાર કરી સીમરડા ગયા હતા ત્યારે હું ગુડિવાડા જતાં સીમરડા દર્શન કરવા ગયો. ત્યાંથી રવાના થતાં, ''મંત્રે મંત્ર્યો સ્મરણ કરતાં.. આવડે છે?'' એમ મને પૂછ્યું. મેં હા કહી. પછી મને એ ગાથા રોજ બોલતા રહેવાની આજ્ઞા કરી હતી.

## 'અપૂર્વ અવસર' ને ધ્યાનમાં શ્રવણ કરવાની આજ્ઞા

પૂજ્યશ્રી ઘણા મુમુક્ષુઓ સાથે ઈડર ગયા હતા ત્યારે હું પણ સાથે ગયો હતો. ઈડરથી પાછા ફરતા બધા નરોડા આવ્યા હતા, અને પરમ કૃપાળુદેવે જે સ્થળે મુનિઓને બોધ આપેલો તે સ્થળે સ્મારકરૂપે ઓટલો બંધાવેલો તે ઓટલા પર બધા દર્શન કરીને બેઠા હતા. પછી પૂજ્યશ્રીએ બધાને આંખો મીંચીને ધ્યાનમાં બેસવાનું કહ્યું અને શ્રી વસ્તીમલજીને **'અપૂર્વ અવસર'** બોલવાનું કહ્યું હતું. તે પ્રમાણે બધાએ ધ્યાનમાં બેસીને **'અપૂર્વ અવસર'**નું પદ શાંતચિત્તે સાંભળ્યું હતું.

## ફરીથી આપેલ મંત્ર

મેં પ.પૂ.પ્રભુશ્રીજીની હાજરીમાં નાની ઉંમરમાં મંત્ર લીધેલો. પછી પૂ.બ્રહ્મચારીજી અમદાવાદ પધારેલા ત્યારે હું પણ ત્યાં ગયો હતો. ત્યારે મેં પૂજ્યશ્રીને કહ્યું કે મેં મંત્ર લીધેલો છે, પણ બરાબર ધ્યાનમાં નથી એટલે પૂજ્યશ્રીએ તત્ત્વજ્ઞાન આપી તેમાં બધું લખીને ફરીથી મંત્ર આપ્યો હતો.

## સ્મરણ-મંત્રનો ઉચ્ચાર શુદ્ધ કરવો

એક વાર ગુડિવાડા જવાનો હતો ત્યારે પૂજ્યશ્રીએ કહેલું—''ગાડીમાં સ્મરણ કરતા રહેવું. મોઢે કરેલું ફેરવવું. કંઈ ને કંઈ સત્શાસ્ત્ર વાંચતા રહેવું.''

ઈડર પહાડ પર ચઢતાં એક ભાઈને માળા બોલાવવાનું કહ્યું. બીજા મુમુક્ષુઓ પાછળ બોલતા હતા. તે ભાઈ 'આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાના રે' એમ બોલાવતા હતા. તે અટકાવીને પૂજ્યશ્રીએ કહ્યું-'જીવ લહે કેવળજ્ઞાન રે' એમ બોલવું, 'જ્ઞાના રે' નહીં.

## ચિત્રપટોમાં રંગ પૂરવાની આજ્ઞા

એક વાર પૂજ્યશ્રીએ મને પ.પૂ.પ્રભુશ્રીજીના છાપેલા ગોખવાળા ફોટાઓમાં રંગ પૂરવાનું કહ્યું. તે પ્રમાણે મેં ઘણા ફોટાઓમાં 'વૉટર કલર' પીંછી વડે ભર્યા હતા. તે ફોટા પૂજ્યશ્રી મુમુક્ષુઓને આપતા.

## 'આપ્તપુરુષ ગુરુરાજ'નું કાવ્ય રોજ બોલવાની આજ્ઞા

પૂજ્યશ્રીના દેહત્યાગના ૪-૫ દિવસ પહેલા જ હું આહોર ગયો હતો. મારા ગયા બાદ ભાઈ સુમેરને પૂજ્યશ્રીએ કહ્યું હતું કે એને (નેમિચંદને) પત્ર લખીને **'આપ્ત પુરુષ ગુરુરાજ મુજ, દીનાનાથ દયાળ'** રોજ બોલવા જણાવજે. ભાઈ સુમેરનો પત્ર મને મળ્યો તેના ૧-૨ દિવસ પછી પૂજ્યશ્રીના દેહત્યાગનો તાર મળ્યો હતો.



શ્રી નેમિચંદજી

# શ્રી મણિભાઈ ફુલાભાઈ પટેલ

સુણાવ

## અનાજનો વ્યાપાર પાપનો છે

પૂજ્ય શ્રી બ્રહ્મચારીજી ઘણું કરીને સંવત્ ૧૯૯૫ના ઉનાળામાં ખેડબ્રહ્મા પધારેલા ત્યારે સ્ટશને સોજિત્રાવાળા રાવજીભાઈને ત્યાં બપોરે જમી અંબાજી માતાજીની ધર્મશાળામાં આરામ કરવા સંઘ સાથે પધારેલા. ત્યાં મારી દુકાન અનાજ કરિયાણાની હતી. તે વખતે મારા ગામ સુણાવના પૂ.બેચરકાકા મારી દુકાન ખોળતા ખોળતા આવેલા. આશ્રમથી સંઘ આવેલો જાણી આનંદ થયો. પૂજ્યશ્રી બ્રહ્મચારીજીની આ મુલાકાત મારા માટે સૌ પ્રથમ હતી. પણ તેઓશ્રીનું નિરભિમાનપણું તથા ત્યાગ જોઈ મને લાગ્યું કે આ કોઈ અસાધારણ વ્યક્તિ છે. તેઓશ્રીએ મને પૂછ્યું : ''શાનો વેપાર કરે છે?'' મેં જણાવ્યું ''અનાજ કરિયાણાનો, તૈયાર સીધું સામાનનો.'' ત્યારે તેઓશ્રીએ મને જણાવ્યું કે ''અનાજનો વેપાર પાપનો છે.'' સંજોગવશાત્ તે વેપારને ૧૦-૧૨ વર્ષ મારે ચલાવવો પડ્યો પરંતુ તેઓશ્રીની શિખામણથી તે વેપારનો મારા અંતઃકરણમાં ખેદ રહેતો હતો.

## જંગલમાં વાઘ છતાં દૂર જઈ રાત્રે ધ્યાન

ત્યાર બાદ એક વખત તેઓશ્રી ઈડર પધારેલા ત્યારે મને અગાઉથી પત્ર લખી ઈડર આવવા જણાવેલું. હું ત્યાં ગયો હતો. ત્યાં ખૂબ ભક્તિ થતી. ૨-૩ દિવસ ઘંટિયા પહાડ ઉપર રહ્યા હતા. ત્યાં જંગલમાં એક વાઘ રહેતો હતો તેથી બધાને સૂચના આપી હતી કે સંડાસ-પાણી માટે બહુ દૂર જશો નહીં. પરંતુ તેઓશ્રી તો રાત્રે ઘણે દૂર જઈ ધ્યાન કરતા હતા. આવી તેઓશ્રીની અડગ નિર્ભયતા જોઈ મારી શ્રદ્ધા વધુ બળવાન થઈ હતી.

## આપણું કલ્યાણ, આવા નિસ્પૃહ પુરુષ જ કરી શકે

સંવત્ ૨૦૦૩ના ફાગણ માસમાં હું સૌ પ્રથમ આશ્રમ આવેલો અને વૈષ્ણવ સંપ્રદાયની રીત મુજબ રૂા.૧૦૦/- ગુરુદક્ષિણા માટે મેં તેમના ચરણમાં મૂક્યા. તેઓએ આગ્રહ કરી પૈસા ખીસામાં પાછા મૂકાવ્યા અને પૂછ્યું કે ''તું તારી દુકાને દરરોજ કેટલા કમાય છે?'' મેં જવાબ આપ્યો કે ''૧૦-૧૨ રૂપિયા કમાવાય.'' ત્યારે તેઓશ્રીએ કહ્યું : **''તું એમ સમજ કે મારી દુકાન ૧૦ દિવસ ચાલુ જ છે. એ રૂપિયા પાછા લઈ જા અને ૧૦ દિવસ અત્રે આશ્રમમાં રહી ભક્તિ સત્સંગ કર.''** આવી નિઃસ્પૃહતાવાળો પુરુષ જોઈને મને ખૂબ ખૂબ ઊંડી શ્રદ્ધા થઈ કે અત્યાર સુધી બધા જ લૂંટારા મહારાજ મળ્યા. પરંતુ આપણું સાચું હિત તો આવા સાચા નિઃસ્પૃહ પુરુષ જ કરી શકે.



## ધર્મ આ પુરુષ કહે છે, તે જ છે

સંવત્ ૨૦૦૪માં પૂજ્યશ્રી સુણાવમાં ૧ માસ અને ૨ દિવસ રહેલા ત્યારે સંઘની સેવા, ભક્તિ અને સત્સંગ ખૂબ ખૂબ તૃપ્તિ થાય તેવાં મળ્યાં અને ધર્મ આ પુરુષ કહે છે તે જ છે, પરમ કૃપાળુદેવને આરાધવાથી જ મોક્ષ છે એમ દૃઢ થયું. જુવાનીમાં પણ ધર્મ કરવા યોગ્ય છે એમ જણાયું. માગસર માસની પૂનમે જમણવાર કરી મારે ત્યાં ચિત્રપટની સ્થાપના કરાવી અને તે વખતે મારા ઘરના બધાએ મંત્ર લીધો.

## પુણ્ય પ્રમાણે ગમે ત્યાંથી મળી રહે

એક વખત સત્સંગમાં પ્રશ્ન પૂછ્યો "સઘળું પુણ્ય પ્રમાણે થયે જાય છે; તો એક માણસ છે, શરીરે કમજોર છે અને માત્ર એક જ વીઘું જમીનની ખેતી કરી શકે છે, બીજો કોઈ વ્યવસાય નથી અને પુણ્યમાં લાખ રૂપિયા મળવાના હોય તો કઈ રીતે મળે?" ત્યારે તેઓશ્રીએ કહ્યું : **"પુણ્ય ક્યાંયે જતું નથી. જમીનમાંથી ખેડતાં ચરુ મળે."**

## જ્ઞાની કહે તે સત્ય માનવું

હું સને ૧૯૪૬માં અમૃતસર (પંજાબ) વ્યાપાર કરવા નીકળ્યો. તે વખતે, પૂજ્યશ્રીના દર્શન કરી જવું તેવા વિચારથી આશ્રમ આવ્યો. તેઓશ્રીને વાત કરી તો કહ્યું : **"પૈસા માટે તેવા અનાર્ય જેવા દેશમાં શા માટે જાય છે?"** તો પણ હું જુવાનીના જોરમાં ગયો. સને ૧૯૪૬-૪૭માં વ્યાપાર કર્યો અને જે કંઈ મળ્યું હતું તે હુલ્લડ થવાથી ત્યાંજ મૂકીને ખાલી હાથે પાછો આવ્યો.

## ગાંડા કામ કાઢી જશે, ડાહ્યા રહી જશે

અમારા ગામમાં એક જેસંગ નામનો મુમુક્ષુનો છોકરો જરા ગાંડા જેવો ભોળો હતો. તેણે પોતાને મંત્ર આપવા ખૂબ આગ્રહ કર્યો ત્યારે પૂજ્યશ્રી તેને મંત્રદીક્ષા આપવા ઊભા થયા. તે વખતે એક ભાઈએ કહ્યું : "જો જો, તે તો ગાંડો છે." ત્યારે પૂજ્યશ્રી બ્રહ્મચારીજી બોલ્યા : **"તેવા ગાંડા જ કામ કાઢી જશે અને ડાહ્યા રહી જશે."** અને ખરેખર એમ જ બન્યું કે જ્યારે જેસંગ ખેતરમાં ચાર લેવા જાય કે કંઈ કામ કરતો હોય ત્યારે પણ તેના મોઢે મંત્ર તો હોય જ. અંતે તેના મરણ વખતે પણ જ્યાં સુધી શુદ્ધિ હતી ત્યાં સુધી મંત્રનું સ્મરણ ચાલુ હતું અને મંત્ર સ્મરણ કરતા કરતા જ તેણે દેહત્યાગ કર્યો, એમ તેના માતુશ્રી કહેતા હતા.

## અનાર્ય જેવા ક્ષેત્રમાં શા માટે જાય છે?

બીજી વખત ઈ.સન્.૧૯૫૦માં બિહાર જવા નીકળ્યો. ત્યારે પણ તેઓશ્રીએ તે જ શિખામણ આપેલી : **"અનાર્ય જેવા ક્ષેત્રમાં શા માટે જાય છે? જોઈશે ત્યારે પૈસા મળશે."** તો પણ હું ત્રણ વર્ષ બિહારમાં રહ્યો. પરંતુ છેવટે મૂડીમાંથી પણ બે-ત્રણ હજાર ઓછા કરીને જ આવ્યો.

## પૂજ્યશ્રીએ કહ્યું તેમજ બન્યું

એક વખત આણંદમાં મારા મિત્રની દુકાનનું ઉદ્‌ઘાટન બેસતા વર્ષે હતું. મારો મિત્ર દર્શન કરવા મને આશ્રમમાં મૂકી ગયો અને કહ્યું : "સાંજના પાંચ વાગ્યાની ગાડીમાં તું આણંદ આવી રહેજે. છ વાગ્યાનું મુહૂર્ત છે." સાંજના પૂજ્યશ્રીના દર્શન કરવા ગયો, વિગત જણાવી ત્યારે તેઓશ્રીએ મને કહ્યું : **"આજે રાત્રે સમાધિમરણની માળા ગણાશે, તો તું અહીં જ રહે."** મેં કહ્યું : "જો હું આણંદ નહીં જાઉં તો મારા મિત્રનું દિલ દુભાશે." તેઓશ્રી બોલ્યા : **"સમયસર ગાડી જ આણંદ ના પહોંચે તો કઈ રીતે તારા મિત્રને રાજી કરીશ?"** મેં કહ્યું : "તેવું શી રીતે બને?" હું આણંદ જવા નીકળ્યો. આણંદ આવવાનું થયું અને કોઈ કારણસર અર્ધો કલાક ગાડી સ્ટેશન બહાર જ ઊભી રહી. પછી આણંદ સ્ટેશનેથી હું ઉદ્‌ઘાટનની જગ્યાએ પહોંચ્યો, પરંતુ મોડું થઈ જવાથી મારું મિત્રમંડળ ઉદ્‌ઘાટનની વિધિ કરી નાસ્તો પાણી પતાવી વેરાઈ ગયેલું. તે જોઈ મને અત્યંત ખેદ થયો કે પૂજ્યશ્રીએ કહ્યું હતું તેમજ બન્યું. મેં ભક્તિ પણ ખોઈ અને મિત્રને રાજી પણ કરી શક્યો નહીં.



## કોનું ગામ અને કોનું ઘર

પૂજ્યશ્રી સુણાવથી પાછા આશ્રમમાં પગે ચાલીને આવતાં વચ્ચે બાંધણી ગામ આવ્યું ત્યારે હું ખાસ તેઓશ્રીની પાછળ નજીક ચાલતો હતો. ચાલતાં જમણે હાથે તેઓશ્રીનું મકાન જે ગલીમાં હતું તે જગ્યા આવી. ત્યારે તેઓશ્રીએ તે બાજુ નજર સુદ્ધાં પણ કરી નહીં અને જાણે ગામ જ તેમનું ન હોય કે તેઓનું ઘર જ ના હોય તેમ સામે ભૂમિ ઉપર નજર કરીને સાવ અજાણ્યા હોય તેમ વૈરાગ્યમય દશાથી ચાલતા હતા.

## 'કર્મ પ્રમાણે બધું વહેંચાયેલું જ છે'

એક વખત આશ્રમમાં તેમની રૂમમાં હું તેઓશ્રીની સામે ૨-૩ મુમુક્ષુઓ સાથે બેઠો હતો. ત્યારે તેમના દીકરા જશભાઈના વહુ પરદેશથી આવેલાં. તેઓ કહેવા લાગ્યા કે બાપુજી, એક વખત ઘેર ચાલો અને અમને જમીન વગેરે ન્યાયથી વહેંચી આપો. ત્યારે તેઓશ્રી કપાળે હાથ મૂકી બોલ્યા : **''બધું વહેંચાયેલું જ છે. દરેકના પુણ્ય પ્રમાણે થાય છે''** એમ જવાબ આપી, જાણે જશભાઈના વહુ સાથે તેઓશ્રીને કંઈ ઓળખાણ જ ન હોય તેમ મોં ફેરવી લીધું અને મુમુક્ષુઓની સાથે સત્સંગ-બોધની વાતો કરવા લાગ્યા.

## દેહ દેહનું કામ કરે, આપણે આપણું કામ કરવું

સંવત્ ૨૦૦૭માં ખેડબ્રહ્મા દુકાને જતી વખતે તેઓશ્રીના દર્શન કરીને જવાના વિચારથી હું આશ્રમ આવ્યો. સવારમાં દરવાજા પાસે ગયો ત્યારે ચુનીલાલ રખાએ વાત કરી કે પૂજ્યશ્રી બ્રહ્મચારીજી તો આજે વહેલી સવારે સીમરડા ગયા છે. આ સાંભળી ચુનીલાલને રસ્તો પૂછી દરવાજેથી જ હું સીમરડા ચાલતો ગયો. ત્યાં ભગતજીને મેડે તેઓશ્રી પાસે ગયો. તેઓશ્રીને પગે રેલવેનો પાટો વાગવાથી અંગૂઠો એકદમ કાળો પડી ગયેલો અને લીંબુ જેટલો ફૂલી ગયેલો. તરત જ સીમરડાથી પેટલાદ મારા ઓળખીતા વૈદ્ય પાસે જઈ દવા લાવ્યો અને તે કૂટી ગરમ કરી પગે લેપ કર્યો. પછી સેવા કરતાં જણાયું કે સાથળના આગલા ભાગે પણ લોહી જામી જવાથી કાળા પટ્ટા પડેલા છે. ત્યાં ઊના પાણીનો શેક કર્યો. પછી સાંજે વંદન કરવાનો સમય થયો એટલે તેઓશ્રી ઊઠ્યા. મેં કહ્યું : જરા આરામ કરો, ચાલવાથી લેપ ઊખડી જશે. તેઓશ્રી બોલ્યા : **''દેહ દેહનું કામ કરે અને આપણે આપણું કામ કરવું.''** એમ કહી દાદરો ઊતરી પડ્યા, અને વંદન કરાવ્યું તેમજ વાંચન પણ કર્યું.

એક પ્રસંગે તેઓશ્રીએ મને જણાવેલું —**''મુમુક્ષુઓની સેવા ચાકરી કરવી તે પણ ધર્મની આરાધના જ છે.''**

## જ્યારે ત્યારે એક આત્માની જ વાત


ગુપ્તતત્ત્વની આરાધના ગુપ્ત રીતે કરીને પોતાનું તથા સર્વ મુમુક્ષુઓનું હિત કરી તેઓશ્રી ચાલ્યા ગયા. અહો! તેમનો ઉપકાર! અહો તેમની કરુણા! **જ્યારે ને ત્યારે એક આત્માની જ વાત તેમના મોઢેથી નીકળતી.**

## સ્ટેશને દુકાન કરવા જેવું નથી

મેં એક વખત સલાહ પૂછેલી કે જો અગાસ સ્ટેશને કંઈક દુકાન કરું તો દિવસે પેટ પૂરતું મળી રહે અને રાત્રે ભક્તિમાં અવાય. ત્યારે તેઓશ્રી બોલ્યા **''સ્ટેશને દુકાન કરવા જેવું નથી. ભાવના ભાવ, તો ભક્તિ અને પેટ બન્ને થશે.''**

## પૈસાનું માહાત્મ્ય તેવું ધર્મનું હોય તો મોઢે થાય

છ કે આઠ માસ પહેલાં કોઈને કંઈ મોઢે કરવાની આજ્ઞા આપી હોય તે જ્યારે ફરી દર્શન કરવા આવે ત્યારે તેને યાદ કરાવે કે અમુક મોઢે કર્યું? આપણે મન તો તેઓશ્રી એક જ હતા અને મુમુક્ષુઓ તો ઘણા હતા, છતાં બધાનાં પલાખાં લેતા. મને 'અપૂર્વ અવસર' મોઢે કરવા જણાવેલ તે ૨-૩ માસ પછી આવ્યો ત્યારે પૂછ્યું. મેં કહ્યું : ''મોઢે થતું નથી.''ત્યારે તેઓશ્રી બોલ્યા : **''તમન્ના હોય તો થાય. જેટલું જીવને પૈસાનું મહત્ત્વ લાગ્યું છે તેટલું ધર્મનું લાગ્યું નથી.''**



# શ્રી દયાળજીભાઈ લલ્લુભાઈ પટેલ

સુરત

## કૃપાળુદેવ, પ્રભુશ્રીજીની વાતો સાંભળી ઘણો આનંદ થતો

અમારો ધંધો જરી કસબનો હતો. તે માટે મારે વારંવાર ખંભાત જવાનું બનતું. ત્યારે જતાં-આવતાં હું અગાસ ઊતરતો અને દર્શન કરીને જતો.



પૂજ્યશ્રી બ્રહ્મચારીજીએ મને જણાવ્યું : ''ખંભાતમાં શ્રી ત્રિભોવનભાઈને ત્યાં જજે, તે જૂના મુમુક્ષુ છે; કૃપાળુદેવના વખતના છે, તેઓને સદ્ગુરુ વંદન જણાવજે. તે તને કૃપાળુદેવની વાત જણાવશે.''



ખંભાતમાં ત્રિભોવનભાઈને ત્યાં ગયો અને પૂ.શ્રી બ્રહ્મચારીજીએ સદ્ગુરુ વંદન જણાવ્યા છે, એમ કહી હું ત્યાં બેઠો. ત્યારે ત્રિભોવનભાઈએ જણાવ્યું :



''અમે કૃપાળુદેવ સાથે રાત્રે આઠ વાગે ગામની બહાર જતા, ત્યાં તળાવ હતું. તળાવ પાસે કેમ ચાલવું તે અમને જણાવતા કે પાણીના જીવો દિવસે તો સંતાઈ રહે, પણ રાત્રે બહાર આવે. પાણીની બહાર નીકળે ત્યારે આપણે ચાલીએ તે એને જણાઈ જાય કે કોઈ છે તો ભયના માર્યા પાછા પાણીમાં જતા રહે. તે કૃપાળુદેવે અમને શીખવ્યું હતું. ત્યારથી મને દયા પાળવી તે સમજાયું હતું. ત્યારપછી ભોગીલાલભાઈને ત્યાં જવા કહેલું અને સદ્ગુરુવંદન કહેવા કહ્યું હતું. ખંભાતમાં જૂના મુમુક્ષુઓ પ્રભુશ્રીજીના વખતના હતા. તેઓ પણ પ્રભુશ્રીજીની વાતો કરતા. તે સાંભળી ઘણો આનંદ થતો હતો.




## અન્યધર્મીને પણ દર્શન કરાવવા

પૂજ્યશ્રી બ્રહ્મચારીજીએ **'સદ્ગુરુ-પ્રસાદ'** ગ્રંથ મને આપ્યો, ત્યારે અઢી કલાક બેસાડીને આપ્યો હતો. પૂ.શ્રી બ્રહ્મચારીજી, પૂ.શ્રી પ્રભુશ્રીજીની રૂમમાં નાના સ્ટૂલ પર બેઠા હતા. મને કહ્યું : ''બેસીને તું મારી સામે જોયા કર.'' સવા કલાક સુધી હું સામે જોઈને બેસી રહ્યો. ત્યાં બહેનો પદ બોલતા હતા, તે બાજુ મારાથી જોવાઈ ગયું. એટલે પૂ.શ્રી બ્રહ્મચારીજી પાછા બોલ્યા : ''બરાબર સામું જોયા કર.'' પછી અઢી કલાક થયા ત્યારે **''સદ્ગુરુપ્રસાદ''** મને આપ્યો અને તેમાં પરમકૃપાળુ દેવના પાંચેય જુદી જુદી અવસ્થાના ચિત્રપટોના દર્શન કરાવ્યા. અને કહ્યું : **''અન્યધર્મી હોય તેને પણ દર્શન કરાવવા, એનું પણ સારું થાય.''**

## સવારે ચાર વાગે ઊઠી વાંચવાથી ઘણો લાભ

હું 'સમયસાર નાટક' નામનું પુસ્તક લઈને પૂજ્યશ્રી બ્રહ્મચારીજી પાસે આજ્ઞા લેવા ગયો. ત્યારે જણાવ્યું : ''બીજા પુસ્તકોની જેમ આ વાંચવાનું નથી. **સવારે ચાર વાગે ઊઠીને આ પુસ્તક વાંચજે.''** એટલે હું સવારે ચાર વાગે ઊઠીને વાંચતો અને તેથી મને ઘણો લાભ થયો.

## ચિત્રપટ સામે બેસી ભક્તિ કરવી



અમે અમારા ઘરમાં રાત્રે ગરમી લાગવાથી અગાસીમાં બેસીને ભક્તિ કરતા હતા. જ્યારે હું અગાસ ગયો ત્યારે મને પૂછ્યું : ''ક્યાં બેસીને ભક્તિ કરો છો?'' ત્યારે મેં જણાવ્યું : ''અગાસીમાં બેસીને કરીએ છીએ.'' ત્યારે તેઓશ્રીએ દૃષ્ટાંત આપી જણાવ્યું : ''દુકાન બંધ કરીને ઘરે બેસો તો ઘરાક આવે? દુકાન બંધ જોઈને ચાલ્યા જાય. માટે **જ્યાં ચિત્રપટ હોય ત્યાં બેસીને ભક્તિ કરવી.''** ત્યારથી અમે ચિત્રપટ સામે બેસીને ભક્તિ કરીએ છીએ.

## મને બીડીનું પચખાણ આપો

મને બીડીનું વ્યસન હતું. તેમણે દૃષ્ટાંત આપીને સમજાવ્યું ''એક ખેડૂત હતો, તેના ઘરમાં રૂ ભરેલું હતું. પારણામાં નાના છોકરાને સુવડાવી બીડી પીતા પીતા તે ખેતરે ગયો. બીડીનો તણખો રૂમાં પડવાથી આગ લાગી. બારણા પણ બંધ હતા. ખેડૂત જ્યારે ખેતરેથી ઘરે આવ્યો ત્યારે જોયું તો છોકરો અને ઘર બળીને રાખ થઈ ગયાં હતાં.'' એ દૃષ્ટાંત સાંભળીને મારી આંખમાં આંસુ આવી ગયાં, અને મેં કહ્યું : ''મને બીડીનું પચખાણ આપો.''



## સિનેમા નાટક જોવા જેવા નથી

પછી પૂ.શ્રી બ્રહ્મચારીજીએ મને પૂછ્યું : **''સિનેમા નાટક જુઓ છો?''** ત્યારે મેં કહ્યું, ''હા, જોઉં છું.'' ત્યારે મને કહ્યું : **''એમાં પાઠ ભજવનારા** (એક્ટરો) **વગેરે દારૂડિયા અને કુશીલ હોય છે. એમનો શબ્દ પણ સાંભળવા જેવો નથી, મોઢું પણ જોવા જેવું નથી. એને જોતાં, એનો વિચાર કરતાં મરણ થાય તો કુગતિએ જવું પડે.''** એ સાંભળી મેં સિનેમા અને નાટકના પણ પચખાણ લીધા હતા.

## બપોરે સૂવાની મનાઈ

મને બપોરે સૂવાની ના કહી. આઠ દૃષ્ટિની સજ્ઝાય રોજ બપોરે પ્રભુશ્રીજીની દેરી પાસે રાયણ નીચે બેસી મુખપાઠ કરી લાવવા કહ્યું અને મુખપાઠ થયે તેમની પાસે આવી બોલી જવા કહ્યું. પછી મને અર્થ પણ સમજાવતા હતા. એવી રીતે ચાર દૃષ્ટિ મુખપાઠ કરી હતી. પછી મારે સુરત આવવાનું થયું એટલે બાકીની રહી ગઈ.

**ભરતજીના પહાડ ઉપર પૂ.શ્રી બ્રહ્મચારીજી મુમુક્ષુઓ સાથે સ્વાધ્યાય-ભક્તિ કરતા**



## પૂજ્યશ્રીના બોધવડે મુમુક્ષુઓની આંખમાં આંસુ

દક્ષિણની જાત્રા વખતે મને પત્ર લખી જણાવેલું : ''સો-એક મુમુક્ષુભાઈ-બહેનો આવવાના છે. રાત્રે દોઢ વાગે ગુજરાત મેલમાં સુરત આવીશું. વિચાર થાય તો સુરત સ્ટેશને બિસ્તરો લઈ આવી રહેવું.'' તે મુજબ હું રાત્રે દોઢ વાગે સુરત સ્ટેશને જઈ સંઘ સાથે જોડાઈ ગયો હતો. હુબલી, બેંગલોર, મૈસુર, બાહુબલીજી (શ્રવણબેલગોલા) વગેરે તીર્થોની યાત્રા કરી હતી. શ્રવણ- બેલગોલાના પહાડ પર બાહુબલીજી અને ભરતજીના પહાડ ઉપર પ્રતિમાઓ છે. ત્યાં દર્શન કર્યા પછી પૂજ્યશ્રીએ બોધ કર્યો હતો. ભાઈ-ભાઈની લડાઈ તેમજ સંસારનું સ્વરૂપ બોધમાં સાંભળી મુમુક્ષુઓની આંખમાંથી આંસુ પડવા માંડ્યા હતા. ત્યાંથી મૂડબિદ્રીની જાત્રાએ ગયા. પછી ઇન્દોર થઈ અજમેર ગયા હતા.

## જેટલું પીરસે તેટલું જ ખાય

એક વાર પૂજ્યશ્રી બ્રહ્મચારીજી સાથે બાંધણી જવાનું થયું ત્યારે અમે પૂ.શ્રી બ્રહ્મચારીજીના ઘરે ગયેલા, ત્યાં તેમના ભાભી હતા. તેમણે પૂ.શ્રી બ્રહ્મચારીજી જે રૂમમાં અભ્યાસ કરતા તે ઓરડો બતાવ્યો તેમાં સામી ભીંત પર લખેલું હતું કે :

**''જો જો પુદ્‌ગલ ફરસના, નિશ્ચે ફરસે સોય;**
**મમતા સમતા ભાવસે, કર્મ બંધ ક્ષય હોય.''**

વાતવાતમાં એમના ભાભીએ કહ્યું કે પૂજ્યશ્રી બ્રહ્મચારીજી જમતી વખતે જેટલું પીરસ્યું હોય તેટલું જ ખાતા, ફરી માંગતા નહીં. તેઓ બહુ ઓછું બોલતા.

# શ્રી શનાભાઈ મથુરભાઈ પટેલ


અગાસ આશ્રમ

## ગુરુ કહે તેમ કરવું

એક વખત પૂ.શ્રી બ્રહ્મચારીજી સાથે હું અને શ્રી શાંતિભાઈ પટેલ આશ્રમ બહાર ગયેલા. ત્યારે રસ્તામાં તેઓશ્રીએ કહ્યું :

''એક વાર પૂ.પ્રભુશ્રીજીએ મને કહ્યું કે આ ઢીંચણ પર પગ મૂક. મેં મૂક્યો નહીં. પછી જીભ બહાર કાઢીને બતાવી અને કહ્યું : લે, ત્યારે જીભ ઉપર મૂક. પછી મેં ઢીંચણ પર પગ મૂક્યો.''

## પૂજ્યશ્રી ધ્યાનમાં, સામે મોટો સાપ ફેણ ચઢાવીને




આટલી વાત કરી આગળ ચાલ્યા. થોડે દૂર ગયા પછી અમને કહ્યું કે અહીં બેસો અને પોતે આગળ ગયા. **'અપૂર્વ અવસર'** બોલવાનું અમને જણાવ્યું. થોડીવારમાં એક માણસ સામેની દિશામાંથી આવ્યો અને પૂ.બ્રહ્મચારીજીને દીઠા તેથી તે તરફ ગયો. થોડી જ વારમાં તે ગભરા-યેલો દોડતો દોડતો પાછો આવ્યો. તેને આગળ વધતો રોકી મેં પૂછ્યું કે શું છે? ત્યારે તેણે જણાવ્યું કે ત્યાં કોઈ મહાત્મા ધ્યાનમાં ઉભા છે. તેમની સામે મોટો સાપ ફેણ ચઢાવીને બેઠેલો છે. તેથી ડરીને હું ભાગ્યો છું. પછી અમને મનમાં ઘણા વિકલ્પ થયા પરંતુ તેઓએ અહીં જ રોકાવાનું કહ્યું હતું તેથી અમે આગળ ગયા નહીં. થોડી વાર બાદ તેઓશ્રી પધાર્યા. પછી રસ્તામાં પાછા ફરતાં અમને જણાવ્યું કે :

## હિંસક પશુઓ અમને નુકસાન ન કરે



''પરમકૃપાળુદેવ ઈડરના પહાડ પર હતા ત્યારે મુનિઓ સાથે હતા. તેમને અમુક સ્થળે રોકાવાનું જણાવી તેઓ આગળ ગયા. ત્યારે પ્રભુશ્રીજી રાયણના ઊંચા ઝાડ ઉપર ચઢીને જોવા લાગ્યા, તો પરમકૃપાળુ દેવ ધ્યાનમાં બેઠા હતા; ત્યાં એક જંગલી જાનવર આવ્યું અને પરમ-કૃપાળુદેવની ચારે બાજુ પ્રદક્ષિણા આપી સામે થોડીવાર બેઠું અને ચાલ્યું ગયું. જ્યારે પરમ-કૃપાળુદેવ પાછા આવ્યા ત્યારે મુનિઓને જણાવ્યું કે **હિંસક પશુ અમને નુકસાન ન કરે, બીજાને નુકસાન કરી પણ બેસે.''** આ વાત ઉપરથી અમારા મનનું સમાધાન થયું હતું.



શ્રી શનાભાઈ

## શ્રી હીરાભાઈ પટેલ

વ્યારા

### મુમુક્ષુઓને જમાડવાનો ભાવ સફળ થયો

પૂ.શ્રી બ્રહ્મચારીજી ધુળિયાથી મુમુક્ષુઓ સાથે ટ્રેનમાં આવવાના છે એવા સમાચાર મને મળ્યા. બધાને જમાડવાનો મને ભાવ થયો. પણ મારી પાસે પૈસા નહીં. સ્થિતિ ગરીબ હતી.



એક ઘડિયાળ મારી પાસે હતું. તે ગીરવી મૂકી અથવા વેચીને રકમ મેળવવા માટે હું નીકળ્યો. એક જણાએ રૂા.૩૦/-માં તે ખરીદી લીધું. મને થયું કે આ સમયમાં આટલા પૈસા તો ઘણાય છે. તેમાંથી અમે રસોઈ માટે સીધુ સામગ્રી વગેરે ખરીદ કરી રોટલા અને દૂધ બનાવી સ્ટેશને ગયા. ત્યાં બધા મુમુક્ષુઓને પ્રસાદ આપ્યાનો લાભ મળ્યો. ત્રીસ રૂપિયામાં રસોઈની સામગ્રી ખરીદ કરતાં જે પૈસા પરચૂરણ વગેરે બચ્યાં હતા તે પૂજ્યશ્રીની પાસે મૂકી દીધા.

થોડા વર્ષો પછી જેને મેં ઘડિયાળ રૂા.૩૦/-માં વેચેલું તે જ માણસ સહેજે મારી દુકાને તે વેચવા માટે આવ્યો હતો. મેં રૂા.૨૦/માં તે ઘડિયાળ પાછું ખરીદ્યું હતું. હજુ તે મારી પાસે છે.

### 'ઘર બદલ્યું છે?'

એક વખત ઘર  બદલી કરીને હું તરત જ આશ્રમમાં આવ્યો હતો. કોઈને ઘર બદલવાની ખબર નહીં. પૂ.શ્રી પ્રસંગોપાત્ત બોલ્યા : **ઘર બદલ્યું છે?** મેં કહ્યું, હા પ્રભુ! મને એ સાંભળી બહુ આશ્ચર્ય થયું હતું.

### સુરત સાથે આવવાનું છે



પહેલાનું ધામણ મંદિર

એકવાર પ.પૂજ્યશ્રી બ્રહ્મચારીજી ધામણ પધાર્યાની સૂચના મને મળી એટલે હું ધામણ મંદિરે ગયો. મંદિરમાં ઉપર પરમકૃપાળુ  દેવના અને પ.પૂ. પ્રભુશ્રીજીના ચિત્રપટોના દર્શન કરવા ગયો. દર્શન કરતાં મેં પરમકૃપાળુદેવને અંતરથી વિનંતી કરી કે મારે પૂજ્યશ્રી સાથે સુરત જવું છે. દર્શન કરી નીચે ઊતર્યો ત્યાં પૂજ્યશ્રી ઊભા હતા, મને પૂછ્યું : ''જમ્યા છો?'' મેં કહ્યું : ''ચા બિસ્કીટ ખાધા છે.'' પૂજ્યશ્રી કહે : **''જાઓ, જમી આવો, સુરત સાથે આવવાનું છે.''** મારા આનંદનો પાર ન રહ્યો.

## શ્રી ઠાકોરભાઈ માધવજીભાઈ પટેલ

ખોજ પારડી (હાલ બારડોલી)

### 'તમારે ફરીથી મંત્ર લેવો છે?

સંવત્ ૨૦૦૨માં આસ્તા મુકામે ૧૮ વર્ષની ઉંમરે પૂ.શ્રી બ્રહ્મચારીજી પાસે મેં મંત્ર લીધો હતો. પણ ૨૪ વર્ષની ઉંમરમાં મને એવો વિકલ્પ થયા કરતો કે મંત્રની આજ્ઞા આસ્તા ગામમાં મારાથી બરાબર વ્યવસ્થિત લેવાયેલી નથી. તે વખતે મારે અમેરિકા જવાનું હોવાથી આશ્રમમાં પૂજ્યશ્રીને મળવા આવ્યો. ત્યારે તેઓશ્રીએ મને સામેથી કહ્યું : **''તમારે ફરીથી મંત્ર લેવો છે?''** મેં કહ્યું : ''હા પ્રભુ.'' તે વખતની જે છાપ મારા હૃદયમાં પડી છે તે હજુ સુધી ભુલાતી નથી.

### આજ્ઞાપાલનથી દુ:ખનો નાશ




ઈસ્વીસન્ ૧૯૪૫માં ગામ મોટી ફરોદના ભૂલીબેન નારણભાઈ પટેલ મારી સાથે એક વાર આશ્રમમાં આવેલા. અમે પૂજ્યશ્રી પાસે મંત્ર લેવા ગયા. તે વખતે ભૂલીબેને સાત અભક્ષ્યમાં મધની છૂટ રાખવા માટે માગણી કરી પૂજ્યશ્રીને જણાવ્યું કે : ''દવામાં મધ ન વાપરું તો મારા માથામાં વેગ ચાલે છે. એટલે માથું બહું જ દુ:ખે છે.'' ત્યારે પૂજ્યશ્રી થોડી વાર મૌન રહી બોલ્યા **''તમારા માથામાં જો વેગ ન ચાલે, તો તમારે મધ વાપરવું નહીં.''** બન્યું પણ એમ જ કે મંત્રની તે ઘડીથી લઈને સન્ ૧૯૮૨માં તેમનો દેહત્યાગ થયો ત્યાં સુધી તેમને કોઈ પણ વખત માથામાં વેગ ચાલ્યો નથી, અને મધ વાપરવું પડ્યું નથી.



# શ્રી નરસીભાઈ ભગાભાઈ પટેલ

સડોદરા

## 'મંદિર કરજો પણ દેવું કરશો નહીં'



પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજીનો સમાગમ થયા પછી અવારનવાર હું આશ્રમમાં આવતો. સંવત્ ૧૯૯૫ની સાલમાં જ્યારે હું આશ્રમ-માં આવ્યો ત્યારે પૂજ્યશ્રીજીને મળવા ગયો. તેમણે મને પૂછ્યું : ''ભક્તિ અને આત્મસિદ્ધિ બોલાય છે?''

મેં કહ્યું : ''ભક્તિ અને આત્મસિદ્ધિ રોજ બોલાય છે. પણ ભક્તિની જગ્યા એકાંતમાં નહીં હોવાને કારણે પૂરતી સગવડ નથી.''

એટલે પૂ.શ્રી બ્રહ્મચારીજીએ આજ્ઞા કરી : **''મંદિર કરજો, પણ દેવું કરશો નહીં. નહીં તો આર્તધ્યાન થશે.''**

## રામવચનની જેમ એમના વચન મિથ્યા થાય નહીં

પછી હું શંકરભગતની ઓરડીએ જ્યાં મુકામ કરેલો ત્યાં ગયો, અને શંકરભગતને વાત કરી કે પૂ.બ્રહ્મચારીજીએ મંદિર બાંધવાની આજ્ઞા આપી છે, પણ એ અમારી શક્તિ બહારની વાત છે. ત્યારે શંકરભગતે કહ્યું : **''તમારે મંદિર થઈ જ ગયું. તમે બ્રહ્મચારીજીના વચનને શું સમજો છો? રામ વચન મિથ્યા જાય તો બ્રહ્મચારીજીના વચન મિથ્યા થાય. માટે કરો તૈયારી.**

## મંદિર પ્રતિષ્ઠા સમયે દેવું સરભર

પછી અમોએ ખાતમુહૂર્તનું નક્કી કર્યું. આશ્રમમાંથી પૂ.શ્રી બ્રહ્મચારીજી સાથે ૧૫-૨૦ મુમુક્ષુઓ પણ આવેલા અને ઉત્સાહપૂર્વક ખાતમુહૂર્તનું કામ પૂરું થયું. તે દિવસે રૂા.૧૯૦૦/- મંદિર બાંધકામ પેટે ભેગા થયા. અને એક હજાર રૂપિયા નાહટા સાહેબે આપ્યા. કુલ રૂા.૨૯૦૦/- થયા. પૂરતા પૈસા નહીં થવાથી ગામના મુમુક્ષુભાઈઓએ પાયાથી માંડી બધું કામ જાતમહેનત કરી પૂરું કર્યું. માત્ર એક સુથાર અને એક કડિયાને લાવેલા. મંદિરના બાંધકામમાં રૂા.૪૬૦૦/- વપરાયા. તેમાં રૂા.૨૯૦૦/- બાદ કરતાં રૂા. ૧૭૦૦/- ખૂટ્યા. સ્થાપના દિને આવક જાવક બધું થતાં છેલ્લે રૂા. ૩૦૦/- ઘટ્યા, તે શ્રી નાહટા સાહેબે આપીને દેવું પતાવ્યું. આ પ્રમાણે અમારે આખું મંદિર નિર્માણ થઈ ગયું.

## મંદિર ગામના મકાનો કરતાં ઊંચુ જોઈએ

સંવત્ ૧૯૯૬ના વૈશાખ સુદ ત્રીજના દિને મંદિરની પ્રતિષ્ઠા પૂ.શ્રી બ્રહ્મચારીજીની હાજરીમાં થઈ. ત્યાર પછી પાંચ વાર સંઘ સાથે તેઓશ્રી સડોદરા પધારેલા. પાંચમી વખતે આવ્યા ત્યારે દેવવંદન કર્યા બાદ બહાર અગાસીમાં કઠેરા ઉપર હાથ મૂકી ઊભા રહેલા ત્યારે કહેલું : પૂર્વમાં અડધું ગામ છે, પશ્ચિમમાં અડધું ગામ છે, અને મધ્યભાગમાં મંદિર છે. **મંદિર કરતાં ગામના મકાન ઊંચા ના હોય.''** એમ પૂજ્યશ્રી સહજ બોલ્યા હતા.

## પૂજ્યશ્રીના વચન પ્રમાણે મંદિર ઊંચુ થઈ ગયું

થોડા વખત પછી ગામમાં નવા મકાનો મંદિરથી ઊંચા બંધાયા ત્યારે અમને થયું કે નૂતન મંદિર કરી નવા મકાનો કરતાં મંદિર બે ફૂટ ઊંચુ થાય તેમ કરવું.

પરમ કૃપાળુદેવના યોગબળે તે પણ શક્ય બન્યું. સંવત્ ૨૦૩૧ મહા સુદ ૬ તા. ૧૭-૨-૭૫ના રોજ નૂતન મંદિરમાં છેક ઉપરના માળે પરમ કૃપાળુદેવના આરસના પ્રતિમાજીની પ્રતિષ્ઠા થઈ. તેમજ પહેલા માળે પરમકૃપાળુદેવના ચિત્રપટ તથા પ.પૂ. પ્રભુશ્રીજીના ચિત્રપટ તેમજ પ.પૂ.બ્રહ્મચારીજીના ચિત્રપટોની પણ સ્થાપના ધામધૂમથી સકલ સંઘ સમક્ષ થઈ.

આમ, પૂજ્યશ્રીના સહજ વચન પ્રમાણે ફરીથી મંદિર ગામના મકાનો કરતાં ઊંચું થઈ ગયું.




શ્રીમદ્ રાજચંદ્ર મંદિર, સડોદરા




શ્રી નરસીભાઈ

# શ્રી ભૂલાભાઈ વનમાળીદાસ પટેલ

આસ્તા

## પરમકૃપાળુદેવ પરમાત્મદશાને પામેલા પુરુષ



સંવત્ ૧૯૯૪ની સાલમાં પૂજ્યશ્રી બ્રહ્મચારીજીની આજ્ઞાથી શ્રી શંકરભગત (કાવિઠાવાળા) સત્સંગ અર્થે દિવાળી ઉપર અમારા ગામ આસ્તામાં આવ્યા હતા. તે સમયે ગામમાં ચારેક મુમુક્ષુઓ હતા. મારા પિતાશ્રીને ગયા શ્રાવણ મહિનામાં પરમકૃપાળુદેવની આજ્ઞા-ભક્તિ પ્રાપ્ત થઈ હતી. પણ શ્રી શંકરભગતના સમાગમે ગામમાં બીજા ઘણા લોકોને પરમકૃપાળુદેવ પરમાત્મદશાને પામેલા પુરુષ થઈ ગયા છે એવી શ્રદ્ધા થઈ, અને ઘણાને આજ્ઞા-ભક્તિ મેળવવાની ભાવના જાગી.

હું વૈષ્ણવ સંપ્રદાયના સંસ્કારથી ભક્તિ કરતો હતો, તેમજ માર્ગાનુસારી પુરુષોના પદો બોલતો. પણ આત્મકલ્યાણનો માર્ગ કોઈ જુદો હોવો જોઈએ, એવું છ મહિના પહેલાં મારા મનમાં ઉદ્ભવેલું. જેથી શ્રી શંકરભગતના સમાગમથી મને પરમકૃપાળુદેવના માર્ગની વાત યથાર્થ જણાઈ અને સત્ધર્મ પ્રત્યે ઘણી રુચિ ઉત્પન્ન થઈ. તેથી **'સહજાત્મસ્વરૂપ પરમગુરુ'** મંત્રનું સ્મરણ કર્યા કરતો હતો.


સંવત્ ૧૯૯૫ દરમિયાન ગામમાં મુમુક્ષુઓની સંખ્યા લગભગ વીસેકની થઈ ગઈ.

## પૂજ્યશ્રી શાંત અને વૈરાગ્ય દશાના અલૌકિક પુરુષ

સંવત્ ૧૯૯૬ના કાર્તિક સુદ ૫ના દિવસે મારે આશ્રમમાં આવવાનું બન્યું. અહીંનું ભવ્ય મંદિર, શાંત વાતાવરણ જોઈ મને ઘણો આનંદ થયો અને પૂ.શ્રી બ્રહ્મચારીજીના પ્રથમ દર્શને મને એવી છાપ પડી કે આ કોઈ શાંત અને વૈરાગ્ય દશાના અલૌકિક પુરુષ છે. તેઓશ્રીના હાથે મને કારતક સુદ ૭ના દિવસે આજ્ઞા ભક્તિ-સ્મરણમંત્રની પ્રાપ્તિ થઈ.

સંવત્ ૧૯૯૬ના વૈશાખ સુદ ૪ના દિને અમારા નવા

## વગર જણાવ્યે પ્રતિષ્ઠા સ્થાને આવી પહોંચ્યા





મકાનમાં ચિત્રપટની સ્થાપના કરવા અમારું આમંત્રણ સ્વીકારી સડોદરાથી સંઘ સાથે તેઓશ્રી આસ્તા પધાર્યા. પાદરેથી **'સહજાત્મસ્વરૂપ ટાળો ભવકૂપ'** એ પદ બોલતા સીધા અમારા છ ગાળાના મકાનના માળ પર, જ્યાં કબાટમાં ચિત્રપટની સ્થાપના કરવાની હતી ત્યાં આવી ઊભા રહ્યા. સૌને ઘણું આશ્ચર્ય થયું.

## આસ્તા ગામનું નામ આસ્થા પાડ્યું

ગામના લોકોનો પણ ઉમંગ સારો હતો. જેથી સત્સંગમાં પણ ઘણા લોકો આવતા. ગામમાં કુળધર્મના કોઈ કદાગ્રહ હતા નહીં તેથી ગામના ચાળીસેક ભાઈબહેનોએ પૂજ્યશ્રી પાસે સ્મરણમંત્રની આજ્ઞા લીધી. તત્ત્વજ્ઞાન ખૂટી જવાથી આલોચનાના પુસ્તકોનો ઉપયોગ કરવો પડ્યો હતો. ત્યાંના લોકોની આવી શ્રદ્ધા જોઈને પૂજ્યશ્રીએ આસ્તા ગામનું નામ **'આસ્થા'** પાડ્યું. તે વખતે ચાર દિવસ રોકાયા હતા.

## પ.પૂ.પ્રભુશ્રીજીના બોધનો ઉતારો

સંવત્ ૧૯૯૮ના પર્યુષણમાં હું આશ્રમમાં રહ્યો અને પ.પૂ.પ્રભુશ્રીજીના બોધનો ઉતારો, તે છપાયેલ નહીં હોવાથી કરતો અને સત્સંગ અર્થે પૂજ્યશ્રી પાસે જતો. પ્રશ્નોના સુંદર જવાબો મળતા. **"સત્પુરુષ વિદુરના કહ્યા પ્રમાણે આજે એવું કૃત્ય કરજે કે રાત્રે સુખે સુવાય."** (પુષ્પમાળા-૮૩) એટલે શું? મેં પ્રશ્ન કર્યો. તેના જવાબમાં પૂજ્યશ્રીએ એક નોટ આપી તેનો ઉતારો કરવા જણાવ્યું હતું. પાછળથી 'પ્રવેશિકા'માં તે શિક્ષાપાઠ ૩૮ **'આત્માને હિતકારી નીતિ વાક્યો'** એ શીર્ષક હેઠળ છપાયો હતો. તેની મને સારી અસર થઈ હતી.

## 'વિવેક'નો પાઠ મુખપાઠ કરવાની આજ્ઞા

પૂજ્યશ્રીની પાસે વડવા અને ખંભાત દર્શનાર્થે જવા આજ્ઞા માંગી ત્યારે મને પૂછ્યું કે **"વિવેક વિષે જાણો છો? વિવેકનો પાઠ વાંચ્યો છે?"** પછી તેમણે એ પાઠ (મોક્ષમાળા-શિક્ષાપાઠ ૫૧) મને સમજાવ્યો અને મુખપાઠ કરવાની આજ્ઞા કરી. હું થોડીવાર પછી મુખપાઠ કરી તેમની સમક્ષ બોલી ગયો. પછી હું વડવા ગયો. ત્યાંથી ખંભાત જઈ સુબોધ પાઠશાળામાં રાત્રે રોકાયો. ત્યાં દરરોજ મોક્ષમાળામાંથી એક પાઠ વંચાતો અને તેના પર પ્રશ્નોત્તરરૂપે ચર્ચા થતી. તે દિવસે વિવેકનો પાઠ વંચાયો. મને પણ પ્રશ્ન પૂછવામાં આવ્યા. મેં બધા પ્રશ્નોના ઉત્તરો સાચા આપ્યા. આ પાઠ મુખપાઠ જોઈ ત્યાં ઉપસ્થિત સર્વને આશ્ચર્ય થયું. અને મને પૂછ્યું કે તમને મોક્ષમાળા મુખપાઠે છે? મેં ના કહી, પણ મને ખંભાત આવતા પહેલા આ જ પાઠ પૂજ્યશ્રીએ સમજાવી મુખપાઠે કરાવ્યો હતો જેથી બધા પ્રશ્નોના સાચા ઉત્તર આપી શક્યો છું.

## મને જો મોક્ષ મળતો હોય તો બધું છોડી દઉં

હું એકવાર પ.પૂ. બ્રહ્મચારીજી પાસે બેઠો હતો ત્યારે મારા મનમાં એવા વિચાર આવ્યા કરતા હતા કે મને ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યની તીવ્ર ઇચ્છા છે પણ મોક્ષની ઇચ્છા થતી નથી. ત્યારે મારા વગર કહ્યે પૂ.શ્રી બ્રહ્મચારીજી બોલ્યા કે : **"મને જો મોક્ષ મળતો હોય તો હું બધું છોડીને હમણાં જ ચાલ્યો જાઉં."**

## અમે ન આવીએ તો મંદિરનું કાર્ય પૂરું કરવું

આસ્તાના મુમુક્ષુઓ આશ્રમમાં જતા ત્યારે આસ્તામાં મંદિર બનાવવાની તેઓ પ્રેરણા કર્યા કરતા. પણ જમીનના અભાવે તે કામમાં વિલંબ થયા કરતો હતો. જ્યારે સંવત્ ૨૦૦૯ના વૈશાખ મહિનામાં પૂજ્યશ્રી પથરાડિયા આવ્યા ત્યારે આસ્તાના મુમુક્ષુઓને કહ્યું કે : **"આ વખતે આસ્તામાં મંદિરનું ખાતમુહૂર્ત કરવું જ છે. જગ્યા નક્કી કરો."** એક ભાઈએ જમીન આપી અને પૂજ્યશ્રીના હાથથી આ પવિત્ર કાર્યનો પ્રારંભ થયો. સાથે જણાવ્યું કે : **"અમે નહીં આવીએ તો પણ મંદિરનું કામ પૂરું કરવું."** અને બન્યું પણ એમ જ કે ફરી પાછા તેઓ આવ્યા નહીં; કારણ સંવત્ ૨૦૧૦માં તેઓશ્રીનો દેહોત્સર્ગ થઈ ગયો.

## પરમકૃપાળુદેવના શરણથી સમાધિમરણ

મને પરમ કૃપાળુદેવ ઉપર શ્રદ્ધા કરાવવામાં પૂ.શ્રી બ્રહ્મચારીજીનો અણમોલ ફાળો છે. તેઓશ્રી મુમુક્ષુઓને આ ભવમાં સમાધિમરણ કરવું જ છે એવો નિશ્ચય કરાવતાં. ઘણા પૂછતા કે સમાધિમરણ કેમ થાય? ત્યારે જણાવતા કે **"અંત સુધી એક પરમકૃપાળુદેવે આપેલા મંત્રમાં ચિત્ત રાખવું. પરમકૃપાળુદેવનું જ શરણ રાખવું."** અને પોતે તેવું અદ્ભુત સમાધિમરણ અગાસ આશ્રમમાં શ્રી રાજમંદિરમાં પરમ કૃપાળુદેવના ચિત્રપટ સમક્ષ કાયોત્સર્ગમાં ઊભા રહી દેહત્યાગ કરી દૃષ્ટાંતરૂપે કરી બતાવ્યું.

પૂજ્યશ્રી પોતાના જીવનકાળ દરમ્યાન આસ્તા મુકામે પાંચેક વખત પધાર્યા હતા. છેલ્લી વખતે આવ્યા ત્યારે બાજુના ગામડાના ઘણા મુમુક્ષુઓને ઘેર પધારી સત્સંગનો લાભ આપ્યો હતો.

પૂજ્યશ્રીએ એક પત્રમાં પોતાનું બનાવેલ એક કાવ્ય લખ્યું હતું. તે કાવ્યમાં તેમની અંતરભાવનાનું સ્પષ્ટ દર્શન થાય છે. તે કાવ્યે મને જીવનમાં ખૂબ પ્રેરણા આપી છે. તે નીચે મુજબ છે :-

**"કૃપાળુની કૃપા ધારી, બનીશું પૂર્ણ બ્રહ્મચારી,**
**સહનશીલતા ક્ષમા ધારી, સજી સમતા નીતિ સારી,**
**કરીશું કાર્ય સુવિચારી, કષાયો સર્વ નિવારી,**
**ગણીશું માત પરનારી, પિતા સમ પરપુરુષ ધારી,**
**જીવીશું જીવન સુધારી, સ્વપરને આત્મહિતકારી,**
**બનીને અલ્પ સંસારી, ઉઘાડી મોક્ષની બારી,**
**સમર્પી સર્વ સ્વામીને, તરીશું સર્વને તારી."**



પ.પૂ.પ્રભુશ્રીજી શ્રીમદ્ રાજચંદ્ર પૂ.શ્રી બ્રહ્મચારીજી



શ્રીમદ્ રાજચંદ્ર મંદિર, આસ્તા

# શ્રી નરોત્તમભાઈ પ્રભુદાસ પટેલ

આસ્તા



## પ્રતિષ્ઠાસ્થાન જાણી ગયા

સંવત્ ૧૯૯૬ના વૈશાખ સુદ ૩ના દિવસે સડોદરા મંદિરની પ્રતિષ્ઠા પ્રસંગે પૂ.શ્રી બ્રહ્મચારીજી પધારેલા. ત્યાંથી બીજે દિવસે અમારા કાકા વનમાળીદાસના ઘરે પરમકૃપાળુદેવના ચિત્રપટની સ્થાપના કરવા માટે આસ્તા પધાર્યા. અમો ઘણા મુમુક્ષુભાઈ બહેનો તેમને લેવા ગામના પાદરે ગયેલા. ગામથી લગભગ એક ફલાંગ દૂર અમારા ઘરો એક જ લાઈનમાં સરખી બાંધણીના છ ગાળાવાળા બનેલા છે. એમાં અમારા કાકા વનમાળીદાસના ગાળા પશ્ચિમ દિશામાં છેલ્લા આવેલા છે. તેમના માળ ઉપર કબાટમાં પરમકૃપાળુદેવના ચિત્રપટની સ્થાપના કરવાની હતી. પાદરે કારમાંથી પૂ.શ્રી બ્રહ્મચારીજી ઊતરી ગામમાં નહીં જતા સીધા અમારા ઘરો તરફ આગળ ચાલવા માંડ્યા. અમે બધા તેમની પાછળ ચાલતા હતા. પૂ.શ્રી બ્રહ્મચારીજીએ **''સહજાત્મસ્વરૂપ ટાળો ભવકૂપ', અખિલ અનુપમ બહુનામી''** એ પદ બોલવાનું શરૂ કર્યું. એટલે અમો બધા પણ સાથે સાથે બોલવા લાગ્યા. અમારા ઘરો આવ્યા એટલે છેલ્લે જે વનમાળી કાકાના ગાળા છે તેમાં સીધા દાખલ થઈ, દાદર ઉપર ચઢી માળ ઉપર ગયા અને જ્યાં આગળના રૂમમાં પરમકૃપાળુદેવનું ચિત્રપટ સ્થાપન કરવાનું હતું તે કબાટ સામે જઈ પરમકૃપાળુદેવને ત્રણ નમસ્કાર કરી બેઠા અને ભક્તિ કરી.

તે જોઈ અમને આશ્ચર્ય થયું કે વનમાળીકાકાનું ઘર ક્યાં છે? તથા ઘરમાં કઈ જગ્યાએ ચિત્રપટની સ્થાપના કરવાની છે. નીચે કે માળ ઉપર? વગેરે કોઈને કંઈ નહીં પૂછતા સીધા ચિત્રપટ સ્થાપનાની જગ્યાએ આવી પહોંચી ભક્તિ કરી.

બીજે દિવસે વૈશાખ સુદ પાંચમને દિવસે ચિત્રપટની સ્થાપના કરી. ચાર દિવસ આસ્તા રોકાયા. ત્યાંથી સુરત જિલ્લાના બીજા ગામોમાં જઈ અગાસ આશ્રમમાં પધાર્યા હતા.

## પંદર માણસની રસોઈ વધારે બનાવો

સંવત્ ૧૯૯૮ના ફાગણ સુદમાં સડોદરાના હરિભાઈ ભગાભાઈએ અગાસ આશ્રમમાં મને જણાવેલું : ''એક વખત અગાસ આશ્રમમાંથી પૂ.શ્રી બ્રહ્મચારીજી ઘણા મુમુક્ષુઓ સાથે ઈડર પધાર્યા હતા. મને (હરિભાઈને) વાત મળી કે પૂ.બ્રહ્મચારીજી ઈડર ગયા છે અને ત્યાં રોકાવાના છે. એટલે મને પણ ત્યાં જવા વિચાર થયો. સડોદરા તેમજ આજુબાજુના ગામના મળી અમે છ જણા ટ્રેનમાં બેસી ઈડર જવા નીકળ્યા. અમદાવાદ સ્ટેશન ઉપર અમારા જ ડબ્બામાં બીજા નવ મુમુક્ષુઓ ઈડર જવા માટે આવીને બેઠા. એટલે ઈડર જવાવાળા અમો કુલ ૧૫ માણસો થયા. તે દિવસે ઈડરના પહાડ પર એમ બન્યું કે પૂ.શ્રી બ્રહ્મચારીજીએ બધા મુમુક્ષુઓ સાથે પહાડ ઉપરથી થોડે નીચે ઊતરી એકલા પાછા વળી **રસોઈયાને પંદર માણસોની રસોઈ વધારે બનાવવા જણાવ્યું.** તે વખતે આશ્રમના પૂ.શંકર ભગતજી તથા પૂ.દાસભાઈ, રસોઈયા પાસે ઊભા હતા. તેમને મનમાં થયું કે આપણે દરરોજ જેટલા જ માણસો છીએ તો પંદર માણસોની રસોઈ વધારે બનાવવાનું શા માટે જણાવ્યું હશે?

## આ પંદર માણસ માટે કહ્યું હતું

પૂજ્યશ્રી બ્રહ્મચારીજી બધા મુમુક્ષુઓ સાથે લગભગ દરરોજ ઘંટિયા પહાડથી ઊતરી બીજા પહાડ વગેરે જગ્યાઓમાં ભક્તિ કરવા જતા અને રોજની માફક લગભગ એક વાગે પાછા ઘંટિયા પહાડ પર ચઢતા. હવે ટ્રેનમાંથી આવી અમે પંદર મુમુક્ષુઓ પણ એક વાગ્યાના સુમારે ઘંટિયા પહાડ ચઢતા પૂ.શ્રી બ્રહ્મચારીજી તથા બીજા મુમુક્ષુઓ સાથે થઈ ગયા. શંકર ભગતજીએ મને (હરિભાઈને) પૂછ્યું : 'તમે કેટલા માણસ આવ્યા છો? મેં જવાબ આપ્યો કે : 'અમો છ જણા સડોદરાથી આવીએ છીએ અને બીજા નવ જણા અમદાવાદથી અમારી સાથે થયા છે. તે મળી અમો કુલ્લે પંદર જણ આવ્યા છીએ.' તે સાંભળી શંકરભગતજીએ દાસભાઈને કહ્યું : 'સવારમાં પૂ.બ્રહ્મચારીજી પંદર માણસની રસોઈ વધારે બનાવવાનું જણાવતા હતા તે આ પંદર માણસ.' આ વાત સાંભળી બધાને આશ્ચર્ય સાથે આનંદ થયો હતો.''




શ્રીમદ્ રાજચંદ્ર વિહાર ભવન – ઘંટિયા પહાડ,ઇડર



## આજની રાત રોકાઈ જાઓ

સંવત્ ૨૦૦૯માં પૂજ્યશ્રી બ્રહ્મચારીજી સુરત જિલ્લામાં મુમુક્ષુઓના આમંત્રણથી પરમકૃપાળુદેવ તથા પૂ.શ્રી પ્રભુશ્રીજીના ચિત્રપટોની સ્થાપના કરવા પધારેલા, ત્યારે પથરાડિયા ગામે ગયેલા. હું પણ ત્યાં હતો, ત્યાં શ્રી માધવભાઈ ખુશાલભાઈ નનસાડવાળા પણ સત્સંગ અર્થે આવેલા. માધવભાઈની રાજપીપળા જિલ્લામાં ચીખલી ગામે જમીન તેમજ મકાન પણ છે. ચીખલી ગામે જવા પૂ.શ્રી બ્રહ્મચારીજી પાસે તેઓ રજા લેવા ગયા, ત્યારે તેઓશ્રીએ માધવભાઈને સહજ જણાવ્યું કે : **''આજની રાત રોકાઈ જાઓ.''** એટલે માધવભાઈ પથરાડિયા રાત રોકાઈ ગયા.



## ચીખલીગામે ધાડ પડી

તે જ રાતે ચીખલી ગામે તેમના ઘરે ધાડ પડી. ધાડપાડુઓએ તિજોરી તોડવા માંડી, પણ તે તૂટી નહીં. તેથી ત્યાં રહેલા નોકરોને માર માર્યો. પણ આજુ-બાજુથી લોકો ભેગા થતાં ધાડપાડુઓને ભાગી જવું પડ્યું. માધવભાઈની બંદૂક પણ ધાડપાડુઓ સાથે લેતા ગયા. બીજે દિવસે તેઓ ચીખલી ગામે પોતાને ઘેર ગયા ત્યારે બધી હકીકત જાણવા મળી. અને મનમાં થયું કે હું પોતે ત્યાં હોત તો મારા બુરા હાલ થાત. અને તિજોરીની ચાવી ન આપત તો કદાચ મારી પણ નાખત.




શ્રી માધવભાઈ



## વેષધારી પોલીસ ઘરે આવ્યા

શ્રી માધવભાઈને નનસાડ ગામે પણ ઘર અને જમીન છે. ત્યાં ભક્તિ માટે પૂ.શ્રી બ્રહ્મચારીજીને આમંત્રણ આપ્યું. પૂ.શ્રી બ્રહ્મચારીજી તેમના ઘરે આવ્યા. તે દિવસે બે જણ પોલીસ-વેશધારી બનીને તેમના ઘરે આવ્યા, અને માધવભાઈને કહ્યું કે : ''તમારી બંદૂક મળી છે, તે વાલીયા ગામે (તાલુકાનું મુખ્ય ગામ) પોલીસ થાણે જમા છે. તે લેવા માટે તમને બોલાવે છે. માટે અમારી સાથે ચાલો.''



## અત્યારે ભક્તિ કરો

શ્રી માધવભાઈ તેમની સાથે જવા પૂ.શ્રી બ્રહ્મચારીજી પાસે રજા લેવા ગયા. ત્યારે તેઓશ્રીએ જણાવ્યું : **''હવે સાંજ પડી છે. આવેલા માણસોને જમાડી બહાર ઓટલા ઉપર સુવાડો. અત્યારે ભક્તિ કરો.''** તે પ્રમાણે તેમણે કર્યું. સવારે ઊઠીને જુએ છે તો તે વેશધારી પોલીસો ભાગી ગયા હતા. પાછળથી ખબર પડી કે તેઓ વેરભાવથી શ્રી માધવભાઈને રસ્તામાં મારી નાખવા માટે લેવા આવ્યા હતા. આ બનાવોથી માધવભાઈને પૂજ્યશ્રી બ્રહ્મચારીજીના વચન ઉપર અડગ વિશ્વાસ અને શ્રદ્ધા થઈ હતી.


શ્રી નરોત્તમભાઈ

# શ્રી ડાહ્યાભાઈ નારણભાઈ પટેલ

સીમરડા




સીમરડા નિવાસ દરમ્યાન એક વાર પૂ.શ્રી બ્રહ્મચારીજી સવારના પહોરમાં એકાદ ગાઉ દૂર ખેતરમાં દિશાએ ગયા હતા. ત્યાંથી પાછા વળતાં, ખેતરમાં એક મુમુક્ષુભાઈનો છોકરો (વિઠ્ઠલ સોમા) કંઈક કામે ગયો હશે તે સામે મળ્યો. તેને પૂજ્યશ્રીએ બોલાવ્યો અને એક રાયણના ઝાડ નીચે તેને **મંત્ર સ્મરણ તથા ત્રણ પાઠની આજ્ઞા આપી,** અને કહ્યું કે **દેહનો ભરોસો કરવા જેવો નથી.** તે છોકરો ૧૫-૨૦ દિવસ પછી ટૂંકી માંદગી ભોગવી મરી ગયો હતો.

## કોઈ દિવસ સૂતેલા જોયા નહીં



સીમરડામાં પૂ.શ્રી બ્રહ્મચારીજીને ભગતજીના ઘરે ઉતારો આપેલ. તેમના માટે પાટ તથા ગાદલું ગોઠવ્યું હતું. પૂ.શ્રી બ્રહ્મચારીજી પાટ કઠેરા પાસે ખેંચી ગયા અને ગાદલું નીચે મૂકી દીધું અને આખી રાત તેઓ કાયોત્સર્ગમાં જ વ્યતીત કરતા. ભગતજીની ચકોર બુદ્ધિ હોવાથી રાત્રે ૩-૪ વાર ઊઠીને તપાસ કરતા. પણ કોઈ દિવસ તેમણે **પૂ.શ્રી બ્રહ્મચારીજીને સૂતેલા જોયા નહોતા.**

## ભગતજી ચોખ્ખા દિલના માણસ

સીમરડામાં એક વાર ભગતજીએ પૂ.શ્રી બ્રહ્મચારીજી માટે મારી પાસે દૂધપાકમાં નાખવા માટે ચોખા મંગાવ્યા. હું ૧૦ વર્ષ જૂના સરસ ચોખા લાવ્યો. પણ ભગતજીને દેખાવે ન ગમવાથી તે ચોખા મને પાછા આપ્યા. તે મને ગમ્યું નહીં અને ભગતજી ઉપર જરા ખરાબ ભાવ થયો. ૧૫-૨૦ દિવસ પછી પૂજ્યશ્રી બ્રહ્મચારીજી આશી જતાં વચ્ચે સ્મશાન પાસે પીપળા નીચે જ્યાં પૂ.પ્રભુશ્રીજી બેસતા ત્યાં બેઠા અને વળાવવા ગયેલા સીમરડાના કેટલાક મુમુક્ષુઓ પણ બેઠા. ત્યાં પૂજ્યશ્રી કહે : ''શાહૂ મહારાજનો મંત્રી નાના ફડનવીસ હતો. તે એટલો બધો રાજહિતૈષી હતો કે કોઈ પણ વ્યક્તિ રાજાને મળવા આવે ત્યારે તેના શસ્ત્રો તે લઈ લેતો, નખ સુદ્ધાં કાપી લેતો કે જેથી રાજાને કંઈ નુકસાન કરી શકે નહીં. તેમ ભગતજીમાં કંઈ દોષ જોશો નહીં. એમના દિલમાં કોઈને દુભવવાનો ભાવ નથી, પણ ચોકસાઈ માટે બધું કરે છે. એ ચોખ્ખા દિલના છે.''



શ્રી ડાહ્યાભાઈ


## દવા માટે આપીએ તે પરોપકારનું જ કામ

ગાયકવાડી રાજ્યમાં સરકાર ૨/૩ કિંમત આપે અને ગામવાળા ૧/૩ ભાગની કિંમત આપે એમ દવાઓની પેટીઓ ગામડાઓમાં આવતી. એક વાર સીમરડા ગામવાળાએ પૈસા ન ભર્યા જેથી પેટી (દવાની) પાછી ગઈ. તે દરમ્યાન હું આશ્રમમાં દર્શન કરવા આવેલો. પ.પૂ.પ્રભુશ્રીજીની રૂમમાં દર્શન કરી પૂ.શ્રી બ્રહ્મચારીજીના દર્શન કરી રાજમંદિરમાં જતો હતો. ત્યાં પૂ.શ્રી બ્રહ્મચારીજીએ મને પાછો બોલાવ્યો : ''ડાહ્યાભાઈ, આવો બેસો.'' મેં કહ્યું : ''શું પ્રભુ!'' પૂ.શ્રી બ્રહ્મચારીજી કહે : ''ગામની દવા માટે આપણે પાંચ-પચીસ રૂપિયા આપીએ કે કોઈની પાસે અપાવીએ તો કંઈ નુકસાન નથી. આ પરોપકારનું જ કામ છે.''

## આજ્ઞા આપવામાં ઢીલ ન કરાય

આશ્રમમાં જે દિવસે સભામંડપમાં નિવેદન કરીને ટ્રસ્ટીઓએ મંત્ર આપવા માટે પૂજ્યશ્રી બ્રહ્મચારીજી ઉપર પ્રતિબંધ મૂક્યો હતો, તે દિવસે સાંજે એક જણને સ્ટેશન પર જઈને પૂજ્યશ્રી બ્રહ્મચારીજીએ મંત્ર આપ્યો હતો. કારણ **મંત્ર(આજ્ઞા) આપવામાં ઢીલ કરાય અને કાલે તેનો દેહ છૂટી જાય તો તે જીવ આજ્ઞા વગર રહી જાય.**

## 'કશું નથી. પુદ્ગલની અથડામણી'



આશ્રમમાં જ્યારે પૂ.શ્રી બ્રહ્મચારીજી સંબંધી વિરોધી વાતાવરણ ચાલતું હતું, ત્યારે મેં તેઓશ્રીને કહ્યું કે : ''આશ્રમમાં હાલ વાતાવરણ બરાબર નથી. માટે આપ પાંચે બ્રહ્મચારીઓ (પૂ.શ્રી બ્રહ્મચારીજી, શ્રી મોતીભાઈ ભગતજી, શ્રી મોહન-ભાઈ બોરીઆવાળા, શ્રી જેસંગભાઈ બોરીઆ-વાળા, શ્રી રણછોડભાઈ) સીમરડા અમારે ત્યાં પધારો. આપનો બધો ખર્ચ તથા મુમુક્ષુઓ સમાગમ-દર્શનાર્થે આવશે તેમનો રહેવા-જમવાનો ખર્ચ અમે ઉઠાવીશું, અને મહેમાનગતિ કરીશું.'' પૂજ્યશ્રી બ્રહ્મચારીજીએ હસીને કહ્યું : **''કશું નથી. પુદ્ગલની અથડામણી છે.''**

## ભગવાનના ભક્તની સંભાળ


થોડા દિવસ પછી પૂ.શ્રી બ્રહ્મચારીજી સંવત ૨૦૦૬માં સવારે વિહાર કરીને સીમરડા પધાર્યા હતા, અને સાડાત્રણ મહિના રહ્યા હતા. તે દરમ્યાન એક છોકરાને (સોમાભાઈ મંગળભાઈને) ટી.બી. થયો હતો. તેને ત્યાં ગયા અને સ્મરણ-મંત્ર આપ્યો હતો. રોજ સાંજે ભક્તિ ઊઠ્યા પછી મુમુક્ષુઓ સાથે એને ત્યાં જઈ વાંચન કરતા. થોડા દિવસ પછી તેનો દેહ છૂટી ગયો હતો.


## શૂળો સાફ કરી તો બીજે બેઠા

સીમરડામાં પૂ.શ્રી બ્રહ્મચારીજી સાડાત્રણ મહિના રહ્યા તે વખતે ત્યાંનો હરિજન (ભંગી) મારા બાપુજીને આવીને કહે કે તમારા મહારાજ બાવળિયા નીચે કેટલી બધી શૂળો હોય છે ત્યાં ધ્યાનમાં બેસે છે. ત્યારે નારણભાઈ કહે, તું સાફ કરી દેજે. ત્યારે હરિજને કહ્યું : **મેં સાફ કર્યું ત્યારે બીજી જગ્યાએ જઈને બેસે છે.**

# શ્રી મોરારજીભાઈ લલ્લુભાઈ પટેલ

નવસારી



## વચનામૃત વાંચવાની આજ્ઞા

હું જ્યારે વડોદરામાં ભણતો ત્યારે અવાર-નવાર આશ્રમમાં આવતો. જ્યારે શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત છપાઈને બહાર પડ્યું ત્યારે હું તે લઈ આશ્રમમાં મારી રૂમ ઉપર મૂકી આવ્યો. પછી પ.પૂ.શ્રી બ્રહ્મચારીજીની રજા લેવા ગયો કે હવે કાલે જવું છે. પ.પૂ.શ્રી બ્રહ્મચારીજી બીજું કશું બોલ્યા નહીં પરંતુ આટલું જ કહ્યું કે **"શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત બહાર પડ્યું છે તે વાંચજે."** આમ કહી મને વચનામૃત વાંચવાની આજ્ઞા આપી છે તે મને પછીથી સમજાયું.

## પૂર્વે પાપ કર્યા હોય તે અનાર્ય દેશમાં જાય

હું ભણીને નોકરીએ લાગ્યો. અમારા સગાંએ અમો ચાર ભણેલાઓ માટે આફ્રિકા-ઝાંબિયા જવાની પરમિટ મોકલી. બીજા ત્રણે ભાઈઓએ જવાની તૈયારી કરી લીધી. અમારા ઘરના બધા ખુશ થયા કે આપણું ભાગ્ય ખૂલી ગયું. પરદેશ જઈને હવે ભાઈ ખૂબ કમાશે. પણ હું દ્વિધામાં હતો કે જવું કે નહીં. એવામાં મારે અગાસ આશ્રમમાં આવવાનું થયું. વિચાર આવ્યો કે પ.પૂ.શ્રી બ્રહ્મચારીજીને પૂછી જોઉં. તે માટે ઉપર ગયો. તેમની પાસે ઘણા મુમુક્ષુઓ બેઠેલા હતા અને ધર્મની વાત ચાલતી હતી. મારા પૂછ્યા પહેલા તેઓશ્રીએ બોધમાં જણાવ્યું કે **"જેમણે પૂર્વે પાપ કર્યા હોય તે અનાર્ય દેશમાં જાય."** હું તો આ વાત સાંભળી આભો જ બની ગયો. આજે કેટકેટલા લોકો પરદેશ જવા માટે આકાશ-પાતાળ એક કરે છે. ત્યારે પૂજ્યશ્રીએ તો કાંઈ જુદી જ વાત કરી. તે વખતે મને ખબર નહોતી કે આર્ય કુળ અને ભરત ખંડમાં, આર્યક્ષેત્રમાં બહુ પુણ્ય હોય તો જ જન્મ મળે. છતાં તે વખત પૂરતું મેં જવાનું માંડી વાળ્યું. મારા મિત્રો ગયા. તેમનો પત્ર આવ્યો કે અહીં તો મોટી દુકાનમાં મળસ્કે પાંચ વાગ્યાથી રાત્રે બાર વાગ્યા સુધી કામ કરવું પડે છે અને દિવસે પણ અજવાળુ ન આવે તેવી કોટડીમાં સૂવું પડે છે. અને માસિક ફક્ત પાંચ પાઉંડ મળે છે. આમ વેઠ કરવી પડે છે. આ જાણી મેં મનમાં પ.પૂ. શ્રી બ્રહ્મચારીજીનો ખૂબ જ આભાર માન્યો.




શ્રી મોરારજીભાઈ

ત્યાર બાદ વ્યાવહારિક સગાંઓના લગ્ન પ્રસંગે તેમજ જોવા-ફરવાના નિમિત્તે પરદેશ જવાના પ્રલોભનો બે-ત્રણ વાર ઊભા થયા, છતાં તે અનાર્યભૂમિમાં જવાની ઇચ્છા જ થતી નથી. આ બધો પ્રતાપ પ.પૂ.શ્રી બ્રહ્મચારીજીના ઉપર જણાવેલા બોધ-વાક્યોનો છે.

## 'આવતે વર્ષે માળા થાય કે ન થાય, હમણા કરી લો'

હું સંવત્ ૨૦૦૯ની દિવાળીની માળા ગણવા આશ્રમમાં આવ્યો હતો. ત્યારે સભામંડપમાં પ્રસંગોપાત્ત પૂજ્યશ્રીએ જણાવ્યું કે : **"આવતે વર્ષે માળા થાય કે ન થાય, હમણાં કરી લો."**



આશ્રમમાંથી ઘેર ગયા ને બે દિવસ થયા હતા ને સમાચાર મળ્યા કે પૂ.શ્રી બ્રહ્મચારીજીએ વિ.સં.૨૦૧૦ના કારતક સુદ ૭ને દિને સાંજે કાયોત્સર્ગમાં દેહ છોડ્યો છે. તે જાણી હું ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો કે જાણે કાયમને માટે મારું કોઈ અંગત સગું મને અનાથ મૂકીને ચાલ્યું ગયું!

# શ્રી ડાહ્યાભાઈ નાથુભાઈ પટેલ

ધામણ



પૂજ્યશ્રી બ્રહ્મચારીજી

## વ્રત લીધા પછી દુઃખાવો ઉપડ્યો નથી

પૂજ્યશ્રી બ્રહ્મચારીજી અત્રે ધામણ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમમાં પધાર્યા હતા. તે પ્રસંગે અમો ઘરના બધા માણસો દર્શન સમાગમ અર્થે ગયા હતા. ત્યારે પૂ.શ્રી બ્રહ્મચારીજીએ મારા ધર્મપત્નીને જ સંબોધીને પૂછ્યું : ''તમે કંદમૂળ વાપરો છો?'' અમો સર્વે ઘરમાં કંદમૂળ તો વાપરતા નહોતા. તેથી જવાબમાં તેણે જણાવ્યું કે : ''બીજા કંદમૂળ તો હું વાપરતી નથી પણ મને ઘણા વર્ષોથી પેટમાં આશરે પંદર પંદર દિવસે દુઃખાવો ઊપડે છે, તે વખતે પેટમાં ઘણું જ દુઃખે છે, અને તે બેભાન પણ કરી નાખે છે. તેથી તે રોગના ઉપચાર માટે એકલા આદુની છુટ રાખેલી છે, જેના ઉપયોગથી મને આરામ જેવું થાય છે.''



શ્રી ડાહ્યાભાઈના પત્ની

તેના જવાબમાં પ.પૂ.શ્રી બ્રહ્મચારીજીએ કહ્યું : **''પૂર્વે અભક્ષ્ય વસ્તુ ખાધી છે, તેથી આવા દુઃખો ઊપડે છે, તે ખાવા યોગ્ય નથી.''** ત્યારે તેણે કહ્યું કે : ''મારાથી છૂટતું નથી, પણ મારું જે થવાનું હશે તે થશે, હવે મને એ ન ખાવાનું વ્રત આપો.'' પ.પૂ.શ્રી બ્રહ્મચારીજીએ વ્રત આપ્યું. પછી જીવન પર્યંત પેટનો દુઃખાવો ઊપડ્યો નથી.


## અમારા ઘરમાં બીજો ધર્મ જોઈએ નહીં

પૂ.શ્રી બ્રહ્મચારીજી તેમના છેલ્લા વર્ષમાં સડોદરા રાજમંદિમાં પધારેલા. નજીકના ગામ કુચેદમાં મારા માસી રહેતા હતા. સરઈ ગામે પ.પૂ.પ્રભુશ્રીજી અમારા ઘરે પધારેલા ત્યારે તેમણે તેઓશ્રીના દર્શન કરેલા. તે વખતે ઘરના બધાએ સ્મરણમંત્ર લીધો હતો, પણ તે રહી ગયેલા. છ માસ અગાઉ તેઓ બીમાર થયા ત્યારે તેમણે મને કહેલું કે ''ભાણા, મને હવે કોણ આત્મ-કલ્યાણનું સાધન આપે? તું મને અપાવજે.'' મેં કહેલું કે હું જોઈશ. તે અભણ હતા. પૂજ્યશ્રી સડોદરા આવેલા જાણી અમો સડોદરા ગયેલા. ત્યારે પૂ.શંકર ભગત વગેરેને સાથે લઈ અમારા માસીને મંત્ર આપવાની રજા લેવા માસા પાસે ગયા. ત્યારે તેમણે કહ્યું : ''અમારે અમારો ધર્મ છોડી, બીજો ધર્મ અમારા ઘરમાં જોઈએ નહીં.'' પૂ.શંકર ભગતે ઘણી સમજૂતી માસાને આપી, પણ તેમણે તેનો સ્વીકાર કર્યો નહીં.



શ્રી ડાહ્યાભાઈ

## નિત્ય નિયમ સંબંધી વાર્તાલાપ કરતા પૂ.શ્રી બ્રહ્મચારીજી



## વિના આમંત્રણે પધારી મંત્ર આપ્યો

સંજોગવશાત્ બીજે દિવસે પૂજ્યશ્રી બ્રહ્મચારીજી સ્વયં સંઘ સાથે કુચેદના લલ્લુભાઈ વગેરેના આમંત્રણથી પૂજા નિમિત્તે ત્યાં પધારેલા. ત્યારે પૂ.શંકર ભગત સાથે ફરી અમો માસાની રજા લેવા માટે ગયા, પણ તેમણે માન્યું નહીં. ત્યારે શંકર ભગત વગેરે, પૂજા ચાલુ થઈ એટલે પૂજામાં જતા રહ્યા. હું બેસી રહેલો. માસી અને હું બન્ને એ સંબંધી વિમાસણમાં હતા કે હવે કેમ કરવું? તેટલામાં પૂજ્યશ્રી વગર આમંત્રણે માસીને સ્મરણ મંત્ર આપવા પધાર્યા. પૂ.શ્રી બ્રહ્મચારીજીને કોઈએ પણ આ વાતની જાણ કરી નહોતી. છતાં તેઓ નિવાસસ્થાનેથી નીચે ઊતરી સડોદરાના શ્રી હરિભાઈ તથા પોતાની સાથે જે આશ્રમના ભાઈઓ હતા તેમને સાથે લઈ કોઈના પણ આમંત્રણ વિના માસી પાસે આવી પહોંચ્યા. તેમને નિત્યનિયમ સંબંધી વાત કરી અને મંત્ર-સ્મરણ આપ્યું.

## દર્શનમાત્રથી ભાવમાં પલટો

પૂજ્યશ્રીએ જ્યારે ઘરમાં પ્રવેશ કર્યો તે વખતે તેમના દર્શનમાત્રથી જ માસાને તેમના પ્રત્યેનો અનાદરભાવ મટી જઈ આદરભાવ થયો, અને પોતે જાતે જ ખુરશી લાવી તેઓશ્રીને બેસાડ્યા હતા. થોડી વાર પછી પૂજ્યશ્રીએ માસાને પૂછ્યું : **''તમે ભણેલા છો?''** તેમણે હા કહી. ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું : **''આ બાઈ ભણેલા નથી માટે તમે આ ભક્તિના પાઠો તેમને વાંચી સંભળાવશો?''** જવાબમાં તેમણે કહ્યું : ''મહારાજ, તમે કહ્યું એટલે તો મારે એ કરવું જ પડશે.'' પછી માસીના મરણ વખતે પણ માસાએ તેમને સ્મરણ કરાવ્યું, ચિત્રપટના દર્શન કરાવ્યા અને નિત્યનિયમના પાઠ વાંચી સંભળાવ્યા હતા. અંતે તેમનો દેહત્યાગ પણ સ્મરણ કરતાં કરતાં થયો હતો.

# શ્રી મગનભાઈ શંકરભાઈ પટેલ

સુણાવ



હું 'જ્ઞાનપ્રચાર'નામનું માસિક ચોપાનિયું વાંચતો. તેના તંત્રી તરીકે શ્રી 'ગોરધનભાઈ કાળીદાસ પટેલ' (પૂજ્યશ્રી બ્રહ્મચારીજી)નું નામ હતું.

## મંત્રપ્રાપ્તિ

મારી ઓગણીસ વર્ષની ઉંમરે, અગાસ આશ્રમમાં પ.પૂ. પ્રભુશ્રીજીની હાજરીમાં, તેમની આજ્ઞાથી પૂ.શ્રી બ્રહ્મચારીજી મને રાજમંદિરમાં લઈ ગયા. ત્યાં સાત વ્યસનનો ત્યાગ અને સાત અભક્ષ્યનો ત્યાગ સારી રીતે સમજાવ્યો, અને તત્ત્વજ્ઞાનમાં મંત્ર લખી આપ્યો : **'સહજાત્મસ્વરૂપ પરમગુરુ'. ભક્તિના વીસ દોહરા, ક્ષમાપનાનો પાઠ અને યમનિયમના પાન નંબર શોધી નોંધી આપ્યા.** વળી કહ્યું, **''રોજ ભક્તિ કરવી,'' ''થોડે થોડે મોઢે કરવું.''** ત્યારથી હું નિયમિત ભક્તિ કરું છું.

## સુબોધ પાઠશાળા

સુણાવમાં મેં દેરાવાસી અપાસરામાં પાઠશાળા ખોલેલી. તેમાં **મોક્ષમાળા, આત્મસિદ્ધિશાસ્ત્ર, કૃપાળુદેવના પદો, જૈન ચૈત્યવંદન વિધિ, આલોચના** વગેરે શીખવતો. ત્યાં સંવત્ ૧૯૬૮માં પરમકૃપાળુ દેવનો ચિત્રપટ પધરાવેલ. આ પાઠશાળાનું નામ **'સુબોધ પાઠશાળા'** રાખવું એમ પૂજ્યશ્રી બ્રહ્મચારીજીએ મને સૂચવ્યું. શાળામાં ૪૫ બાળકો હતા. અવારનવાર પાઠશાળાની મુલાકાતે શ્રી પંડિત લાલન, શ્રી સૌભાગ્યભાઈ ચુ.શાહ,માસ્તર પોપટલાલ ઘીવાળા, પંડિત ગુણભદ્રજી, શ્રી રાવજીભાઈ દેસાઈ વગેરે આવતા. શાળામાં અવારનવાર પ્રભાવના, પેન્સિલ, નોટબુક, લાડુ વગેરેની થતી.

## નામ અને સરનામુ લખવાનું ભૂલી ગયો

ઈ.સ. ૧૯૪૪માં અમદાવાદ ટ્રેનિંગ કૉલેજમાં હું ભણવા ગયો. તે અગાઉ મેં રાત્રિભોજન ત્યાગ અને કંદમૂળ ત્યાગની પ્રતિજ્ઞા લીધી હતી. હું અમદાવાદ ગયો ત્યારે ચારેક દિવસ ચાલે તેટલી સુખડી લેતો ગયો. ત્યાં પહોંચી મેં પ.પૂ.શ્રી બ્રહ્મચારીજીને પત્ર લખ્યો કે મને બે વર્ષ માટે રાત્રિભોજનની છૂટ આપો.

પૂજ્યશ્રીનો જવાબ તરત જ વળતી ટપાલે ત્રીજે દિવસે મળ્યો. તેમાં લખેલું : **''તમને છૂટ નહીં મળે. અમદાવાદ શહેરમાં જૈન વીશી મળી રહેશે. વળી તમે પત્ર લખ્યો પણ ઉતાવળથી તમારું નામ કે સરનામું લખવાનું ભૂલી ગયા છો.''**

છતાં પૂજ્યશ્રીએ પોતાના અંતર્ જ્ઞાનથી મારું નામ અને સરનામું લખી મને પત્રનો જવાબ ટ્રેનિંગ કૉલેજમાં લખી મોકલેલો.

## અલ્યા, ભૂખ્યા આવ્યા છો?

એક વખત અમને ખબર મળી કે પૂ.શ્રી બ્રહ્મચારીજી બહારગામ જાત્રાએ જવાના છે. અમને દર્શનની ઇચ્છા થઈ, માટે લાવો દર્શન કરવા જઈએ એમ ધારી હું, શાંતિ પટેલ અને બીજો એક છોકરો સવારની નિશાળેથી છૂટી સીધા ખેતરાળુ રસ્તે પરભારાં અગાસ ગયા. ત્યાં પહોંચ્યા ત્યારે સાડાબાર વાગ્યા હતા. ત્યારે પૂજ્યશ્રી બ્રહ્મચારીજીએ **''અલ્યા, ભૂખ્યા આવ્યા છો?''** એમ કહી તેમની સેવામાં રહેલા શ્રી રણછોડજીને કહ્યું : **''જા, આમને ખીચડી વધી હોય તો ખવરાવ.''** પછી અમે બ્રહ્મચારી ભાઈઓના રસોડે ખીચડી ખાધી હતી.

## સૌમ્યમુદ્રાનો પ્રભાવ

હું અવારનવાર શનિ-રવિ, રજા અને વેકેશનમાં આશ્રમમાં જતો. મને તો તેમના 'મુખડાની માયા' લાગેલી. જાણે જોયા જ કરું. હું કશું પૂછું નહીં. બીજા પૂછે તેનો જવાબ સાંભળ્યા કરું. તેમની સૌમ્યમુદ્રા અને વચનનો પ્રભાવ પડતો.

પત્રો લખે તે પરબીડિયા ઉપર સરનામું કરી ખુલ્લો મને આપે અને કહે : **''જા, પોસ્ટ કરજે.''** હું પૂછું : ''વાંચું.'' તો કહે : **''વાંચજે.''** આમ મને વાંચવાની જિજ્ઞાસા થાય તેવી રીતે વર્તે.

## ગ્રંથો વાંચવાની ભલામણ

પૂજ્યશ્રી બ્રહ્મચારીજીએ મને પ્રથમ બેન્જામિન ફ્રેંકલિનનું જીવનચરિત્ર વાંચવા આપેલું. પછી મોતીભાઈ અમીનનું જીવન ચરિત્ર વાંચવા આપ્યું. પછી **'મણિરત્નમાળા'** જે સંસ્કૃત શ્લોક અને ગુજરાતી વિવેચન સાથે હતી, તે વાંચવા આપી. પછી શ્રી ટોડરમલજી કૃત **'મોક્ષમાર્ગ પ્રકાશક'** વાંચવા આપેલો. પછી **'ઉપમિતિભવપ્રપંચ'**ના મોટા ત્રણ ભાગ છે તે વાંચવા ભલામણ કરેલી તે મેં સુણાવ વાંચેલા. પૂજ્યશ્રી મને કહે, **''યાદ રાખજે, હું પૂછીશ.''** એટલે મારે ધ્યાનપૂર્વક વાંચવું પડતું અને, મને પૂછતા પણ ખરા.

## પ્રભુશ્રીજીના પત્રો વાંચી આંખમાં આંસુ

ત્યાર પછી તેમની પાસે હસ્તલિખિત ચોપડા હતા, જેમાં કૃપાળુદેવ ઉપર મુમુક્ષુઓના પત્રો તથા મુમુક્ષુઓએ પરસ્પર એક-બીજા ઉપર લખેલા પત્રો તથા શ્રી ઠાકરશીભાઈ આદિના નિવેદનો હતાં, તે ચોપડા મને વાંચવા આપેલા. તેમાંના કૃપાળુદેવ ઉપરના પ.પૂ.પ્રભુશ્રીજીના પત્રો વાંચી આંખમાં આંસુ આવતાં, રોઈ પડાતું.

તેમાંથી લગભગ ચારસો જેટલા પત્રો મેં અને નડિયાદના નારણભાઈ દેસાઈએ ઉતારી લીધેલા. તે ઉતારેલી નોટ મેં પૂજ્યશ્રી પાસે રજૂ કરી. તેઓશ્રીએ કહ્યું : ''આ નોટ વાંચી તેની ઈન્ડેક્ષ (સાંકળિયું) કરો.'' તે પ્રમાણે દરેક પત્ર વાંચી મથાળું પાડી અનુક્રમણિકા લખેલી.

## પૂજ્યશ્રીના સમાગમનો લાભ

પૂજ્યશ્રીની સાથે સીમરડા, દંતાલી, કાવિઠા, સુણાવ, કાસોર, ઢુંઢાકુવા, આશી, અગાસ, ઉત્તરસંડા, નડિયાદ, ભાદરણ, સીસવા, કુચેદ, અંભેટી, સડોદરા, ધામણ, વવાણિયા, પાલીતાણા, વટામણ જવાનો અને સત્સંગ, ભક્તિ, દર્શનનો લાભ મળેલો.

બાળકોને શીખવવા માટે મેં મોક્ષમાળાના શબ્દાર્થ વગેરેની નોંધ કરેલી તે ૬૭ પાઠ સુધી લખેલી. તે મેં પૂ.શ્રી બ્રહ્મચારીજી આગળ રજૂ કરી. તેમાં તેમણે કેટલાક સુધારા અને સૂચનો કરી આપ્યા. તે નોટ ૬૭માં પાઠથી અધૂરી જ રહી.

## સાચા બ્રહ્મચારી

તેઓશ્રી સાચા બ્રહ્મચારી હતા. પ.પૂ.પ્રભુશ્રીજી માત્ર તેમને જ 'બ્રહ્મચારી' કહી બોલાવતા. જેના નામે જમનામૈયા માગ આપે એવા બ્રહ્મચારી છે એમ કહેતા.

પ.પૂ.પ્રભુશ્રીજી જૂનાગઢ રહેવા ગયેલા ત્યારે તેમની સેવામાં સુણાવના કાભાઈ મુનદાસ રહેતા. ત્યાર પછી અગાસ આશ્રમ સ્થપાયો. ત્યારે કાભાઈ સુણાવ આવી રહેલા. તે દરરોજ મંદિરે (ઉપાશ્રયે) સત્સંગમાં આવે.

## સમાધિમરણ કરાવવા ઓચિંતુ આગમન

એક દિવસ ઓચિંતા પૂ.શ્રી બ્રહ્મચારીજી અગાસ આશ્રમથી સુણાવ ઉપાશ્રયે આવી પહોંચ્યા, અને કહે : **''કાભાઈ મુનદાસને ત્યાં જવું છે.''** અમે બધા પૂજ્યશ્રી સાથે કાભાઈને ત્યાં ગયા. કાભાઈ માંદા હતા. ત્યાં ભક્તિ કરી તેમને મંત્રની સ્મૃતિ આપી જાગ્રત કરી પૂજ્યશ્રી ત્યાંથી પાછા વળ્યા. થોડી જ વારે કાભાઈએ દેહત્યાગ કર્યો. કાભાઈ માંદા હતા તે અમે ગામમાં હોવા છતાં જાણતા નહોતા, પણ કાભાઈના જીવનનો આજે છેલ્લો દિવસ છે એમ અંતર્જ્ઞાનથી જાણી પૂજ્યશ્રી સુણાવ આવી પહોંચ્યા હતા.

## આ બટન તો ચાંદીના છે

એક વાર પૂજ્યશ્રી બ્રહ્મચારીજીને મેં કહ્યું : ''હું તો કંઈ સોના-રૂપાની જણસ પહેરતો નથી.'' પૂજ્યશ્રીએ મારી સામું જોઈ કહ્યું—**''આ બટન તો ચાંદીના છે.''** (આ બટન મારી બાએ, પહેરણ ધોવા બદલ્યું ત્યારે ઘાલેલાં).


મને ઘણી વાર કહેતા : **''આ વીતરાગ માર્ગ છે, શૂરવીરનો માર્ગ છે. દીનતા કરવી નહીં.''**

## અનેક ગ્રંથોનું સર્જન

પૂજ્ય શ્રી બ્રહ્મચારીજીએ ઘણાયે ગ્રંથોનું સર્જન કર્યું. કોઈકના તરજુમા, કોઈકના અર્થ, કોઈકનું વિવરણ, સંકલન અને પ્રકાશન કર્યું. કેટલાક તેમના મૌલિક ગ્રંથો છે, જે ગુજરાતી ગદ્ય-પદ્યમાં છે. છતાં ક્યાંયે પોતાનું નામ નથી. પોતે તો જાણે કૃપાળુદેવમાં વિલીન થઈ ગયેલા.

**'ગ્રંથ યુગલ'** : સીમરડાના નિવાસ દરમ્યાન લખાયું. જૈન અને વેદાંતની સરવાણી – નદીનાં વહેણ સંગમરૂપ.

**'ઉપદેશામૃત'** : પરમ પૂજ્ય પ્રભુશ્રીજીના વચનોને ગ્રંથસ્થ કરવું આકરું કામ છે. તે તો આમલીના પાનના પતરાળા કરવા જેવું કઠિન કામ, કુશળતા અને કળા માંગી લે છે. તે પણ કર્યું.



## પરમકૃપાળુદેવે ભવિષ્ય ભાખેલું કે 'પ્રજ્ઞાવબોધ' કોઈ કરશે



### કડીએ કડીએ પરમકૃપાળુદેવના ગુણગાન

**'પ્રજ્ઞાવબોધ'** : શ્રી પરમકૃપાળુદેવે ભવિષ્ય ભાખેલું કે **'પ્રજ્ઞાવબોધ'** ભાગ ભિન્ન છે. તે કોઈ કરશે. તેના મથાળા પરમ-કૃપાળુદેવે લખેલા તે ઉપરથી પૂ.શ્રી બ્રહ્મચારીજીએ પ્રજ્ઞાવબોધ રચ્યો. જુદા જુદા ગેય રાગોમાં, છંદમાં અને પરમકૃપાળુદેવે આપેલા વિષયોમાં તે રચાયો છે. પણ ક્યાંયે પોતાનું નામ નથી લખ્યું. જેમ રામચરિતમાનસમાં લીટીએ લીટીએ શ્રી રામજીને ગાયા છે, જેમ ભાગવતમાં શ્લોકે શ્લોકે ભગવાન વિષ્ણુને ગાયા છે, તેમ પ્રજ્ઞાવબોધની કડીએ કડીએ પરમકૃપાળુ પરમાત્માને ગાયા છે. દરેક પાઠની પહેલી કડી પરમ કૃપાળુદેવની સ્તુતિરૂપે છે, તે ઘણું કરીને ધ્રુવપદે ફરી ફરી આવે છે.

પ.પૂ.શ્રી બ્રહ્મચારીજીની આગળ કોઈ વ્યાવહારિક વાત કરીએ તો તેને પોષણ ન મળે પણ યુક્તિથી તે વાત ફેરવી નાખી પારમાર્થિક બનાવે.

### પરમકૃપાળુ દેવના માર્ગને પ્રકાશમાં આણનાર

આ પુરુષે પરમકૃપાળુદેવના માર્ગને પ્રકાશમાં આણ્યો છે. પોતે પાયાની ઇંટ થઈને રહ્યા છે. તેમના હાથે ઘણાં મંદિર સ્થપાયાં. પણ ક્યાંય પોતાનું નામ નહીં. પોતે જાણે કંઈ છે જ નહીં એમ જાણી પરમકૃપાળુદેવમાં વિલીન થઈ ગયા.

તેઓશ્રી હજારો મુમુક્ષુઓના પરિચયમાં આવેલા છતાં દરેકના નામ, ઠામ, ગામ, સ્વભાવથી પ્રાયે વાકેફ હતા.

પ.પૂ.પ્રભુશ્રીજીની સેવામાં આવ્યા તે સાચા સેવાભાવથી; નામના કે કોઈ પણ ભૌતિક લાલચથી નહીં. આ મહાપુરુષે આશ્રમને પોતાનું સમગ્ર જીવન અર્પણ કર્યું હતું.

### 'ઉપકારી કો નહિં વીસરીએ'

આવા મહાપુરુષ પોતાનાં વખાણ કદી ન કરે. પણ આપણે 'ન-ગુણા' ન થવું જોઈએ. ઉપકારીનો ઉપકાર ભૂલવો ન જોઈએ.

### કાયોત્સર્ગ મુદ્રામાં દેહત્યાગ

આ પુરુષ આખી જિંદગી કૃપાળુદેવમાં વિલીન થઈને જીવ્યા, અને અંતે દેહોત્સર્ગ પણ તેમના જ ચરણમાં-તેમની જ વીતરાગ મુદ્રા સમક્ષ કાયોત્સર્ગ મુદ્રામાં કર્યો.

આ પુરુષે પોતાના પૂર્વના મહાપુરુષોના ગુણગ્રામ - ભક્તિ કરી છે, અને તેમની ભક્તિ કરવા સર્વને જણાવ્યું છે. જેમ હનુમાનને યાદ કરતાં શ્રી રામજીની ભક્તિ અને બહુમાન થાય જ, તેમ પૂ.શ્રી બ્રહ્મચારીજીના નામ સાથે પરમકૃપાળુ પરમાત્મા અને પ.પૂ.પ્રભુશ્રીજી યાદ આવે જ.

### બધા આશ્રમો પરમકૃપાળુદેવના નામથી ચાલે

સ્વામી શ્રી વિવેકાનંદને કારણે તેમના ગુરુ સ્વામી રામકૃષ્ણ પરમહંસનું નામ વધારે પ્રગટમાં આવ્યું છે, ઢંકાઈ ગયું નથી. તેમના બધા મિશનો 'રામકૃષ્ણ મિશન'ના નામે ચાલે છે. તેમ આ ઉપકારી પુરુષો વડે પરમકૃપાળુ પરમાત્માનો વીતરાગ માર્ગ વિશેષ વિશેષ પ્રગટમાં આવ્યો છે. બધા આશ્રમો વગેરે પરમકૃપાળુદેવના નામે જ ચાલે છે.

### દેહોત્સર્ગ પછી આખી રાત ભક્તિ

પૂ.શ્રી બ્રહ્મચારીજીના દેહોત્સર્ગના સમાચાર સાંભળતા હું આશ્રમમાં પહોંચી ગયો. આખી રાત વચલે દરવાજે રાજમંદિરની નીચે ભક્તિ કરી. બીજે દિવસે આશ્રમની ચારે બાજુ સ્મશાનયાત્રા વરઘોડારૂપે કાઢી. હાલ જ્યાં તેઓશ્રીનું સમાધિસ્થાન છે ત્યાં અગ્નિસંસ્કાર બપોરે થયેલો.

**"પુનિત એ ગુરુવર્યના પદપંકજે મુજ શિર નમે,**
**દુર્લભ મનોહર સંત સેવા વિરહથી નહિં કંઈ ગમે.**
**એ જ્ઞાનમૂર્તિ હૃદય સ્ફુરતી આંખ પૂરતી આંસુથી,**
**નિર્મળ નિરંજન સ્વરૂપ પ્રેરક વચન વિશ્વાસે સુખી."**

-પ્રજ્ઞાવબોધ પુષ્પ ૨૫



તેઓશ્રીના સંસર્ગમાં મારે ઘણું રહેવાનું બનતું. કોઈ પણ પુરુષના પ્રત્યક્ષ સમાગમની મારા ઉપર વિશેષ ઊંચી સારી છાપ પડી હોય તો તે પૂ.શ્રી બ્રહ્મચારીજીની.

# પ્રાધ્યાપક શ્રી દિનુભાઈ મૂળજીભાઈ પટેલ

વડોદરા



## આશ્રમની શાંતિ અને ચિત્રપટોની મુદ્રાઓ જોઈ આનંદ

પૂ.શ્રી બ્રહ્મચારીજીની ઓળખાણ સન્ ૧૯૪૬માં મારા કાકા શ્રી શિવાભાઈ ચતુરભાઈ પટેલે મને અગાસ આશ્રમમાં લઈ જઈ કરાવેલી. અગાસ આશ્રમની સ્વચ્છતા, શાંતિ, પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્ર અને પ.પૂ.શ્રી લઘુરાજ સ્વામીના ચિત્રપટોની મુદ્રાઓ જોઈ હું ઘણો ખુશ થતો.

## હું પણ તેમનો વિદ્યાર્થી હતો

મારા પૂ. પિતાશ્રી મૂળજીભાઈ ચતુરભાઈ પટેલ પૂ.શ્રી બ્રહ્મચારીજી સાથે એક જ રૂમમાં પેટલાદ બોર્ડિંગમાં રહી હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા. હું વડોદરા કૉલેજનો વિદ્યાર્થી બની તત્ત્વજ્ઞાનનો વિષય લઈ તે જ કૉલેજમાં તત્ત્વજ્ઞાનનો હું અધ્યાપક બન્યો. પૂ.શ્રી બ્રહ્મચારીજી જ્યારે આણંદમાં દાદાભાઈ નવરોજી હાઈસ્કૂલના આચાર્ય હતા, તે વખતે હું પણ તેમનો વિદ્યાર્થી હતો. મહાત્મા ગાંધીજીની દાંડીકૂચ વખતે હાઈસ્કૂલનો અભ્યાસ છોડી સ્વયંસેવક તરીક જોડાયેલો. આ બધી વિગતો જાણી પૂ.શ્રી બ્રહ્મચારીજી મને પોતાના બાળકની જેમ ગણતા.

## ઇંગલેંડ જતાં મળેલ સ્મરણમંત્ર

જ્યારે હું વડોદરા રાજ્યની શિષ્યવૃત્તિ લઈ વધુ અભ્યાસ માટે બે વર્ષ (સન્ ૧૯૪૭ થી ૧૯૪૯) ઈંગલેન્ડ ગયો તે વખતે હું આશ્રમમાં પૂ.શ્રી બ્રહ્મચારીજીના આશીર્વાદ લેવા ગયેલો. ત્યારે તેમણે મને જુલાઈ ૧૯૪૭માં રાજમંદિરમાં સ્વહસ્તે પરમકૃપાળુ દેવના ચિત્રપટ સામે સ્મરણમંત્ર આપેલો અને તેનું નિત્ય સ્મરણ કરવા કહેલું, જે રોજ કરવાથી મુખપાઠ થઈ ગયેલું.

## પૂજ્યશ્રીના ગુણો

તેમનો સરળ સ્વભાવ, સ્વચ્છ અને સાદો સફેદ પોશાક, અને સર્વનું ભલું કરવાની મહેચ્છા આ બધા તેમના સદ્ગુણો મને બહુ જ ગમ્યા હતા. પછી તો ઘણી વાર મારે તેમની સાથે વાતચીત કરવાના પ્રસંગો બનતા.

કફોડા પ્રસંગો જે આશ્રમમાં તેમને પસાર કરવા પડેલા તે પ્રસંગોમાં પણ તેમનો ચહેરો આનંદિત જ રહેતો. આવા પ્રસંગોમાં શાંતિ અને ધીરજથી કામ લેવાની તેમની રીત અનોખી હતી.

## ટૂંકાણમાં સમજાવવાની સરળ રીત

પૂ.શ્રી બ્રહ્મચારીજી સાથે હું સવાર-સાંજ સભામંડપમાં વાંચન વખતે તેમની બહુ નજદીક બેસતો. તે વખતે ન સમજાય તેવા **'શ્રીમદ્ રાજચંદ્ર'** ગ્રંથના વચનામૃતોને સહેલાઈથી, સહજતાથી અને ટૂંકાણમાં સમજાવવાની તેમની રીત મને બહુ જ અસર કરી ગયેલી.

## આત્મસિદ્ધિ વિચારવાની આજ્ઞા

જેમ સોક્રેટિસને અજ્ઞાન માટે દયા આવતી તેમજ પૂજ્ય શ્રી બ્રહ્મચારીજીને અજ્ઞાન-પીડિતો માટે દયા આવતી અને અનુકંપાભાવ રાખી તેમના પ્રત્યે પ્રવર્તતા. કદી ક્રોધ કે આવેશ તેમનામાં મેં જોયા નથી, તેમજ સાંભળ્યા પણ નથી. હું તેમનો સ્વકીય છું એવું મને હંમેશાં લાગ્યા કરતું, સમજાયા કરતું. તેમણે મને આત્મસિદ્ધિ વાંચી વિચારવા કહેલું તે મુજબ મારાથી બન્યો તેટલો અભ્યાસ કર્યો છે.

## પરમકૃપાળુદેવ પ્રત્યેનો અનન્ય ભક્તિભાવ

પૂ.શ્રી બ્રહ્મચારીજીના તલસ્પર્શી લખાણોમાં તેમનો પરમકૃપાળુદેવ પ્રત્યેનો અનન્ય ભક્તિભાવ સભર ભરેલો છે. ઉત્તમ દેશભક્તોના સમાગમથી તેમણે પ્રથમ દેશભક્તિ, પછી પ.પૂ.પ્રભુશ્રીજીના સમાગમથી ગુરુભક્તિ અને છેલ્લે આત્મચિંતન મનન નિદિધ્યાસન કરી પોતાનું આત્મકલ્યાણ સાધ્યું. તેઓ સાચા અર્થમાં પરમકૃપાળુદેવના અનન્યભક્ત તેમજ પૂ.શ્રી લઘુરાજ સ્વામીના અદના શિષ્ય અને તેમના નિર્વાણ પછી શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમના પ્રાણપ્રેરક તેમજ અધ્યાત્મજ્ઞાનાનુભવના પૂરક હતાં. તે ત્રણેય મહાપુરુષોના પરમ અનુગ્રહથી શ્રીમદ્‌રાજચંદ્ર આશ્રમની બધી આધ્યાત્મિક પ્રવૃત્તિઓ ફાલીફૂલી છે, અને ભવિષ્યમાં તેમ જ થશે. આ આશ્રમ બહારના તાપથી થાકેલાનો આશરો છે.

## પી.એચ.ડી. કરતાં શ્રેષ્ઠ કાર્ય

આત્મસિદ્ધિનું ગદ્ય અંગ્રેજીકરણ પૂ.શ્રી બ્રહ્મચારીજી સાથે નિયમિત લગભગ ૧૦ થી ૧૫ દિવસ બેસી આશ્રમમાં જ શબ્દે શબ્દ અમે બન્નેએ જોઈ તપાસી પૂરું કરેલું. તે વખતે મને કહેલું કે **"પી.એચ.ડી. કરતાં પણ આ કામ ઘણું સારું થયેલું છે. આની પ્રસ્તાવના તથા છપદના પત્રનું પણ અંગ્રેજી તમારે લખવાનું છે."**

## વારંવાર આશ્રમમાં આવજો


સાંજે જમ્યા બાદ વડોદરા જતાં મને અગાસ સ્ટેશને મૂકવા આવેલા અને ગાડીમાં બેસી મારી ગાડી ઊપડી ત્યાં સુધી તેઓશ્રી મને આનંદથી આશિષ આપતા રહેલા અને **"વખત કાઢી વડોદરાથી વારંવાર આશ્રમમાં આવજો"** એમ કહેલું. આ પ્રસંગો જ્યારે હું યાદ કરું છું ત્યારે આધ્યાત્મિક સ્વજનોના સ્નેહ અને પ્યારનો મને ખ્યાલ આવે છે. એવા ઉત્તમ પુરુષોની છત્રછાયામાં હંમેશાં રહેવાય એવી ભાવના અને લાયકાત મારે કેળવવી રહી.

## મને જ લખવા કેમ કહ્યું તે સમજાણું

આત્મસિદ્ધિના ગદ્ય અંગ્રેજીકરણ વખતે મને ક્યાંથી ખ્યાલ હોય કે આવા વહાલસોયા વડીલ ગુરુ ત્યાર પછી આશરે ૧૫ દિવસ પછી દેહ છોડી જશે. તે સમાચાર ભાઈ શ્રી શાંતિલાલે મને વડોદરા કહ્યા ત્યારે મને કંઈક ખ્યાલ આવ્યો કે આત્મસિદ્ધિના અંગ્રેજી અનુવાદ સાથે તેની પ્રસ્તાવના વગેરે મને જ લખવા તેમણે કેમ કહેલું.

## અતિપ્રિય સત્પુરુષને મારા વારંવાર નમસ્કાર


હવે તેઓ આશ્રમમાં સદેહે નહીં મળે તેથી ઘણું દુઃખ અનુભવેલું અને હું તથા ભાઈ શ્રી શાંતિલાલ તરત જ આશ્રમમાં આવ્યા અને તેમના દેહની અગ્નિસંસ્કાર ક્રિયા વખતે હાજર રહી, તેમને ત્યાં નમસ્કાર કરી, પ્રદક્ષિણા કરી અમારાથી કંઈ પણ ભૂલ થઈ હોય તો તેની તેમની ચિતા સમક્ષ અમે માફી માગી. તે અતિપ્રિય સત્પુરુષને મારા વારંવાર નમસ્કાર હો.



# શ્રી નાથાભાઈ ભીખાભાઈ સુથાર

સુણાવ

## પૂજ્યશ્રીની પ્રેરણાથી સુણાવમાં પાઠશાળા



પ.પૂ.બ્રહ્મચારીજી સુણાવ એક માસ ને બે દિવસ રોકાયા હતા. તે વખતે તેઓશ્રી બોધ આપતા અને ઘણા ઉલ્લાસ ભાવથી મુમુક્ષુઓ ભક્તિ ભજન કરતા હતા.

તેઓશ્રીની પ્રેરણાથી અમોએ સુણાવમાં ૪-૫ વર્ષ પાઠશાળા ચલાવી હતી.

એક વાર પૂજ્યશ્રી દંતાલી ચાલીને જતા હતા. ત્યારે રેલવે ગરનાળા પાસે સાયકલ ઉપર એક બાળક આવતો હતો. તેને બચાવવા જતાં પોતે બાજુ પર ખસી જતાં ઢીંચણમાં છોલાયું હતું અને આંગળીએ લોહી પણ નીકળ્યું હતું. છતાં તેની કંઈ પણ દરકાર કર્યા વિના તેઓશ્રી મંત્ર બોલતા સીધા દંતાલી ગયા હતા.

## આશ્રમમાં પગ મૂકો ત્યારે પૂનમ ગણવી

એક વાર સુણાવના ફૂલાભાઈ કુબેરભાઈ પટેલ અને હું પૂનમ જાણીને અગાસ આશ્રમમાં ગયા. પણ તે દિવસે પૂનમને બદલે પડવો હતો. ફૂલાકાકા બોલ્યા : ''ભીખુ, આજે તો પૂનમ નથી, પડવો છે.'' તે વખતે પ.પૂ.બ્રહ્મચારીજી સહેજે બહાર આવતાં અમારી આ વાત સાંભળીને બોલ્યા : **''જ્યારે જ્યારે આશ્રમમાં પગ મૂકો ત્યારે પૂનમ ગણવી. ઉલ્લાસભાવ રાખવો.''**

## ચહેરો શાંત અને તેજસ્વી

તેઓશ્રી મને પદો, પત્રો, મુખપાઠ કરવા માટે નિશાની કરી આપતા. તેઓશ્રીનો ચહેરો શાંત, લલાટ તેજસ્વી અને આંખો પણ બ્રહ્મચર્યના તેજથી ખીલી ઊઠી હતી.

તેઓશ્રીના દેહોત્સર્ગના સમાચાર મળતાં જ હું અને ગોરધનભાઈ વલ્લભભાઈ પટેલ બન્ને સુણાવથી ચાલતાં આશ્રમમાં રાત્રે બે વાગે આવી પહોંચ્યા હતા. તે વખતે પૂજ્યશ્રીના પાર્થિવ દેહને રાજમંદિરના નીચેના દરવાજામાં બિરાજમાન કરી તેમની આગળ મંત્ર સ્મરણની ધૂન ચાલતી હતી, ત્યાં બેઠા હતા. બીજે દિવસે બપોરે પૂજ્યશ્રીના અગ્નિસંસ્કારનો વિધિ પૂર્ણ કરી શોક સહિત ઘરે ગયા હતા.

# શ્રી રાવજીભાઈ છગનભાઈ દેસાઈ

અગાસ આશ્રમ



### ઉપદેશામૃતનું કાર્ય પૂજ્યશ્રીના હાથે

સંતશિરોમણિ પ્રભુશ્રીજીની સેવામાં સર્વાર્પણપણે જીવન સમર્પી પરમકૃપાળુદેવની આજ્ઞા આરાધનાર તથા મુમુક્ષુઓને પરમકૃપાળુદેવની આજ્ઞા આરાધન પ્રત્યે વાળવા પ્રયત્નશીલ થઈ સેવા અર્પનાર અધ્યાત્મ-પ્રેમી સદ્ગત પૂ. શ્રી બ્રહ્મચારીજીએ આ ગ્રંથના સંપાદન કાર્યમાં ઘણા ઉલ્લાસથી અને ખંતથી પોતાની સર્વ શક્તિ અને સમયનો ભોગ આપી પરિશ્રમ લીધો છે. જેથી **આ ગ્રંથ પ્રકાશનનો સર્વ યશ તેમને જ ઘટે છે.**

તેમની દોરવણી પ્રમાણે આ ગ્રંથ (ઉપદેશામૃત) સંપાદિત થયો છે. તેના ફળરૂપે આજે આ ગ્રંથ મુમુક્ષુઓને સાદર કરતાં આનંદ ઊપજે છે. પરંતુ તે સાથે અત્યંત ખેદની વાત એ છે કે આ ગ્રંથ તૈયાર થઈ મુમુક્ષુઓના કરકમળમાં આવે તે પહેલાં એ પવિત્ર આત્માનો દેહોત્સર્ગ થયો.

વીતરાગશ્રુત-પ્રકાશનરૂપ આશ્રમના ગ્રંથ પ્રકાશનમાં તેમણે જીવન પર્યંત આપેલી સર્વોત્તમ સેવાઓ માટે તેમને ધન્યવાદપૂર્વક અત્રે સ્મૃતિ-અંજલિ અર્પવી ઘટે છે. -'ઉપદેશામૃત' નિવેદનમાંથી (પૃ.૫)

### પરમકૃપાળુદેવ પ્રત્યે જ સ્થિર થવાનો ઉપદેશ

**પ.પૂ.પ્રભુશ્રીએ** પોતાની હયાતી દરમિયાન **જેમ એક જ પરમકૃપાળુદેવની શ્રદ્ધા, ભક્તિ, ઉપાસનામાં સ્થિર થવા વારંવાર ઉપદેશ આપ્યો છે,** તેમાં જ સાધકનું પરમ આત્મહિત રહ્યું છે, એમ ઉપદેશ્યું છે. તેમ **પૂ.શ્રી બ્રહ્મચારીજીએ પણ એક પરમકૃપાળુદેવ ઉપર જ સ્થિર થવાનું વારંવાર દૃઢતાપૂર્વક જણાવ્યા કર્યું છે.**

**પરમકૃપાળુદેવ** અને **પ.પૂ.પ્રભુશ્રીજીના યોગબળે** આ મૂળ માર્ગ **રત્નત્રય આશ્રમ થયો,** વિકાસ પામ્યો અને વર્તમાન ઉન્નતિએ આવી પહોંચ્યો. તે માટે **આશ્રમ તેમનો જેવી રીતે અત્યંત આભારી છે,** તેવી જ રીતે પ.પૂ.પ્રભુશ્રીના દેહોત્સર્ગ પછી પણ તેમની આજ્ઞાનુસાર જેમણે મુમુક્ષુઓની ઉન્નતિમાં પોતાની નિષ્કામ સેવાનો ફાળો આપ્યો છે એવા **પૂ.શ્રી બ્રહ્મચારીજીનો....પણ આ આશ્રમ તેટલો જ આભારી છે.** ('સુવર્ણ મહોત્સવ'માંથી)

### કાયોત્સર્ગમાં દેહત્યાગ

શ્રી સનાતન મોક્ષમાર્ગના ઉદ્ધારક પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રદેવના અનન્ય આજ્ઞાઉપાસક આત્મનિષ્ઠ મહર્ષિ શ્રીમદ્ લઘુરાજ સ્વામીના પરમ પુનિત ચરણોપાસક અને તેમની સેવામાં સર્વાર્પણપણે જીવન અર્પણ કરી સ્વપરહિત માટે જ સદાય પ્રવર્તતા, સતત ઉલ્લાસ અને ખંતથી પરમાર્થપ્રેમી મુમુક્ષુજનોને સદાય પરમાર્થના પ્રેરક-દ્યોતક નીવડનાર શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ (અગાસ)માં બિરાજતા અધ્યાત્મપ્રેમી પૂ.શ્રી બ્રહ્મચારીજી ગોવર્ધનદાસજીનો સંવત ૨૦૧૦ કાર્તિક સુદ ૭ના શુક્રવારે સાંજના ૫.૪૦ કલાકે સમાધિપૂર્વક કાયોત્સર્ગમાં એકાએક દેહત્યાગ થવાથી સર્વ મુમુક્ષુ સમુદાયને પરમખેદનું કારણ બન્યું છે.

### મુમુક્ષુઓની અંજલિ

તેઓશ્રીનો જન્મ બાંધણી ગામે ચરોતરની પાટીદાર કોમમાં થયેલો. તે આશ્રમમાં સને ૧૯૨૨-૨૩માં આવેલા. અત્રે તેઓશ્રીની અંતિમ વિધિ પ્રસંગે એકત્ર થયેલા સેંકડો મુમુક્ષુઓના ભાવભીના હૃદયમાં અત્યંત આઘાત અનુભવાયો છે. આ પ્રસંગે અગાસ આશ્રમના વિદ્વાન ટ્રસ્ટી શ્રી અમૃતલાલ પરીખજીએ તેઓશ્રીને નીચે પ્રમાણે અંજલિ આપી હતી.

### પવિત્ર આત્માના પવિત્ર ગુણો

આજના આ પ્રસંગે મારું હૃદય બહુ ભરાઈ આવેલ છે. એટલે વધારે તો કહી શકતો નથી. આ પવિત્ર આત્માના પ્રત્યેક ગુણનું વર્ણન કરું તો બહુ વખત લાગી જાય તેમ છે. કોઈ પણ પવિત્ર આત્માની કિંમત તેના જીવનકાળમાં આપણે આંકી શકતા નથી. પણ જેમ જેમ કાળ જાય છે તેમ તેમ તેની કિંમત આપણે શાંતિથી આંકતા જઈએ છીએ.

પરમ કૃપાળુ મહાવીરના સનાતન મૂળ આત્મધર્મનો ઉદ્ધાર પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીએ આ કાળમાં કર્યો છે. અને તેનો ઉદ્યોત પરમકૃપાળુ આત્મનિષ્ઠ શ્રીમદ્ લઘુરાજજીએ એકનિષ્ઠપણે જીવનપર્યંત કર્યો છે. આ પરમકૃપાળુ શ્રીમદ્ લઘુરાજજીને, એકનિષ્ઠપણે, માનપૂજાને અવગણી, નિઃસ્પૃહપણે, સર્વાર્પણપણે, આજ્ઞાંકિતપણે આ પવિત્ર આત્માએ અનન્ય સેવા આપેલ છે.

### પરમાત્મપદના આનંદમાં પોતે ઝીલ્યા અને ઝીલાવ્યા

પરમકૃપાળુ લઘુરાજજીના દેહાવસાન પછી લગભગ સત્તર વર્ષ સુધી **પરમાત્મપદના આનંદમાં અતિ ઉલ્લાસપૂર્વક પોતે ઝીલ્યા અને આપણ સર્વ મુમુક્ષુઓને ઝિલાવ્યા.** તે માટે સ્વપરહિતાર્થે જ અપ્રમત્તપણે જેણે જીવન ગાળ્યું એવા આ પાવન આત્માની ગુણસ્મૃતિ શું કરી શકાય? છતાં તે બદલ મારા વતી અને આપ સર્વની વતી ભક્તિભર ચિત્તથી, ઉત્તમગતિ વરેલ એવા આ પવિત્ર આત્માને છેવટની અંજલિ આપું છું.

આ જગતમાં આ પવિત્ર આત્મધર્મનો જય થાઓ!



પૂ.શ્રી બ્રહ્મચારીજી

આ નિમિત્તે શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસમાં કાર્તિક સુદ ૧૧ થી કાર્તિક વદ ૪ સુધી **અઠ્ઠાઈ મહોત્સવ** રાખવામાં આવ્યો છે. તો સર્વ મુમુક્ષુબંધુઓને તેનો લાભ લેવા વિનંતિ છે. શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, સ્ટે. અગાસ. તા. ૧૪-૧૧-૫૩



લિ. સંતચરણરજ રાવજીભાઈ દેસાઈ

## શ્રી ચીમનલાલ ગોરધનદાસ દેસાઈ

નડિયાદ

સંવત ૧૯૭૯માં વૈષ્ણવકુળમાં મારો જન્મ થયો હતો. મારાં દાદીમા અત્યંત ભાગવત પ્રેમી હતાં. બાળપણમાં શ્રી રામ-ચંદ્રજી તેમજ શ્રીકૃષ્ણજી વગેરેના ચરિત્રો તેમની પાસે સાંભળતાં મને ધર્મના સંસ્કાર પડ્યા. ત્યારબાદ શ્રીમદ્ ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણે વર્ણવેલ આત્માનું વર્ણન સાંભળતાં તેમજ સ્વામીશ્રી રામતીર્થના આત્મા ઉપરના પ્રવચનો વાંચતા આત્મા તરફ મારો ઝુકાવ થયો.

ત્યાર બાદ વિ.સં. ૨૦૦૦માં કોઈ સુભગ પળે મારા મિત્ર શ્રી નારણભાઈ દેસાઈ મને અગાસ આશ્રમમાં લઈ આવ્યા અને પ.પૂ.બ્રહ્મચારીજી સાથે મને બે ત્રણ દિવસ સત્સંગ કરવાનો શુભ પ્રસંગ સાંપડ્યો.

મને પ.પૂ.બ્રહ્મચારીજીની મુદ્રા પરમશાંત સૌમ્ય લાગી અને મેં જે પ્રશ્ન કર્યા તેના મને સુંદર પ્રતીતિકર ઉત્તર મળ્યા. ત્યારબાદ તેઓશ્રીએ મારા પર કૃપા કરી મને **'તત્ત્વજ્ઞાન'** પુસ્તિકા આપી. તેમાં કૃપાળુદેવના ચિત્રપટ ઉપર **''સહજાત્મસ્વરૂપ પરમગુરુ''** એમ લખી આપ્યું અને વીસ દોહા, યમનિયમ તથા ક્ષમાપનાના પાઠ પર નિશાન કરી નિત્યનિયમ તરીકે ભણવા જણાવ્યું. વિશેષમાં સાત વ્યસનનો ત્યાગ અને અભક્ષ્ય પદાર્થોનો ત્યાગ કરવા પણ સૂચવ્યું હતું.

આ પ્રસંગને અનુલક્ષીને મને પરમકૃપાળુદેવનું જીવન-ચરિત્ર વાંચવાનો યોગ સાંપડ્યો. તેમાં પરમકૃપાળુદેવે દર્શાવેલ અદ્ભુત અવધાન શક્તિથી હું ઘણો જ પ્રભાવિત થયો. અને તે સમયે જ આત્માની કેવી શક્તિ હોય તેનો મને કંઈક પરિચય થયો. વિશેષમાં પરમકૃપાળુદેવે મુમુક્ષુના લક્ષણ જેવાં કે અખંડ નીતિનું મૂળ આત્મામાં સ્થાપવું, દ્રવ્યાદિ સંપાદન કરવામાં ન્યાયસંપન્ન રહેવું, વગેરે જે ઉપદેશેલાં છે તેની મારા પર ગાઢ છાપ પડી અને તે મુજબ જીવન વિતાવવું એમ વિચાર્યું.

જો મને પ.પૂ.બ્રહ્મચારીજીનો સત્સંગ ન થયો હોત તો હાલ મારા જીવનમાં જે પરિવર્તન થયું છે કે થઈ રહ્યું છે તે થાત કે કેમ તે પ્રશ્ન છે. માટે એ સર્વનું શ્રેય તે પ.પૂ.બ્રહ્મચારીજી સાથે સંવત્ ૨૦૦૦માં થયેલ પ્રથમ ઘનિષ્ઠ સત્સંગને છે, એમ નમ્રતાપૂર્વક નિવેદન કરી અત્રે વિરમું છું.

# શ્રી ગોવિન્દજી જીવરાજ લોડાયા

મુંબઈ

## પૂ.શ્રી બ્રહ્મચારીજી ધ્યાનસ્થ મુદ્રામાં



આજથી ઘણા વર્ષે પૂર્વે અગાસ આશ્રમમાં જવાનું થયું ત્યારે આશ્રમનું વાતાવરણ બહુ જ આહ્‌લાદક છતાંયે ગંભીર, ભક્તિ ઘંટારવથી ગાજતું છતાંયે શાંત, સૌ પોતાની ભક્તિકર્તવ્યમાં પ્રવૃત્ત હોવા છતાંયે આત્મીયતાભર્યું ભાસ્યું હતું. દેવદર્શન, ગુરુવંદન સિવાય પણ રાત્રે ભક્તિરસનો ગુંજારવ કંઈક અનોખી ભાવના પ્રેરતો.

આવું પવિત્ર વાતાવરણ અપરિપક્વ મગજ ઉપર જામતું હતું. તેટલામાં બે ત્રણ દિવસ પછી દેવવંદન કરાવનાર અધ્યાત્મપ્રેરક વિભૂતિ પૂજ્યશ્રી બ્રહ્મચારીજીના વધુ સાનિધ્યમાં આવવાનું બન્યું. અમારા માતુશ્રી અમને શાંતિસ્થાનમાં તેમની પાસે લઈ ગયા, અને અમને ગુરુમંત્ર આપવાની દરખાસ્ત કરી.

તે પહેલા કેટલીક વાતચીત દરમ્યાન પૂ.શ્રી બ્રહ્મચારીજીએ મને પૂછ્યું : ''તારા પિતાજી સટ્ટો કરે છે?'' મેં કહ્યું ''હા કરે છે.'' ફરી પૂછ્યું : ''તું કરીશ?'' મેં કહ્યું : ''ના.'' આવા પ્રકારની ટૂંકી વાતચીત પછી તેઓશ્રીએ સાત વ્યસનનો અને સાત અભક્ષ્યનો ખ્યાલ આપ્યો. મેં માખણ સિવાયની વસ્તુઓ છોડવાનો નિયમ આપવા વિનંતી કરી એટલે 'તત્ત્વજ્ઞાન' પુસ્તકમાં સ્વહસ્તે તેમણે નિયમ લખી આપ્યા અને ''તાજું માખણ લેવું, સ્વાદ માટે નહીં.'' એમ પણ લખી દીધું. પછી ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ'' નો મંત્ર મુખપાઠ કરાવ્યો અને આ મંત્ર-જાપ પણ નિયમિત કરવા જણાવ્યું. મંત્રદાન બાદ માતુશ્રીએ ઇશારત કરતાં મેં દંડવત્ કર્યાં અને ઊભા થઈને મેં સહેજ તેઓશ્રીને જણાવ્યું : ''સાહેબ, આપ ઊભા રહો તો.''

''કેમ?'' બોલતા તેમના પ્રભાવપ્રેરક વદન પર ગાંભીર્ય હતું.

મેં તેમને કહ્યું- ''આપનો ફોટો લેવો છે.''

સહેજ વિચાર કરવા અટક્યા પછી મારા મનના ભાવ ન તોડવાના ઇરાદાથી જાણે તેઓએ મૂક સંમતિ આપી હોય તેમ પોતે સહજ ભાવે કાઉસગ્ગ મુદ્રામાં ઊભા રહ્યા. એ ગંભીર છતાંયે પ્રસન્ન મુખમુદ્રા આ આસનમાં વધુ પ્રતિભાશાળી જણાતી હતી. મેં ફોટો ઝડપી લીધો, જે અહીં આગળ આપેલ છે. પછી જાણવા મળ્યું કે તેઓશ્રી કોઈને પોતાની છબી પાડવાની અનુમતિ આપતા નહોતા. આ વાતથી બીજાઓને સહેજ નવાઈ લાગી. મારી યુવાભાવનાને ન તોડવાનો તેઓશ્રીનો કરુણામય વ્યવહાર મને સ્પર્શી ગયો.

# શ્રી ઓટરમલજી કે. સાટિયા

શિવગંજ



## સાચા ગુરુ માટે કરેલી પ્રાર્થના સફળ

(૧) આ પુરુષ નિઃસ્પૃહ છે. (૨) આ પુરુષ આપ્ત પુરુષ છે, મોક્ષમાર્ગમાં મને છેતરશે નહીં. (૩) મને સાચા ગુરુ મળી ગયા, ભગવાને આજે મારી પ્રાર્થના સાંભળી લીધી.

આમ ત્રણે વાતોનો એક સાથે પૂ.શ્રી બ્રહ્મચારીજીના આત્મામાંથી મારા આત્મા ઉપર સહજ સ્વાભાવિકપણે પ્રતિભાસ થયો. એ એમનું ગુણાતિશયપણું હતું. હું શાંતિનાથ ભગવાન આગળ દેરાસરમાં બે વર્ષથી સાચા ગુરુની પ્રાપ્તિ માટે રોજ પ્રાર્થના કરતો. કોઈ ગૌતમસ્વામી જેવા, કોઈ હેમચંદ્રાચાર્ય જેવા સાચા ગુરુ આ કાળમાં જ્યાં હોય ત્યાંથી મને મળો. સાચા ગુરુ પાસેથી હે ભગવાન! હું આપનો સાચો ધર્મ સમજીશ. આપનો ધર્મ અતિ ગહન છે, અગાધ છે; તેથી સર્વાંગે મારાથી નહીં આરાધાય, અંશે આરાધીશ. જો ધર્મ આરાધીશ તો સાચો ધર્મ જ આરાધીશ અને નહીં તો ધર્મ જ નહીં આરાધું. પૂ.શ્રી બ્રહ્મચારીજીની ઉપર મુજબ પરમ કરુણા અગાસ આશ્રમમાં તેમની બેઠકના ઓરડામાં થઈ ત્યારે સાચા મોક્ષમાર્ગ માટે મને નિરાંત થઈ ગઈ. તેઓશ્રી મને તત્ત્વજ્ઞાન આપતી વખતે રાજમંદિરમાં પરમકૃપાળુદેવના ચિત્રપટ સન્મુખ લઈ ગયા અને કહ્યું કે **'આપણા ગુરુ આ 'શ્રીમદ્ રાજચંદ્ર'** અને ત્યાં પરમકૃપાળુદેવના ચિત્રપટ સન્મુખ પોતે ત્રણ નમસ્કાર કરી મને પરમકૃપાળુદેવની આજ્ઞા માન્ય કરાવી. મારા આપ્ત આ સંતપુરુષના કહેવાથી મને પરમકૃપાળુદેવની આજ્ઞા માન્ય થઈ. સંતના કહેવાથી હું પરમકૃપાળુદેવનો શિષ્ય બન્યો.

## અંતર ચારિત્રમાં બિરાજમાન પરમાત્મા

પૂજ્યશ્રી બ્રહ્મચારીજીના પવિત્ર ચરણકમળમાં હજારો નમસ્કાર કરવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું હતું, પણ જ્યારે હું તેમના પવિત્ર પાદમાં નમસ્કાર કરતો ત્યારે ત્યારે તેઓશ્રી પોતે પરમ નિઃસ્પૃહભાવે, પરમ અસંગભાવે, સહજ સ્વરૂપે મારા બધા નમસ્કાર પરમકૃપાળુદેવને પહોંચાડી રહ્યા છે, એવો સ્પષ્ટ ભાસ થતો. તેમના અંતર ચારિત્રમાં ઐક્ય ભાવનો લક્ષ થવાથી તેમના અંતઃકરણમાં બિરાજમાન પરમાત્મા સાથે ઐક્ય ભાવ થતો.

## પૂજ્યશ્રીની અનુભવાત્મક વાણીનો પ્રભાવ

તેઓશ્રીની વાણી સહજ સ્વભાવે પ્રકાશ પામતી, આત્માના શુદ્ધ ઉપયોગને સ્પર્શ કરતી. તે શાંતરસગર્ભિત વાણીનું શ્રવણ કરતા જ રહીએ, તે વાણીરૂપી અમૃતનું આત્મામાં સીંચન કરતા જ રહીએ એમ તેમના પરમ સત્સંગમાં થયા કરતું. **'સહજ વિશુદ્ધચે અનુભવ વયણ જે.'** સહજ સ્વરૂપે સ્થિત આત્માના શુદ્ધ ઉપયોગે ઉદય પામતી તેમની અનુભવાત્મક વાણીથી આ આત્મા પાવન થતો. તેઓ સદૈવ સહજ સમાધિયુક્ત દેખાતા, મોક્ષમૂર્તિ સમા દેખાતા. તેમના દર્શનમાત્રથી સર્વ વિકલ્પો શમાઈ જતા.

## સ્વહસ્તે પરમકૃપાળુદેવની સ્થાપના

પરમ કરુણા કરી આ આત્માની અરજ સાંભળી, તેઓ અમારે ઘેર શિવગંજ પધાર્યા અને પરમ કૃપાળુદેવના ચિત્રપટની સ્થાપના સ્વહસ્તે (અમારા ઘરે) કરી. તે વખતે ત્રણ-ચાર દિવસ અમારે ત્યાં રોકાયા હતા. ફરી વાર આહોરથી આશ્રમ જતાં વચ્ચે અમારા ઘરે બે-ત્રણ કલાક માટે **'હેતે આવ્યા હાલી ચાલી'** સ્વેચ્છાએ અચાનક પધાર્યા હતા. સાથે ઘણા મુમુક્ષુઓ પણ હતા. તે વખતે હું ઘરે નહોતો. ઘેર સ્થાપિત થયેલ ચિત્રપટ આગળ ભક્તિ કરી આશ્રમ પધાર્યા હતા.

## સાંગોપાંગ નીતિની પુષ્ટિ

મને વખતોવખત સાંગોપાંગ નીતિની પુષ્ટિ કરાવી વ્યવસાય માટે કહેતા કે, **''તમને પૈસા નહીં બચાવે, પણ ધર્મ બચાવશે.''** એવી રીતે પરમ સંતોષનો ઉપદેશ આપી મને કૃતકૃત્ય કર્યો હતો, અને આશીર્વાદ આપતા ગયા હતા કે જે જૂનું ગયું તે સારું થયું! બધું નવું થશે. મને નાનપણથી જ સાંગોપાંગ નીતિના વિચારો રહ્યા કરતા અને તેમાં પૂ.શ્રી બ્રહ્મચારીજી દ્વારા ન્યાય-નીતિની વિચારણાને પુષ્ટિ મળવાથી આત્મામાં ઘણો જ આનંદ વર્તે છે.

## પરમકૃપાળુદેવ પ્રત્યક્ષ

આબુ બિરાજ્યા હતા ત્યારે એક વાર મેં સહજ પ્રશ્ન કર્યો હતો કે : ''પરમકૃપાળુ દેવ પ્રત્યક્ષ છે?'' તરત ઉત્તર મળ્યો કે **''હા, પ્રત્યક્ષ છે.''**

જૂનાગઢમાં પહાડ ઉપર દેરાસરમાં પોતે એક સ્તવન બોલાવ્યું હતું : **''દેખણ દે રે સખી મુને દેખણ દે, ચંદ્રપ્રભ મુખચંદ સખી મુને દેખણ દે.''** પરમ શાંતિથી, સહજ ભાવે, મધુર વચને, જાણે ભગવાન સાથે વાત કરતા હોય તેમ બોલાવરાવ્યું હતું. જરા પણ કૃત્રિમતા નહીં, વિકૃતિ નહીં. તેમની પ્રત્યેક ચેષ્ટાના અદ્ભુત રહસ્યો ત્યારે દૃષ્ટિગોચર થતા, હૃદયગત થતા.

# પૂજ્યશ્રી બ્રહ્મચારીજીનું નિવાસસ્થાન, આશ્રમ



## મૂળ માર્ગ રત્નત્રય, એ જ જૈન ધર્મ

ઇન્દોરમાં શ્રી હુકમીચંદ શેઠે બગીચામાં પોતાના નિવૃત્તિની બેઠકમાં પૂ.શ્રી બ્રહ્મચારીજીને પ્રશ્ન કર્યો કે ''જૈન ધર્મ શું?'' ત્યારે ઉત્તરમાં તરત જ **'મૂળ મારગ સાંભળો જિનનો રે'** એ પદ બધા મુમુક્ષુઓ સાથે પોતે ગાયું હતું. તે વખતે બેઠકનાં ઓરડામાં અદ્‌ભુત શાંતિ વર્તી રહી હતી. સાક્ષાત્ પરમકૃપાળુદેવ એ પદ બોલી રહ્યા હોય અને શેઠને સંભળાવી રહ્યા હોય તેવું વાતાવરણ સર્જાયું હતું.



શ્રી ઓટરમલજી

## સમાધિમરણ કરવા રાગદ્વેષને ત્યજવા

એક વાર મેં પૂ.શ્રી બ્રહ્મચારીજીને પૂછ્યું કે ''મારે સમાધિમરણ માટે શું કરવું?'' તરત ઉત્તર આપ્યો કે **''રાગ દ્વેષ ન કરવા, જાઓ.''** અર્થાત્ રાગ દ્વેષ ન કરે તો અવશ્ય કલ્યાણ.

# શ્રી ધર્મચંદજી જોરાજી

શિવગંજ



## મારું અહોભાગ્ય

સં.૨૦૦૩માં મારે પહેલી વાર શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમમાં શ્રી ઓટરમલજી સાથે આવવાનું થયું. તે સમયે શ્રી આશ્રમનું ઉત્તમ ભવ્ય સ્થાન જોઈને મને ઘણો આનંદ થયો.

પછી સ્નાન વગેરે કરી, પૂજ્યશ્રીજીના સમાગમ માટે ઉપર ગયા અને પૂજ્યશ્રીજીના દર્શન થતાં અંતરમાં થયું કે મારું અહોભાગ્ય કે આવા મહાપુરુષનો મને આજે સમાગમ થયો. પછી મેં નિત્યનિયમ લીધો.

## નાહવા ધોવામાં રહ્યાં તો આત્મહિત કેમ થશે?

સંવત્ ૨૦૦૫માં હું ફરીથી આશ્રમ આવ્યો ત્યારે પૂજ્યશ્રીજી આશી પધાર્યા હતા, તેથી હું પણ આશી ગયો. બીજે દિવસે કૂવા ઉપર નાહવા ગયો. ત્યાં કપડાં ધોતા સમય ઘણો વીત્યો તેથી હું ભક્તિમાં મોડો ગયો. ભક્તિ ચાલુ હતી. ભક્તિ પૂરી થયે મને પૂજ્યશ્રીજીએ કહ્યું : **"નાહવા ધોવામાં જ સમય ગાળીશું તો આત્મહિત કેમ થશે?"** તે ઠપકાથી મારી ઢીલાશથી કપડાં ધોવાની તેમજ ટાપટીપથી રહેવાની આદત હતી તે સહેજે મટી ગઈ અને ઘણી સફાઈથી કપડાં ધોવામાં સમય ગાળવાનું પણ બંધ થયું.

## મહાન વિભૂતિના દર્શનથી આનંદ

પૂજ્યશ્રીજી સં.૨૦૦૯માં નાસિકથી બોરીબંદર સ્ટેશને પધારવાના છે એવા સમાચાર મળ્યા. તેથી હું અને મારા પત્ની બન્ને સ્ટેશને વહેલા પહોંચી ગયા. પૂજ્યશ્રી ક્યારે પધારે અને તેમના દર્શન થાય એમ રાહ જોતા હતા, એટલામાં જાણે દેવવિમાનમાંથી કોઈ મહાન વિભૂતિ ન આવી હોય તેમ અમને દર્શન થયા અને ઘણો આનંદ થયો.

## શાંતિ અને નીતિથી આજીવિકા મેળવવી

પછી પૂજ્યશ્રી ચોપાટી ઉપર છોટાલાલભાઈને ત્યાં પધાર્યા. અમે પણ ત્યાં ગયા. પૂજ્યશ્રીએ મને ઉપદેશ કર્યો : "શાંતિથી અને નીતિથી આજીવિકા ચાલે તેટલું મળતું હોય, તો શાંતિ રાખવી." તે વચનોએ મારા ઉપર આજ સુધી અસર કરી છે, અને પ્રભુકૃપાએ શાંતિ જળવાય છે. અશાંતિના સંજોગો બને પણ તેમના વચનોથી શાંતિ રહે છે. પછી પૂજ્યશ્રીજી ચાર દિવસ મુંબઈ રોકાયા ત્યાં સુધી અમને તેઓશ્રીના ઉપદેશનો ઘણો લાભ મળ્યો હતો.

## પૂજ્યશ્રીએ કરેલો અનંત ઉપકાર

પૂ.શ્રી બ્રહ્મચારીજીને, પ.પૂ.પ્રભુશ્રીજીના સમાગમથી જે પરમકૃપાળુદેવમાં પરમ ભક્તિ જાગી હતી તે જ પરમ ભક્તિ **'પ્રજ્ઞાવબોધ'** ગ્રંથમાં તેઓશ્રીએ ગાઈ છે. તેમાં ભક્તિની લહેરીઓ છૂટે છે. એવા ભક્તિયુક્ત પદો લખી પૂજ્યશ્રીએ મુમુક્ષુઓ ઉપર અનંત અનંત ઉપકાર કર્યો છે. તે પદોથી મુમુક્ષુઓ પોતાની યોગ્યતા અનુસાર હિત સાધી શકે છે, મોક્ષ પ્રાપ્તિ કરી શકે છે.

## રોમે રોમે પરમકૃપાળુદેવ

પૂજ્યશ્રીના રોમરોમમાં પરમકૃપાળુદેવ સિવાય બીજી વાત નહોતી. જાણે પરમકૃપાળુદેવને જ હૃદયમાં ધારણ કર્યા હોય, પોતે તેમાં જ રમી રહ્યા હોય એમ બિરાજતા અને બોધ કરતા. પૂજ્યશ્રીએ પોતે પરમકૃપાળુદેવમાં રમણતા કરી જે અપૂર્વ આનંદ-સુખ પ્રાપ્ત કર્યું હતું, તે પરમાનંદનું સુખ બીજા ભવ્ય જીવો પણ પ્રાપ્ત કરે તે માટે મુમુક્ષુઓને પણ પરમકૃપાળુદેવમાં પ્રેમ, પ્રીતિ, ભક્તિ કરવા વારંવાર જણાવતા. **'પ્રજ્ઞાવબોધ'**માં પણ તે જ ભક્તિ ગુંજે છે. અહો! ધન્ય છે આવા ઉપકારી સત્પુરુષને કે જેણે આ કિંકર ઉપર તેમજ અનેક મુમુક્ષુઓ ઉપર અલૌકિક દયા વર્ષાવી છે. કોટી કોટી નમસ્કાર હો તેમના ચરણકમળમાં.

# શ્રી પારસભાઈ જૈન

અગાસ આશ્રમ

## પૂજ્યશ્રી બ્રહ્મચારીજીની દિનચર્યા

પૂજ્યશ્રી બ્રહ્મચારીજીની દિનચર્યાનું દિગ્દર્શન મુમુક્ષુઓના અંતરમાં પુરુષાર્થ પ્રેરનાર હોવાથી જાણવા યોગ્ય છે. તેઓશ્રી એક સાચા કર્મઠ યોગી હતા. યોગી પુરુષોના વિચાર, વાણી અને વર્તન અલૌકિક હોય છે.

## સતત પુરુષાર્થમય જીવન


પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજીની હયાતીમાં પ. પૂ.શ્રી બ્રહ્મચારીજી તેમની સેવામાં જ નિશદિન રત રહેતા. સવારના ત્રણ વાગ્યે ઊઠી પ.પૂ.પ્રભુશ્રીજી પાસે ગોમ્મટસાર જેવા ગહન ગ્રંથોનો સ્વાધ્યાય કરતા. બાદ સાડાચાર અથવા પાંચ વાગ્યે ભક્તિનો ક્રમ શરૂ થતો હતો.

પ.પૂ.પ્રભુશ્રીજીના દેહાવસાન બાદ સવારની સાડાચાર વાગ્યાની ભક્તિમાં પૂજ્યશ્રીનું પધારવું થતું. પ્રારંભમાં બોલાતાં પદો તેમજ માળા પણ તેઓશ્રી બોલાવતા. ભક્તિ પૂરી થયે સર્વ દર્શનીય સ્થાનોનાં દર્શન કરવા અર્થે પૂજ્યશ્રી અચૂક જતા. સાથે ઘણો મુમુક્ષુ સમુદાય પણ દર્શનાર્થે જતો.

## મુમુક્ષુઓ સાથે દર્શનાર્થે જતાં પૂ.શ્રી બ્રહ્મચારીજી




પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજીના અંતેવાસી તરીકે રહેલા પૂ.શ્રી બ્રહ્મચારીજીનું નિવાસસ્થાન પ.પૂ.પ્રભુશ્રીજીનો ઓરડો જ હતો. તે ઓરડામાં પ.પૂ.પ્રભુશ્રીજીની પાટ પાસે એક નાના ટેબલ ઉપર તેઓશ્રી અવારનવાર બિરાજતા.



પ.પૂ.પ્રભુશ્રીજીની રૂમમાં બીજી બાજુ આવેલ સફેદ રંગની જે પાટ છે તે પૂજ્યશ્રીનું દરરોજનું બેઠકસ્થાન હતું. સવારમાં લગભગ સાડાઆઠ વાગ્યે મુમુક્ષુઓ પૂજ્યશ્રીના સત્સંગ અર્થે આવતા. પૂજ્યશ્રી બોધ આપતા, મોક્ષમાળા સમજાવતા અથવા આઠ દૃષ્ટિની સજ્ઝાય વગેરેના અર્થ પણ કરતા. સત્સંગમાં પૂજ્યશ્રી મુમુક્ષુઓની શંકાનું સમાધાન કરતા. મને પણ મોક્ષમાળાનો આઠમો પાઠ 'સત્‌દેવ તત્ત્વ' ત્યાં વંચાવી સમજાવ્યો હતો.

## કરવામાં તત્પર



કોઈનું મુખપાઠ થયેલું સાંભળતા, કોઈને મુખપાઠ કરવા માટે પત્રો, ભક્તિના છંદો, મોક્ષમાળા વગેરે આપતા. કોઈને વચનામૃત કે બીજાં પુસ્તકો પણ વાંચવાની આજ્ઞા કરતા. સર્વને આપેલ પાઠ સંબંધી સમયસર પૂછતા પણ ખરા. જેથી સર્વ મુમુક્ષુઓ પ્રમાદરહિત થઈ બપોરે ઊંઘ્યા વિના મુખપાઠ કરતા અથવા શાસ્ત્ર - વાંચનનો લાભ લેતા હતા. જિજ્ઞાસુ મુમુક્ષુઓનું આમ સહજ ધ્યાન રાખી પૂજ્યશ્રી સ્વપરહિતનું કામ કરવામાં તત્પર રહેતા.





સભામંડપમાં
ભણાતી પૂજામાં
બિરાજમાન
પૂ.શ્રી બ્રહ્મચારીજી
તથા
મુમુક્ષુ ભાઈ-બહેનો

તે સમયે
સવારની
ભક્તિનો ક્રમ
સાડાનવ વાગ્યાનો
હતો. દરરોજ પૂજાઓ
ભણાતી નહોતી.
તેથી વાંચનનો
ક્રમ વિશેષ રહેતો.
સભામાં પંડિત
ગુણભદ્રજી
વચનામૃતનું
વાંચન કરતા
અને
પૂજ્યશ્રીને
પૂછતાં
તેઓશ્રી
અર્થના યોગ્ય
ખુલાસા
કરતા હતા.

## ભક્તિ પૂરી થયે નીચે ઊતરતાં પૂજ્યશ્રી બ્રહ્મચારીજી



### સહજ નિરાભિમાની દશા

સં.૨૦૦૬ પછીથી પૂજ્યશ્રીનું કાયમનું નિવાસસ્થાન હાલમાં જે ઓરડામાં પૂજ્યશ્રીના બે ચિત્રપટ દર્શનાર્થે મૂકેલા છે, તે સ્થાન બની ગયું. તે ઓરડામાં મૂકેલ લાકડાની પાટ ઉપર ચટાઈ પાથરેલી રહેતી. તેના ઉપર પૂજ્યશ્રી બિરાજતા. સામે સત્સંગ અર્થે આવેલ મુમુક્ષુભાઈ બહેનો બેસતા. પૂજ્યશ્રી બોધ આપતા તેમજ કોઈને મંત્ર લેવાની ભાવના થાય તો મંત્ર વિષે પણ સમજાવતા. મને આઠ વર્ષની ઉંમરે પૂજ્યશ્રીએ મંત્ર આપ્યો હતો. પૂજ્યશ્રીની બેસવાની તેમજ બોલવાની સહજ નિરભિમાની દશા અદ્‌ભુત હતી.

### બહેનોમાં પણ આત્મજાગૃતિની સંભાળ

સાડા અગિયાર વાગ્યે ભક્તિ પૂરી થયે પૂજ્યશ્રી બ્રહ્મચારી ભાઈઓના રસોડે જમવા જતા. જમ્યા બાદ શાંતિસ્થાન ઉપર ફરતા ફરતા માળા ગણતા. પછી મુમુક્ષુઓ આવ્યેથી તેમની સાથે સત્સંગ અર્થે બિરાજતા. ત્યાંથી લગભગ પોણા એક વાગ્યે શાંતિ-સ્થાનમાં પધારતા. ત્યાં પંડિત ગુણભદ્રજી સાથે બેસી બ્રહ્મચારી બહેનો શ્રી સાકરબહેન વગેરેને શાસ્ત્રો ભણાવતા. **કર્મગ્રંથ, શ્રી સર્વાર્થસિદ્ધિટીકા, સૂયગડાંગ, આચારાંગ, દશવૈકાલિક વગેરે સૂત્ર, તત્ત્વાર્થસાર, લાટીસંહિતા વગેરે ગ્રંથોનો સ્વાધ્યાય થતો હતો.**

ત્યાં દોઢ વાગ્યે બીજાં ઘણા બહેનો પણ આવતાં. તેમને અને બ્રહ્મચારીબહેનોને પણ નવું નવું શીખવા માટે પત્ર અને મોક્ષમાળાના પાઠ આપતા. કોઈનું શીખેલું સાંભળતા. મોક્ષમાળા અને વચનામૃતના પત્રો વગેરેના અર્થો પણ કરતા. આમ બહેનોમાં પણ આત્મજાગૃતિ બની રહે તેની સંભાળ તેઓશ્રી રાખતા હતા.


### ભક્તિમાં અંત સુધી હાજરી

બપોરની ભક્તિનો સમય શિયાળામાં બે વાગ્યાથી ચાર વાગ્યા સુધીનો હતો, તેમજ ઉનાળામાં અઢીથી સાડાચાર વાગ્યા સુધીનો હતો. બપોરે ભક્તિમાં અનેક શાસ્ત્રોનો સ્વાધ્યાય થતો. કોઈને મંત્ર આપવામાં કે પ્રશ્ન સમાધાનના કારણે પૂજ્યશ્રીને ભક્તિમાં આવવામાં મોડું થાય તો પંડિત ગુણભદ્રજી વાંચેલ શાસ્ત્રનો સાર ટૂંકામાં ફરીથી કહી જતા હતા. દરેક ભક્તિમાં પધાર્યા પછી પૂજ્યશ્રી ભક્તિમાં ઠેઠ સુધી બિરાજતા હતા.

## મુનિ જેવી ચર્યા

સાંજની ભક્તિ પૂરી થયે થોડા મુમુક્ષુઓ ઉનાળાના દિવસોમાં સીધા પૂજ્યશ્રી પાસે રાજમંદિરમાં આવતા. ત્યાં કોઈક વાર કોઈ શાસ્ત્રનું વાંચન થતું, અને કોઈક વાર શ્રીમુખે બોધ જ આપતા, અથવા કોઈને કંઈ પૂછવું હોય તો તેના મનનું સમાધાન કરતા. અરધોપોણો કલાક સત્સંગ કરી મુમુક્ષુઓ ભોજન અર્થે જતા અને પૂજ્યશ્રી દૂધ વાપરી દિશાએ જતા.દિશાએથી આવ્યા પછી હાથપગ ધોઈ સીધા ઉપર રાજમંદિરમાં જઈ પરમકૃપાળુદેવના ચિત્રપટ સમક્ષ 'ઈરિયાવહી' કરી ધ્યાન કરતા. લઘુશંકા કે દીર્ઘશંકાએ જઈ આવ્યા પછી પણ તરત પરમકૃપાળુદેવ સમક્ષ ધ્યાન કરતા. એવી તેઓશ્રીની મુનિ જેવી ચર્યા હતી.

## દેવવંદન સમયે સર્વ પ્રથમ પ્રવેશ



સાંયકાળે દેવવંદનનો ઘંટ વાગ્યે સર્વ મુમુક્ષુભાઈ બહેનો સભામંડપના ચોકમાં આવી ઓટલા પર બેસતા. દસ-પંદર મિનિટ પછી પૂજ્યશ્રી બ્રહ્મચારીજીનું દેવવંદન કરવા અર્થે પધારવું થતું. તે સમયે મુમુક્ષુઓનું ધ્યાન રાજમંદિર તરફ રહેતું. પૂજ્યશ્રી રાજમંદિરના દાદર ઉપરથી ઊતરે છે એમ જાણ થતાં બધા મુમુક્ષુભાઈઓ સભામંડપના ચોકમાં દક્ષિણ દિશાવાળા લોખંડના દ્વાર પાસે રસ્તાની બેય બાજુ ઊભા થઈ ગોઠવાઈ જતા. પૂજ્યશ્રી જ્યારે સભામંડપના ચોકના દ્વારમાં પ્રવેશ કરે તે સમયે મુમુક્ષુઓ **'સદ્‌ગુરુ દેવકી જય' 'પરમકૃપાળુ દેવકી જય'** એમ મોટેથી બે વાર જય બોલાવતા.બાદ પૂજ્યશ્રી સર્વ પ્રથમ જિનમંદિરના પગથિયા ચઢતા. તેઓશ્રીની પાછળ જ બધા મુમુક્ષુઓ ઉપર ચઢતા. દેવવંદન થયા પછી તેઓશ્રી શ્રીજિનમંદિર તથા ભોંયરામાં દર્શન કરી ઉપર રાજમંદિરમાં પધારતા. આ પ્રમાણે દરરોજનો ક્રમ હતો.



**દેવવંદન સમયે પૂ.શ્રી બ્રહ્મચારીજીના સાષ્ટાંગ દંડવત્ નમસ્કાર**

દેવવંદન વખતે પરમકૃપાળુ દેવના ચિત્રપટ સામે પૂજ્યશ્રી માટે લગભગ છ ફૂટની ચટાઈ હૉલમાં શેતરંજી આગળ પાથરવામાં આવતી. તે ઉપર પૂજ્યશ્રી દેવવંદન વખતે સાષ્ટાંગ દંડવત્ નમસ્કાર કરતા. નમસ્કાર કરતી વેળા તેઓશ્રી એક પગ પર બીજો પગ અંગૂઠાના આધારે અધ્ધર રાખી નમસ્કાર કરતા હતા.

## પ્રતિક્રમણ કરતાં પૂ.શ્રી બ્રહ્મચારીજી મુમુક્ષુ ભાઈઓ સાથે



દેવવંદન પૂરું થયે તેઓશ્રી થોડાક મુમુક્ષુઓ સાથે દરરોજ પ્રતિક્રમણ કરતા. પ્રતિક્રમણમાં આવેલ પ્રથમ કાયોત્સર્ગમાં **પૂજ્યશ્રીની અડોલ સ્થિરતા નિહાળી એક વાર ચકલી ખભા ઉપર આવી નિર્ભયપણે બેઠી હતી.**

પ્રતિક્રમણ પૂરું થયે રાત્રે ભક્તિમાં પધારતા. છેલ્લા વર્ષોમાં શારીરિક નિર્બલતાના કારણે પોતાના ઓરડામાં જ ભક્તિનો ક્રમ બે - ચાર મુમુક્ષુભાઈઓ સાથે પૂર્ણ કરતા હતા.

### રાત્રે ભક્તિમાં વાંચનની શરૂઆત

સંવત્ ૨૦૦૯થી પૂજ્યશ્રીએ સભામંડપમાં રાત્રે વાંચન કરવાની યોજના શરૂ કરી. તે સમયે બ્ર.મોહનભાઈ વચનામૃત વાંચતા અને પૂજ્યશ્રી બ્રહ્મચારીજી તે ઉપર વિવેચન કરતા. શરૂઆતમાં વચનામૃતમાંથી પ.પૂ.પ્રભુશ્રીજી ઉપરના પત્રો ક્રમથી વંચાવી વિવેચન કરેલ. ત્યારપછી પૂ. શ્રી સોભાગભાઈ ઉપરના પત્રો અવળા ક્રમે વંચાવી વિવેચન કરેલ. ઘણા પત્રોનું વિવેચન તે સમયે થયેલું છે, જે બોધામૃત ભાગ-રમાં આપેલ છે.

### રાત્રિ, ધ્યાન સ્વાધ્યાય અર્થે

રાત્રે ભક્તિ પૂરી થયે પૂજ્યશ્રી મુમુક્ષુઓના આવેલ પત્રોના ઉત્તરો લખતા અથવા કોઈ શાસ્ત્રનો અનુવાદ કરતા અથવા **'પ્રજ્ઞાવબોધ'** ના કાવ્યોની રચના પણ કરતા. ઊંઘ નજીવી જ લેતા. સર્વ સમય પુરુષાર્થમય જ રહેતા. તેમને મન રાત્રિ ધ્યાન-સ્વાધ્યાય અર્થે જ હતી.

જ્યારે જુઓ ત્યારે રાત્રે જાગતા જ હોય એવો અનુભવ ઘણાને થયેલ છે. **નૈષ્ઠિક બ્રહ્મચર્યના પ્રતાપે આત્મબલ અદ્ભુત વર્તતું હતું.** ધન્ય છે આવા આદર્શ પુરુષોના સતત સત્પુરુષાર્થને કે જેને જોઈ આપણો આત્મા પણ સત્પુરુષાર્થવંત બની શાશ્વત સુખને પામે.

# શ્રી નિર્મળાબેન ફૂલચંદજી બંદા

આહોર



## ભણતર, ઉપદેશ કરવા માટે નથી

એકવાર પૂ.શ્રી બ્રહ્મચારીજીએ મને કહ્યું :-

''સંસ્કૃત ભણવું છે, તે પોતાને સમજવા માટે; કંઈ ઉપદેશ કરવા માટે ભણવું નથી. સંસ્કૃત બહુ અઘરું છે. તેમાં મન પરોવવું પડે છે માટે ઠીક છે. નવરું મન નખ્ખોદ વાળે.''

## મહાપુણ્યશાળીને ધર્મની ભાવના જાગે

ભાઈઓ પ્રત્યેના રાગને લીધે મને મનમાં વિકલ્પો થયા કરતા કે બધા ભાઈઓને આ અપૂર્વ સત્સંગનો જોગ મળ્યો છે, છતાં કમાવવામાં પડી પૂરો લાભ કેમ લેતા નથી. એ મૂંઝવણની એક વાર પૂ.શ્રી બ્રહ્મચારીજીને મેં વાત કરી. જવાબમાં તેઓશ્રી બોલ્યા :- **''આપણે આપણું કામ કરી લેવાનું છે.** બીજા કરે તો ઠીક, નહીં તો કંઈ નહીં. **આ કાલના જીવો બધા વિષયમાં અને શોખમાં પડેલા છે.** ધર્મની ક્યાં ગરજ છે? **મહા પુણ્યશાળી હોય તેને ધર્મની ભાવના જાગે.** પ.પૂ.પ્રભુશ્રીજી કહેતા કે **ઘણાં પુણ્ય હશે તે આ દરવાજામાં પગ મૂકશે.''**

**''कबीरा तेरी झूंपडी, गलकटे के पास;**
**करेगा सोही भोगवेगा, तुं क्युं भये उदास.''**

આ એક ગાથાએ મારી સઘળી મૂંઝવણ નિર્મૂળ કરી નાખી.

## જીવ મોહમાં તણાઈ જાય માટે સત્સંગમાં રહેવું

એક વાર બોધમાં મને ઉદ્દેશીને જણાવ્યું :- ''ખાસ ક્યાંય મહિનો, બે મહિના જવું પડે તો પણ પોતાનું ચૂકવું નહીં. નિમિત્તમાં તણાવું નહીં. ખાસ લક્ષ રાખવો. મૈસુર તો મુંબઈ જેવું છે. કળિયુગમાં ચેતતા રહીને પોતાનું કામ કરી લેવાનું છે. ખરાબ સંગત ન રાખવી. એટલો જીવ બળવાન નથી; તણાઈ જાય. માટે સત્સંગમાં રહેવું. બને ત્યાં સુધી કોઈને ખોટું લાગે તેમ ન કરવું.''

એક વાર પૂજ્યશ્રીએ કહ્યું :-

## છોકરીઓ ભેગું ભણવાનું ન રાખવું

''પારસ ભણે છે? છોકરીઓ ભેગું ભણવાનું ન રાખવું. આ વરસ પૂરું થાય ત્યારે બીજે મૂકી દેજે. **આ કાળ બહુ ખરાબ છે. સંભાળીને ચાલવા જેવું છે.''**

## આશ્રમમાં રહી ભક્તિ કરો એ જ દીક્ષા

મને દીક્ષા લેવાના ભાવ થતાં જાણી પૂજ્યશ્રીએ કહ્યું :- ''વાતાવરણ ખરાબ છે. અહીંયા (આશ્રમમાં) દીક્ષા જ છે. અહીંયા રહી ભક્તિ કરો. આશ્રમમાં જ રહેવું; ઉત્તમ સ્થાન છે.''

## વેદના વખતે ખેદ તો મરણ વખતે શું?

એક વાર આહોર જતી વખતે પૂજ્યશ્રીને મળવા ગઈ. તે સમયે તેઓશ્રીએ કહ્યું : ''બીમાર પડીએ ત્યારે, દવા મટાડે છે એમ ન રાખવું. દવા તો નિમિત્ત માત્ર છે. શરીરમાં વેદના હોય ત્યારે તેને કસવાનું છે. આટલામાં તું ખેદ કરે છે તો મરણ સમયે કેટલી વેદના આવશે ત્યારે શું કરીશ? માટે હવે પ્રેક્ટિસ કરવા દે. દવામાં લક્ષ ન રાખવો. દવાથી મટશે એવું કંઈ નથી. પણ ઠીક છે, ધર્મકાર્ય કરવામાં વિઘ્ન થતું હોય તો ભક્તિની ઇચ્છાથી કંઈક લેવી પડે તો લેવી, પણ લક્ષ ન ચૂકવો.''

## 'બ્રહ્મચર્ય છે, તે ચારિત્રનો અંશ છે'

વિ.સં. ૨૦૦૮ માગશર સુદ ૨ના રોજ બેંગ્લોરમાં મેં પૂજ્યશ્રીને કહ્યું—બ્રહ્મચર્ય વ્રત લેવાનું છે, યાવત્‌જીવનનું.

પૂજ્યશ્રી—''રજા મળી છે? એ લોકોએ કહ્યું છે?

મેં કહ્યું—હા જી.

પૂજ્યશ્રી—સારું. જવાબદારી છે. આત્મામાં શાંતિ વધવા માટે વ્રત છે. શાંતિ વધવાનું આ સાધન છે. **વ્રત લઈને લક્ષ આત્માનો રાખવો.** બધી અનુકૂળતા છે, છતાં ન કરે તો પોતાનો દોષ છે. **બ્રહ્મચર્ય છે, તે ચારિત્રનો અંશ છે.''**

**''જેમ આવી પ્રતીતિ જીવની રે,**
**જાણ્યો સર્વેથી ભિન્ન અસંગ;**
**તેવો સ્થિર સ્વભાવ તે ઊપજે રે,**
**નામ ચારિત્ર તે અણલિંગ.''** -મૂળમારગ૦

## દશા વધારવા ઘણા પુરુષાર્થની જરૂર

''દિવસે દિવસે દશા વધે એવું કરવાનું છે. પુરુષાર્થની ઘણી જરૂર છે. કોઈ પણ કામ કરવું હોય તો પુરુષાર્થ કરવો પડે છે. આ તો મોટું કામ છે. માટે ઘણા પુરુષાર્થની જરૂર છે. **'આત્મસિદ્ધિ' છે તે ઘણા શાસ્ત્રોનો સાર છે.** મુખપાઠ કરી હોય તો આના વિચાર કરાય. ત્રણ પાઠ રોજ કરવા. પ્રમાદ ન કરવો.

આત્માને ભૂલવો તે બધો પ્રમાદ. પ્રમાદ કોને કહેવાય?

આત્માને ભૂલવો તે પ્રમાદ છે. પૂર્વના પુણ્યે જોગ તો મળ્યો છે. હવે ન કરે તો પોતાની જ ખામી છે. સંસાર પ્રત્યે ઉદાસીનતા-વૈરાગ્ય રાખવો.'' પછી મને પૂજ્યશ્રીએ મૈસુરમાં માગશર સુદ ૬ના રોજ પરમકૃપાળુદેવ સમક્ષ આત્મસિદ્ધિની પૂજા દરમ્યાન યાવત્‌જીવન બ્રહ્મચર્યવ્રત આપ્યું. નિર્મળાબેનનો સમાધિપૂર્વક દેહત્યાગ પણ માગશર સુદ ૬ના દિવસે જ થયો.

### અઠ્ઠાઈ સૂવા માટે નથી પણ ભક્તિ માટે છે

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસમાં અઠ્ઠાઈ કરવાની આજ્ઞા લેવા ગઈ ત્યારે —

પૂજ્યશ્રી—''બાર ભાવના વિચારવી. રોજ એક ભાવના-માં ચિત્ત રાખવું. બાર ભાવનામાં ચિત્ત રહેશે તો ખરી અઠ્ઠાઈ થઈ કહેવાય. જીવ ક્યાં ખાય છે? ઠીક છે આ તો દેહને આપવું છે. જીવ તો અણાહારી છે. માટે પ્રેક્ટિસ કરવી છે. કોઈ વખત ગળું પકડાઈ જાય, મંદવાડ આવ્યે ન ખવાય, તો પ્રેક્ટિસ હોય તો કંઈ નહીં એમ થાય. અઠ્ઠાઈ સૂવા માટે કરવી નથી, પણ ભક્તિ માટે કરવી છે. નિવૃત્તિ મળે. ખાવાનું ન હોય તો શાંતિ રહે. ખાસ લક્ષ રાખવાનો છે કે આર્તધ્યાન ન થવા દેવું. ખાવાપીવાના વિચાર ન કરવા. એવા વિચાર આવે તો બળ કરવું. ક્યાં આત્માનો ખાવાનો સ્વભાવ છે? તે તો અણાહારી છે. આ તો દેહનું કામ છે. તું તારા કામમાં રહે. **''છૂટે દેહાધ્યાસ તો નહિં કર્તા તું કર્મ.''** દેહાધ્યાસ છોડવા માટે કરવું છે. લક્ષ સ્મરણમાં રાખવાનો છે. આર્ત્તધ્યાન ન થાય તે બરાબર લક્ષ રાખવો. ગોખવાનું, વાંચવાનું, વિચારવાનું રાખવું. મનને નવરું ન રહેવા દેવું. સાધન બધાં કરવા જેવા છે પણ **''નિશ્ચય રાખી લક્ષમાં સાધન કરવા સોય.''** બને તેટલું કરવાનું છે. ખાસ કરવાનું આત્મા માટે છે. અઠ્ઠાઈ કરે ને પછી સૂઈ રહે, ખાઉં ખાઉં થાય તો કર્મ બંધાય. બાર ભાવનામાંથી એક એક ભાવના રોજ આખો દિવસ લક્ષમાં રાખવી. વાતોમાં વખત ન ગુમાવવો.''

### બોલવાનો અભ્યાસ બહુ ઓછો રાખવો

મૌન રહેવાની આજ્ઞા લેવા ગઈ ત્યારે —

પૂજ્યશ્રી—''મૌન રહેવું સારું છે. પણ તે શા માટે રહેવું છે? મારા આત્મા માટે. માન ન કરવું કે ફલાણો મૌન રહેતો નથી, હું મૌન રહું છું. આમ કરે તો કર્મ બંધાય. કર્મ છોડવા માટે મૌન રહેવું છે. સિદ્ધની દશાનું સ્મરણ કરવું. સિદ્ધ ક્યાં બોલે છે? મારો આત્મા પણ તેવો છે. મારો સ્વભાવ બોલવાનો નથી. આર્ત્ત-ધ્યાન ન થવા દેવું. વીસ દોહા, ક્ષમાપનાનો વિચાર કરવો. સ્મરણ કર્યા કરવું. મૌન રહેવું છે તે વિના-ખપનું બોલવાની ટેવ છે તે છોડવા માટે મૌન રહેવું છે. મૌનને દિવસે ભક્તિ, ગોખવા, વાંચવામાં બોલવાની છૂટ હોય તો વાંધો નથી. પણ બીજે નથી બોલવું. ગમે તે નિયમ લે તેમાં કસોટી આવે ત્યારે વૈરાગ્ય-ભાવ, સમભાવ રાખવો. એવું મૌનપણું કરવું કે પછી બીજા દિવસો ઉપર પણ તેની અસર થાય. બોલતાં વિચાર કરીને બોલવું કે આમ બોલીશ તો મને લાભ છે? લાભ તો નથી, તો મારે બોલવું નથી. બોલવાનો અભ્યાસ બહુ ઓછો રાખવો. ખાસ મૌનપણું તો કયું કહેવાય કે દેહ અને આત્મા જુદો માનવો તે છે. મારે પણ એવો અભ્યાસ કરવાને માટે મૌન રહેવું છે. મૌન રહીને મારે આત્માના વિચાર કરવા છે; આર્ત્તધ્યાન કે સંકલ્પ વિકલ્પ કરવા નથી. તો મૌનપણું સફળ થાય. વિના ખપનું બોલવું નહીં અને આત્માના વિચાર કરવા. માટે કોઈ વાતો કરતા હોય તો સાંભળવા ન બેસવું.''

### જેટલો પ્રેમ સંસારમાંથી ઊઠે તેટલો આત્મામાં લાગે

સંવત્ ૨૦૦૮ માગશર વદ ૯ મૈસુર જતાં —

પૂજ્યશ્રી—''જવાનું છે? ગમે ત્યાં ગાડીમાં બેઠા બેઠા પણ સ્મરણ કરવું. આડું અવળું ન જોવું. ઠેઠ સુધી ગાડીમાં બેઠા બેઠા સ્મરણ કરીએ તો કેટલીયે માળા થઈ જાય. સ્મરણમાં ચિત્ત રાખવું. સમકિત કરી લેવાનું છે.''

મેં પૂછ્યું—અહીં હોઈએ ત્યારે તો એમ થાય કે બીજે પણ ભક્તિ વગેરે કરીશું, પણ નિમિત્ત મળે ત્યારે તણાઈ જવાય છે.

પૂજ્યશ્રી—''અનાદિકાળનો અભ્યાસ છે. પાણી ઢાળમાં જાય છે તેમ. પણ પહેલેથી નિશ્ચય કર્યો હોય કે મારે એમ કરવું જ છે, તો પછી નિમિત્ત પણ એવાં ગોઠવે અને અભ્યાસ રાખે. આજે શાંતિસ્થાનમાં આવ્યું હતું કે કસરત કરવાની છે. પુરુષાર્થ કરે અને અભ્યાસ કરે તો જેમ પાણી નીચું જતું હોય તેને પુરુષાર્થ કરીને પંપથી ઊંચું ચઢાવે છે, તેમ જેટલો પ્રેમ સંસારમાંથી ઊઠે તેટલો એમાં લાગે છે. પુરુષાર્થની જરૂર છે.''





## બધો વખત આત્મહિત માટે ગાળવો

પૂજ્યશ્રી—''અહીં આશ્રમમાં રહીએ ત્યાં સુધી બધો વખત લેખામાં આવે એવું કરવું. કંઈક આત્મહિત થાય તેમ કરવું. અહીં સાંભળીએ, પછી વિચારીએ, યાદ કરીએ કે આજે વાંચવામાં શું આવ્યું હતું? શું ચર્ચા થઈ હતી? યાદ રહે તો આપણા પર વિચાર આવે. નહીં તો કાલે શું વાંચ્યું તેની ખબર ન રહે. શ્રવણ, મનન અને નિદિધ્યાસન એમ ત્રણ કહ્યાં છે. શ્રવણ કરવું કે વાંચવું, પછી મનન કરવું એટલે વિચારવું અને પછી નિદિધ્યાસન એટલે ભાવના કરવી; એ ત્રણ ભેદો વેદાંતમાં છે. એનો પાછો ઘણો વિસ્તાર છે. પહેલી સાંભળવાની ઇચ્છા થાય તે શુશ્રૂષા. પછી શ્રવણ થાય. પછી ધારણા એટલે યાદ રાખવું અને પછી મનન થાય.

ઉહ એટલે શંકા કરવી. જેમકે ચોરી કરી હોય તો શું થાય? એવી શંકા થાય તે ઉહ છે. પછી એવી શંકા દૂર કરે કે ચોરી કરવાથી પાપ બંધાય છે. અધોગતિ થાય છે. તે અપોહ છે. એમ ઉહાપોહ કરી વસ્તુનો નિર્ણય કરે કે આમ જ છે, તે નિર્ણય છે. અને પછી તત્ત્વાભિનિવેશ એટલે જે વસ્તુનો નિર્ણય થયો હોય તે છૂટી ન જાય, પકડ થાય. એવા આ બુદ્ધિના આઠ ગુણ કહેવાય છે. ત્રીજી દૃષ્ટિમાં શુશ્રૂષા ગુણ પ્રગટે છે. પછી એને સાંભળવાનું મળે ત્યારે બહુ ઉલ્લાસ આવે છે.''

## મુખપાઠ કરેલું ગમે ત્યાં ઉપયોગી થાય

સં.૨૦૦૯, માગશર વદ ૮ આહોર જતાં —

''ભક્તિ, વાંચન, સ્મરણ વગેરે જે વખતે જેમાં ચિત્ત તન્મય થાય તે પ્રકારે તેમ થવા દેવું. મુખપાઠ કરવાનો અભ્યાસ રાખવો; કારણ મુખપાઠ કરેલું હોય તેથી કોઈ વખતે ઘણો લાભ થાય તેમ છે. ગમે ત્યારે ગમે તેવા સંજોગોમાં પણ મુખપાઠ કરેલ ઉપયોગી થઈ પડે છે; કારણ પુસ્તક હમેશાં પાસે હોય નહીં.''



શ્રી નિર્મળાબહેન

# શ્રીમતી રતનબેન પુનશીભાઈ શેઠ

મુંબઈ



પૂ.શ્રી બ્રહ્મચારીજી સાથે બનેલા પ્રસંગો અત્રે જણાવું છું :-

## રાત્રે તાળું મારી ભક્તિમાં જવું જેથી શાંતિ

સભામંડપમાં રાત્રે વાંચનમાં પૂ.શ્રી બ્રહ્મચારીજી વચનામૃત ઉપર વિવેચન કરતા. તે સાંભળીને રાત્રે હું ઘેર આવતી. રાબેતા મુજબ મેં અમારા ઘરનું બારણું ખખડાવ્યું. ત્યારે પાનબેને બારણું ખોલી ગુસ્સામાં આવી મને એક ધોલ મારી, અને કહ્યું કે : ''ભક્તિમાંથી મોડી આવે છે?'' રાત્રે મારે ઊંઘમાંથી ઊઠી દરવાજો ખોલવો પડે છે, ભાન નથી?''

બીજે દિવસે સવારમાં ઊઠી ભક્તિમાં જઈ, બધે દર્શન કરી પૂ.શ્રી બ્રહ્મચારીજી પાસે તેમના દર્શન કરવા ગઈ, ત્યારે તેઓશ્રીએ જણાવ્યું કે : **''પાનબેને તમને ધોલ મારી છે?''** મને મનમાં થયું કે ગઈ રાતની જ તો વાત છે. સવારમાં ઊઠી સ્તવન બોલી સીધી અહીં આવી છું. હજી સુધી મેં કોઈને વાત પણ કરી નથી અને એમણે કેવી રીતે જાણ્યું? મેં કહ્યું: ''હા, મારી છે.'' પૂજ્યશ્રીએ કહ્યું : ''તો હવે શું કરશો?'' મેં કહ્યું : ''હું વાંચન છોડવાની નથી.'' પૂજ્યશ્રી કહે : ''ફરી ધોલ મારશે તો?'' મેં કહ્યું : ''ભલે ધોલ મારે.'' ત્યારે પૂ.શ્રી બ્રહ્મચારીજીએ કહ્યું : **''તમારે રાત્રે તાળું મારી ભક્તિમાં આવવું જેથી તેમને ઊંઘમાંથી ઊઠવું ન પડે.''**

## સ્વચ્છંદ મૂકી આજ્ઞા આરાધવાથી સમાધિમરણ

મારા બા આશ્રમમાં પહેલા આવેલા. મંત્ર પણ લીધેલો પણ સાથે ઉવસગ્ગહરં વગેરે બીજા મંત્રોની પણ માળા ફેરવતા.

પૂ.શ્રી બ્રહ્મચારીજી પાસે દર્શન કરવા ગયા ત્યારે તેઓશ્રીએ કહ્યું : ''માજી, કેટલી માળા ગણો છો?'' માજી કહે : ''સહજાત્મ સ્વરૂપની સાથે ઉવસગ્ગહરંની માળા ગણું છું.'' પૂજ્યશ્રી કહે : ''ઉવસગ્ગહરંની માળા શા માટે ગણો છો?'' માજીએ સરળ ભાવથી કહ્યું : ''મારા છોકરા પાસે પૈસા નથી માટે ગણું છું.'' પૂજ્યશ્રી કહે : **''છોકરાને પૈસા થયા?''** માજી કહે : **''ના પ્રભુ, પૈસા હતા તે ય જતા રહ્યા.''** પૂજ્યશ્રી કહે : **''તો હવે સ્વચ્છંદે એ ગણવાનું છોડી દો.''**

પૂજ્યશ્રીના કહેવાથી માજીએ ઉવસગ્ગહરંની માળા ગણવાનું મૂકી દીધું. **'સહજાત્મસ્વરૂપ પરમગુરુ'** મંત્રની માળા ગણવાનું શ્રદ્ધાપૂર્વક ચાલુ રાખ્યું. તેનું ફળ એ આવ્યું કે માજીને પોતાના મરણની અગાઉથી ખબર પડી ગઈ, અને મને બોલાવવા માટે મુંબઈ તાર કર્યો. તે વખતે પણ માજી બોલ્યા હતા કે તે મને મળવાની નથી. અંતે શાંતિપૂર્વક સમાધિમરણ કર્યું.

## 'દ્રવ્યસંગ્રહ' ગ્રંથનું વિવેચન સાથે શ્રવણ

પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજીનો દેહ છૂટી ગયા પછી પૂજ્યશ્રી બ્રહ્મચારીજીને તેમનો વિરહ ઘણો જ સાલતો હતો. એક મુમુક્ષુભાઈના પત્ની ગુજરી ગયા, તે નિમિત્તે તે ભાઈને સંઘ કાઢવાની ભાવના થઈ. તેમણે પૂજ્યશ્રીને વાત જણાવી. ત્યારે પૂજ્યશ્રીએ ઈડર જવા વિચાર કર્યો. સંઘમાં ૧૦૦થી વધારે માણસો ઈડરની યાત્રાએ ગયા. અમદાવાદથી આશ્રમના પ્રમુખ શેઠ શ્રી જેસીંગભાઈ પણ આવ્યા હતા. ઉપપ્રમુખ શ્રી પુનશીભાઈ શેઠ પણ સાથે હતા.

પૂ.શ્રી બ્રહ્મચારીજી સૌથી આગળ અને પાછળ આખો સંઘ સ્મરણ મંત્રની ધૂનમાં શ્રી ઘંટિયા પહાડ ઉપર આવી પહોંચ્યો. શ્રી સિદ્ધશીલા આગળ નમસ્કાર કરી બધા બેઠા અને ભક્તિ કરી.


પછી પૂ.શ્રી બ્રહ્મચારીજી સ્વમુખે શ્રી **'બૃહદ્ દ્રવ્ય સંગ્રહ'** ગ્રંથની ગાથાઓ બોલ્યા અને સાથે સાથે વિવેચન પણ કર્યું. સર્વ મુમુક્ષુઓ મૌનપણે એકાગ્રચિત્તે તે સાંભળી અત્યંત આનંદ પામ્યા.




પછી રણમલની ચોકીએ ગયા ત્યાં સિંહ સૂતો હતો. તે જોઈ પૂ.શ્રી બ્રહ્મચારીજી બોલ્યા-શાંતિથી ચાલ્યા આવો; ડરશો નહિં.


ત્યાં આઠ દિવસ રોકાયા હતા. રોજ અલગ-અલગ જગ્યાએ દર્શન કરવા જતા. ત્યાં ભક્તિ કર્યા પછી પૂજ્યશ્રી બોધ આપતા અને દોઢ-બે વાગે પાછા આવી બધા જમતા હતા. આ ચારેય દિવસ બહુ જ આનંદ આવ્યો હતો.

શ્રી ધંટિયા પહાડની સિદ્ધશિલા ઉપર પૂ.શ્રી




બ્રહ્મચારીજી દ્વારા સમજાવેલ 'દ્રવ્યસંગ્રહ' ગ્રંથ

## આટલો વખત મંત્રનો જાપ કર્યો હોત તો?



પૂ.શ્રી બ્રહ્મચારીજી સંઘ સાથે બાહુબળીજીની યાત્રાએ જતા હતા. તે વખતે ગાડીમાં પૂના સ્ટેશન આવ્યું. ત્યારે ચંચળબેન બરોડિયાજીને મેં કહ્યું : ચાલો, આપણે પૂજ્યશ્રીને જોઈ આવીએ. એટલે અમે જોવા ગયા.

પૂ.શ્રી બ્રહ્મચારીજી ડબ્બામાં બેઠા હતા અને કંઈક લખતા હતા. પૂજ્યશ્રીએ કહ્યું : **''કેમ, આવ્યા?** ચંચળબેને કહ્યું : ''ખાલી આપને જોવા.'' ત્યારે પૂજ્યશ્રી બ્રહ્મચારીજી હસ્યા અને બોલ્યા : **''આટલો વખત મંત્રનો જાપ કર્યો હોત તો? શું જોવાનું છે?''**

## સત્પુરુષના યોગે વ્યસનીનો ઉદ્ધાર

પૂ.શ્રી બ્રહ્મચારીજી વવાણિયા તરફ આવેલા હતા. તેથી મેં વિનંતી કરી કે પ્રભુ, મારે ગામ કચ્છમાં પધારો. તે માન્ય રાખી તેઓશ્રીએ બે મહિના કચ્છ તરફની યાત્રા કરી. કચ્છમાં એક ભાઈ બીમાર હતો. તે સાતે વ્યસન સેવનાર હતો. તે ભાઈએ મને બોલાવીને કહ્યું : ''એ મહાત્મા પુરુષ મારે ત્યાં આવે ખરા?'' ત્યારે મેં કહ્યું : ''તમારા ભાવ હોય તો આવે.'' પેલા ભાઈ કહે : ''તો એ મહાત્માને જરૂર બોલાવો.'' પછી પૂજ્યશ્રીને મેં વાત કરી અને તેમને એ ભાઈને ત્યાં હું લઈ ગઈ. એ ભાઈએ, પૂજ્યશ્રી આગળ પોતે સાતે વ્યસન સેવેલા તે બધા પાપ કહી બતાવ્યા. અને કહ્યું : ''એ બધા પાપોથી મને છોડાવો.'' પછી પૂ.શ્રી બ્રહ્મચારીજીએ તેને મંત્ર આપ્યો, સાતે વ્યસન અને સાતે અભક્ષ્યનો ત્યાગ કરાવ્યો, બોધ આપ્યો. થોડા વખત પછી તેનું સમાધિમરણ થયું હતું.

## શત્રુતા રાખનારને પણ ખમાવવા

પૂ. પ્રભુશ્રીએ જેવી મારી સંભાળ લીધી તેવી પૂ.શ્રી બ્રહ્મચારીજીએ પણ લીધી હતી. મને ઘણી મુશ્કેલીઓ આવી પણ તેમાં ટકાવનાર પૂ.શ્રી બ્રહ્મચારીજીનો મારા ઉપર મહાન ઉપકાર છે. →

શ્રી પુનશીભાઈ શેઠ ગુજરી ગયા પછી તેમની બધી મિલ્કત લેવા માટે તેમના ભાઈ અર્થાત્ મારા દિયરે મારા ઉપર કોર્ટમાં કેસ કર્યો. તે ઘણા વર્ષ ચાલ્યો. એકવાર કંટાળીને પૂ.બ્રહ્મચારીજીને મેં કહ્યું કે સાહેબ ક્યારે આ કેસનો નિવેડો આવશે, હું તો થાકી ગઈ છું. ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું — **હાલ દોઢ વર્ષ લાગશે. પછી બધું સરખું થઈ જશે. તેને પશ્ચાત્તાપ થશે. આવીને રડશે, ખમાવશે.** દોઢ વર્ષ પછી તેમજ થયેલું. તેથી મને પૂજ્યશ્રી ઉપર ઘણી જ શ્રદ્ધા થઈ હતી.

મને એમ પણ કહેલું કે તમારે દર વર્ષે પર્યુષણ પછી તેમને ખમાવવા. હું તેમ કરતી. પણ મારા દિયર મોઢું ફેરવી લેતા. પણ અંતે પૂજ્યશ્રીએ કહ્યું તેમ ખમાવવા આવ્યા હતા, પશ્ચાત્તાપ કર્યો હતો અને રડ્યા પણ હતા.

બીજા પ્રસંગે પૂ.શ્રી બ્રહ્મચારીજીએ મને કહેલું કે કોર્ટ વગેરેમાં જવું પડે તો જૂના કપડાં પહેરીને જવું. સાચું જ બોલવું. મંત્ર સ્મરણ કરતા રહેવું. ત્યારે મારી ઉંમર ૩૬-૩૭ વર્ષની હતી.

## આ જગાનો દેવ જાગશે

પૂ.નારંગીબેનને ત્યાં હું ગઈ ત્યારે તેમણે મને કહ્યું કે મારી સાથે પૂ.શ્રી બ્રહ્મચારીજી પાસે ચાલો. તેમને આપણે પૂછીએ કે પૂ.પ્રભુશ્રીજી આપને મંત્ર આપવાનું સોંપી ગયા, તેમ આપ કોને સોંપશો? ત્યારે પૂ.શ્રી બ્રહ્મચારીજીએ સહજ સ્મિત સાથે જણાવ્યું કે **'આ જગાનો દેવ જાગશે.'**

પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજી પછી પણ પૂજ્યશ્રી બ્રહ્મચારીજીના સમાગમથી બધા પ્રશ્નોના ઉકેલ થતાં મનમાં શાંતિ રહેતી હતી. પણ તેઓશ્રી (પૂ.શ્રી બ્રહ્મચારીજી) ના દેહોત્સર્ગ પછી ઘણો ખેદ થયો કે હવે મન ખોલવાનો કોઈ આધાર રહ્યો નથી.



શ્રી રતનબહેન



## શ્રી સુવાસબેન ઘેવરચંદજી

શિવગંજ

## સાપ કરડ્યો પણ ભક્તિ કરીએ, સારું થઈ જશે



પૂજ્યશ્રી બ્રહ્મચારીજી શ્રવણબેલગોલા (બાહુબળીજી)ની જાત્રાએ ગયા હતા તે વખતની વાત છે. મૂડબિદ્રી, કારકલની વચ્ચે જંગલમાં લગભગ પચ્ચીસ ફૂટની બાહુબળીજીની મૂર્તિ હતી. તેના દર્શન કરવા રાતના બે વાગે બધો ૧૦૦ જણનો સંઘ ગયો. તે વખતે મારી પુત્રી સદ્‌ગુણાને સાપ કરડ્યો. ત્યારે પૂજ્યશ્રી બ્રહ્મચારીજી ત્યાં આવ્યા અને કહ્યું કે : **"થોડી ભક્તિ કરીએ, બધું સારું થઈ જશે. ક્યાંયે લઈ જવાની નથી."** એમ ધીરજ આપી. ત્યાં **'અપૂર્વ અવસર'** બોલી રહ્યા પછી એક બાવો આવ્યો અને મણિને દૂધમાં ધોઈ સદ્‌ગુણાને ચોંટાડ્યો. આત્મસિદ્ધિ પૂરી થઈ કે એને શુદ્ધિ આવી ગઈ. એકાદ કલાક બેભાન રહી.

**'ગ્રંથારંભ પ્રસંગ રંગ ભરવા કોડે કરું કામના'**...એ ગાથાનો અર્થ પૂજ્યશ્રીએ મને એકવાર સમજાવ્યો હતો.

## એક મધના ટીપાંમાં ઘણા જીવો

એક વખત મારો બાબો બીમાર હતો તે વખતે એક વૈદ્યે કહ્યું કે મધ અને બ્રાંડી (દારૂ) આપો. પછી મેં પૂજ્યશ્રીને પૂછ્યું કે મધ અને બ્રાંડી આપું? પૂજ્યશ્રીએ કહ્યું : ''આનાથી રોગ જશે? જે થવાનું હશે તે જ થશે. પાપની દવા કરવાથી કંઈ જીવવાનો છે? **એક મધના ટીપામાં સાત ગામ બાળી નાખે એટલું પાપ છે. તેમાં મનુષ્ય, ગાય, ભેંસ, કાગડા, કીડી, મંકોડા વગેરે બધા મરી જાય એટલું પાપ લાગે.''**

## રાત્રિભોજન માંસ અને પાણી લોહી બરાબર

એક વખત હું પૂજ્યશ્રી પાસે ઉપર ગઈ તે વખતે કોઈ બે જણ રાત્રિભોજનના ત્યાગ માટે આવેલા. તે વખતે રાત્રિભોજનના ત્યાગની વાત ચાલતી હતી. પ્રવેશિકામાં પ્રીતિંકર શેઠની વાત આવે છે તે વાત કરતા હતા. રાત્રિભોજનના ત્યાગથી આટલું બધું પુણ્ય બંધાયું કે તે શિયાળના ભવમાંથી પ્રીતિંકર શેઠ થઈ ગયો. **રાત્રે ખાવું તે માંસ ખાવા બરાબર છે, પાણી પીવું તે લોહી પીવા બરાબર છે.** આ વાત સાંભળીને અમો પાંચ-છ બહેનોએ તે વખતે જ રાત્રિભોજનનો ત્યાગ કર્યો.

## જે ભક્તિ કરે તેની સેવાથી ઘણો લાભ

આશ્રમમાં પર્યુષણમાં અમારા ઘરે ઘણા મહેમાન આવે તે વખતે મારે રસોઈનું કામ કરવું પડતું, જેથી મારાથી ભક્તિમાં જવાય નહીં. તેથી હું પૂજ્યશ્રી પાસે જઈને રડવા બેઠી ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું કે : ''એવો વિચાર તમને કેમ આવ્યો? એવો વિચાર મનમાંથી કાઢી નાખો. **જે ભક્તિ કરતા હોય તેની સેવા કરીએ તો બહુ લાભ થાય.''**

## એક નહીં તો બીજા પ્રકારે ઇચ્છાઓને રોકવી

આસો મહિનાની ઓળી આવી. તે વખતે આયંબિલ બધા કરે પણ મારાથી ન થાય. એટલે પૂજ્યશ્રીને મેં પૂછ્યું કે બધા આયંબિલ ઉપવાસ કરે છે પણ મારાથી કંઈ થતું નથી. ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું કે : **''દસ વસ્તુ ખાતા હો તો તેમાંથી બે છોડી દેવી. ધરાઈને ન ખાવું. ચાર કોળિયા ઓછા ખાવા, તેથી ઊણોદરી તપ થાય.''**


## જ્ઞાનપંચમીને દિવસે ઉપવાસ કરવાની આજ્ઞા

એક વાર અમે બાર જણ હુબલીથી આશ્રમમાં આવ્યા. તે દિવસે જ્ઞાનપંચમી હતી. અમે બધા આણંદ દૂધ પીને આવ્યા હતા. પછી સીધા પૂજ્યશ્રી પાસે ઉપર ગયા. પૂજ્યશ્રીએ પૂછ્યું : **'બધાને ઉપવાસ છે?''** અમે કહ્યું : અમે તો દૂધ પીને આવ્યા છીએ. ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું : **''બધાએ ઉપવાસ કરવાનો છે. જે ટાઈમે દૂધ પીધું છે તેના એક કલાક પછી પારણું કરવું. પ્રભુશ્રીજીએ જ્ઞાનપંચમીને દિવસે ઉપવાસ કરવાની આજ્ઞા કરેલ છે.''**




## ભાવથી દર્શન કરતાં આરામની ઊંઘ

હું હુબલી હતી ત્યારે મને રાતના બે ત્રણ વર્ષથી બરાબર ઊંઘ આવતી નોહતી. પછી હું આશ્રમમાં આવી ત્યારે પૂજ્યશ્રીને પૂછ્યું કે મને ઊંઘ બરાબર આવતી નથી અને સંકલ્પ-વિકલ્પ બહુ આવે છે. ત્યારે પૂજ્યશ્રી કહે—સંકલ્પ વિકલ્પથી તો બહુ કર્મ બંધાય. સંકલ્પ વિકલ્પ નહીં કરવાથી નિર્વિકલ્પ થવાય. **સંકલ્પ વિકલ્પ આવે ત્યારે સ્મરણ અને ભક્તિ એ બેનું જોર રાખવું.** સંકલ્પ વિકલ્પ પેસવા દેવા નહીં. પછી આશ્રમનું ચિંતવન કરવું કે જાણે સભામંડપમાં આવીને દર્શન કરું છું. એમ બધી જગ્યાના દર્શન કરવાની ચિંતવના કરવી, પછી ઊંઘ આવી જશે.'' એ પ્રમાણે કરવાથી મને આરામથી ઊંઘ આવવા લાગી અને ઊંઘ ન આવે તો પણ મનમાં મૂંઝવણ કે દુઃખ ન થાય પણ ભક્તિ થાય. પછી એની મેળે ઊંઘ આવી જાય.



શ્રી સુવાસબેન



# શ્રી કમળાબેન નિહાલચંદભાઈ ડગલી

બોટાદ



## 'સદ્‌ગુરુપ્રસાદ'

આશ્રમના એક મુમુક્ષુભાઈ ફૂલાભાઈ બોટાદ આવતા. તે પરમકૃપાળુદેવની અને પૂ.પ્રભુશ્રીજીના સમાગમની વાતો કરતા. તે મને ખૂબ પ્રિય લાગતી. ત્રણ પાઠ અને માળા કરવાની તેમણે વાત કરેલી, તે પ્રમાણે હું કરતી. આશ્રમ આવવાનું ઘણું જ મન થયા કરતું છતાં પ્રતિકૂળ સંજોગોવશાત્ ૮-૯ વર્ષ સુધી અવાયું નહીં. એક વાર મારા બેન પદ્માબેન અગાસ આશ્રમમાં ગયા ત્યારે પૂ.બ્રહ્મચારીજીને વાત કરી કે મારા બેનને આશ્રમમાં આવવાની ઘણી ઇચ્છા રહે છે પણ આવી શકતા નથી.

ત્યારે પૂ.શ્રી બ્રહ્મચારીજીએ મારા બેનને **'સદ્‌ગુરુપ્રસાદ'** ગ્રંથ આપી જણાવ્યું કે આ 'સદ્‌ગુરુપ્રસાદ' કમળાબેનને આપશો અને કહેશો કે પ્રત્યક્ષ સદ્‌ગુરુ કૃપાળુદેવ જ મારા ઘરે પધાર્યા છે, એમ માનીને રોજ દર્શન કરે.

## મનુષ્યભવ ક્યારે પૂરો થઈ જાય માટે મંત્ર લઈ લો

એક વાર પૂ.શ્રી બ્રહ્મચારીજી આબુ, જુનાગઢ, પાલીતાણા, વવાણિયા વગેરે તીર્થોની યાત્રા કરી સંઘ સાથે બોટાદ પધાર્યા. શેઠ વીરચંદભાઈ ભૂરાભાઈને ત્યાં ઉતારો હતો. ત્યાં ચાર પાંચ બહેનોએ મંત્ર લીધો, તે વખતે એક મુમુક્ષુભાઈએ મને કહ્યું કે અહીં પ્રભુ પધાર્યા છે માટે તમે મંત્ર લઈ લો. મારી અણસમજણથી મેં કહ્યું કે આશ્રમમાં જઈશ ત્યારે મંત્ર લઈશ. થોડીવાર પછી એ જ વાત પૂ.શ્રી બ્રહ્મચારીજીને મેં કરી ત્યારે તેઓશ્રીએ કહ્યું : **''આ દુર્લભ મનુષ્યદેહ મળ્યો છે તે ક્યારે પૂરો થઈ જાય તેની ખબર નથી, તેથી મંત્ર લઈ લો.''** એમનું લબ્ધિવાક્ય હોય તેમ મેં તરત જ કહ્યું કે મને પણ મંત્ર હમણાં જ આપી દો. મંત્ર આપતી વખતે તેઓશ્રીએ કૃપાદૃષ્ટિ વર્ષાવી કહ્યું : **''જાણે આજથી જ દીક્ષા લીધી છે, એવા ભાવ રાખવા.''** તે વખતે અપૂર્વ દર્શન સમાગમનો મને લાભ મળ્યો હતો.

## નિરંતર સત્સંગની ભાવના રાખવી

શ્રી વીરચંદભાઈને ત્યાંથી તેઓશ્રી સંઘ સાથે મારે ઘેર પધાર્યા હતા. ઘરમાં પરમકૃપાળુદેવના ચિત્રપટના દર્શન કરી બેઠા અને ગંભીર ભાવથી બોધ આપતા બોલ્યા : **''નિરંતર સત્સંગની ભાવના રાખવી અને સત્પુરુષનું એક વચન પણ પકડી રાખવું.''** એટલું કહી તેઓ ઊભા થઈ ગયા. મેં કહ્યું : ''બેસો અને મને કંઈક કહો.'' એટલે પૂજ્યશ્રી મારી વિનંતીથી પાછા બેઠા અને ફરી વાર એ જ કહ્યું કે : **''નિરંતર સત્સંગની ભાવના રાખવી અને સત્પુરુષનું એક વચન પણ પકડી રાખવું.''** એમ કહી ઊભા થયા. તેથી મને એમ સમજાયું કે આ બે વાક્યમાં સર્વ શાસ્ત્રનો સાર છે.

આશ્રમમાં આવવાની ઇચ્છા છતાં અવાતું નહોતું પણ આ મહાપુરુષના બોટાદમાં થયેલ દર્શન સમાગમ અને અનંત કૃપાદૃષ્ટિ પછી થોડા જ વખતમાં સંવત્ ૨૦૦૭માં પરમ કૃપાળુદેવના અર્ધશતાબ્દી ઉત્સવ ઉપર અગાસ આશ્રમમાં આવવાનું ધન્યભાગ્ય પ્રાપ્ત થયું હતું.

## 'પંચાસ્તિકાય' મુખપાઠ કરવાની આજ્ઞા

તે સમયે એક વાર મેં પૂ.શ્રી બ્રહ્મચારીજીને વચનામૃતમાંથી પંચાસ્તિકાયનું પાન કાઢી બતાવીને કહ્યું : ''આમાં દ્રવ્ય ગુણ પર્યાયની વાત મને કંઈ સમજાતી નથી.'' પૂજ્યશ્રીએ કહ્યું : **''પંચાસ્તિકાય શાસ્ત્ર બહુ સારું છે. કુંદકુંદાચાર્યનું લખેલું છે. થાય તો મુખપાઠ કરવા જેવું છે.''** એમની આજ્ઞાથી મુખપાઠ કરવાની શરૂઆત કરી. પછી હું બોટાદ આવી. થોડું મુખપાઠ કર્યા પછી અઘરું લાગ્યું. એટલે મેં પૂ. સાકરબહેન ઉપર પત્ર લખ્યો. તે પત્ર પૂ.શ્રી બ્રહ્મચારીજીને તેમણે વંચાવ્યો. તેના જવાબમાં પૂ.સાકરબેને પૂજ્યશ્રીના કહ્યા મુજબ મને લખ્યું કે : ''પંચાસ્તિકાય ગહન છે. તેથી મુખપાઠ કરવામાં અઘરું પડે છે. પણ જેમ બાળક પહેલાં ઠેલણ ગાડીથી ચાલતાં શીખે છે, પછી પોતાની મેળે ચાલી શકે છે; તેમ અત્યારે મુખપાઠ કરેલું હોય તો આગળ ઉપર તમને સમજાશે.'' તેથી ફરી હિમ્મત આવી અને તેમની કૃપાથી સરળતાથી મુખપાઠ થઈ ગયું.

આશ્રમમાં આવું ત્યારે પૂજ્યશ્રી કંઈ ને કંઈ મુખપાઠ કરવાની આજ્ઞા કરતા. અને ગામ હોઉં ત્યારે પણ પત્રો દ્વારા **'મોક્ષમાળા'**માંથી પાઠો, **'સમાધિસોપાન'**માંથી પત્રો વગેરે મુખપાઠ કરવા જણાવતા.

## દેવવંદન રોજ ભાવથી કરવું

એક વાર અગાસ આવી ત્યારે પૂજ્યશ્રીએ પૂછ્યું : ''દેવવંદન રોજ કરો છો?'' મેં કહ્યું : ''હા, કરું છું.'' ત્યારે કહે : **''દેવવંદન રોજ કરવું. ભાવથી કરવું.''**

કોઈ વાર સંકલ્પ વિકલ્પ થતા હોય કે કોઈ વિચારોની ગડમથલ થતી હોય અથવા કોઈ મૂંઝવણ જેવા પ્રશ્ન હોય તે વખતે ઘણી વાર બોધામૃત ખોલી વાંચતા તરત જ હળવાપણું થઈ સંતોષ થઈ જાય છે. એક વાર બોધમાં જણાવ્યું કે : **''મંત્ર છે તે જેમ તેમ નથી. મંત્ર છે તે કેવળજ્ઞાન છે.''**


## વર્ષીતપ સાદી રીતે આત્માર્થે કરવું

એક વાર મણિબેન જગજીવનરામ આણંદવાળાએ વર્ષીતપ આદર્યું હતું. થોડા દિવસ પછી પૂ.શ્રી બ્રહ્મચારીજીને જાણ થતાં તેમણે કહ્યું :''કોને પૂછીને વર્ષીતપ આદર્યું? પારણું કરી લો.'' મણિબેનને મનમાં થયું કે સ્વચ્છંદે મેં તપ આદર્યું તે યોગ્ય કર્યું નથી. થોડા દિવસ પછી પૂજ્યશ્રીએ પોતે જ વર્ષીતપ કરવા આજ્ઞા કરી અને કહ્યું : **''કોઈને બોલાવવા નહીં, વરઘોડો કાઢવો નહીં, ધામધૂમ વગર સાદી રીતે કરવું, આત્માર્થે કરવું.''**

## શ્રી સવિતાબેન રાવજીભાઈ પટેલ

ભાદરણ

### વિદ્યા મેળવવી તે ઉત્તમ છે



ઈસ્વી સન્ ૧૯૫૦માં મને આશ્રમમાં રહેવાની ઘણી ઇચ્છા હોવાથી મનમાં થયું કે અભ્યાસ કરી, કમાણી કરી પછી આશ્રમમાં બેસી જાઉં, જેથી કોઈ પાસે હાથ લંબાવવો પડે નહીં. માટે ભણવાની તીવ્ર ઇચ્છા જાગી. મારા પિતાશ્રી તો આમ ભણવાની રજા આપે નહીં, તેમજ આશ્રમમાં કે બહાર જવું હોય તો પણ રજા મેળવવી પડે, રજા મળે તો જ બહાર નીકળાય. જેથી મેં મારા મોસાળ નડિયાદમાં રહી ભણવાનો વિચાર કર્યો. ત્યાં પણ મામા મામીની રજા મળે તો જ આગળ વધાય. તેમની પાસે મેં રજા માગી તો કહે કે તમારા પિતાશ્રીની રજા મેળવો; અને હવે આટલી મોટી (૨૯ વર્ષની) ઉંમરે શું વિદ્યા આવડવાની છે? છતાં કહ્યું કે તમારી લગ્ન કરવાની ઇચ્છા ન હોય તો ભણો. ત્યાંથી મામાની રજા મળી એટલે મનમાં થયું કે પહેલા અગાસ આશ્રમમાં જાઉં અને પૂ.શ્રી બ્રહ્મચારીજી મારા કહ્યા વિના આ વિષે કંઈ કહે તો હું જાણીશ કે મારા ભાગ્યમાં વિદ્યા છે. એટલે હું આશ્રમમાં આવી અને એક બેનને સાથે લઈને પૂજ્યશ્રી બ્રહ્મચારીજી પાસે ગઈ. તેઓશ્રીને નમસ્કાર કરીને બેઠી. ત્યાં બીજા ભાઈ બહેનો હતા. પૂ.શ્રી બ્રહ્મચારીજીએ મને કહ્યું :(પરમકૃપાળુદેવ તરફ આંગળી ચીંધીને) **''એક જ ધિંગ ધણી કરી લેવો.''** પછી પોતે કબાટમાંથી પુસ્તક લેવા ઊભા થયા. પુસ્તક લેતા મારી તરફ નજર કરીને બોલ્યા : **''ઘણી હિંમત કરી. વિદ્યા મેળવવી તે તો ઉત્તમ કામ છે.''** એટલે હું પોતે મનથી સમજી ગઈ કે મને આજ્ઞા મળી ગઈ અને મનમાં શાંતિ થઈ કે હવે તો હું સારી રીતે ભણીને પાસ થઈશ. પછી હું નડિયાદ ગઈ, ત્યાં દાખલ થઈ અને સારા ટકા મેળવી પાસ પણ થઈ ગઈ.



### આદુની છૂટ ન રાખવી

હું અને મારી બહેન તારા પૂ.શ્રી બ્રહ્મચારીજી પાસે ગયા અને કહ્યું : ''અમારે કંદમૂળનો નિયમ લેવો છે.'' ત્યારે તેઓશ્રીએ કહ્યું : ''પળાય તેટલો જ નિયમ કરવો. નિયમ કરીને આંચ આવવા દેવી નહીં. દૃઢતાપૂર્વક છેક સુધી પાળવો.'' ત્યારે આદુની છૂટ રાખવા મેં જણાવ્યું, કારણ કુટુંબમાં જમવા જઈએ ત્યારે મુશ્કેલી ન પડે. ત્યારે પૂજ્યશ્રીએ જણાવ્યું : ''તેના વિના મરી જવાય નહીં. ચલાવી લેવું. કદી જઈએ તો છાસ ને ભાત,દહીં ને ભાત ખાઈને પેટ ભરી લઈએ.''હાથની મૂઠી વાળી જણાવ્યું : **''ભાતના મૂઠિયા વાળી પાણી સાથે ખાઈએ, પણ આદુની છૂટ ન રાખવી.''** મને કંદમૂળનો સંપૂર્ણ ત્યાગ કરાવ્યો અને મારી બહેન તારાને આદુની છૂટ આપી.

પછી સંજોગોવશાત્ મારે ટ્રેનિંગ કૉલેજમાં જવું થયું. ત્યાં બધામાં કંદમૂળ હતાં. તે સમયે મારે ભાતના મૂઠિયા વાળીને ખાવા પડ્યા. ત્યાંના પ્રિન્સીપાલ ચિડાયા અને કહ્યું કે ખાવું પડશે. મેં કહ્યું કે મારે નિયમ છે, માટે કોઈપણ હિસાબે ખાઉં નહીં. પૂજ્યશ્રીએ નિયમ લીધા પછી દૃઢતાપૂર્વક પાળવા જણાવેલું અને એના વિના મરી જવાશે નહીં એમ કહેલું તેથી મક્કમતાપૂર્વક નિયમનું પાલન થયું.

### અનાર્યદેશમાં જવાની જરૂર નથી

ઈ.સન્ ૧૯૫૨માં નડિયાદની એક મારી બહેન જેવી મિત્ર હતી. તેણે મને આફ્રિકાથી પત્ર દ્વારા જણાવ્યું કે તમો અહીં આવો તો સારું. અહીં નર્સરી સ્કૂલ છે, તેમાં તમને નોકરી અપાવીશું તે વખતે હું ફાઈનલનું કરતી હતી. આ સમાચાર જાણી હું આશ્રમમાં પૂ.શ્રી બ્રહ્મચારીજીને પૂછવા માટે ગઈ કે હું આફ્રિકા જાઉં? પણ પૂછતાં પહેલાં જ બોધમાં આવ્યું કે : **''અનાર્ય દેશમાં જવાની શી જરૂર છે? બધું જ અહીં છે.''** એટલેથી જ હું સમજી ગઈ કે મારે ત્યાં જવું યોગ્ય નથી.

## શ્રી વિમુબેન શનાભાઈ પટેલ

કાવિઠા



### આશ્રમ જેવું ક્યાંય નથી

ગુડિવાડા ગામમાં પૂજ્યશ્રીએ મને પૂછ્યું : ''તત્ત્વાર્થસારની ગાથાઓ મોઢે થઈ?'' મેં કહ્યું : ''અહીં કશું થતું નથી. ત્યારે પૂ.શ્રી બોલ્યા : **''આશ્રમ જેવું ક્યાંય નથી.''**

### દિવસે સૂવું નહીં

આશ્રમમાં હું અને બાબરભાઈની દીકરી પૂજ્યશ્રી પાસે ઉપર ગયા. બોધમાં પૂજ્યશ્રીએ જણાવ્યું : ''દિવસે સૂઈ જાય છે?'' ત્યારે મેં કહ્યું : ''હા, (કાવિઠામાં જમ્યા પછી કંઈ કામ નહીં માટે સૂઈ જઈએ અને સાંજે ચાર વાગે ઊઠીએ)'' ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું : **''આ તારી બહેનપણીનું કામ કરજે, પણ દિવસે સૂવું નહીં.**

સંવત્ ૨૦૦૯માં દિવાળીની માળાઓ વિષે સમજાવતા હતા. તે વખતે મેં કહ્યું : ''આપ સમજાવો છો પણ મને કંઈ યાદ રહેતું નથી.'' ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું કે : **''છોકરાઓના નામ કેમ યાદ રાખીએ છીએ? તેવી રીતે આ પણ યાદ રાખવાં.''**

### અથાણામાં સ્વાદ તે જીવડાઓનો

પૂજ્યશ્રીએ બોધમાં જણાવ્યું કે **અથાણામાં જે સ્વાદ આવે છે તે નર્યો જીવડાઓનો જ સ્વાદ છે.**

### પ્રિયના સંગથી જીવ દુઃખમાં હોમાય

પૂજ્યશ્રી બ્રહ્મચારીજીએ અનંતકૃપા કરી એક વાર મને સ્વહસ્તે નીચેની ગાથા અને પરમકૃપાળુદેવના પત્રની એક લીટી લખી આપી હતી; જે જીવનના આધારરૂપ છે.

(દોહરો)

**પ્રિય કર્યો ના કોઈ જન, ત્યાં સુધી સુખી ગણાય;**
**સંગ કર્યો જ્યાં પ્રિયનો, જીંવ દુઃખે હોમાય.**

**''સત્સંગના યોગે સહજ સ્વરૂપભૂત એવું અસંગપણું જીવને ઉત્પન્ન થાય છે.''** –શ્રીમદ્ રાજચંદ્ર

## શ્રી રમુબેન આદિતરામ

સુરત

### બારસો ગામ બાળવા જેટલું પાપ

પૂજ્યશ્રીએ કહ્યું : **''કેરીનું અથાણું છ-બાર મહિનાનું અથાણું ખાવાથી બારસો ગામ બાળી નાખવા જેટલું પાપ લાગે છે.''** એ સાંભળી મેં બધી જાતના અથાણા-મુરબ્બાનો ત્યાગ કર્યો.

### માથામાં ફૂલ નાખવાથી પાપ

''માથામાં ફૂલ નાખવાથી પાપનો ઢગલો થાય. અને ભાવથી એક ફૂલ ભગવાનને ચઢાવવાથી પુણ્યનો ઢગલો થાય.'' એ સાંભળીને મેં પૂછ્યું કે હું નાખું છું તે? તો કહે : **''પાપનો ઢગલો થશે.''** પછી પૂજ્યશ્રી પાસે તેનો મેં ત્યાગ કર્યો.

મોક્ષમાળા શિક્ષાપાઠ ૨ તથા ચાર (માનવદેહ) રોજ બોલવાની આજ્ઞા કરી અને કહ્યું કે : **''એક્કે દિવસ ચૂકવું નહીં.''**

### કંદમૂળ ન ખાઈએ તો ન ચાલે?

પૂજ્યશ્રીએ કહ્યું કે : ''કંદમૂળ ખાઓ છો?'' મેં કહ્યું : ''હા. એ વગર મારે નહીં ચાલે.'' ત્યારે કહ્યું : ''કંદમૂળમાં કઈ વસ્તુ વધારે ભાવે?'' મેં કહ્યું કે : ''રતાળુ.'' ત્યારે પૂજ્યશ્રી કહે : ''રતાળુની જિંદગી સુધી બાધા લો. એક વસ્તુ ન ખાઈએ તો ન ચાલે?'' પછી મેં તેની બાધા લીધી. થોડા દિવસ પછી બીજા કંદમૂળનો પણ ત્યાગ કર્યો હતો.

## શ્રી મણિબેન ભાઈલાલભાઈ પટેલ

ધુળિયા

### કેમ, અઠ્ઠાઈ કરવા આવ્યા છો?

એક વાર અમે બન્ને ધુળિયાથી આશ્રમમાં અઠ્ઠાઈ કરવા માટે આવ્યા હતા. પછી પૂજ્યશ્રી બ્રહ્મચારીજીના દર્શન કરવા ગયા, ત્યારે પૂજ્યશ્રી બોલ્યા : **''કેમ, અઠ્ઠાઈ કરવા આવ્યા છો?''** ભાઈલાલભાઈએ કહ્યું : ''હા, કરવાના ભાવ તો છે.'' આ અઠ્ઠાઈની વાત અમે કોઈને જણાવેલી નહીં.

બીજે દિવસે દર્શન કરવા ગયા તે વખતે પૂજ્યશ્રીએ જણાવ્યું કે : **''રોજરોજના પચખાણ લેવા.''**

### ત્રણ ઉપવાસ થયા એટલે અઠ્ઠાઈ પૂરી થઈ જશે

ત્રીજા ઉપવાસે મારાથી મુશ્કેલીથી ઊઠાયું, તે દિવસે ચૂઆથી મારા બા આવેલા. તેમને લઈને હું દર્શન કરવા ગઈ, માંડ માંડ દાદરો ચઢી ઉપર જઈને દર્શન કરવા બેઠી. પછી પૂ.શ્રી બ્રહ્મચારીજીનો બોધ ચાલ્યો. તેથી ધીમે ધીમે શરીરમાં શક્તિ આવી ગઈ અને જાણે અઠ્ઠાઈ પૂરી થઈ જશે એવો ભાસ થયો, નહીં તો બીજે દિવસે પારણું કરવાની હતી. બોધ થઈ રહ્યા પછી પૂજ્યશ્રી બોલ્યા કે : **''ત્રણ ઉપવાસ થયા છે એટલે અઠ્ઠાઈ પૂરી થઈ જશે.''** આ વચન સાંભળી પાછા પડવાની ભાવના હતી તે અટકી ગઈ અને અઠ્ઠાઈ સારી રીતે પૂર્ણ થઈ.



## શ્રી મણિબેન શનાભાઈ માસ્તર

અગાસ આશ્રમ

(શ્રી કમુબેન શનાભાઈ માસ્તરે જણાવેલ)

### તમારો જવાબ બરાબર છે

એકવાર સાધ્વીઓએ મારા બા મણીબેનને પૂછ્યું કે તમારા અગાસમાં શ્રીમદ્જીને પચ્ચીસમાં તીર્થંકર માનો છો ને? મારા બાએ કહ્યું : 'અમે તો ચોવીશ તીર્થંકર માનીએ છીએ. પચ્ચીસમાં તીર્થંકર હોતા જ નથી તો શું માનીએ. તે સાંભળી તેઓ ચુપ થઈ ગયા. પછી બા આશ્રમમાં આવ્યા ત્યારે પૂ.શ્રી બ્રહ્મચારીજીને આ વાત કરી ત્યારે તેમણે કહ્યું : તમારો જવાબ બરાબર છે.

### આત્મા જાગૃત છે માટે સંસ્કાર પડે

મારા બા ભક્તિમાં જાય ત્યારે અમને ઘરમાં પૂરી દે. બહાર તાળું મારીને જાય. તે વખતે વીનુ એક વર્ષનો અને હું ચાર વર્ષની હતી. એક વાર પૂ. શ્રી બ્રહ્મચારીજીએ મારા બાને કહ્યું : એમ નહીં કરવું, સાથે લઈને જવું. બા બોલ્યા એ તો ઘરે ઊંઘી જાય. અહીં પેશાબ વગેરે કરે માટે નથી લાવતી. ત્યારે બ્રહ્મચારીજીએ કહ્યું : પેશાબ કરાવીને લાવવા અને જરૂર પડે તો પેશાબ કરવા લઈ જવા. ભક્તિમાં અવાજ ન કરે તો સાથે લાવવાં. ભલે સૂઈ રહે. બા કહે એ તો ઊંઘી જાય, પછી શું સાંભળે? ત્યારે પૂ.શ્રી બ્રહ્મચારીજીએ કહ્યું : આત્મા તો જાગૃત છે માટે સંસ્કાર પડે.

### ઝાડને પથરો મારવો નહીં


શાંતિસ્થાનની પાછળ મોસંબીનું એક ઝાડ હતું. ત્યાં મેં અને મારા ભાઈ વિનુએ મોસંબી લેવા ઝાડને પથરો માર્યો. ત્યારે પૂ.શ્રી બ્રહ્મચારીજીએ ઉપરથી જોઈ લીધું અને અમને કહ્યું : **ઝાડને મારવું નહીં હોં! આપણને વાગે તેમ એને પણ દુઃખ થાય.**

### લાખ રૂપિયા થાય કે પછી રળવું નહીં

પૂ.શ્રી બ્રહ્મચારીજીએ મારા બાપુજીને કહેલું કે એક લાખ રૂપિયા થાય કે તમારે પછી કંઈ રળવું નહીં. એમ પરિગ્રહ પરિમાણ કરાવ્યું હતું.

### વિનુ કે મોતી બેયને સરખા ગણવા

એકવાર મારા બાપુ શનાભાઈ કાવિઠે જવાના હતા. એ વાત પૂ.શ્રી બ્રહ્મચારીજીને કરી. ત્યારે તેમણે કહ્યું : **'વિનુ હોય કે મોતી હોય બેયને સરખા ગણવા.'** વિનુ મારો ભાઈ અને મોતીભાઈ મારા બાપુના મોટાભાઈ. પછી બાપુ કાવિઠા ગયા ત્યારે મોતી કાકાએ લાકડી હાથમાં લીધી અને કહ્યું : આ ઘર અને જમીન બધું મને આપી દે. નહીં તો આ લાકડી અને તું. બાપુજીને પૂ.શ્રી બ્રહ્મચારીજીની વાત યાદ આવી ગઈ અને કહ્યું : આ ઘર અને જમીન બધું તારું; મારે કશું જોઈતું નથી. તરત ઝગડો શમી ગયો અને કષાયના કારણો મટી ગયાં.



# મુમુક્ષુઓના છૂટક પ્રસંગો

## શ્રી અંબાલાલભાઈ પટેલ

સંદેસર

### નથી નથી ને બદલે, છે છે થાય ત્યાં સુધી બોલવું

અંબાલાલભાઈએ પૂ. બ્રહ્મચારીજીને પૂછ્યું કે હે પ્રભુ ક્યાં સુધી બોલવું. ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું — જમવા બેસીએ ત્યારે ક્યાં સુધી જમીએ? પેટ ભરાય ત્યાં સુધી. **તેમ હે પ્રભુમાં નથી નથી ને બદલે; છે છે એમ થાય ત્યાં સુધી.**

## શ્રી રમણભાઈ પટેલ

કાવિઠા

### પવિત્ર આત્માના સંગથી પુદ્ગલ પરમાણઓ પણ સુગંધી

પૂજ્યશ્રીનો દેહ છૂટ્યા પછી તેમના દેહને નવરાવતી વખતે કાવિઠાના રમણભાઈએ જણાવ્યું કે : 'એમના દેહમાંથી કેટલી બધી સુગંધ આવે છે. તેમ પરમકૃપાળુદેવના મળમૂત્રમાંથી પણ અત્તર જેવી સુગંધ આવતી હતી.

## શ્રી શિવબા કલ્યાણજીભાઈ પટેલ

કાવિઠા

### આજે કાવિઠા જશો નહીં

શિવબા આશ્રમમાં દર્શન કરવા આવેલા. ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું : **આજે કાવિઠા જશો નહીં.** તેથી ગયા નહીં. સાંજે ખબર આવી કે ટ્રેક્ટર ઊંધુ પડ્યું અને તેમાં બેઠેલા માણસો દબાઈ ગયા હતા.

## શ્રી ડાહીબેન શંકરભાઈ પટેલ

સીમરડા

### તું પાપ કરે અને બીજાનેય કરાવે

સીમરડાવાળા ડાહીબેન શંકરભાઈને ત્યાં મેડા ઉપર પૂ.શ્રી બ્રહ્મચારીજી ઉતરેલા. ત્યારે ડાહીબેન બીજા ઘણાને કહે કે ચાલો ખેતરે ચાર લેવા. તે વખતે પૂ.બ્રહ્મચારીજીએ ડાહીબેનને ઉપર બોલાવ્યા અને કહ્યું : **તું પાપ કરે અને બીજાનેય કરાવે.**



# પૂ.શ્રી બ્રહ્મચારીજીના બોધ વચનો

### પરભવમાં પણ કરેલાનું ફળ મળે

કોઈક માણસે મીલ બંધાવી હોય, પછી તે ગમે તે ગતિમાં જાય; પણ જ્યાં સુધી એ મીલ ચાલે ત્યાં સુધી તેને ત્યાં પણ પાપ લાગે છે. અને કોઈએ મંદિર બંધાવ્યું હોય તો તેને તે પ્રમાણે થાય. -હ.બ્ર.બો.નો.૨ (પૃ.૪૫૦)

### જેમાંથી દૂધ નીકળે તે ફળો અભક્ષ્ય


એક મુમુક્ષુભાઈ ચીકુ, રાયણ વગેરેની પ્રતિજ્ઞા લેવા આવ્યા હતા. પૂજ્યશ્રી કહે — જેમાંથી દૂધ નીકળે તે બધા અભક્ષ્ય છે. ખાવા જેવા નથી. અનંતકાય છે. ચીકુ, રાયણ, પપૈયાં વગેરે બધા એવા જ છે. -હ.બ્ર.બો.નો.૨ (પૃ.૪૭૮)

### દેવદેવીઓની માન્યતા મૂકવા જેવી

શ્રી શાંતિસાગરજી નામના એક દિગંબર મુનિ હતા. તેમણે એવો નિયમ કર્યો કે જે દેવદેવીઓને પૂજતા, માનતા હોય તેમને ઘેર આહાર ન કરવો. એ મુનિ બહુ પ્રખ્યાત હતા જેથી લોકોને આહાર કરાવવાની ઇચ્છા થાય. તેથી ઘણાઓએ દેવદેવીઓની માન્યતા મૂકી દીધી. અને એમને ઘેર જે દેવોની મૂર્તિઓ હતી તે બધી ગાડાં ભરી ભરીને નદીમાં પધરાવી દીધી. -હ.બ્ર.બો.નો.૪ (પૃ.૧૭૨૯)

### જેના ભાગ્ય હશે તેનો દેહ અહીં છૂટશે

પૂ.ભાટેની સાળીની દીકરી ગુણવંતી આશ્રમમાં ઘણી વખત રહેતી. અહીં જ મોટી થયેલી. તે મુંબઈથી કચ્છ લગ્ન પ્રસંગે તેના મા-બાપ સાથે ગયેલી. ત્યાં માંદી થવાથી આશ્રમમાં આવવાની તેની ઘણી જિજ્ઞાસા જાણી માંદી માંદી તેને અઠવાડિયા પહેલાં આણી હતી. દશ વાગ્યાની ગાડીએ આવી ત્યારે હું (પૂ.શ્રી બ્રહ્મચારીજી) તેની પાસે ગયો હતો. પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીએ આપેલ મંત્ર વગેરેની તેને સ્મૃતિ આપી હતી. બાર વાગ્યે તો તેનો દેહ છૂટી ગયો. તેનાથી સૂઈ શકાતું નહોતું. તેથી બન્ને હાથ બે બાજુ પથારી પર રાખી સ્મરણમાં રહેતી. પૂછતા ત્યારે સ્મરણ કરું છું એમ કહેતી. મને આશ્રમ ભેગી કરો એમ તેણે રઢ લીધી હતી. આશ્રમમાં આવીને તેણે દેહ છોડ્યો. પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજી ઘણીવાર કહેતાં કે જેના ભાગ્યમાં હશે તેનો દેહ અહીં છૂટશે. તે પ્રત્યક્ષ દશ વર્ષની બાળિકાના દૃષ્ટાંતથી જાણ્યું. - પૂ.શ્રી હ.બ્ર.ડાયરી (પૃ.૧૬૫)



પૂ.શ્રી બ્રહ્મચારીજી

## શ્રી શાંતિલાલજી વરદીચંદજી

શિવગંજ

## કલ્યાણમૂર્તિ સત્પુરુષો

**વંદુ સદ્ગુરુ રાજને, અને સંત લઘુરાજને;**
**ગોવર્ધન ગુણધર નમું, આત્મહિતાર્થે આજ.**

પરમકૃપાળુ પરમાત્મા દેવાધિદેવ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુનો જન્મ વિ.સં.૧૯૨૪માં અને દેહોત્સર્ગ વિ.સં. ૧૯૫૭માં, પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજીનો જન્મ વિ.સં.૧૯૧૦માં અને દેહોત્સર્ગ વિ.સં. ૧૯૯૨માં, પ.પૂ.શ્રી બ્રહ્મચારીજીનો જન્મ વિ.સ. ૧૯૪૫માં તેમજ દેહોત્સર્ગ વિ.સં. ૨૦૧૦માં થયો હતો.

આ પ્રમાણે વીસમી સદીની શરૂઆતથી એટલે કે વિ.સં. ૧૯૧૦થી શરૂ થઈને વિ.સં. ૨૦૧૦ સુધીના પૂરેપૂરા એકસો વર્ષના ગાળામાં ત્રણ મહાપુરુષોનું આ આર્યભૂમિ ઉપર અવતરવું ખરેખર મુમુક્ષુઓના પુણ્યના પૂંજરૂપ જ હતું. આજે પણ તે મહાત્માઓ પોતાના અક્ષરરૂપ દેહથી હાજરાહજૂર જ છે. એમની યથાતથ્ય મુખમુદ્રાઓ પણ આપણા સદ્ભાગ્યે આજે મોજૂદ છે. હવે તે મહાત્માઓ પ્રત્યે આપણને ભક્તિ-પ્રેમ, બહુમાન જેટલા જાગશે તેટલું આપણું કલ્યાણ થશે.

પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુના વચનામૃત ગ્રંથનું એક એક વાક્ય શાસ્ત્રરૂપ છે, શાસ્ત્રના સારરૂપ છે, મંત્રરૂપ છે. એ સમજવા માટે અપૂર્વ ભક્તિ, વિનય અને બહુમાન જોઈએ. ઊંડા ઊતરી વાંચી, ચિંતન-મનન અને નિદિધ્યાસનનો ક્રમ સેવવાથી કલ્યાણ જરૂર થવું સંભવે છે. પણ તે વચનોને સમજવા માટે પ્રથમ પૂ.શ્રી બ્રહ્મચારીજીના બોધામૃત ભાગ ૧-૨-૩ અને પ.પૂ.પ્રભુશ્રીજીનું ઉપદેશામૃત વાંચવાની વિશેષ જરૂર મને જણાઈ છે અને તે પ્રમાણે કરવાથી વચનામૃત સમજવામાં મને ઘણી સરળતા થઈ પડી છે.

બોધામૃત ભાગ-૩ (પત્રસુધા) પણ એક અપૂર્વ ગ્રંથ છે. તેમાં અનેક મુમુક્ષુઓને મૂંઝવતા પ્રશ્નોના ખુલાસારૂપ પ્રત્યુત્તરો અને વચનામૃતમાં આવતા અનેક ભાવોની સમજણ પૂજ્યશ્રીએ આપી છે. કેવા ભાવોથી વર્તવું, સદાચારો કેવી રીતે સેવવા વગેરે અનેક વિષયો તેમાં આવી ગયા છે. પૂજ્યશ્રીએ લખેલા આ પત્રો મુમુક્ષુઓને પરમહિતનું કારણ છે.

પૂ.શ્રી બ્રહ્મચારીજીનો પ્રજ્ઞાવબોધ ગ્રંથ તો એક અપૂર્વ કૃતિ છે. આ કાળના જીવો માટે એક વરદાન છે. એને ગાતાં, ઊંડાણથી આશયો સમજતાં વૃત્તિમાં શાંતિ આવે છે. મન સ્થિર કરવાનું તે એક અપૂર્વ સાધન છે.

આ સત્પુરુષોની ત્રિપુટીના ગમે તે શાસ્ત્ર કે બોધ, પત્ર કે કાવ્ય, વાંચતા કે ગાતાં આત્મા કૃતાર્થતા અનુભવે છે. એ જ મહાપુરુષોની વાણીનો અતિશય છે. કારણ કે વાણી આત્મપ્રદેશોને સ્પર્શીને નીકળે છે. ધન્ય છે એવા મહાપુરુષોની વાણીને તેમજ તેમની અલૌકિક વીતરાગ મુદ્રાને.

**"સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો."**

-શ્રીમદ્ રાજચંદ્ર



પૂ.શ્રી બ્રહ્મચારીજી

## શ્રી પ્રેમરાજજી જૈન

યવતમાલ

## મહાપુરુષોની પરમ લઘુતા

ઘણા વર્ષો પહેલા તત્ત્વજ્ઞાનમાં વાંચેલું—''રાત્રિ વ્યતિક્રમી ગઈ, પ્રભાત થયું, નિદ્રાથી મુક્ત થયા. ભાવનિદ્રા ટાળવાનો પ્રયત્ન કરજો.'' તે મને સમજાયું નહીં. સંજોગવશાત્ ખંભાતમાં એક વિદ્વાનભાઈને, જેમને જ્ઞાન છે એમ જાણવામાં આવ્યું હતું તેથી તેમને તે સમજવા માટે પૂછ્યું પણ તેમના ખુલાસાથી સમાધાન થયું નહીં. ત્યાર પછી જ્યારે પ.પૂ.બ્રહ્મચારીજીએ તે વિષેનો કરેલો ખુલાસો વાંચ્યો ત્યારે સમાધાન પણ થયું અને સહજ લાગ્યું કે પરમકૃપાળુદેવના હૃદયને જાણનારા આ પણ મહાપુરુષ હોવા જોઈએ.

**'નહિ પ્રાપ્તકો ના ચહે, પ્રાપ્ત અપ્રાપ્ત સમાન.'**

ગ્રંથ-યુગલના આ વચન ઘણી વાર યાદ આવ્યા કરે છે કે સંક્ષિપ્તમાં દુઃખથી મુક્ત થવાનો કેવો રામબાણ ઉપાય બતાવ્યો છે!

સાત વર્ષના પોતાના એકના એક પુત્રનો ત્યાગ કરી પ.પૂ.પ્રભુશ્રીજીની સેવામાં સર્વાર્પણભાવે રહેવું એ પૂ.શ્રી બ્રહ્મચારીજીની ત્યાગ-વૈરાગ્યની પરાકાષ્ઠા સૂચવે છે.

યવતમાલના મંદિરમાં પત્રસુધાના વાંચન વખતે સતત એમ જણાતું કે તેઓશ્રીને પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુ પ્રત્યે કેવી ગજબની નિષ્ઠા હતી. પોતાનું અસ્તિત્વ જ જાણે કૃપાળુદેવમાં ખોઈ નાખ્યું છે એમ સ્પષ્ટ જણાતું. તેમના પ્રત્યે પૂજ્યભાવ વૃદ્ધિ પામવામાં તેમના ઘણાં વચનો નિમિત્તરૂપ બન્યા છે. તેમાંથી એક અહીં લખું છું. પત્રસુધાના પત્રાંક ૧૦૦૧માં બોધની માગણી કરનાર મુમુક્ષુભાઈને ઉત્તરમાં જણાવ્યું છે કે ''હું તો પામર છું...''આ વચનમાં તેમની અનહદ લઘુતા, શૂરવીરતા અને આત્માનંદમાં અખંડ નિવાસ કરવાની પ્રબળ ઇચ્છાદશાના દર્શન થાય છે. પરમકૃપાળુદેવ પ્રત્યેની કેટલી મહાનતા તેમને હૃદયગત થઈ હશે ત્યારે પોતાની ઉચ્ચ દશાએ પણ પામરપણું જ દેખાયું હશે. એ એમની ગુરુપ્રેમ દશાનું માપ કાઢી શકાય એમ જ નથી.

સહજ કંઈ લખતાં, બોલતાં આ જીવને આવડી ગયું હોય તો પોતાની મહાનતા દેખાડ્યા કરે, જ્યારે પ્રજ્ઞાવબોધ, સમાધિ-સોપાન, સમાધિ-શતક, લઘુયોગવાસિષ્ઠસાર, પ્રવેશિકા આદિ ગ્રંથોની રચના કરનાર, ઘરકુટુંબનો અંતરંગ અને બાહ્યથી ત્યાગ કરનાર, તત્ત્વજ્ઞ પુરુષની સતત સેવામાં રહી આજ્ઞાની એકાંત ઉપાસના કરનાર, સ્વસંપત્તિ (આત્મસંપત્તિ) પ્રાપ્ત કરીને એ દશામાં નિરંતર રહેવાનો સતત પુરુષાર્થ કરનાર પોતાને પામર ગણાવે એ એમની કેટલી બધી અદ્ભુત મહાનતાનું સ્વાભાવિક સૂચન છે!

તેમના વચન-દર્શનના આધારે તેઓશ્રી પ્રત્યે ઘણો આદરભાવ જન્મ્યો છે. ધન્ય છે પરમ પુરુષોની પરમ લઘુતાને. અસ્તુ.



પૂજ્યશ્રી બ્રહ્મચારીજી



પૂ.શ્રી બ્રહ્મચારીજી

## શ્રી મૂલચંદભાઈ શાહ

### પામું સાચો જીવનપલટો

**મંત્રે મંત્ર્યો, સ્મરણ કરતો, કાળ કાઢું હવે આ,**
**જ્યાં ત્યાં જોવું પર ભણી ભૂલી, બોલ ભૂલું પરાયા,**
**આત્મા માટે જીવન જીવવું, લક્ષ રાખી સદા એ,**
**પામું સાચો જીવનપલટો, મોક્ષમાર્ગી થવાને.**

જેના રોમરોમમાં પરમકૃપાળુદેવ દ્વારા આપેલ 'સહજાત્મ-સ્વરૂપ પરમગુરુ' મંત્ર વ્યાપ્ત હતો એવા પૂ.શ્રી બ્રહ્મચારીજીએ પોતાના જીવનમાં વણાઈ ગયેલ પરમકૃપાળુદેવના વચનામૃતોને યથાર્થ સમજવા યોગ્ય પૂર્વભૂમિકા તૈયાર કરવા અને સાચી મુમુક્ષુતા પ્રાપ્ત કરવાની કૂંચીરૂપ ઉપરનું કાવ્ય આપણું જીવન પલટાવવાને માટે શિક્ષાબોધરૂપે આપેલ છે.

પૂ.શ્રી બ્રહ્મચારીજી, પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજીના સાન્નિધ્યમાં લગભગ ૧૧ વર્ષ રહી, એમની દરેક આજ્ઞાને પૂર્ણ નિષ્ઠાપૂર્વક ઉઠાવી, પોતાના અસ્તિત્વને સાવ ગૌણ કરી, તેઓશ્રીની સેવામાં અહોરાત્ર ઉપસ્થિત રહી સર્વ મુમુક્ષુઓને ઉત્તમ જીવન જીવવાનું માર્ગદર્શન આપી ગયા છે, અને આજ્ઞાંકિતપણાના જીવંત આદર્શરૂપ થયા છે.

પરમકૃપાળુદેવને અને પ.પૂ.પ્રભુશ્રીજીને જેણે જોયા જ નથી એવા ઘણા મુમુક્ષુઓ પૂજ્યશ્રી બ્રહ્મચારીજી પાસેથી આત્મરહસ્યનો બોધ પામી જીવનમાં યથાયોગ્યતા અને યથાશક્તિ પલટો લાવવા પરમકૃપાળુદેવ પ્રત્યે શ્રદ્ધાવાન અને ભક્તિવંત બન્યા છે. એવા ઉપકારી પુરુષના ઉપકારની યત્કિંચિત્ સ્મૃતિ અર્થે તેઓશ્રીનો જન્મશતાબ્દી ઉત્સવ ઊજવવા આપણને લહાવો મળ્યો તે આપણા અહોભાગ્ય છે. પરમકૃપાળુદેવે ઉદ્ધારેલ વીતરાગમાર્ગને પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીએ પ્રગટમાં આણ્યો છે. પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજીએ પોતાના આયુષ્યની અંતિમ અવસ્થામાં તે વીતરાગમાર્ગનો દોર પ.પૂ. બ્રહ્મચારીજીને યોગ્ય ધર્માધિકારી જાણી તેમના હાથમાં સોંપી. પૂજ્યશ્રી બ્રહ્મચારીજીએ અનેક મુમુક્ષુઓને પ.પૂ.પ્રભુશ્રીજીની આજ્ઞાનુસાર પરમકૃપાળુદેવની ભક્તિમાં જોડ્યા. હનુમાન સમાન ભક્તિવંત પૂજ્યશ્રી બ્રહ્મચારીજીએ પરમકૃપાળુદેવને ચર્મચક્ષુથી જોયા નહોતા, દર્શન કર્યા નહોતા છતાં પોતાના પુરુષાર્થના બળે અને અંતઃકરણની ભક્તિ વડે અંતર્ચક્ષુનો ઉઘાડ કરી પરમકૃપાળુદેવના સ્વરૂપ સાથે અભેદતા સાધી.

પરમકૃપાળુદેવના માર્ગનો જયજયકાર કરનાર, આજ્ઞારૂપી ધર્મને સાંગોપાંગ જીવનમાં ઉતારનાર, પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીના વાવેલ બોધબીજને જ્ઞાનરૂપી વટવૃક્ષ સમાન કરનાર તેમજ મુમુક્ષુઓના અંતરને ઠારનાર એવા ધર્માધિકારી પૂજ્યશ્રી બ્રહ્મચારીજીનું સર્વસામાન્ય રીતે પરમકૃપાળુદેવે પ્રગટ કરેલ વીતરાગધર્મની પરંપરામાં અને ખાસ કરીને આ આશ્રમમાં ધર્મપરંપરાગત તૃતીય પુરુષ તરીકેનું સ્થાન યથાયોગ્ય છે; અને ધર્મમાર્ગની સોંપણી અને પરંપરાના પૂર્ણવિરામરૂપ છે.

**'શુક્લ અંતઃકરણ વિના મારા વચનને કોણ દાદ આપશે?'** એવા પરમકૃપાળુદેવના વચનોને સાકાર કરનાર, તેઓશ્રીના વચનના આધારે સમગ્ર જીવન જીવનાર અને એ જ લક્ષ સર્વ સત્‌જિજ્ઞાસુઓને પ્રામાણિકપણે કરાવનાર એવા પ.પૂ.બ્રહ્મચારીજી પોતે તર્યા અને બીજા અનેકને એ જ માર્ગે દોર્યા.

આ આશ્રમમાં ત્રિવેણી સંગમરૂપ, રત્નત્રયરૂપ, ત્રિપુટીરૂપ આ ત્રણ પુરુષો થયા છે. ત્રણેય પુરુષો એક અપેક્ષાએ સમકાલીન કહેવા યોગ્ય છે. પરમકૃપાળુદેવના સંવત્ ૧૯૫૭માં થયેલ નિર્વાણના બાર વર્ષ પહેલા એટલે સંવત્ ૧૯૪૫માં બ્રહ્મચારીજીનો પણ જન્મ થઈ ચૂક્યો હતો. પૂ.શ્રી બ્રહ્મચારીજી એ સમયના સત્પુરુષ છે. એમના જન્મશતાબ્દી વર્ષની ઊજવણી તે પરમકૃપાળુદેવ અને પ.પૂ.પ્રભુશ્રીજીના અગાઉ ઊજવાયેલ જન્મશતાબ્દી ઉત્સવોના અનુસંધાનરૂપ ગણવા યોગ્ય છે.


પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજીનો આયુષ્યકાળ પણ એ જ સમયગાળા દરમ્યાન હતો. (સંવત્ ૧૯૧૦-૧૯૯૨)

પરમકૃપાળુદેવે લખ્યું છે કે ''ઈશ્વરેચ્છાથી જે કોઈ પણ જીવોનું કલ્યાણ વર્તમાનમાં પણ થવું સર્જિત હશે તે તો તેમ થશે અને તે બીજેથી નહીં પણ અમથકી, એમ પણ અત્ર માનીએ છીએ.'' (૩૯૮) આ પંચમકાળમાં એવા પરમાત્માસ્વરૂપ પામેલા પુરુષ પ્રત્યે આત્મકલ્યાણ-ઇચ્છક જીવોને વાળનાર આપણા પરમ ઉપકારી પરમ પૂજ્ય પ્રભુશ્રીજી અને શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુ, પૂજ્ય શ્રી બ્રહ્મચારીજીના ચીંધ્યા માર્ગે આદેશ અનુસાર આપણો જીવનપલટો થઈ આપણે સૌ પરમકૃપાળુદેવની ભક્તિમાં લીન થઈએ, લીન રહીએ એ જ પ્રભુ પ્રત્યે નમ્ર પ્રયાચના.


# પૂજ્યશ્રી બ્રહ્મચારીજીનું વિશાળ સાહિત્ય




પૂજ્યશ્રી બ્રહ્મચારીજીનો સાહિત્ય સર્જન વિભાગ ઘણો વિશાળ છે. તેઓશ્રીનું લખાણ સરળ શૈલીમાં સુંદર અને સચોટ છે. પ્રાથમિક ભૂમિકાના જિજ્ઞાસુને પણ તે પરમ આધાર છે. નિર્મળ આત્માને સ્પર્શીને નીકળતી તે વાણી સામા જીવને સોંસરી ઊતરી જાય છે. સમ્યક્ ભાવોથી સુશોભિત એવી સત્પુરુષોની વાણી એ જ સાચી સરસ્વતી છે.



વચનામૃત



વીતરાગ મુદ્રા




સત્સમાગમ

પરમકૃપાળુદેવે કલ્યાણના મુખ્ય ત્રણ સાધન કહ્યાં છે :—

**''અહો સત્પુરુષનાં વચનામૃત, મુદ્રા અને સત્સમાગમ ! સુષુપ્ત ચેતનને જાગૃત કરનાર, પડતી વૃત્તિને સ્થિર રાખનાર, દર્શન માત્રથી પણ નિર્દોષ અપૂર્વ સ્વભાવને પ્રેરક, સ્વરૂપપ્રતીતિ, અપ્રમત્ત સંયમ અને પૂર્ણ વીતરાગ નિર્વિકલ્પ સ્વભાવના કારણભૂત; —છેલ્લે અયોગી સ્વભાવ પ્રગટ કરી અનંત અવ્યાબાધ સ્વરૂપમાં સ્થિતિ કરાવનાર ! ત્રિકાળ જયવંત વર્તો !''** (પત્રાંક ૮૭૫)

## અક્ષર-દેહરૂપ સત્પુરુષોની વાણી

ઉપરોક્ત ત્રણ સાધનોમાં પ્રથમ અને મુખ્ય સાધનરૂપ સાક્ષાત્ મોક્ષની મૂર્તિ સમા પ્રત્યક્ષ સત્પુરુષનો સમાગમ તે તો સહેલો નથી; પરમ દુર્લભ છે. વીતરાગ પુરુષોની યથાતથ્ય મુખ-મુદ્રા પણ મહાભાગ્યે મુમુક્ષુને મળે છે પણ અક્ષર-દેહરૂપ સત્પુરુષોની વાણી-વચનામૃત મુમુક્ષુને સદૈવ પરમ ઉપકારભૂત છે. તે પરમપદ પ્રાપ્તિનું પ્રબલ કારણ છે, તેમજ કૈવલ્યદશાપર્યંત તેનું આલંબન આવશ્યક છે.



આવી વીતરાગ પ્રભુની અગાધ વાણીને કોઈ વિરલ સંત પુરુષોએ જ જાણી છે, તેના મર્મને પામી માણી છે. અને આવા સંત અનુભવી પુરુષોએ જ તેને યથાર્થ વખાણી છે.

તે વીતરાગવાણીથી સભર પૂ.શ્રી બ્રહ્મચારીજીનું વિશાળ સાહિત્ય નીચે મુજબ વિભાગોમાં વહેંચી શકાય—

**(૧) મૌલિક ગ્રંથ વિભાગ (૨) જીવન ચરિત્ર વિભાગ (૩) બોધામૃત વિભાગ (૪) વિવેચન વિભાગ (૫) સંયોજન વિભાગ (૬) ભાષાંતર વિભાગ (૭) અંગ્રેજી સાહિત્ય વિભાગ (૮) સંપાદન વિભાગ (૯) છૂટક કાવ્ય વિભાગ**

આ વિભાગોમાં વિભાજિત સાહિત્યનો આસ્વાદ માણવા જિજ્ઞાસુવર્ગમાં વાંચન-મનનની પ્રેરણા ઉદ્ભવે તે અર્થે આ બહુમુખી સાહિત્યનું અત્રે ટૂંક વિવરણ આપીએ છીએ.

## (૧) મૌલિક ગ્રંથ વિભાગ




**પ્રજ્ઞાવબોધ :** પૂજ્યશ્રીની આ એક અમૂલ્ય મૌલિક રચના છે. સર્વ શાસ્ત્રના સારરૂપ આ ગ્રંથની રચના આ પ્રજ્ઞાપુરુષે કરી ગાગરમાં સાગર સમાવી દીધો છે.

પરમકૃપાળુદેવના પત્રોને પણ કાવ્યમાં વણી લઈ અનેક ગેય રાગોમાં રજૂ કર્યા છે. ગ્રંથમાં વિધવિધ છંદની સુંદર છટા પણ સુહાવની છે. પ્રત્યેક પાઠના પ્રારંભમાં આવતી ગાથામાં પરમકૃપાળુદેવ વિવિધ સ્વરૂપે પ્રગટ થાય છે. પરમ-કૃપાળુદેવની પરમ ભક્તિ આ ગ્રંથમાં સભર ભરેલી છે. ભક્તિ અને જ્ઞાનના સંગમરૂપ આ સર્જન મુમુક્ષુઓના અંતરાત્માને ઠારે છે, શાંત કરે છે, સુખ આપે છે.

આ ગ્રંથનો સર્જનકાળ સંવત ૧૯૯૪ થી ૧૯૯૭ છે.

## (૨) જીવનચરિત્ર વિભાગ




**જીવનકળા :** આ ગ્રંથમાં પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીનું વિસ્તૃત જીવન ચરિત્ર છે. આરાધક મુમુક્ષુ વર્ગને શ્રીમદ્જીની વીતરાગદશાની સાચી ઓળખાણ કરાવવા તેમજ તેમના પ્રત્યે ભક્તિ પ્રગટાવવા આ ગ્રંથ પરમ ઉપયોગી છે. તેઓશ્રીના જીવન સંબંધી ઉપલબ્ધ સઘળી હકીકત આ ગ્રંથમાં યથાસ્થાને મૂકી છે. આ ગ્રંથની વિશેષતા એ છે કે તેને પૂજ્યપાદ શ્રી લઘુરાજ સ્વામીએ સંપૂર્ણ સાંભળી કસોટીએ કસી મંજૂર કરેલ છે. પરમ કૃપાળુદેવના જીવન સંબંધી અનેક પુસ્તકો લખાયાં છે. તે સર્વમાં આ ગ્રંથ સંપૂર્ણ અને સર્વોપરી છે.

પરમકૃપાળુદેવની મૌલિક સ્વતંત્ર રચનાઓમાં મોક્ષ-માળા, ભાવનાબોધ અને આત્મસિદ્ધિ શાસ્ત્ર મુખ્ય છે. તેમાં આવતા વિષયોનું આ ગ્રંથમાં ટૂંકું વર્ણન આપી સુજ્ઞ વાંચનારને તે મૂળ ગ્રંથોના વાંચન-મનનની હિતકારી પ્રેરણા કરી છે. અનેક પ્રસંગોને આ ગ્રંથમાં આવરી ગ્રંથનું ગૌરવ વધાર્યું છે.


આ પુસ્તકનો રચનાકાળ સંવત્ ૧૯૯૦-૯૧ છે.




**શ્રીમદ્ લઘુરાજસ્વામી જીવન-ચરિત્ર :** આ ગ્રંથમાં પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીનું જીવનચરિત્ર ૧૫ ખંડ સુધીનું પૂ.શ્રી બ્રહ્મચારીજીએ આલેખેલ છે. ત્યારપછીનું ૧૬ થી ૨૨ ખંડ સુધીનું જીવનચરિત્ર શ્રી રાવજીભાઈ દસાઇએ આદરથા પૂર્ણ કર્યું છે.

પૂજ્યશ્રીએ પ.પૂ.પ્રભુશ્રીજીના બધા જીવન પ્રસંગો આમાં સમાવી ઉપલબ્ધ તેટલી બધી વિગત આપવા પ્રયાસ કર્યો છે. તેઓશ્રીના જીવનસંબંધી વિસ્તૃત વિવરણ આપતો બીજો કોઈ ગ્રંથ ઉપલબ્ધ નથી. તેઓશ્રીના અંતેવાસી પૂ.શ્રી બ્રહ્મચારીજી દ્વારા આલેખિત હોઈ આ જીવનચરિત્ર સંપૂર્ણ વિશ્વંસનીય છે.

## (૩) બોધામૃત વિભાગ




**બોધામૃત ભાગ-૧ :** પૂજ્યશ્રીના અનેકવાર થયેલ બોધને મુમુક્ષુઓએ ઝીલી લઈ સંગ્રહ કરેલ. તે સંગ્રહ ઉપરથી આ ગ્રંથ તૈયાર કરવામાં આવ્યો છે. આ બોધરૂપ અમૃતનું પાન કરી ઘણા ભવ્યાત્માઓ શાંતિ મેળવે છે. આ સરલ, સચોટ, સમ્યક્ બોધ, શાંત સુધારસનું ધામ છે. પ્રાથમિક ભૂમિકાના મુમુક્ષુઓ માટે પણ મહાન ઉપયોગી છે. ગ્રંથની સ્વાભાવિક સરલ શૈલી જિજ્ઞાસુ બાળજીવોને પણ આકર્ષે એવી છે. વાત વાતમાં મોક્ષમાર્ગનો મર્મ સમજાવી મહાન ઉપકાર કર્યો છે. બોધનો સંગ્રહ સમય સં.૧૯૯૯ થી સં.૨૦૧૦ સુધીનો છે. તેમાંનો એંસી પ્રતિશત ભાગ સં.૨૦૦૮ થી સં.૨૦૧૦ સુધીનો છે.



**બોધામૃત ભાગ-૩** (પત્રસુધા) **:** મુમુક્ષુઓને થયેલી અનેક મૂંઝવણોના ઉકેલ-રૂપ આ ગ્રંથ છે. ગ્રંથનું સર્જન મુમુક્ષુઓના આવેલા પત્રોના ઉત્તરોથી થયું છે. પૂજ્યશ્રી મુમુક્ષુઓના અનેક પ્રશ્નોનું સમાધાન પત્રો દ્વારા કરી તેઓના અંતરને ઠારતા, શાંતિ પમાડતા. ગ્રંથમાં કુલ્લે ૧૦૨૫ પત્રો છે. તેમાંનો પ્રથમ પત્ર પૂજ્યશ્રીની સંસારથી છૂટવાની તીવ્ર અદમ્ય અભિલાષા દર્શાવે છે. બીજો અને ત્રીજો પત્ર પ.પૂ.પ્રભુશ્રીજી ઉપર લખેલ છે. તેમાં પણ તેઓશ્રીની ત્યાગ વૈરાગ્યની ઉત્કૃષ્ટ ભૂમિકાનું સ્પષ્ટ દર્શન થાય છે. પછીના ૧૯ પત્રો પરમકૃપાળુદેવને પ્રત્યક્ષ ગણી લખેલા છે, તે પૂજ્યશ્રીની પરમકૃપાળુદેવ પ્રત્યેની અનન્ય ભક્તિના સૂચક છે. આ પત્રોમાં પૂજ્યશ્રી પોતાના અંતરના ઉદ્ગાર પરમકૃપાળુ પરમાત્મા આગળ પ્રગટ કરે છે. ત્યારપછીના સર્વ પત્રોમાં અનેકવિધ બોધ મુમુક્ષુઓની મૂંઝવણો મટાડવા સમર્થ છે.

## પત્રસુધાના ઉપનામથી પ્રસિદ્ધ

પત્રોમાં પણ બોધરૂપ અમૃત ઝરતું હોવાથી પત્રસુધાના ઉપનામથી આ ગ્રંથ પ્રસિદ્ધ છે. 'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃતમાં ઉદ્ભવતા અનેક સંશયોના પણ સમાધાનરૂપ આ અમૂલ્ય ગ્રંથ મુમુક્ષુઓને મન મહાન છે. પરમકૃપાળુદેવે પ્રબોધેલ સત્ધર્મની આરાધના માટે યોગ્ય જીવનઘડતર કરવાની રહસ્યભૂત કૂંચી તેમજ પ્રેરણા આ ગ્રંથના અનુભવસિદ્ધ વચનોમાંથી પ્રાપ્ત થવા યોગ્ય છે. આ પત્રોનો લેખનકાળ સંવત્ ૧૯૮૩ થી સં.૨૦૧૦ સુધીનો છે.



## પૂજ્યશ્રીનું પત્રલેખન

પ.પૂ.પ્રભુશ્રીજીના વિદ્યમાનપણામાં પણ પૂ.શ્રી બ્રહ્મચારીજી તેઓશ્રીની આજ્ઞાનુસાર મુમુક્ષુઓને પત્ર લખતા તેમજ પોતાના દેહ વિલયના આગલા દિવસ સુધી પણ પૂજ્યશ્રી બ્રહ્મચારીજીએ પત્રલેખનની પવિત્ર જવાબદારી અદા કરી મુમુક્ષુઓના મનને શાંતિ અર્પી છે.

## (૪) વિવેચન વિભાગ




**આત્મસિદ્ધિ વિવેચન :** પરમ પૂ.શ્રી બ્રહ્મચારીજીએ પોતાના સ્વાધ્યાય અર્થે લખેલ આત્મસિદ્ધિનો અર્થવિસ્તાર, આ ગ્રંથરૂપે પ્રગટ થયો છે. ખંભાતના પૂ.અંબાલાલભાઈએ આત્મસિદ્ધિના સંક્ષિપ્ત ગદ્યાર્થ લખેલ, જે પરમકૃપાળુદેવના નજરતળે નીકળી ગયેલા. તેને આ ગ્રંથમાં પ્રત્યેક ગાથા નીચે મૂકી, આ અર્થવિસ્તારને તેના નીચે ભાવાર્થરૂપે આપવામાં આવ્યો છે.

સર્વ શાસ્ત્રના સારરૂપ 'આત્મસિદ્ધિશાસ્ત્ર'ના અવગાહનમાં અને તેમાં બોધેલા માર્ગની પરમ પ્રેમપૂર્વક ઉપાસના કરવામાં આ વિવેચન મુમુક્ષુવર્ગને પ્રબલ સહાયકારી છે.

આ ગ્રંથની પ્રસ્તાવનામાં પૂજ્યશ્રી લખે છે કે ''સજ્જન પુરુષો આ અર્થવિસ્તારને ઇત્યમેવ ન સમજે, 'ઇત્યમેવ પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુના હૃદયમાં છે.''

અર્થવિસ્તારનો સમય સં.૧૯૮૨ છે.

**આઠ દૃષ્ટિની સજ્ઝાય** (ભાવાર્થ સહિત) : ''શ્રી હરિભદ્રાચાર્યે 'યોગદૃષ્ટિ સમુચ્ચય' ગ્રંથ સંસ્કૃતમાં રચ્યો છે.'' (વચનામૃત પત્રાંક ૮૧૪)



તે ઉપરથી ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ ગુજરાતી ભાષામાં આ આઠ દૃષ્ટિની સજ્ઝાયની ઢાળબદ્ધ રચના કરી છે. પરમકૃપાળુદેવ આ વિષે જણાવે છે કે ''તે કંઠાગ્રે કરી વિચારવા યોગ્ય છે. એ દૃષ્ટિઓ આત્મદશામાપક (થર્મોમિટર) યંત્ર છે.'' –શ્રીમદ્ રાજચંદ્ર (પૃ.૬૬૨)

આ ગ્રંથના નિવેદનમાં પૂજ્યશ્રી જણાવે છે કે ''શ્રી યશોવિજયજીકૃત આ આઠ દૃષ્ટિની સજ્ઝાય મુખપાઠ કરી તેનો નિત્ય સ્વાધ્યાય કરવાની આજ્ઞા પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજીએ આશ્રમનિવાસી મુમુક્ષુઓને કરી છે. ત્યારથી આશ્રમના નિત્યનિયમમાં આ આઠ દૃષ્ટિનો ઉમેરો થયો હોવાથી તેનો ભક્તિપૂર્વક નિત્ય પાઠ કરવામાં આવે છે.'' પ્રસંગોપાત પૂજ્યશ્રી આ ગહન ગ્રંથ ઉપર વિવેચન કરતાં તેની નોંધ કરીને પૂ. સાકરબેને આ ભાવાર્થ તૈયાર કરેલો તે મુમુક્ષુઓને આઠ દૃષ્ટિના અર્થ સમજવામાં સહાયક જણાવાથી ગ્રંથરૂપે પ્રગટ કરવામાં આવેલ છે. આ વિવેચનનો સમય સં.૨૦૦૩ છે.

**સમાધિશતક વિવેચન :** આ મૂળ ગ્રંથ ૧૦૫ ગાથાનો




સંસ્કૃતમાં છે. તેના રચયિતા શ્રી પૂજ્યપાદ સ્વામી છે. તેઓ સંવત્ ૩૦૮માં આચાર્યપદે વિરાજમાન હતા. એ ગ્રંથના સંસ્કૃત ટીકાકાર શ્રી પ્રભાચંદ્રજી છે.

સંવત્ ૧૯૪૯માં મુંબઈમાં પરમકૃપાળુદેવે આ ગ્રંથ પ.પૂ. પ્રભુશ્રીજીને સ્વાધ્યાય અર્થે ૧૭ ગાથા સુધી સમજાવી, આપ્યો હતો. તેના અગ્રપૃષ્ઠ પર તેઓશ્રીએ સ્વહસ્તે **'આતમભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન રે'** એ મંત્ર લખી આપ્યો હતો. તે મંત્રનું તેમજ આ ગ્રંથનું પરિશીલન પ.પૂ.પ્રભુશ્રીજીએ મુંબઈ મૂક્યા બાદ ત્રણ વર્ષ સુધી મૌનપણે રહી કર્યું હતું.

આ ગ્રંથ વિષે પૂજ્યશ્રી બોધામૃત ભાગ- ૧, પૃ.૧૬ ઉપર જણાવે છે કે :—

**'સમાધિશતક'** સમાધિ પ્રાપ્ત કરાવે તેવું છે. જેને આગળ વધવું છે તેને ઘણા હિતનું કારણ છે. સત્તરમાં શ્લોકમાં ઘણું સરસ વર્ણન છે.એક માસ જો પુરુષાર્થ ખરા હૃદયથી કરવામાં આવે તો આત્મા પ્રાપ્ત થઈ જાય. શ્લોક પચાસ સુધીમાં તો હદ કરી છે. ટૂંકાણમાં વાત છે, પણ તે ઉપરથી તો ઘણાં શાસ્ત્રો બની શકે તેમ છે. આ ગ્રંથનો ગુર્જર પદ્યાનુવાદ કાળ સં.૧૯૮૨ છે.

### ત્રણ આત્માનું તલસ્પર્શી વર્ણન

ગ્રંથમાં બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માનું ઘણું તલસ્પર્શી વિવેચન છે. 'બાહ્યત્યાગને અંતર્ત્યાગરૂપે પલટાવી પરમાર્થમાં મગ્ન રહેવામાં મદદરૂપ થાય તે અર્થે અને ભવિષ્યમાં પણ મોક્ષમાર્ગમાં દીવાદાંડીરૂપે માર્ગદર્શક નીવડે''તેવો આ ગ્રંથ છે. પ.પૂ.પ્રભુશ્રીજીએ પણ પૂ.શ્રી બ્રહ્મચારીજીને આ ગ્રંથ સ્વાધ્યાય અર્થે આપ્યો હતો. તેમણે છ-છ વર્ષ સ્વાધ્યાય કરી એવો પચાવ્યો કે તેના ફળસ્વરૂપ પ.પૂ.પ્રભુશ્રીજીએ તેમને **'ગુરુગમ'** આપી.

આ સમાધિશતક ગ્રંથનો સમાવેશ **'ગ્રંથયુગલ'** નામથી



છપાતી પુસ્તકમાં કરવામાં આવ્યો છે. તે પુસ્તકમાં પ્રથમ 'લઘુયોગ વાસિષ્ઠસાર'ને પદ્યરૂપે મૂકવામાં આવેલ છે.

''આ બેય ગ્રંથ (લઘુયોગવાસિષ્ઠસાર અને સમાધિશતક) કદમાં નાના હોવા છતાં રત્નતુલ્ય કિંમતી છે. મુમુક્ષુઓને આત્મોન્નતિમાં મદદ કરનાર છે. પ્રથમ ગ્રંથમાં વૈરાગ્યની મુખ્યતા છે. બીજામાં આત્મવિચારની મુખ્યતા છે.'' –ગ્રંથ-યુગલની પ્રસ્તાવના

આ વિવેચનનો ઉદ્ભવ કાળ સં.૨૦૦૬ છે.



**નિત્યનિયમાદિ પાઠ (ભાવાર્થ સહિત) :** પરમકૃપાળુદેવના પદો ઉપર પૂજ્યશ્રીએ પ્રસંગોપાત્ત વિવેચન કરેલ. તે વિવેચન મુમુક્ષુઓને ઉપયોગી જણાવાથી ગ્રંથરૂપે પ્રકાશિત થયું છે. આ ગ્રંથની પ્રસ્તાવનામાં પૂજ્યશ્રી જણાવે છે કે ''અર્થ સમજીને નિત્યનિયમાદિ પાઠ થાય તો પરમાર્થ તરફ વૃત્તિ પ્રેરાય અને ઉલ્લાસપૂર્વક ભક્તિ થાય એ આ પ્રકાશનનો હેતુ છે. સમજાયા પછી વિચારણાનો વિસ્તાર થાય છે અને નવીન ભાવો જાગે છે, તે સ્વ-વિચારણા આત્મપ્રતીતિનું કારણ થાય છે.''

આ ગ્રંથમાં અગાસ આશ્રમમાં નિત્યક્રમરૂપે બોલાતા મંગલાચરણથી માંડીને લગભગ બધા જ પદોના અર્થો છે. સવાર, બપોર, સાંજ અને રાત્રિની ભક્તિના પદો તેમજ દેવવંદન, આત્મસિદ્ધિ વગેરે બધાનો અર્થ આમાં સમાવેલ છે. તેથી આ પ્રકાશન પણ મુમુક્ષુઓને વિશેષ ઉપયોગી સિદ્ધ થયું છે.

આ ગ્રંથની પ્રથમાવૃત્તિનો સમય સં.૨૦૦૭ છે. વર્તમાનમાં આઠમી આવૃત્તિ વિદ્યમાન છે.



**મોક્ષમાળા-વિવેચન :** પૂજ્યશ્રીએ 'મોક્ષમાળા' ગ્રંથ ઉપર બે વખત વિવેચન કરેલ. તેને સમ્મિલિત કરી આ ગ્રંથ તૈયાર કરવામાં આવ્યો છે. ગ્રંથની ભાષા સરળ છે. બાળજીવોને પણ સમજાય તેવી છે.

આ વિવેચન 'મોક્ષમાળા'ને સમજવામાં બહુ ઉપયોગી હોવાથી તેનો સ્વાધ્યાય કરતાં સાથે રાખી વિચારવા યોગ્ય છે; જેથી જૈન વીતરાગ-માર્ગનું સ્વરૂપ સમજવામાં સુગમતા રહે.

આ વિવેચનનો સમય સં.૨૦૦૫ અને સં.૨૦૦૮ છે.



**પંચાસ્તિકાય-વિવેચન :** અધ્યાત્મયોગી શ્રીમદ્ કુંદકુંદાચાર્ય દ્વારા રચિત આ ગ્રંથ પ્રસિદ્ધ છે. આ ગ્રંથના પ્રથમ અધ્યયનમાં ષડ્દ્રવ્ય—જીવાસ્તિકાય,અજીવાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય તેમજ કાળદ્રવ્યનું પણ વર્ણન છે.

બીજા અધ્યયનમાં નવે તત્ત્વનું સંક્ષિપ્ત સ્વરૂપ સમજાવ્યું છે અંતમાં 'મોક્ષમાર્ગ પ્રપંચ ચૂલિકા'છે. તેમાં સમ્યક્દર્શન જ્ઞાનચરિત્ર એ મોક્ષમાર્ગ છે, એમ નિરૂપણ કર્યું છે.

મૂળગ્રંથ પ્રાકૃત ભાષામાં છે. પ્રસ્તુત પુસ્તકમાં, પ્રથમ મૂળ પ્રાકૃતગાથા, પછી તેની સંસ્કૃત છાયા, પછી પરમકૃપાળુદેવકૃત ગુજરાતી ભાષાન્તર અને છેલ્લે પૂ.શ્રી બ્રહ્મચારીજીનું વિવેચન ક્રમશઃ આપી ગ્રંથને સમજવામાં સુગમતા કરી છે. પરમકૃપાળુદેવ કૃત ભાષાંતરમાં અમુક ગાથાઓના અર્થ કોઈ કારણવશાત્ મળી શક્યા નથી. પણ પૂ.શ્રી બ્રહ્મચારીજીકૃત ભાવાર્થમાં તે મળવાથી અત્રે સમ્મિલિત કરી ગ્રંથની પૂર્તિ કરી છે. ગ્રંથ દ્રવ્યાનુયોગનો છે. 'દ્રવ્યાનુયોગનું ફળ સર્વભાવથી વિરામ પામવારૂપ સંયમ છે.' (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક ૮૬૬)

વિવેચનનો સમય સં.૨૦૦૮ છે.



**બોધામૃત ભાગ-૨** (વચનામૃત વિવેચન) **:** પૂજ્યશ્રીએ પ્રસંગોપાત્ત શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથના પત્રો ઉપર વિવેચન કરેલ. તે વિવેચનને એકત્રિત કરી પત્રાંકના ક્રમપૂર્વક મૂકી આ ગ્રંથનું ગૂંથન કરવામાં આવ્યું છે.

આ કહેલ બોધરૂપી અમૃત પરમકૃપાળુદેવના વચનામૃત સમજવામાં વિશેષ સહાયરૂપ સિદ્ધ થયું છે. પરમકૃપાળુદેવના વચનામૃતોનો વાસ્તવિક અંતર આશય સમજવા માટે આ બોધ સંપૂર્ણ વિશ્વસનીય છે. પરમકૃપાળુદેવ એક પત્રમાં જણાવે છે કે **''માર્ગને પામેલો માર્ગ પમાડશે.''** (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક ૧૯૬) તેથી મોક્ષમાર્ગની સોંપણી જેને થઈ એવા પુરુષોથી વચનામૃતનો અંતર આશય સમજવો હિતાવહ છે. વચનામૃત-વિવેચનનો સમય મુખ્યત્વે સં.૨૦૦૮ થી સં. ૨૦૧૦ છે.

## (૫) સંયોજન વિભાગ

**પ્રવેશિકા** (મોક્ષમાળા પુસ્તક પહેલું) **:** આ ગ્રંથ ધર્મમાર્ગમાં પ્રવેશ કરાવનાર રૂપ છે. પ્રાથમિક ભૂમિકાના જિજ્ઞાસુને પ્રથમ વાંચવા યોગ્ય છે. 'મોક્ષમાળા' ગ્રંથના ચાર વિભાગ કરવાની



યોજના પરમકૃપાળુદેવની હતી. તેમાંનું આ પહેલું પુસ્તક છે. આ ગ્રંથના વિષયોનો ક્રમ મુખ્યપણે મોક્ષમાળા ગ્રંથ મુજબ છે. કુલ્લે એકસો આઠ શિક્ષાપાઠ છે. ગ્રંથમાં વિવિધ વિષયો સરળ સીધી ભાષાશૈલીમાં પૂજ્યશ્રીએ રજૂ કર્યા છે. પ.પૂ.પ્રભુશ્રીજીના ભલામણ અનુસાર વિવિધ શાસ્ત્રોમાંથી કરેલ ઉતારાઓ તેમજ શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથમાંથી વિષયાનુસાર ઉતારાઓ તેમજ અન્ય મહા-પુરુષોની પ્રસાદીરૂપ આ ગ્રંથનું સંયોજન કરેલું છે.

**'મોક્ષમાળા'** ગ્રંથનો સ્વાધ્યાય કરતા પહેલા આ પુસ્તકનો સ્વાધ્યાય કરવાથી તે સમજવામાં સુગમતા રહેશે. અને **'શ્રીમદ્ રાજચંદ્ર'** ગ્રંથને પણ સમજવાની યોગ્યતા અમુક અંશે આનાથી પ્રાપ્ત થાય તેમ છે.

ધર્મના બીજા ગ્રંથો સમજવાની પણ આથી યોગ્યતા આવે તેમ હોવાથી **'ધર્મ-પ્રવેશિકા'**ની ગરજ સારે છે, આમ ગ્રંથની પ્રસ્તાવનામાં પૂજ્યશ્રીએ જણાવેલ છે. તેમજ ધર્મનું આરાધન-પાલન જીવનમાં જરૂરી છે એવા સંસ્કારનું સીંચન થાય એવા શુભ આશયથી પૂજ્યશ્રીએ આ ગ્રંથનું સંયોજન કર્યું છે.

આ પુસ્તકનો સંયોજન સમય સંવત્ ૨૦૦૫ છે.

## (૬) ભાષાંતર વિભાગ




**બૃહદ્‌દ્રવ્ય સંગ્રહ :** આ ગ્રંથના મૂળ કર્તા શ્રી નેમિચંદ્ર સિદ્ધાંત-ચક્રવર્તી છે. મૂળ ગ્રંથની ગાથાઓ ૫૮ છે. તેના ઉપરથી પૂજ્યશ્રીએ ગુજરાતી પદ્યાનુવાદમાં મૂળ ગ્રંથની ૬૩ ગાથાઓ અને આદ્યમંગળની ૩ ગાથાઓ તેમજ અંત્ય-મંગળની ૩ ગાથાઓ લખી ગ્રંથની પૂર્ણાહુતિ કરી છે.

ગ્રંથના પ્રથમ અધિકારમાં જીવ, અજીવ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, કાળ અને આકાશ આ છ દ્રવ્યોનું વર્ણન તેમજ જીવોના ભેદનું વર્ણન છે. બીજા અધિકારમાં સાત તત્ત્વ—જીવ, અજીવ, આસ્રવ, સંવર, બંધ, મોક્ષ, નિર્જરાનું દ્રવ્યથી અને ભાવથી સ્વરૂપ જણાવ્યું છે. ત્રીજા અધિકારમાં સમ્યક્‌દર્શન-જ્ઞાનચારિત્રરૂપ રત્નત્રયનું વ્યવહાર અને નિશ્ચયનયની અપેક્ષાએ સ્વરૂપ સમજાવેલ છે. પ.પૂ.પ્રભુશ્રીજી ઘણાને આ ગ્રંથ મુખપાઠ કરાવતા.

ઈડર ઉપર આ દ્રવ્યસંગ્રહ ગ્રંથ પરમકૃપાળુદેવે પ.પૂ. પ્રભુશ્રીજી વગેરે સાતે મુનિઓને સમજાવ્યો હતો. પૂ.શ્રી બ્રહ્મચારીજી સં.૧૯૯૩માં મુમુક્ષુઓના સંઘ સાથે ઈડર પધારેલા તે વખતે પણ આખો દ્રવ્યસંગ્રહ ગ્રંથ તેઓશ્રીએ અર્થ સાથે સમજાવ્યો હતો. જૈન સિદ્ધાંતબોધનો આ ગ્રંથ પ્રયોજનભૂત તત્ત્વનું સંક્ષેપમાં સુંદર પ્રતિપાદન કરે છે. પદ્યાનુવાદનો રચના કાળ સં.૧૯૮૪ તેમજ બીજીવાર કરેલ ગીતિ છંદમાં તેનો રચનાકાળ સં.૧૯૮૬ છે.

**આલાપ પદ્ધતિ :** આલાપ એટલે શબ્દોચારણ અને પદ્ધતિ એટલે વિધિ; અર્થાત્ બોલવાની કે ચર્ચા કરવાની રીતિ તે આલાપ પદ્ધતિ. ગ્રંથમાં ન્યાય, નય, નિક્ષેપ, દ્રવ્ય, ગુણ, પર્યાય વગેરેનું સંક્ષેપમાં સ્પષ્ટીકરણ કરેલ છે.

ગ્રંથના મૂળ રચયિતા શ્રીમદ્ દેવસેનાચાર્ય છે. સં.૯૯૦માં તેઓ વિદ્યમાન હતા. પૂજ્યશ્રીએ આ ગ્રંથનો પદ્યાનુવાદ તેમજ ગદ્યાનુવાદ કરેલ છે. ગ્રંથનું અપરનામ દ્રવ્યાનુયોગ પ્રવેશિકા પણ છે. ગુર્જર અનુવાદનો સમાપ્તિ કાળ જન્માષ્ટમી સં.૧૯૮૫ છે.



આ **બૃહદ્ આલોચનાદિ પદ સંગ્રહ**માં નીચે લખેલ સ્વદોષ દર્શન, વૈરાગ્ય-મણિમાળા, જિનવરદર્શન, આલોચના અધિકાર આપેલ છે.

**સ્વદોષ દર્શન :** મૂળ સંસ્કૃતમાં અને ઉપજાતિ છંદમાં શ્રી રત્નાકરસૂરિ કૃત શ્રી રત્નાકર પંચ-વિંશતિ ઉપરથી પૂજ્યશ્રીએ આ સ્વદોષ દર્શન નામે દોહરામાં ગુજરાતી પદ્યાનુવાદ કરેલ છે. સંપ્રદાયમાં રત્નાકર પચ્ચીશી તરીકે એના ઘણા અનુવાદો પ્રચલિત છે, જેમાં 'મંદિર છો મુક્તિતણા માંગલ્ય ક્રીડાના પ્રભો' વિશેષ પ્રસિદ્ધિ પામ્યો છે. આ કાવ્યમાં ભક્ત, ભગવાન સમક્ષ પશ્ચાત્તાપપૂર્વક પોતાના દોષોનું વર્ણન કરે છે, અને અંતમાં બોધિરત્ન-સમ્યક્‌દર્શનની માગણી કરી સંસારના ભાવોથી મુક્ત થવા પ્રાર્થના કરે છે.

પદ્યાનુવાદનો સમય વિક્રમ સંવત્ ૧૯૮૫ છે.

**વૈરાગ્ય મણિમાળા :** શ્રી ચંદ્રકવિ કૃત સંસ્કૃત કાવ્ય વૈરાગ્ય મણિમાળાનો આ ગુજરાતી પદ્યાનુવાદ પૂજ્યશ્રીએ કર્યો છે. કાવ્યમાં વૈરાગ્યનો ભરપૂર ઉપદેશ છે. ધન, કટુંબ, બધું વિનાશી છે, સંસાર અશરણ છે, બાલ્યવય-યુવાવયની ક્રિયા, શરીર સ્વરૂપ આદિ અનેકનું રસપ્રદ વર્ણન છે. ભાષા ભાવવાહી અને અસરકારક છે. પદ્યાનુવાદનો સમય વિ.સં.૧૯૮૮ છે.

**જિનવર દર્શન :** શ્રી પદ્મનંદિ આચાર્યકૃત 'પદ્મનંદિ પંચવિંશતિ' ગ્રંથના અધિકાર ૧૪માં જિનવર સ્તોત્ર છે. તેનો આ પદ્યાનુવાદ છે. તે અંગે પૂજ્યશ્રી જણાવે છે કે ''જિનવર દર્શનનું....ભાષાંતર કરતાં પહેલાં અભિગ્રહ લીધેલો કે પરમકૃપાળુ દેવનું સ્વપ્ન પણ ન આવે તો તે દર્શન વિષેનું ભાષાંતર કરવું જ નથી.'' પછી સ્વપ્ન આવ્યું અને આ ભાષાંતર કાવ્ય કર્યું.

કાવ્યમાં ભગવત્-દર્શનનું અદ્‌ભુત માહાત્મ્ય વર્ણવેલ છે. આ કાવ્યનો ગદ્ય અનુવાદ પણ પૂજ્યશ્રીએ કર્યો છે. કાવ્યનો ઉદ્‌ભવ સમય વિ.સં.૧૯૮૮ છે.

**આલોચના અધિકાર :** શ્રી પદ્મનંદિ આચાર્ય વિરચિત ગ્રંથ 'પદ્મનંદિ પંચવિંશતિ'માં અધિકાર નવમામાં આ આલોચના અધિકાર છે. તેનો ગુજરાતીમાં ગદ્ય-પદ્યાનુવાદ પૂજ્યશ્રીએ કરેલ છે.

આ આલોચના અધિકારમાં પોતાના પાપોની પશ્ચાત્તાપ પૂર્વક આલોચના કરવા અર્થે આશ્રયનું ફળ, નવ પ્રકારના પાપોની નિંદા, આલોચનાનો હેતુ, સદ્‌ગુરુના સહવાસ માટે યોગ્યતા, મનની ચંચળતા, મનને મારવાનો ઉપાય, કર્મશત્રુથી બચવા પ્રાર્થના, કળિકાળમાં ભક્તિનું આલંબન, આલોચનાનું માહાત્મ્ય આદિ અનેક વિષયો વર્ણવેલ છે. અગાસ આશ્રમમાં ચૌમાસી ચૌદશ અને સંવત્સરીના દિવસે આ આલોચનાદિનો પાઠ થાય છે.

અંતિમ ગાથામાં સત્પુરુષના નિશ્ચય અને આશ્રયનું બહુ જ માહાત્મ્ય ગાયું છે. સત્પુરુષનો જીવને નિશ્ચય અને આશ્રય થાય તો જીવનો જરૂર મોક્ષ થાય.


આ અનુવાદનો પૂર્ણાહુતિ કાળ વિ.સં.૧૯૮૮ છે.

**કર્તવ્ય ઉપદેશ :** શ્રી યશોવિજયજી કૃત અધ્યાત્મસારના અનુભવાધિકારના અંતે કર્તવ્યદશક છે. તેનો આ પદ્યાનુવાદ પૂજ્યશ્રીએ કર્યો છે. તે ઉપદેશમાં પરનિંદા એ પાપ છે, પરના અલ્પગુણમાં પ્રીતિ, પોતાની નિંદામાં શાંતિ, સદ્‌ગુરુની સેવા, શ્રદ્ધા, પ્રમાદનો અભાવ, સ્વચ્છંદનો ત્યાગ, આત્મસાક્ષાત્કાર કરવા ભલામણ આદિ હિતકારી વિષયોનું વર્ણન છે.

પદ્યાનુવાદ નો સમય સં.૧૯૮૮ છે.



**હૃદય પ્રદીપ :** આ પદ્યાનુવાદમાં પૂજ્યશ્રી જણાવે છે કે સમ્યક્ તત્વજ્ઞાની માર્ગદર્શક ગુરુ જો માથા ઉપર હોય તો સંસાર, ભોગ અને શરીર ઉપરથી જીવને ઉદાસીનતા વૈરાગ્ય આવે છે. અને ત્રણેયનો વિચાર કરી આગળ વધી જીવ સિદ્ધિ મેળવે છે. આ ત્રણેય સંસારના મૂળ કારણ ભવ, તન અને ભોગ ઉપર સુંદર વિવરણ કરી તેનાથી મુક્ત થવા બોધ આપેલ છે. વૈરાગ્ય ભાવવાળી આ રચના છે. આ પદ્યાનુવાદનો સમાપ્તિ સમય સં.૧૯૮૮ છે.





**સમાધિ સોપાન :** પૂ. શ્રી બ્રહ્મચારીજી આ ગ્રંથના નિવેદનમાં જણાવે છે કે જિજ્ઞાસુમાં "વૈરાગ્યની વૃદ્ધિ થાય, આત્મહિત કરવાની પ્રેરણા મળે તથા જેમને આત્મહિત કરવાની ઇચ્છા જાગેલી છે તેમને આત્મવિચારણામાં પોષણ મળે તથા મનુષ્યભવ સફળ કરવાનું સાધન પ્રાપ્ત કરવાની દિશા દેખાય તેવા વિષયો આ સમાધિ સોપાનમાં ચર્ચાયેલા છે.

મૂળ ગ્રંથ **'રત્નકરંડ શ્રાવકાચાર'** સંસ્કૃતમાં શ્રી સમંત ભદ્રાચાર્યે લખેલો છે. તેની હિંદી ભાષામાં વિસ્તૃત ટીકા પંડિત સદાસુખદાસજીએ કરેલી છે. તે ગ્રંથનું વાંચન શ્રીમદ્ લઘુરાજ મહારાજની સમક્ષ કરવાનું મને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું, ત્યારે તે ગ્રંથના કેટલાક ભાગ મુમુક્ષુજીવોને અત્યંત ઉપકારી જણાવાથી તેઓશ્રીએ (પ.પૂ.પ્રભુશ્રીજીએ) તેનું સરળ ગુજરાતી ભાષાંતર કરવા મને સૂચના કરી. તે ઉપરથી સમ્યક્‌દર્શન અથવા આત્મ-શ્રદ્ધાનાં આઠ અંગ, ધર્મધ્યાનમાં ઉપયોગી બાર ભાવનાઓ અને તીર્થંકર નામકર્મના હેતુભૂત સોળ ભાવનાઓ, ક્ષમાદિ દશલક્ષણરૂપ ધર્મ અને સમાધિમરણના અધિકારોનું યથાશક્તિ ગુજરાતી ભાષામાં અવતરણ કર્યું.

આ ગ્રંથનું ભાષાંતર પ.પૂ.પ્રભુશ્રીજીની આજ્ઞાથી પૂજ્યશ્રીએ કરેલ છે. ગ્રંથની ભાષાશૈલી સરળ અને રોચક છે. સમાધિમરણના ઇચ્છકે અવશ્ય તેનો સ્વાધ્યાય કર્તવ્ય છે. આ ગ્રંથના અંતિમ ભાગમાં પરમકૃપાળુદેવ દ્વારા લિખિત સો પત્રોનો સમાવેશ થવાથી ગ્રંથની ઉપયોગિતા વિશેષ પુરવાર થઈ છે.

આ ગ્રંથના ભાષાંતરનો સમાપ્તિ સમય સંવત્ ૧૯૮૯ના આશ્વિન શુક્લા દશમી છે.

**મેરી ભક્તિ :** શ્રી બ્રહ્મચારી નંદલાલજીનું બનાવેલ આ હિંદી કાવ્ય છે. તેનો પૂજ્યશ્રીએ આ ગુજરાતી પદ્યાનુવાદ કરેલ છે. તેમાં પ્રભુ પ્રત્યેની ભાવપૂર્ણ ભક્તિના દર્શન થાય છે.

હે પ્રભુ, મને તમારું શરણ આપો, મારા જન્મમરણને દૂર કરવા માટે હે નાથ! મને સદા તમારી પાસે રાખો, કૃપા કરી સહજ સુખ પદ આપો વગેરે અનેક પ્રકારે તેમાં પ્રભુની ભક્તિ કરી છે.

પદ્યાનુવાદ સાથે તેના ગુજરાતી અર્થ પણ પૂજ્યશ્રીએ લખ્યા છે. કાવ્યનો રચના-કાળ સં.૧૯૯૦ વૈશાખ વદ ૩ ગુરુવાર છે.

**યોગપ્રદીપ :** પૂજ્યશ્રીએ કરેલ આ પદ્યાનુવાદમાં ઉપદેશ છે કે લોકો તીર્થને ઇચ્છે છે, પણ ધર્મતીર્થરૂપ પોતાનો આત્મા જ છે. માટે તેની ભજના કરો, તેની જ શોધ કરો, તેને જ ધ્યાવો, તેનું જ નિરંતર સ્મરણ કરો. બહિરાત્મપણું તજી, અંતરાત્મા બની પરમાત્માને ધ્યાવો તો પરમપદ-મોક્ષપદની પ્રાપ્તિ થશે.

**'જેણે આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું.'** -શ્રીમદ્ રાજચંદ્ર

આ પદ્યાનુવાદનો પ્રારંભકાળ સં.૧૯૯૧ અને સમાપ્તિ સમય સં.૧૯૯૨ છે.

**વિવેક બાવની :** શ્રી ટોડરમલજી કૃત 'મોક્ષમાર્ગ-પ્રકાશક' ગ્રંથ ઉપરથી સ્વ-પર વિચાર ભેદજ્ઞાનને દર્શાવતું બાવન દોહરાવાળું આ કાવ્ય પૂજ્યશ્રીએ રચ્યું છે. જડ-ચૈતન્યનો વિવેક કરવો એ જ સર્વ શાસ્ત્રોનો સાર છે. તે પ્રયોજનભૂત તત્ત્વને આ કાવ્યમાં વર્ણ્યું છે. પરમકૃપાળુદેવે **'હું કોણ છું', ક્યાંથી થયો, શું સ્વરૂપ છે મારું ખરું' અથવા 'રે આત્મ તારો! આત્મ તારો! શીઘ્ર એને ઓળખો'** વગેરે પદોમાં જે ભાવો પ્રગટ કર્યા છે તે ભાવોની પુષ્ટિરૂપ આ વિવેકબાવની છે. આ કાવ્યનો રચના કાળ વિ.સં.૧૯૯૩ છે.




**જ્ઞાનમંજરી :** આ ગ્રંથની પ્રસ્તાવનામાં પૂજ્યશ્રી જણાવે છે કે ''જ્ઞાનસાર ગ્રંથ શ્રી યશોવિજયજી ઉપાધ્યાયે બત્રીસ મહા ગહન વિષયો ઉપર સંસ્કૃત ભાષામાં આઠ આઠ શ્લોકના અષ્ટક લખ્યા છે. તેનો ભાવાર્થ (ટબો) પોતે જૂની (પોતાના સમયની) ગુજરાતીમાં લખ્યો છે. શ્રી દેવચંદજી મહારાજે તે જ્ઞાનસાર ઉપર સંસ્કૃત ટીકા 'જ્ઞાનમંજરી' નામે લખી છે.''

''શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમમાં સ્વાધ્યાય થતાં **'જ્ઞાનમંજરી'**-માં આવતી વૈરાગ્ય યુક્ત અધ્યાત્મ ચર્ચા શ્રવણ થતાં કેટલાક મુમુક્ષુઓએ તે સંસ્કૃત ટીકા 'જ્ઞાનમંજરી'નો ગુર્જર ભાષામાં અનુવાદ થાય તો સમજવું સરળ બને તેવી ભાવના વ્યક્ત કરી. તે પ્રેરક કારણથી તેમજ મને પોતાને પણ આત્મવિચારણા અર્થે તે વિષયો વિચારવા યોગ્ય લાગવાથી સંસ્કૃતમાં મારી પોતાની કુશળતા નહીં હોવા છતાં એક તે વિષયની પ્રીતિથી પ્રેરાઈ યથાશક્તિ શ્રમ (labour of love) કરવા શરૂ કરેલ.'' તે કાર્યની પૂર્ણાહુતિ સંવત્ ૧૯૯૪ના અષાઢ સુદ ૯ને બુધવારના રોજ થયેલ છે. સંસ્કૃત ટીકા જ્ઞાનમંજરીનો ગુર્જર ભાષાનુવાદ કરી પૂજ્યશ્રીએ ગહન વિષયોને સમજાવવા સુંદર પ્રયાસ કર્યો છે.

**ચિત્રસેન-પદ્માવતી શીલ કથા** : મૂળ કથા સંસ્કૃત ભાષામાં છે. તેના લેખક શ્રી રાજવલ્લભ પાઠક છે. તેનો ગુજરાતી પદ્યાનુવાદ પૂજ્યશ્રીએ કાવિઠા ગામે શરૂ કર્યો અને પુર્ણાહુતિ સીમરડા ગામે થવા પામી છે. આ કથાનો ગદ્યાનુવાદ પણ તેઓશ્રીએ કરેલ જે **'પ્રવેશિકા'** ગ્રંથમાં છપાયેલ છે. **'પ્રવેશિકા'**માં આ કથાના અંતમાં પૂજ્યશ્રી સારરૂપે લખી જણાવે છે કે ''શીલના પ્રભાવથી લક્ષ્મી, પુત્ર, સ્ત્રી, મોટાઈ અને કીર્તિ પ્રાપ્ત થાય છે. શીલના પ્રભાવથી પાપ, ભૂત, વેતાલ, સિંહ, સાપ આદિના ભય નાશ પામે છે. બુદ્ધિમાનોએ શીલનો પ્રભાવ ઘણો વર્ણવ્યો છે, તે જાણી ભવ્ય જીવોએ શીલ નિરંતર પાળવા યોગ્ય છે. દેવના, મનુષ્યનાં સુખ શીલના પ્રભાવથી પામી મનુષ્ય પરમપદ એટલે મોક્ષ પામે છે.'' આ કથા-કાવ્યનો લેખનકાળ વિ.સં.૨૦૦૩ છે.




**લઘુ યોગવાસિષ્ઠ સાર :** આ ગ્રંથ મૂળ સંસ્કૃત ભાષામાં છે. પરમકૃપાળુદેવે આ ગ્રંથના **'વૈરાગ્ય'** અને **'મુમુક્ષુ'** પ્રકરણ વાંચવા-વિચારવા ઘણા પત્રોમાં ભલામણ કરી છે. માટે પૂજ્યશ્રીએ આ બે પ્રકરણોના સારનો ગુર્જર પદ્યાનુવાદ પોતાના સીમરડા નિવાસ દરમિયાન કર્યો છે. આમાં શ્રી રામનો વૈરાગ્ય બહુ ઉત્કૃષ્ટપણે વર્ણવેલો છે.

આ ગ્રંથના સંદર્ભમાં પૂજ્યશ્રી ગ્રંથયુગલની પ્રસ્તાવનામાં જણાવે છે કે ''કોઈ સજ્જને 'યોગવાસિષ્ઠ મહારામાયણ'માંથી અમુક પ્રકરણવાર શ્લોકો ચૂંટીને 'યોગ-વાસિષ્ઠસાર' નામ-નો પ્રથમ ગ્રંથ બહાર પાડેલો, તે પ્રમાણમાં મોટો થવાથી ઘણાના ઉપયોગમાં નથી આવતો જાણી, કોઈ પંડિતે તે સારનો સાર 'લઘુયોગ વાસિષ્ઠ-સાર' નામે ગ્રંથ કર્યો. વેદાંત શાસ્ત્રના અનેક ગ્રંથો છે, તેમાં મુખ્ય પ્રસ્થાનત્રયી (બ્રહ્મસૂત્ર, ઉપનિષદો અને ભગવદ્ગીતા) છે. પરંતુ પ્રસ્થાનત્રયીની સરખામણીમાં આવે તેવો આ 'યોગવાસિષ્ઠ' ગ્રંથ છે.''



પરમકૃપાળુદેવ આ ગ્રંથ વિષે પત્રાંક ૧૨૦માં જણાવે છે કે ''આપનું **'યોગવાસિષ્ઠ'**નું પુસ્તક આ સાથે મોકલું છું. **ઉપાધિનો તાપ શમાવવાને શીતળ ચંદન છે; આધિ, વ્યાધિનું એની વાંચનામાં આગમન સંભવતું નથી.''** ગ્રંથનો રચનાકાળ સં.૨૦૦૬ છે.

**દશવૈકાલિક સૂત્ર :** શ્રી શય્યંભવાચાર્ય આ ગ્રંથના મૂળ લેખક છે. તેઓ ચૌદ પૂર્વધારી હતા. તેમના ગૃહસ્થાશ્રમના પુત્ર મનકે ૭-૮ વર્ષની ઉંમરમાં તેમની પાસે દીક્ષા ગ્રહણ કરી હતી. શિષ્ય મનક મુનિનું આયુષ્ય માત્ર છ મહિનાનું જ જાણીને, તેને મૂળભૂત તત્ત્વોની સર્વ વાતો ટૂંકામાં સમજાવવા આચાર્યે આ ગ્રંથમાં પ્રયાસ કર્યો છે. સંક્ષેપમાં ચૌદપૂર્વનો સાર મૂક્યો છે.

મૂળ ગ્રંથ માગધીમાં છે. તેનો પૂજ્યશ્રીએ ગુજરાતી ભાષામાં દોહરામાં પદ્યાનુવાદ કરેલ છે.

ગ્રંથમાં કુલ ૧૦ અધ્યયન છે (૧) 'દ્રુમ પુષ્પક' (૨) શ્રામણ્યપૂર્વક (૩) 'ક્ષુલ્લક આચાર કથા' (૪) 'છ જીવ નિકાય' (૫) 'પિંડેષણા' (૬) મહાચાર કથા (૭) 'વાક્ય શુદ્ધિ' (૮) 'આચાર-પ્રણિધિ' (૯) 'વિનય-સમાધિ' (૧૦) 'સભિક્ષુ'. દશવૈકાલિક સૂત્ર—ઉત્તર સૂત્રમાં પ્રથમ 'રતિવાક્ય' અને દ્વિતીય 'વિવિક્ત ચર્યા' નામની બે 'ચૂલિકા' છે.

આ ગ્રંથ ઉપર શ્રી હરિભદ્રસૂરિએ માગધીમાં બૃહદ્ ટીકા નિર્યુક્તિ લખેલ તેનો પણ ગુજરાતી પદ્યાનુવાદ આ ગ્રંથમાં આપેલ છે. પદ્યાનુવાદનો પ્રારંભકાળ વિ.સં. ૨૦૦૬ મહા વદ ૧ અને પુર્ણાહુતિ સમય સંવત્ ૨૦૦૬ ભાદરવા વદ ૧૨ છે.





**તત્ત્વાર્થસાર :** ગ્રંથની પ્રસ્તાવનામાં જણાવેલ છે કે ''મૂળ ગ્રંથ **'તત્ત્વાર્થસૂત્ર'** શ્રી ઉમાસ્વામીએ દશ અધ્યાય પ્રમાણ રચ્યો છે, જે મોક્ષશાસ્ત્ર કે **'તત્ત્વાર્થાધિગમ સૂત્ર'** તરીકે પણ લોકપ્રસિદ્ધ છે. તેના ઉપરથી શ્રી અમૃતચંદ્રસૂરીએ 'તત્ત્વાર્થ-સાર' ગ્રંથની સંસ્કૃત ભાષામાં રચના કરી છે. આ ગ્રંથમાં સર્વજ્ઞ પ્રણીત મૂળભૂત સાત તત્ત્વો—જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષનું નિરૂપણ છે.'' તે ઉપરથી પૂ.શ્રી બ્રહ્મચારીજીએ સરળ ગુજરાતી ભાષામાં આ પદ્યાનુવાદ કરેલ છે.

આ ગ્રંથ વિષે પૂજ્યશ્રી અન્યત્ર બોધમાં જણાવે છે કે ''બધાયનો સાર કૃપાળુદેવે **'આત્મસિદ્ધિ'**માં કહી દીધો છે. **'તત્ત્વાર્થસાર'** પુસ્તકથી **'આત્મસિદ્ધિ'** વધારે સમજી શકાય છે. વિચાર કરવાનો છે. **'વિચારતાં વિસ્તારથી સંશય રહે ન કાંઈ.'** **'કર્મ મોહનીય ભેદ બે, દર્શન ચારિત્ર નામ'** એનો વિસ્તાર **'તત્ત્વાર્થસાર'**થી વધારે સમજી શકાય છે. આ **'તત્ત્વાર્થસાર'** શ્રી અમૃતચંદ્રાચાર્યે રચેલ છે. નવ તત્ત્વો ભણી જાય, પણ શા માટે ભણાય છે? એ લક્ષ ન હોય તો કામનું નથી.''

ગ્રંથનો પ્રારંભકાળ શ્રાવણ વદ ૧૨ વિ.સં.૨૦૦૭ છે અને સમાપ્તિકાળ ફાગણ સુદ ૬ વિ.સં.૨૦૦૮ છે.

## (૭) અંગ્રેજી સાહિત્ય વિભાગ





**Self Realization :** આત્મસિદ્ધિનો અંગ્રેજી પદ્યાનુવાદ પૂજ્યશ્રીએ આ ગ્રંથમાં કરેલ છે. કેવળ અંગ્રેજી ભાષા જાણનારને તે ઉપયોગી થઈ પડે છે. પ્રત્યેક ગાથા નીચે તેના ગદ્યમાં અર્થ પણ આપેલા છે.

તે ગદ્યાર્થ પ્રોફેસર શ્રી દીનુભાઈ મૂળજીભાઈ આશ્રમમાં કરી લાવતા. પૂજ્યશ્રી તેઓ પાસે બેસી તેમાં સુધારા વધારા કરાવતા. માટે તેનો અર્થ પણ ભાવની દૃષ્ટિએ શુદ્ધ હોવાથી માનનીય છે.

આ ગ્રંથમાં પૂજ્યશ્રી દ્વારા **'બહુ પુણ્ય કેરા'** પદ્યનું તેમજ વચનામૃત પત્રાંક ૬૯૨નો અંગ્રેજી અનુવાદ પણ આપવામાં આવેલ છે. તે સિવાય વચનામૃત પત્રાંક ૮૧૯નો અંગ્રેજી અનુવાદ પણ પૂજ્યશ્રી દ્વારા કરવામાં આવેલ છે. આત્મસિદ્ધિ અંગ્રેજી પદ્યાનુવાદનો સમય સં.૧૯૯૯ થી સં.૨૦૦૦ છે.


## (૮) સંપાદન વિભાગ

**'શ્રીમદ્ રાજચંદ્ર'** ગ્રંથ : આ વચનામૃત ગ્રંથની સં.૨૦૦૭ની આવૃત્તિ તે સળંગ સાતમી આવૃત્તિ કહેવાય છે, પણ અગાસ આશ્રમની તે પ્રથમાવૃત્તિ છે. તેનું કારણ, આ




આવૃત્તિમાં ઘણું સંશોધન કરવામાં આવેલ છે. સ્થળે સ્થળેથી પ્રગટ-અપ્રગટ સાહિત્ય ભેગું કરી તેને મૂળ સાથે મેળવી ગ્રંથને શુદ્ધ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. પૂજ્યશ્રી-એ આ પ્રમાણે ગ્રંથને સર્વાંગે સંપૂર્ણ વિશ્વંસનીય બનાવવા અથાગ પરિ-શ્રમ લીધો છે. તે જ શુદ્ધ આવૃત્તિનું પુનર્મુદ્રણ આ જ દિવસ પર્યંત ચાલ્યું આવે છે, જે સર્વમાન્ય છે. વર્તમાનમાં આશ્રમ તરફથી પ્રકાશિત આ ગ્રંથની આઠમી આવૃત્તિ વિદ્યમાન છે.

**ઉપદેશામૃત :** પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીના બોધનું સંકલન કાર્ય પૂજ્યશ્રીના હાથે જ થયું છે.




પ.પૂ.પ્રભુશ્રીજીના છૂટક છૂટક બોધવચનોની પસંદગી, તારવણી અને ગોઠવણીનું વિકટ કાર્ય પૂજ્યશ્રીએ પોતાના જીવનના અંત સુધી કરી આપણા ઉપર અત્યંત ઉપકાર કર્યો છે.

આ ગ્રંથ સંપાદનનો સમાપ્તિ સમય પૂજ્યશ્રીના જીવનનો અંતિમ દિવસ એટલે કે સં.૨૦૧૦ કાર્તિક સુદ ૭ છે.



**વંદન સદ્ગુરુ રાજને, નમું સંત લઘુરાજ;**
**ગોવર્ધન ગુણધર નમું, આત્મહિતાર્થે આજ.**



## (૯) છૂટક કાવ્ય વિભાગ

ઉપર જણાવેલા વિવિધ સાહિત્ય ઉપરાંત પૂજ્યશ્રીએ અનેક ભાવવાહી કાવ્યોની રચના કરી છે. પ્રત્યેક કાવ્યની પ્રથમ કડી અત્રે આપીએ છીએ.

**૧. વવાણિયા તીર્થદર્શન સમયે રચેલ કાવ્ય :**

''અંતર અતિ ઉલ્લસે હો કે જન્મભૂમિ નીરખી;
મુમુક્ષુ-મનને હો કે કલ્યાણક સરખી.''

**૨. પરમકૃપાળુદેવના જન્મોત્સવ નિમિત્તે રચેલ બે કાવ્ય :**

(અ) ''આનંદ આજ અપાર, હૃદયમાં આનંદ આજ અપાર;
શું ગાશે ગાનાર, હૃદયમાં આનંદ આજ અપાર.''

(બ) ''જન્મ્યા મહાપ્રભુ રાજ આજે દેવદિવાળી દિને;
સંપૂર્ણ પદને પામવાને સર્વ કર્મો છેદીને.''

**૩. પરમકૃપાળુ દેવના જાતિસ્મરણજ્ઞાનની ઉત્પત્તિ વર્ણવતું કાવ્ય :**

''વવાણિયાના વાણિયા, ગણધર ગુણ ધરનાર;
જાતિસ્મરણે જાણિયા, ભવ નવસો નિરધાર.''

**૪. પ્રભુ પ્રત્યે યાચના કાવ્ય :**

''હે કૃપાળુ પ્રભુ, આપજો આટલું, અન્ય ના આપની પાસ યાચું;
સત્ય નિર્ગ્રંથતા, એક નિર્મળ દશા, શુદ્ધ ચૈતન્યતા ના ચૂંકું હું.''

**૫. અંતર્લાપિકા સસક કાવ્ય :**

''પરમશ્રુતરૂપ ચરણકમળનો પરિમલ પ્રસરાવો;
પરમગુરુ પરિમલ પ્રસરાવો.
રમણ રત્નત્રયરૂપ રાજનું, નિશદિન દિલમાં હો;
પરમગુરુ નિશદિન દિલમાં હો.''

**૬. પ્રભુ પ્રત્યે પ્રાર્થના કાવ્ય :**

''શુદ્ધ સ્વરૂપી નાથ, નિરંતર દૃષ્ટિ રહો તુજ ચરણ વિષે;
પ્રભુ દૃષ્ટિ રહો તુજ ચરણ વિષે.
વચન-કાયનાં કામ થતાં પણ વૃત્તિ વહો તુમ શરણ વિષે;
પ્રભુ વૃત્તિ વહો તુમ શરણ વિષે.''

**૭. આત્મસિદ્ધિ માહાત્મ્ય વિષે રચેલ કાવ્ય :**

''પતિત જન પાવની, સુરસરિતા સમી,
અધમઉદ્ધારિણી આત્મસિદ્ધિ;
જન્મ જન્માંતરો, જાણતાં જોગીએ,
આત્મ-અનુભવ વડે આજ દીધી.''

**૮. શ્રી ઉત્તરસંડા તીર્થ દર્શને રચેલ કાવ્ય :**

(અ) કોડ અનંત અપાર, પ્રભુ મને કોડ અનંત અપાર;
અણ ફરસ્યા તીરથની યાત્રા, કરવા કોડ અપાર-પ્રભુ મને.

(બ) નયન સફળ થયા આજ, પ્રભુ મારા નયન સફળ થયા આજ;
ઘણા દિવસની આશ તીરથની, પૂરી થઈ ગુરુરાજ-પ્રભુ મારા.

**૯. પ.પૂ.પ્રભુશ્રીજી ઉપકાર સ્મૃતિ કાવ્ય :**

''અહો! અહો! ઉપકાર, પ્રભુશ્રીના, અહો! અહો! ઉપકાર;
આ અધમ જીવ ઉદ્ધરવાને, પ્રભુશ્રીનો અવતાર - પ્રભુશ્રીના.''

**૧૦. પ.પૂ.પ્રભુશ્રીજી માહાત્મ્ય વિષે કાવ્ય :**

''અંગૂઠે સૌ તીરથ વસતાં, સંત શિરોમણિ રૂપેજી;
રણ-દ્વીપ સમ દીપાવ્યો આશ્રમ, આપ અલિપ્ત સ્વરૂપેજી.''

**૧૧. પ.પૂ.પ્રભુશ્રીજી સ્મૃતિ કાવ્ય :**

''જ્યાં જ્યાં નજર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની;
આપની પ્રભુ આપની, ઉપકારી પ્રભુજી આપની - જ્યાં જ્યાં.''

**૧૨. મુમુક્ષુને શિથિલતા સમયે શૂરાતન જગવતું કાવ્ય :**

''વારસ અહો! મહાવીરના શૂરવીરતા રેલાવજો;
કાયર બનો ના કોઈ દી' કષ્ટો સદા કંપાવજો.''

**૧૩. બ્રહ્મચર્યની નવવાડ વર્ણવતું કાવ્ય :**

''બ્રહ્મચર્ય સ્વર્ગીય તરુ રમણીય છે;
ફળ પંક્તિ ત્યાં લચી રહી પ્રતિ ડાળ જો.''

**૧૪. બાર ભાવના વર્ણન કાવ્ય :**

અતિ આનંદકારી, જનહિતકારી, ભવદુઃખહારી, નામ તમારું નાથ;
કરી કરુણા ભારી, કળિમળ ટાળી,બ્અતિ ઉપકારી ગ્રહો ગુરુ મમ હાથ.

આ કાવ્યો સિવાય અનેક તેઓશ્રીએ રચેલ કાવ્યો છે.

નિષ્કામ પુરુષોની વાણી કર્મકૃપાણિ છે. જ્ઞાનીઓના જ્ઞાન ગુણનું ગૌરવ ગંભીર છે. પામર પ્રાણી તેનો પાર શું પામી શકે?

કોટિશઃ વંદન હો જ્ઞાનીઓના જ્ઞાનગુણને.

''સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો.'' -શ્રીમદ્ રાજચંદ્ર

**— શ્રી પારસભાઈ જૈન, અગાસ આશ્રમ**

## પૂજ્યશ્રી બ્રહ્મચારીજીની જીવનયાત્રાનું ૬૫ વર્ષનું વિહંગાવલોકન

સં.૧૯૪૫ શ્રાવણ વદ ૮ (જન્માષ્ટમી) બાંધણી ગામે જન્મ—મૂળ નામ ગોવર્ધનધર અથવા ગોરધનભાઈ—પિતાશ્રીનું નામ કાળિદાસ દ્વારકાદાસ—માતુશ્રીનું નામ જીતાબા —મોટાભાઈનું નામ નરશીભાઈ.

સં.૧૯૫૭ પિતાશ્રીનો સ્વર્ગવાસ—ખેતીકામમાં ભાઈને મદદ કરવાથી પરીક્ષામાં નાપાસ—અભ્યાસ છોડવો પડ્યો.

સં.૧૯૫૮ તેર વર્ષની ઉંમરે લગ્ન—ભણવાથી કંઈક ઉદ્ધાર થાય એ લક્ષે ફરીથી અભ્યાસ શરૂ—પેટલાદમાં અંગ્રેજી પહેલા ધોરણમાં પ્રવેશ.

સં.૧૯૬૮ બરોડા આર્ટ્સ કૉલેજમાં ઈન્ટર આર્ટ્સ પાસ કરી.

સં.૧૯૭૦ (ઈ.સ.૧૯૧૪) 'બોમ્બે પ્રેસિડન્સી'માં વિલ્સન કૉલેજથી બી.એ.પાસ —દેશસેવાનો લક્ષ—સ્વયંસેવક તરીકે સેવા.

સં.૧૯૭૧ (જાન્યુઆરી ૧૯૧૫) વસોની અંગ્રેજી શાળામાં છઠ્ઠુ ધોરણ ભણાવ્યું—મોન્ટેસરી પદ્ધતિએ શિક્ષણ.

સં.૧૯૭૫ (ઈ.સ.૧૯૧૯) ચરોતર એજ્યુકેશન સોસાયટી

સં.૧૯૭૬ સંચાલિત દાદાભાઈ નવરોજી હાઈસ્કૂલ,(D.N. High school) આણંદમાં હેડમાસ્તર તરીકે સેવા.

સં.૧૯૭૭ દા.ન.હાઈસ્કૂલ 'વિનયમંદિર' બનતા તેઓ હેડ માસ્તરને બદલે 'આચાર્ય' થયા—યોગ્યતા વગર આચાર્યપદ ખૂંચવા લાગ્યું અને કોઈ મહાપુરુષ પાસે જઈ જીવન ઉન્નત કરવાની ઝંખના જાગી—દિવાળીની રજાઓમાં બાંધણીના મુમુક્ષુ શ્રી ભગવાનભાઈ સાથે અગાસ આશ્રમમાં બોધિસત્ત્વસમા રાયણના વૃક્ષ નીચે દશેરાના દિવસે પૂજ્યપાદ પ્રભુશ્રીજીનો પ્રથમ સમાગમ કાળીચૌદશ જેવા સિદ્ધિયોગ દિને પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજીના હસ્તે અપૂર્વ મંત્રદીક્ષા.



સં.૧૯૭૮ નાના દીકરા જશભાઈ (બબુ)ને અઢી વર્ષનો મૂકીને પત્નીનો દેહત્યાગ — સંસ્કાર ઝીલનના સમયે બાળકના ઉછેર માટે આણંદ — નિવાસ અને રજાના દિવસે પ.પૂ. પ્રભુશ્રીજીના સમાગમ અર્થે આશ્રમ આવવું — તા.૧-૧-૨૨ના રોજ પ.પૂ. પ્રભુશ્રીજી પાસેથી 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથની ભેટરૂપે પ્રાપ્તિ.

સં.૧૯૮૧ જશભાઈ ૫-૬ વર્ષના થયે દરરોજ રાત્રે અગાસ આશ્રમમાં આવવું અને સવારે આણંદ જવું—ઈસ્વી સન્ ૧૯૨૫ના જૂન માસમાં સોસાયટીમાં રાજીનામું આપી, મોટાભાઈની અનુમતિ મેળવી કાયમ માટે પ.પૂ. પ્રભુશ્રીજીની સેવામાં જોડાવું.

સં.૧૯૮૨ 'સમાધિશતક'નો ગૂર્જર પદ્યાનુવાદ ચૈત્ર વદ ૧૧ થી દ્વિ. ચૈત્ર સુદ ૧૦.

સં.૧૯૮૪ જેઠ સુદ પંચમીએ અગાસ આશ્રમના ગુરુમંદિરે (ભૂમિગૃહ)માં પરમકૃપાળુદેવની મૂર્તિ તથા ચંદ્રપ્રભુ આદિ દિગંબર-શ્વેતાંબર મૂર્તિઓની ઉલ્લાસપૂર્વક સ્થાપના — શ્રાવણ સુદ પંચમીના રોજ દ્રવ્યસંગ્રહનું ગુજરાતી ભાષાંતર.

સં.૧૯૮૫ 'શ્રીમદ્ રાજચંદ્ર'ગ્રંથની અનુક્રમણિકા, શબ્દસૂચી, Bibliography શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથની જૂની આવૃત્તિ ઉપરથી પોતાના સ્વાધ્યાય અર્થે તૈયાર કરેલ જન્મા-ષ્ટમીએ 'આલાપપદ્ધતિ'નો ગુજરાતી અનુવાદ. રત્નાકર પચ્ચીશીનો સ્વદોષ-દર્શન ગુજરાતી પદ્યાનુવાદ.

સં.૧૯૮૬ મહા સુદ ૧૫ના દિવસે 'બૃહદ્ દ્રવ્યસંગ્રહ'નું ગીતિ-વૃત્તમાં ભાષાંતર.

સં.૧૯૮૮ હૃદયપ્રદીપ ભાષાંતર (૩૮ કડી) —જ્ઞાનપંચમીએ — માગશર વદ ૨ના દિવસે પદ્મનંદિ-આલોચના ગૂર્જર પદ્યાવતરણ (૩૫ કડી) — મહા સુદ ૫ (વસંતપંચમી) એ અભિગ્રહપૂર્વક 'જિનવર દર્શન અધિકાર'ની પદ્ય-રચના (૩૬ કડી)—મહા સુદ ૧૦મે મુખ્ય દરવાજાની દેરી ઉપર પરમકૃપાળુદેવની પંચધાતુની પ્રતિમા-જીની મહોત્સવપૂર્વક સ્થાપના—માહ વદ ૦))ના રોજ 'અધ્યાત્મસાર'માંથી કર્તવ્ય ઉપદેશ અધિકારનું ગૂર્જર પદ્યાવતરણ (૧૦ કડી)—જેઠ સુદ ૯ના રોજ પ.પૂ. પ્રભુશ્રીજી પાસેથી 'ગુરુગમ'ની પ્રાપ્તિ—ચંદ્રકવિકૃત વૈરાગ્યમણિમાળાનો ગૂર્જર પદ્યાનુવાદ ભાદરવા સુદ છઠ્ઠે મુનિશ્રી મોહન-લાલજી મહારાજનું સમાધિમરણ.

સં.૧૯૮૯ 'રત્નકરંડ શ્રાવકાચાર'ના આધારે પ.પૂ.પ્રભુશ્રીજીની સૂચનાનુસાર ગૂર્જર અનુવાદરૂપે 'સમાધિ-સોપાન' ગ્રંથની આસો સુદ ૧૦ (દશેરા) દિને પૂર્ણાહુતિ.

સં.૧૯૯૦ ઉનાળામાં પ.પૂ.પ્રભુશ્રીજી સાથે દોઢેક માસ સુરતમાં અઠવા લાઈન્સ ઉપર બંગલામાં નિવાસ — વૈશાખ સુદ ત્રીજે 'મેરી ભક્તિ' કાવ્યનો ગુજરાતી પદ્યાનુવાદ.

સં.૧૯૯૧ પૂ.પ્રભુશ્રીજી સાથે આબુ માઉંટ ઉપર શ્રબરી બંગલામાં ત્રણેક માસ નિવાસ- વચ્ચે ૧૧ દિવસ માટે પ્રભુશ્રીજી સાથે આહોરની ક્ષેત્રફરસના—'શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા'ની સંકલના (ગૂંથણી) તથા પ્રસ્થાન કાર્યાલય તરફથી શ્રીમદ્‌ની જીવનયાત્રા માં અન્ય જયંતી વ્યાખ્યાનો સાથે પ્રસિદ્ધિ.



સં.૧૯૯૨ પોષ વદ ૩ના રોજ 'યોગપ્રદીપ' અનુવાદની પુર્ણાહુતિ— ચૈત્ર વદ પાંચમના પવિત્ર દિને પ.પૂ. પ્રભુશ્રીજી દ્વારા ટ્રસ્ટીઓની હાજરીમાં 'ધર્મ' (માર્ગ)ની પૂજ્યશ્રી બ્રહ્મચારીજીને સોંપણી — 'મુખ્ય બ્રહ્મચારી સોંપણી' — વૈશાખ સુદ ૮ની રાત્રે મોટા મુનિઓને દુર્લભ એવી નિશ્ચલ અસંગતાથી નિજઉપયોગમય દશાપૂર્વક પ.પૂ.પ્રભુશ્રીજીનું નિર્વાણ —વિરહાગ્નિ શાંત પાડવા પ્રભુશ્રીજીના જીવનચરિત્રની ગૂંથણી તથા પ્રભુશ્રીજીએ સ્પર્શેલા તીર્થસ્થળોની યાત્રા.

સં.૧૯૯૩ જેઠ સુદ ૧૩ના રોજ શ્રી રાજમંદિર, આહોરમાં તેમના સ્વહસ્તે ચિત્રપટોની સ્થાપના—જ્યેષ્ઠ વદ છઠ (યાત્રાની અંતિમ રાત્રિ)ના દિને અપૂર્વ બ્રહ્મ અનુભવ —તેનું સૂચક 'ધર્મરાત્રિ' કાવ્ય જેઠ વદ ૮— અષાઢ વદ ૯ના દિને મોક્ષમાર્ગપ્રકાશક ઉપરથી 'વિવેક-બાવની'નામે ગુજરાતી રચના—'જ્ઞાનસાર'અને 'જ્ઞાનમંજરી'નો ગુજરાતી અનુવાદ શરૂ.

સં.૧૯૯૪ 'શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા'ની પ્રસ્થાન કાર્યાલય તરફથી વિસ્તૃત પ્રથમાવૃત્તિ અને માહ સુદ પાંચમ (વસંતપંચમી) ઉપર ભાદરણ મંદિરની પ્રતિષ્ઠા નિમિત્તે ભેટ — વૈશાખ સુદ ૧૦ના દિવસે પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીના અગ્નિસંસ્કાર સ્થળે તેઓશ્રીના પગલાંની મહોત્સવપૂર્વક સ્થાપના — અષાઢ સુદ ૯ના રોજ 'જ્ઞાનમંજરી'નો ગૂર્જર અનુવાદ સંપૂર્ણ — શ્રાવણ સુદ ૧૩થી 'પ્રજ્ઞાવબોધ'નું સર્જન શરૂ.

સં.૧૯૯૫ કાર્તિક વદ પાંચમે પગપાળા વિહાર કરી સંદેશર, બાંધણી, વસોની યાત્રા- જેઠ સુદ પૂર્ણિમાએ આશ્રમથી રવાના થઈ મૈસુર, ગોમટ્ટગિરિ, કનકગિરિ, બાહુબલી, વેણુર, વારંગ, મૂડબીદ્રી આદિ સ્થળોની યાત્રા.

સં.૧૯૯૬ મહા સુદ ૧૩ના દિવસે શ્રીમદ્ રાજચંદ્ર સમાધિ મંદિર, રાજકોટમાં શ્રીમદ્‌જીના ચિત્રપટની તેમના વરદ હસ્તે સ્થાપના — વૈશાખ સુદ ત્રીજના મંદિર પ્રતિષ્ઠા નિમિત્તે સડોદરાગમન તથા આસ્તામાં શ્રી ભુલાભાઈના ઘરે સ્વહસ્તે ચિત્રપટની સ્થાપના — વૈશાખ વદ ૧ના રોજ ઈડરમાં વિહારભુવનમાં પરમ-કૃપાળુદેવના પાદુકાજીની પ્રતિષ્ઠા નિમિત્તે ગમન — વૈશાખ વદ ૯ના રોજ સદ્‌ગુરુસ્વરૂપ સાથે અભેદ-તાનો થયેલ અતિ અતિ પ્રગટ અનુભવ-પ્રભાસ.

સં.૧૯૯૭ જયેષ્ઠ સુદ પૂર્ણિમાએ 'પ્રજ્ઞાવબોધ'ની પૂર્ણાહુતિ.

સં.૧૯૯૮ માગસર સુદ ૧૦ના રોજ ધામણ મંદિરમાં સ્વહસ્તે ચિત્રપટની સ્થાપના — મહાસુદ ૧૧થી રાજકોટ, વવાણિયા, જૂનાગઢ, પાલીતાણા તરફની યાત્રા — ફાગણ વદ બીજના રોજ ઇંદોરમાં સ્વહસ્તે ચિત્રપટની સ્થાપના તથા તે તરફની યાત્રા કરી અગાસ આગમન.

સં.૧૯૯૯ પોષ સુદ પૂનમના દિવસે સુરત શ્રી મનહરભાઈને ત્યાં ચિત્રપટની સ્થાપના તથા ધામણ, ભુવાસણ થઈ આહોરમાં ૨૧ દિવસ માટે સ્થિરતા—ઈડર ઘંટિયા પહાડ ઉપર ફાગણ સુદ ૯થી હોળી સુધી નિવાસ — ભાદરવા સુદ ૭થી આત્મસિદ્ધિશાસ્ત્રનો Self Realisationરૂપે અંગ્રેજી પદ્યાનુવાદ શરૂ.


સં.૨૦૦૦ કાર્તિક પૂર્ણિમા પછી કચ્છની પંચતીર્થીની યાત્રા — તે દરમિયાન નાની ખાખર મુકામે માગશર સુદ ૯ના રોજ Self Realisation અનુવાદ સંપૂર્ણ—પરમકૃપાળુ દેવની જન્મભૂમિ વવાણિયાના પ્રથમ દર્શન અને તે પ્રસંગે 'અંતર અતિ ઉલ્લસે હો કે જન્મભૂમિ નીરખી' કાવ્યની ભાવમયી રચના — વૈશાખ મહિનામાં પ.પૂ. પ્રભુશ્રીજીની નિર્વાણતિથિ પછી સીમરડા પધાર્યા.

સં.૨૦૦૧ કાર્તિક પૂર્ણિમા પછી યાત્રાર્થે ગમન — એક માસથી કંઈક વધારે આહોર નિવાસ, નાકોડાજી તીર્થના દર્શન, દસેક દિવસ ઇન્દોર રહ્યા — ત્યાંથી પચ્ચીસેક મુમુક્ષુઓ સાથે અલાહાબાદ, કાશી, પટણા, સારનાથ, રાજગૃહી, પાવાપુરી, નાલંદા, કુંડલપુર, ગુણાવા, મધુવન, ગયા, અયોધ્યા, મથુરા વગેરે તીર્થસ્થળોની યાત્રા — કુલ ત્રણ મહિને માહવદ ૧૩ના દિવસે આશ્રમમાં આગમન.

સં.૨૦૦૨ કાર્તિક વદ સાતમે વવાણિયા ગમન તથા અગિયાર દિવસ સ્થિરતા — રાજકોટ, વઢવાણ, સુરત, ધુળિયા આદિ સ્થળોએ થઈ આશ્રમ આગમન— પર્યુષણમાં પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજીનો રંગીન તૈલ ચિત્રપટ રાજ-મંદિર અર્થે મુંબઈથી લાવેલ તેનો પ્રવેશ ઉત્સવ.

સં.૨૦૦૩ કાવિઠા, સીમરડા, ભાદરણ વગેરે સ્થળોએ ભક્તિભાવ અર્થે ગમન તથા નિવાસ — ચિત્રસેન પદ્માવતી શીલ કથા-કાવ્યની સીમરડામાં પોષ સુદ ત્રીજે શરૂઆત તથા કાવિઠામાં પોષ વદ તેરસે સમાપ્તિ — તા.૨૩-૫-૪૭ થી તા.૧૬-૬-૪૭ સુધી ઉમરાટમાં સ્થિરતા.

સં.૨૦૦૪ કાર્તિક પૂર્ણિમા પછી પગપાળા વિહાર કરી સંદેશર, બાંધણી, સુણાવ, સીમરડા, આશી વગેરે સ્થળોએ ફરી ચોમાસી ચૌદશ ઉપર આશ્રમ આગમન — વૈશાખ સુદ ૯ના રોજ કાવિઠા પ્રતિષ્ઠા પ્રસંગે ગમન.



સં.૨૦૦૫ બ્રહ્મચર્યની નવવાડ વર્ણવતી સુંદર ગૂર્જર પદ્ય-રચના (૧૦ ગાથા) — વૈશાખ સુદ ૧૩ થી શ્રી ચુનીલાલ મેઘરાજ સિંઘીની વિનંતીથી દોઢેક માસ આબુ માઉંટ ઉપર ઘણા મુમુક્ષુઓ સાથે ભક્તિભાવ અર્થે નિવાસ— જેઠ વદ ૮ ને રવિવાર (તા.૧૯-૬-૪૯) અગાસ આશ્રમથી તાર આવવાથી આશ્રમ પાછા ફરવું - શ્રાવણ સુદ ૨ થી 'મોક્ષમાળા-પ્રવેશિકા'ની શરૂઆત.

સં.૨૦૦૬ આશ્રમનું વાતાવરણ ક્લેશિત લાગવાથી પોષ સુદ ૬, રવિવારે વિહાર કરી સીમરડા ગયા — શ્રી મોતીભાઈ રણછોડભાઈ ભગતજીના ઘરે સાડા ત્રણ મહિના રોકાયા —તે દરમિયાન તા.૩૧-૧૨-૪૯ થી ૧૯-૨-૫૦ (ફાગણ સુદ ૩) સુધીમાં 'લઘુયોગ-વાસિષ્ઠસાર'ની ગૂર્જર પદ્ય-રચના—ફાગણ વદ ૩થી જેઠ વદ ૫ દરમિયાન 'સમાધિ-શતક' ઉપર વિસ્તૃત વિવેચન—ચૈત્ર વદ ૫ (પરમકૃપાળુદેવની નિર્વાણ-તિથિ) ઉપર ટ્રસ્ટીઓની વિનંતિથી આશ્રમમાં પુનઃ પ્રવેશ—ચૈત્ર વદ ૮થી ૧૨ સુધી ચાર દિવસ માટે ઈડર સ્થિરતા—વૈશાખ સુદ અગિયારસે ચિત્રપટ સ્થાપના અર્થે ઇન્દોર જવું તથા તે તરફની યાત્રા કરી જેઠ સુદ ત્રીજે આશ્રમ પાછા આવવું—મહા વદ ૧થી ભાદરવા વદ ૧૨ દરમ્યાન દશવૈકાલિક સૂત્રનો દોહરા છંદમાં ગૂર્જર અનુવાદ— દશેરાના દિવસે પ્રભુશ્રીજીનો ઉપકાર દર્શાવતું 'અહો અહો ઉપકાર પ્રભુશ્રીના' કાવ્યનું સર્જન.

સં.૨૦૦૭ કાર્તિક વદમાં વવાણિયા તરફ યાત્રાર્થે ગમન—મોરબી, રાજકોટ, જૂનાગઢ, પાલીતાણા, સોનગઢ, બોટાદ વગેરે સ્થળોની યાત્રા—શ્રાવણ વદ ૧૨થી શ્રી મોક્ષશાસ્ત્ર ઉપરથી તત્ત્વાર્થસાર નામે ગૂર્જર પદ્યાનુવાદનો પ્રારંભ.

સં.૨૦૦૮ કાર્તિક વદ ૧૪ની રાત્રે હુબલી તરફ યાત્રાર્થે ગમન — ત્યાંથી માગશર સુદમાં બેંગ્લોર, મૈસુર, શ્રવણ બેલગોલા, ગુડિવાડા, વિજયવાડા તરફ વિચરવું — વિજયવાડાથી પોષ સુદ ૫ના રોજ નીકળી ભાંડુકજી, અંતરિક્ષજી થઈ ધૂળિયા જવું—ત્યાંથી અંજડમાં ચિત્રપટની સ્થાપના કરી પોષ સુદ પૂનમના રવાના થઈ બડવાની, બાવનગજા, ઈન્દોર, બનેડિયાજી, મક્શીજી, ઉજ્જૈન, માંડવગઢ, સિદ્ધવરકૂટ થઈ ઇન્દોર આગમન — ઇન્દોરથી મહા સુદ ૬ના રવાના થઈ અજમેર, બ્યાવર, શિવગંજ થઈ મહા સુદ પૂનમે આહોર પહોંચવું—મહા વદ ૪થી પચાસેક મુમુક્ષુઓ સાથે રાણકપુરની પંચતીર્થી (નારલાઈ, નાડોલ, વરકાણા, મુશાળા મહાવીર) જોધપુર, જેસલમેર, નાકોડા, જાલોર, સિવાણા દર્શન કરી ફરીથી ફાગણ સુદ ત્રીજે આહોર આગમન અને ફાગણ વદ ૫ સુધી ભક્તિભાવ અર્થે સ્થિરતા—યાત્રા દરમ્યાન પણ બોધ, અનુવાદ વગેરેની પ્રવૃત્તિ ચાલુ અને 'તત્ત્વાર્થસાર'નો અનુવાદ આહોર મુકામે ફાગણ સુદ છઠ્ઠે સંપૂર્ણ.

સં.૨૦૦૯ મહા સુદ ૩ થી ચૈત્ર સુદ ૧૧ સુધી હવાફેર અર્થે નાસિક રહ્યા—ચૈત્ર વદ ૮ થી પ્ર.વૈશાખ સુદ ૧૫ સુધી પથરાડિયા, ભુવાસણ, આસ્તા, દેરોદ, નીઝર, સડોદરા, ધામણ, સુરત તરફ વિચર્યા—તે દરમિયાન આસ્તા ગામમાં સ્વહસ્તે મંદિરનું ખાતમુહૂર્ત—પ્ર. વૈશાખ વદ ૧થી શ્રી મનહરભાઈ કડીવાળાની વિનંતિથી દરિયાકિનારે ડુમસમાં ૧૮ દિવસ સુધી નિવાસ — ફરીથી બીજી વાર દ્વિ.વૈશાખ સુદ ૧૩ થી જેઠ સુદ ૬ સુધી ૨૩ દિવસ માટે ડુમસમાં સ્થિરતા — આસો વદ ૨ને દિવસે આશ્રમમાં શ્રી રાજમંદિરમાં પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીના રંગીન ચિત્રપટની સ્વહસ્તે સ્થાપના.

સં.૨૦૧૦ કાર્તિક સુદ ૭ની સાંજે ૪-૦૦ વાગ્યે પ્રભુશ્રીજીના બોધની તપાસણીનું કામ સંપૂર્ણ કરી ૫-૪૦ વાગ્યે શ્રી રાજમંદિરમાં પરમ કૃપાળુદેવના ચિત્રપટ સમક્ષ કાયોત્સર્ગ મુદ્રામાં સમાધિપૂર્વક દેહત્યાગ.

**— શ્રી અશોકભાઈ જૈન, અગાસ આશ્રમ**



પૂજ્યશ્રી બ્રહ્મચારીજી ચિંતન મુદ્રામાં



પૂજ્યશ્રી બ્રહ્મચારીજીના

## બોધવચનો

પૂજ્યશ્રી બ્રહ્મચારીજીનું જીવન ભક્તિના અવતાર સમું હતું. પરમકૃપાળુદેવ જાણે એમના રોમેરોમમાં વસ્યા હોય એમ તેમના વિચાર, વાણી, વર્તન અને લેખન પરથી જણાઈ આવે છે. સ્મરણમંત્ર તો તેમના શ્વાસોશ્વાસ બની ગયા હતા. એક કાવ્યમાં પણ લખે છે : **'મંત્રે મંત્ર્યો સ્મરણ કરતો કાળ કાઢું હવે આ...'** તદ્નુસાર તેમનું જીવન આજ્ઞામય બની ઝળકી ઊઠ્યું હતું.

તેઓ મુખ્યત્વે પોતાની આત્મોન્નતિના પુરુષાર્થમાં જ રત રહેતા. સાથે સાથે બીજા જીવોનું કલ્યાણ થાય એવા શુભ આશયથી જે કંઈ સહજભાવે કર્તૃત્વ બુદ્ધિ રહિત તેમની વાણી ખરી કે કલમ ચાલી તે બોધામૃત અથવા પત્રસુધા આદિ ગ્રંથોરૂપે પ્રચલિત થઈ. તે બોધામૃત અથવા પત્રો આદિમાં અનેક આત્મહિતકારી સામગ્રી ઉપલબ્ધ છે. છતાં પ્રાથમિક ભૂમિકામાં શ્રદ્ધાવાન મુમુક્ષુને મોક્ષમાર્ગમાં વિશેષ ઉપયોગી થાય એવા વિષયોનો અત્રે ઉલ્લેખ કરીએ છીએ. તે તે વિષયો સંબંધી તેમણે ક્યાં ક્યાં શું જણાવ્યું છે તે સર્વમાંથી મુખ્ય ભાગ એકત્રિત કરી અત્રે મૂકવા પ્રયાસ કર્યો છે. જેથી તેઓશ્રીનો તે તે વિષયો સંબંધી અંતરંગ અભિપ્રાય જાણવા મળે તથા મુમુક્ષુને તે તે વિષયોની માર્મિકતા લક્ષગત થાય. તેમાં નિમ્નોક્ત વિષયો હાથ ધર્યા છે :

પરમકૃપાળુદેવ પ્રત્યેની પરમભક્તિ, નિત્યનિયમના ત્રણ પાઠ વિષે, સ્મરણ - મંત્રનું અદ્ભુત માહાત્મ્ય, સાત વ્યસન અને સાત અભક્ષ્ય વિષે, સત્પુરુષની આજ્ઞા, સત્સંગ એ સર્વ સુખનું મૂળ તથા સમાધિમરણ પોષક અલૌકિક તીર્થ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ. હવે યથાક્રમ એક એક વિષયનું અત્રે અવલોકન કરીએ.



પૂજ્યશ્રી બ્રહ્મચારીજી

# પરમકૃપાળુદેવ પ્રત્યેની પરમભક્તિ

(પૂ.શ્રી બ્રહ્મચારીજી લિખિત 'પત્રસુધા'માંથી)


## પરમગુરુના દર્શન દુર્લભ

**દર્શન દુર્લભ ભાઈ, પરમગુરુ દર્શન દુર્લભ ભાઈ,**
**સાચી રાજ સગાઈ, જગત ગુરુ દર્શન દુર્લભ ભાઈ,**
**દેવ, ગુરુ ને ધર્મ, ત્રણેમાં ગુરુપદની જ વડાઈ,**
**સાચા ગુરુ સમજાવે સાચા દેવ, ધર્મ સુખદાઈ. જગત૦૧**
**મોક્ષમાર્ગને કર્યો મોકળો એ સદ્ગુરુ-ચતુરાઈ,**
**દેખતભૂલી દૂર કરાવી સમ્યક્ દૃષ્ટિ લગાઈ. જગત૦૨**
**કલિમલમાંથી કરુણા કરીને કાઢ્યો એ જ ભલાઈ,**
**પણ આલંબન સદા રહો એ, દૂર કરો નબળાઈ. જગત૦૩**

(પત્રસુધા પૃ.૨૯)

શુદ્ધ ચૈતન્યઘન, પરમ-જ્યોતિ, પ્રગટ પુરુષોત્તમ, કૃતકૃત્ય પ્રભુ, દિવ્ય લોચનદાતા, ક્ષાયક-સમ્યક્ત્વના સ્વામી, પરમ પુરુષાર્થી પરમાત્મા પ્રભુ શ્રીમદ્ રાજચંદ્ર હૃદયેશ્વરને નમોનમઃ

હે પરમકૃપાળુ, પરમ આલંબનદાતા, વીતરાગ પ્રભુ! આપ તો સર્વજ્ઞ અને આ સેવકના અંતરના ભાવો અપ્રગટ પણ સંપૂર્ણપણે સર્વ પ્રકારે જાણનાર છો. (પ.પૃ.૧૮)



## એકને ભજતાં અનંત જ્ઞાનીઓની ભજના

એક સત્પુરુષ કે જ્ઞાનીને ભજતા સર્વ અનંત જ્ઞાનીઓ ભજાય છેજી....**ધર્મ કહે આત્મસ્વભાવકૂં, એ સત્મતકી ટેક.'** પરમ ધર્મ એ પરમાત્મપદપ્રાપ્તિ છે; તેનું કારણ સત્પુરુષમાં જ પરમેશ્વરબુદ્ધિ-શ્રદ્ધા થવી તે છેજી; સર્વ દોષોનો નાશ કરવાનો તે જ ઉપાય છેજી. (પ.પૃ.૨૬૨)

પરમકૃપાળુદેવનો અપાર ઉપકાર છે કે આ કળિકાળમાં આપણા જેવા અબુધ જનોને ઉત્તમ અધ્યાત્મ માર્ગ સરળપણે સુગમતાથી સમજાય તેમ ગુજરાતી ભાષામાં સંપૂર્ણપણે પ્રગટ કર્યો છે. (પ.પૃ.૪૨૩)

પરમકૃપાળુ દેવ જેના હૃદયમાં વસ્યા છે, પરમકૃપાળુ દેવ પ્રત્યે જેમને પૂજ્યભાવ થયો છે, પરમકૃપાળુદેવના જે જે ગુણગ્રામ કરે છે તથા તેમના પ્રત્યે જેમને અદ્વેષભાવ છે તે સર્વ ભવ્ય જીવો પ્રશંસાપાત્ર છેજી. (પ.પૃ.૪૨૩)

## સત્ય મોક્ષમાર્ગને પ્રગટાવનાર પરમકૃપાળુદેવ

પરમકૃપાળુદેવનો પરમ ઉપકાર જેમ જેમ તેમનાં વચનો વારંવાર વંચાય છે તેમ તેમ વિશેષ વિશેષ સ્ફુરે છે. એવા અપવાદરૂપ મહાપુરુષે **"મોક્ષમાર્ગ બહુ લોપ"** થયેલો તે **"ભાખ્યો અત્ર અગોપ્ય"** પ્રગટ કર્યો. એના યોગબળે અનેક જીવો સત્ય માર્ગ તરફ વળ્યા, વળે છે અને વળશે. આપણાં પણ મહાભાગ્ય કે તેવા પુરુષનાં વચનો પર વિશ્વાસ, પ્રેમ, પ્રતીતિ થવાથી તેમના હૃદયમાં રહેલી અનુપમ અનુકંપાને યોગ્ય તેમની આજ્ઞા વડે આપણો આત્મોદ્ધાર કરવા પ્રેરાયા છીએ. (પ.પૃ.૪૮૧)

પરમકૃપાળુદેવ પ્રત્યે ગુરુબુદ્ધિ રાખી આપણે બધા સત્સંગી મોક્ષમાર્ગના પથિક છીએ, એક જ માર્ગે એકઠા થયા છીએ, સંસાર દુ:ખથી છૂટવાના કામી છીએ.

(પ.પૃ.૪૮૧)

## સર્વોપરી ઉપકાર પરમકૃપાળુદેવનો

આ જીવનમાં કોઈએ આપણા ઉપર મહદ્ ઉપકાર કર્યો હોય તેમાં સર્વોપરી પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુનો છે. તેની નિષ્કારણ કરુણાને નિરંતર સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે. એના અપૂર્વ વચનને હૃદયમાં ઉતારનારને નિર્વાણમાર્ગની પ્રાપ્તિ થાય છે. આવું અચિંત્ય માહાત્મ્ય જેનું છે એવા નિઃસ્પૃહી મહાત્માનું શરણ આપણને મળ્યું છે તે જો મરણ સુધી ટકાવી રાખી તેને આશ્રયે આ દેહ છૂટે તો જીવ સમાધિમરણ પામે. (પ.પૃ.૬૦૪) માથે મરણ છે તેની તૈયારી પરમકૃપાળુદેવને શરણે કર્તવ્ય છેજી. બીજું હવે શોધવું તો છે નહીં. બીજેથી પરમકૃપાળુદેવનાં વચનામૃત જેવી કે આત્મહિતકારી મદદ મળે તેમ જણાતું નથી. -(પ.પૃ.૭૦૩)

## પરમકૃપાળુદેવ સિવાય ક્યાંય મન રોકવા જેવું નથી

પરમકૃપાળુદેવ જેવા આ કાળમાં કોઈ નજરે આવતા નથી. તે સિવાય ક્યાંય મન રોકવા જેવું નથી એમ મને લાગે છેજી. બીજી વસ્તુઓમાં મન રાખીને જીવે પરિભ્રમણ અનંતકાળ સુધી કર્યું. હવે તો સતીની પેઠે એ એક જ ગ્રહણ કરવા યોગ્ય છેજી. વૃત્તિનો વ્યભિચાર એ જ કર્મબંધનું કારણ છે. (પ.પૃ.૭૩૬)


# નિત્યનિયમના ત્રણ પાઠ વિષે

(બોધામૃત ભાગ-૧ માંથી)

## ત્રણ પાઠ વિશ્વાસ રાખી બોલે તો જ્ઞાન પ્રગટે

પ.ઉ.પ્રભુશ્રીજીએ આખર વખતે **વીસ દોહરા, યમનિયમ, ક્ષમાપના** એ ત્રણે નિત્યનિયમ તરીકે દરરોજ **ભાવપૂર્વક** બોલવા જણાવ્યું છે. આટલું જો વિશ્વાસ રાખી કરવામાં આવે તો જ્ઞાન પ્રગટ થઈ જાય તેવું છે. કાંઈ શાસ્ત્રો જાણનાર પંડિતોનો મોક્ષ થાય અને અભણનો ન થાય તેવું નથી. શ્રદ્ધાપૂર્વક આજ્ઞાનું આરાધન કરવાથી બધું થાય છે. (પૃ.૯)

**'વીસ દોહરા'** છે તે **ભાવપૂર્વક બોલાય તો બધા દોષો ક્ષય થઈ આત્મા નિર્મળ થઈ જાય તેમ છે.** જ્ઞાનીપુરુષનાં વચનો મોઢે બોલી જઈએ પણ વિચાર ન આવે તો શું કામનું? જેમકે, **''હે ભગવાન, હું બહુ ભૂલી ગયો.''** શું ભૂલી ગયો? એનો વિચાર આવે તો જ્ઞાનીપુરુષોને આગળ શું જણાવવું છે તેનો લક્ષ થાય. પછી તરત જ એમ જણાવ્યું છે કે **''મેં તમારાં અમૂલ્ય વચનને લક્ષમાં લીધા નહીં.''** (પૃ.૨૦)



## મન સ્થિર કરી મંત્ર કરવો

**'વીસ દોહરા'** બોલતી વખતે મન બહાર ફરતું હોય તો બોલવું બંધ કરવું. ફરીથી મન સ્થિર કરીને બોલવું. ધર્મ ન કરે અને ધર્મ ગણાવે તો તે દંભ છે. સાચું કરવાનું છે. મન સ્થિર કરીને તે કરવું.જેટલો આત્મા જોડાય તેટલો લાભ છે. ન બને તો ખોટાને ખોટું માનવું. મારે સાચું કરવું છે અને સાચું માનવું છે એમ રાખવું. (પૃ.૧૨૯)

**બોધામૃત ભાગ-૩ (પત્રસુધા) માંથી ઉદ્દૃત :**

આપણે ચિત્રપટના દર્શન કરી **વીસ દોહરા, યમનિયમ, ક્ષમાપના** વારંવાર બોલવા અને **''સહજાત્મસ્વરૂપ પરમગુરુ''**નું વારંવાર સ્મરણ કરવું. (પ.પૃ.૧૭૬)

**''હે પ્રભુ, હે પ્રભુ, શું કહું? દીનાનાથ દયાળ''** એ વીસ દોહરારૂપ ભક્તિ રહસ્ય અને **''યમનિયમ સંયમ આપ કિયો''** તથા **''ક્ષમાપના''નો પાઠ** પરમકૃપાળુદેવના ચિત્રપટ પ્રત્યે વિનય નમસ્કાર કરી 'હે ભગવાન, આપની આજ્ઞાથી સંતે કહેલી આ ત્રણ પાઠની નિત્યનિયમ વિષેની આજ્ઞા પ્રમાણે રોજ હું ભક્તિ કરીશ' એવી ભાવના કરશોજી. અને રોજ કોઈ સંતની આજ્ઞાએ આટલું હું કરું છું એ ભાવ રાખી દિવસમાં એક બે ત્રણ જેટલી વખત બને તેટલી વખત ભક્તિ કર્યા કરવા ભલામણ છેજી. (પૃ.૧૫૦)

## નિત્યનિયમ પ્રાણની પેઠે સાચવવા યોગ્ય

નિત્યનિયમ પ્રાણની પેઠે સાચવવા યોગ્ય છેજી. સત્પુરુષની રૂબરૂમાં જે વચન કે ટેક અંગીકાર કરી હોય તે ન ચુકાય એટલું માહાત્મ્ય મુમુક્ષુના હૃદયમાં રહેવું જોઈએ. હાથીના દાંત બહાર નીકળ્યા તે નીકળ્યા, પાછા પેસે નહીં તેમ સજ્જનનું વચન ફરે નહીં. દુર્જનનું વચન, કાચબાની ડોક ઘડીમાં બહાર ને ઘડીમાં પાછી ખેંચે તેના જેવું, 'અબી બોલ્યા અબી ફોક' થઈ જાય તેવું હોય છે, માટે હવે કદી નિત્યનિયમ ન ચુકાય તેવી કાળજી રાખવા ભલામણ છેજી. (પૃ.૩૨૮)

## બને તેટલી સત્પુરુષની આજ્ઞા આરાધવી

**વીસ દોહરા, ક્ષમાપનાનો પાઠ, યમનિયમ, મંત્રની અમુક નિયમ પ્રમાણે માળા ગણવી, આલોચનાદિ** જે જે નિત્યનિયમ કરતા હોઈએ તે નિયમ સ્થળ બદલાતાં કે નવા અસંસ્કારી જીવો સાથે વસવાનું બને ત્યાં લોકલાજ આદિ કારણે પડી ન મૂકવો; પરંતુ વિશેષ બળ રાખીને તથા તે જ આધારે આપણું જીવન સુધારવાનું છે એમ માનીને, ગુપ્ત રીતે પણ દરરોજ કર્યા વિના રહેવું નહીં; અને લોકો 'ભગત' એવા ઉપનામ પાડે તેથી ડરીને કે શરમાઈને, કરતા હોઈએ તે પ્રત્યે અભાવ ન લાવવો; પરંતુ વિચારવું કે તે લોકોને સત્પુરુષનો યોગ થયો નથી, તે તેમના કમનસીબ છે અને ધર્મની કાળજી નથી રાખતા તેથી કર્મ વધાર્યા કરે છે...

આપણે આપણા આત્માનો ઉદ્ધાર કરવા સત્પુરુષની બને તેટલી આજ્ઞાનું આરાધન કરતા રહેવાની જરૂર છેજી. (પૃ.૩૪૯)

## સ્મરણ-મંત્રનું અદ્‌ભુત માહાત્મ્ય


## "સહજાત્મસ્વરૂપ પરમગુરુ"

(બ્રહ્મચારીજી લિખિત 'પત્રસુધા'માંથી)

### પરમપ્રેમે મંત્ર આરાધનથી જીવન સફળ

અનંતકૃપા કરી પરમકૃપાળુદેવે જણાવેલો મંત્ર આ કલિકાલમાં આપણને સંતની કૃપાથી મળ્યો છે તે આપણાં મહાભાગ્ય છે. જેમ કોઈ કૂવામાં પડી જાય અને તેના હાથમાં કોઈ સાંકળ કે દોરડું આવી જાય તો તે ડૂબી જતો નથી, તેમ મંત્રનું સ્મરણ ઠેઠ મરણ સુધી અવલંબનરૂપ છે. સત્પુરુષનું એક પણ વચન જો હૃદયમાં પરમ પ્રેમથી ધારણ થાય તો આ મનુષ્યજન્મ સફલ થઈ જાય. અને તેની ગતિ સુધરી જાય એવું તેનું માહાત્મ્ય છે. (પ.પૃ.૭૦) સ્મરણમંત્ર છે તેની ઉપાસના ઉલ્લાસભાવે, દુઃખના વખતમાં અને પછી પણ વારંવાર કરતા રહેવાનું ન ચૂકવું. હરતાં, ફરતાં, બેસતાં, ઊઠતાં, મંત્રમાં વૃત્તિ રહે તેવી ટેવ પાડી મૂકવા યોગ્ય છે. તે મરણ વખતે જીવને મિત્રની ગરજ સારશે. એટલું જ નહીં, પણ સદ્‌ગુરુનું આપેલું એ અમૂલ્ય વચન સદ્‌ગુરુ સમાન જ છે. (પ.પૃ.૧૦૩)

### સૌ પ્રથમ પરમકૃપાળુદેવે પ.પૂ.પ્રભુશ્રીજીને આ મંત્ર આપ્યો



પરમકૃપાળુદેવ રાળજ પધારેલા તે વખતે પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીને પરમકૃપાળુદેવ પ્રત્યે જેવો દર્શનનો ભાવ હતો તે દર્શન ન થયાં પણ તેઓશ્રીની આજ્ઞા માથે ચડાવી રાળજના સીમાડાથી ખંભાત દર્શન કર્યા વિના આંખમાં આંસુ સહિત પાછા પધાર્યા. તે પ્રેમની યાદી આપી બીજે દિવસે પૂ.સોભાગભાઈને ખંભાત મોકલ્યા હતા. અને મંત્ર પ.પૂ.પ્રભુશ્રીજીને જણાવવા આજ્ઞા કરી હતી. તે જ મંત્ર આજે મને મળે છે તે મારાં મહાભાગ્ય છે. (પ.પૃ.૧૦૭)

### મોઢાને તો મંત્રનું કામ સોંપી મુકવું

કોઈ કહે કે વારંવાર મંત્ર બોલ બોલ કરે તો ખોટું દેખાય, કોઈને ગમે ન ગમે, માટે બોલ બોલ કરવું ઠીક નહીં, પણ તેવી વાત મનમાં આણી પ્રમાદ સેવવા યોગ્ય નથી. ભલેને કોઈ કહે એ તો ગાંડીઓ થઈ ગયો છે, ગાંડો ગણે તો પણ તે લત મૂકવા યોગ્ય નથી. મોઢાને તો મંત્રનું કામ સોંપી મૂક્યું હોય તો મન પણ જરા નવરું પડે ત્યારે મોઢાથી મંત્ર બોલાતો હોય તેમાં લક્ષ રાખે. ભલે મન બીજે હોય અને મોઢે મંત્ર બોલાતો હોય તો પણ કંઈ ન કરવા કરતાં પુરુષાર્થ સારો છે. (પ.પૃ.૧૧૩) મહામંત્રનું આત્મદાન થયું છે, અને જીવ તે શ્રદ્ધાને બળવાન બનાવી રાતદિવસ તે સ્મરણમાં ચિત્ત રાખવાની ટેવ પાડે તો મોક્ષ પણ સુલભ થાય તેવા મહામંત્રનો લાભ જેને થયો છે તેવા જીવે હવે ગભરાવા જેવું જગતમાં કશું ચિત્તમાં ગણવું ઘટે નહીં. (પ.પૃ.૧૭૪)

### મંત્ર આપીએ તે આત્મા જ આપીએ છીએ

પરમકૃપાવંત પ.પૂ.પ્રભુશ્રીજીએ મંત્ર આદિની આજ્ઞા, પરમપુરુષ દ્વારા પ્રાપ્ત જણાવી તે મંત્રનું એટલું બધું માહાત્મ્ય તેઓ કહેતા કે 'આત્મા જ આપીએ છીએ' દવા વાપરીને જેમ રોગનો નાશ કરીએ છીએ તેમ તે મંત્રનું એકાગ્ર ચિત્તથી, સંસારને વીસરી જઈ તેમાં તન્મયતા રાખી તેનું આરાધન કરવાથી જન્મમરણનો નાશ થાય તેવું બળવાન સામર્થ્ય તેમાં છે; તો ભવરોગ નાશ કરવા, જેટલી આપણામાં શક્તિ છે તેટલી બધી તે આજ્ઞા ઉઠાવવામાં વાપરવી ઘટે છે. (પ.પૃ.૨૧૮)

.....આજથી મારા આત્માને પરમકૃપાળુદેવના શરણમાં સોંપું છું. અને તેણે જણાવેલો મંત્ર એ જ મીંઢળને નાડું લગ્નને વખતે હાથે બાંધે છે તેમ મારા હૃદયમાં હવેથી રાખીશ અને તે પરમ પુરુષમાં વિશ્વાસથી જ હવે હું સનાથ છું, એનું મારે શરણ છે, તો મરણથી પણ મારે ડરવાનું નથી. (પ.પૃ.૨૧૮)

### મનને નવરું ન રાખતાં મંત્રમાં પરોવવું

વિષય-કષાય પજવે ત્યારે રડવું તે કંઈ ઉપાય નથી. પણ જ્ઞાની પુરુષની આજ્ઞારૂપ લાકડી સંભારી તેમાં હૃદયને જોડી દેવું એટલે વિષય કૂતરાં તુર્ત નાસી જશે, ખેદ કરવારૂપ રડવાથી તે ખસે તેમ નથી, કર્મ પ્રાર્થના સાંભળે તેવાં નથી, તે તો શરમ વગરનાં છે. માટે જ્ઞાનીની આજ્ઞા મંત્ર-સ્મરણ, ભક્તિ વગેરેમાં ચિત્ત વધારે રાખવાથી વિષયોની બળતરામાં પેસવાનો તેને વખત નહીં મળે. કાં તો કામ કે કાં તો સ્મરણ આદિ એમ મનને નવરું ન રાખવું. (પ.પૃ.૨૭૭)

### દરરોજ ચાળીસ કે પચાસ માળાના ક્રમ સુધી પહોંચો

એકાંતનો વખત મળે તેટલો સ્મરણ એટલે માળા ગણવામાં કાઢવો. કેટલી રોજ માળા ફરે છે તેનો હિસાબ પણ રાખવો. આંગળી પર વેઢાં છે તે ગણતા રહેવાથી સંખ્યાની ગણતરી થશે. તેમાં દરરોજ થોડો થોડો વધારો કરતાં રહેવું. અને દરરોજ ચાળીસ કે પચાસ માળા ફેરવવાના ક્રમ સુધી પહોંચો ત્યારે કેમ મન રહે છે, માળાનો ક્રમ વધારવા વૃત્તિ રહે છે કે કંટાળો આવવા તરફ મન વળે છે, તે પત્રથી જણાવવા ભલામણ છેજી. બને તો રાત્રે પણ જાગી જવાય ત્યારે માળા લઈને બેસવું, ઊભા રહીને માળા ગણવી કે ફરતાં ફરતાં પણ ગણવી; પણ ઊંઘ ઓછી થતી જાય અને માળાનો ક્રમ વધતો જાય તેમ થોડે થોડે રોજ વધારતા રહેવાની જરૂર છે. (પ.પૃ.૩૩૯)

## માળા ફેરવતાં ગુણ પ્રગટાવવાની ભાવના કર્તવ્ય

હવે સ્મરણ કેટલી માળાનું થાય છે તેની ગણતરી રાખવા ભલામણ છેજી. માળા ન રાખો તો આંગળીના વેઢાથી પણ ગણતરી કરતા રહી રોજ કેટલી માળા થાય છે તેની નોંધ ખાનગી નોટમાં રોજ રાખવી. તેથી વધે છે, ઘટે છે કે તેટલી જ માળા થયા કરે છે તે સમજાશે. માળાની શરૂઆતથી અંત સુધી પૂરી માળા ફેરવવાનો અવકાશ હોય ત્યારે લક્ષ સ્મરણ ઉપરાંત એક દોષ દૂર કરવાના નિશ્ચયનો કે એકાદ ગુણ પ્રગટ કરવાની ભાવનાનો રાખવો, જેમ કે અત્યારે બે-પાંચ મિનિટ અવકાશ છે, તો જરૂર એક બે માળા ફેરવાશે. એમ લાગે ત્યારે પહેલી માળામાં ક્રોધ દૂર કરવાનો એટલે કોઈ પણ પ્રાણી પ્રત્યે ક્રોધ કરવો નથી. પ્રાણ લેવા કોઈ અત્યારે આવે તેના પ્રત્યે પણ ક્રોધ કરવો નથી એવો નિશ્ચય કે ક્ષમા ગુણ પ્રગટ કરવો છે એવી ભાવના રાખવી.

......બીજી માળા ફેરવતાં માન દૂર કરી વિનયગુણ વધારવાના પ્રયત્નમાં જરૂર પડ્યે રોકવું. ત્રીજીમાં માયા તજી સરળતા ધારણ કરવા, ચોથીમાં લોભ ઘટાડી સંતોષ વધારવા મનને વાળવું. (પ.પૃ.૪૦૧)



## પ્રતિદિન છત્રીસ માળાનો ક્રમ

ચોવીસ કલાકમાંથી ગમે ત્યારે અનુકૂળ વખતે નિત્ય-નિયમ—વીસ દોહા, યમનિયમ, ક્ષમાપનાનો પાઠ-આટલું એકચિત્તે કરી લેવું. પછી માળા દ્વારા મંત્રનું સ્મરણ કરવામાં પણ અમુક માળા અને ઓછામાં ઓછી એક માળા તો નિર્વિઘ્ને પૂરી થાય તેવી ટેક રાખવી. જો છત્રીસ માળાનો ક્રમ રાખ્યો હોય અને આસન બહુ વાર બદલવાની જરૂર ન પડતી હોય તો તેમાં પણ ૧૮ માળા સાથે લગી એક આસને ફેરવવાની રહે તો આસન-જયરૂપ ગુણ થવા સંભવ છેજી. આ બધું ઉતાવળ કરી કરવું નથી, પણ ક્રમે ક્રમે કરી શકાશે. (પ.પૃ.૪૦૩)

## મંત્ર હંમેશ જીભે રટાયા કરે એવી આજ્ઞા

જન્મ-મરણ છૂટે એવું સત્સાધન પરમકૃપાળુદેવની કૃપાથી આ ભવમાં મળ્યું છે. તો હરતાં, ફરતાં, કામ કરતાં, રાંધતા, સીંધતા, જાગતાં હોઈએ ત્યાં સુધી પરમપુરુષની પ્રસાદીરૂપ મંત્રનું સ્મરણ ચાલુ જ જીભે રટાયા કરે એવી ટેવ પાડી મૂકી હોય તો કેવી કમાણી થયા કરે! ફિકર, ચિંતા, ક્રોધ, અરતિ, ક્લેશ, કંકાસ, શોક, દુઃખ બધા આર્ત્તધ્યાનનાં કારણો કૂતરાં લાકડી દેખી નાસી જાય તેમ એકદમ દૂર થઈ જાય. (પ.પૃ.૪૪૬)

## મંત્રની ધૂન મરણ વખતે


પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજીએ દેહ છૂટતાં પહેલાં ઘણા વખત અગાઉ કહી મૂકેલું કે એવો વખત આવે ત્યારે બીજી બધી વાતો, વાચન વગેરે બંધ કરી **"સહજાત્મસ્વરૂપ પરમગુરુ"** મંત્રની ધૂનથી આખો ઓરડો ગાજી ઊઠે તેવું વાતાવરણ કરી મૂકવું; અને દેહ છૂટી ગયો છે એમ ખબર પડે તો પણ થોડી વાર તેમજ કર્યા કરવું. (પ.પૃ.૪૫૬)

પરમકૃપાળુદેવની કૃપાથી જે મંત્રની પ્રાપ્તિ થઈ છે, તે સર્વ પ્રસંગમાં ચિત્તની શાંતિ રાખવાનું સર્વોત્તમ રામબાણ ઔષધ છેજી. તેનું વિસ્મરણ થાય છે, તેટલા કષાયક્લેશથી આત્મા સંતાપ પામે છે. (પ.પૃ.૪૭૪) મંત્રસ્મરણ તેલની ધાર પેઠે અતૂટ રહ્યા કરે તેવો પુરુષાર્થ જીવ જો હાથમાં લે, આદરે તો કંઈ ને કંઈ તે દિશામાં કરી પણ શકે. સ્મરણમાં નથી વિદ્વતા જોઈતી, નથી બળ વાપરવું પડતું, નથી કળા કુશળતા જોઈતી કે નથી ધન ખરચવું પડતું; પણ માત્ર છૂટવાની ધગશ લાગવી જોઈએ. (પ.પૃ.૪૭૬)

પરમકૃપાળુદેવે આપેલા મંત્રનું સ્મરણ કરતાં કરતાં પરમકૃપાળુદેવની દશા પામવા હવે તો જીવવું છેજી. (પ.પૃ.૫૦૯)

## મંત્રમાં, નવકાર વગેરે અનેક મંત્રોનો સમાવેશ

તેમની હાલ અત્યંત ઇચ્છા હોય તો **"સહજાત્મસ્વરૂપ પરમગુરુ"** મંત્ર પણ જણાવશો અને તેમાં નવકાર વગેરે અનેક મંત્રોનો સમાવેશ થઈ જાય છે. મરણ વખતે એ મંત્રમાં ચિત્ત રાખી ક્યાંય આસક્તિ નહીં રાખો અને સદ્ગુરુ પરમકૃપાળુદેવે જાણ્યો છે, અનુભવ્યો છે, તે આત્મા મને પ્રાપ્ત હો એ જ ભાવનાથી મરણ કરનારને સમાધિમરણ પ્રાપ્ત થાય છે, એમ શ્રી લઘુરાજ સ્વામીએ જણાવેલું તમને જણાવ્યું છે. (પ.પૃ.૫૧૬) પોતાની શક્તિ પ્રમાણે માળાનો નિયમ રાખવો, પણ એક માળા તો ઓછામાં ઓછી કરવી ઘટે. માળા વિના પણ સ્મરણમાં બને તેટલું ચિત્ત રાખવાથી ધર્મધ્યાન થાય છેજી. જે આજ્ઞા મળી છે તેને આધારે જે પુરુષાર્થ થાય છે તે ધર્મધ્યાનનું કારણ છેજી. (પ.પૃ.૫૨૯)



## સર્વ દોષ નાશનો ઉપાય મંત્ર

સર્વ દોષના નાશનો ઉપાય મંત્ર છે. તેમાં વારંવાર વૃત્તિ રહે, એકતાર તેમાં લક્ષ રહે, તેવી ભાવના કર્તવ્ય છેજી. (પ.પૃ.૫૭૫)

મંત્રમાં મન અહોરાત્ર રહે તેવી છેવટે ગોઠવણ થાય તો જરૂર કર્તવ્ય છેજી. પોતાનાથી ન બોલાય તો જે સેવામાં હોય તેણે **"સહજાત્મસ્વરૂપ પરમગુરુ"** એ મંત્ર દરદીના કાનમાં પડ્યા કરે તેટલા ઉતાવળા અવાજે બોલ્યા કરવા યોગ્ય છે. (પ.પૃ.૬૩૬)

સ્મરણ નિરંતર રહે એવી ટેવ પાડી મૂકી હોય તો તે દુઃખના વખતમાં આર્તધ્યાન ન થવા દે અને સુખના વખતમાં માન, લોભ, શાતાની ઇચ્છા વધવા ન દે. (પ.પૃ.૬૭૦)

## મંત્રવડે એક સેંકડનો પણ સદુપયોગ

સ્મરણ મંત્ર અત્યંત આત્મહિત કરનાર છે. એક સેંકડનો પણ સદુપયોગ કરવાનું તે સાધન છે. પરમકૃપાળુદેવે જાણ્યો છે તેવો આત્મા તે મંત્રમાં તેમણે જણાવ્યો છે. (પૃ.૬૯૪) મંત્રનું સ્મરણ કરવું, એ મૂંઝવણના વખતમાં દવા સમાન છે. (પ.પૃ.૭૦૦)

સ્મરણ સ્વરૂપ-ચિંતવન ગણાય? ઉત્તરમાં જણાવવાનું કે જેની જેટલી યોગ્યતા તે પ્રમાણે તે શબ્દ પરિણમે છે. પાપથી તો જીવ જરૂર છૂટે ને પુણ્યબંધ કરે. પણ સ્વરૂપનું ભાન થયું હોય તેને સ્વરૂપ-ચિંતવનરૂપ કે સ્થિરતાનું કારણ થાય અને સ્વરૂપનું ભાન થવાનું પણ સ્મરણ કારણ થાય. (પ.પૃ.૭૦૮)

## મંત્ર, નિશ્ચય નયે પોતાનું જ સ્વરૂપ

સ્મરણ છે તે માત્ર કૃપાળુદેવનું સ્વરૂપ જ છે. અને નિશ્ચયનયે પોતાનું સ્વરૂપ પણ તે જ છે. માટે સ્મરણમાં ચિત્ત રાખી આત્મભાવના ભાવવા ભલામણ છેજી. (પ.પૃ.૭૬૯)

મંત્રનું સ્મરણ રાત દિવસ રહ્યા કરે તેવો પુરુષાર્થ કરવા કેડ બાંધી તૈયાર થઈ જવું કે જેથી અહીં આવવાનું બને તો પણ બીજી આડી અવળી વાતોમાં આપણું કિંમતી જીવન વહ્યું ન જાય. એ જ એક રટણ રાખ્યા કરવું ઘટે છે જી. (પ.પૃ.૭૮૪)

**બોધામૃત ભાગ-૧ માંથી ઉદ્ધૃત :**

## સ્મરણ એ સંસાર સમુદ્રથી તારનાર

'સ્મરણ'એ અદ્ભુત વસ્તુ છે. સ્વરૂપપ્રાપ્તિ કરાવનાર તથા સ્વરૂપમાં સ્થિરતા કરાવનાર છે. આખો દિવસ તેનું રટણ કરવામાં આવતું હોય તો પણ નિત્યનિયમની માળા ગણવાની ચૂકવી નહીં. જેને અમૂલ્ય સમયની ક્ષણ પણ નકામી ન જવા દેવી હોય તેને માટે 'સ્મરણ' એ અપૂર્વ વસ્તુ છે. કૂવામાં પડેલા ડૂબતા માણસના હાથમાં દોરડું આવે તો તે ડૂબે નહીં, તેમ 'સ્મરણ'એ સંસાર સમુદ્રમાંથી તારનાર વસ્તુ છે. -બો.ભા.૧ (પૃ.૨૧)

આપણને જે સ્મરણ મળ્યું છે તે યાદ ન કરીએ અને પછી કહીએ કે સંકલ્પવિકલ્પ બહુ આવે છે તો એ ભૂલ પોતાની છે. માટે હંમેશાં સ્મરણ યાદ રાખવું. કામ કરતાં પણ સ્મરણ કરવું, કામ પૂરું થયે પણ સ્મરણ કરવું. બો.ભા.૧ (પૃ.૪૦)

સ્મરણ ન ભૂલાય તેવો લક્ષ રાખવો. શાતા અશાતામાં કે ગમે ત્યારે એ ન ભૂલવું. શાસ્ત્રો કરતાં સ્મરણમાં વધારે વૃત્તિ રાખવી. બો.ભા.૧ (પૃ.૬૯)

## સ્મરણ ભૂલાય નહીં એવી ટેવ પાડવાની જરૂર



**"સહજાત્મસ્વરૂપ પરમગુરુ"** એમાં પાંચે પરમેષ્ઠી આવી જાય છે. હાલતાં, ચાલતાં, કામ કરતાં મંત્રનો જાપ કર્યા કરવો. એની રટના લગાવવાની જરૂર છે. કામ તો હાથ પગથી કરવાનું છે પણ જીભ તો નવરી છે ને? સ્મરણ ભૂલાય નહીં એવી ટેવ પાડવાની જરૂર છે. સ્મરણની ટેવ પાડી હોય તો મરણ વખતે યાદ આવે અને સમાધિમરણ થઈ જાય એવું છે. બો.ભા.૧ (પૃ.૧૨૧)

કૃપાળુદેવ ઉપર પ્રેમ કરવાનો છે. મંત્ર સ્મરતાં મન કૃપાળુદેવમાં પરોવવું તો આનંદ આવે. મંત્રના ગુણો સાંભરે તો મન બીજે ન જાય. તેના વિચાર રહે તો શાંતિ રહે. બો.ભા.૧(પૃ.૧૩૪)

## મંત્ર પરભવમાં સાથે આવે

મંત્ર છે તે જેવી તેવી વસ્તુ નથી. એ બીજ કહેવાય છે. એમાંથી વૃક્ષ થાય. વડનું બીજ જેમ નાનું હોય, તો પણ તેમાંથી મોટો વડ થાય છે, તેમ આ મંત્ર છે. એની આરાધના કરે તો આત્માના ગુણો પ્રગટે. એક સમ્યક્દર્શન પ્રગટે તો બધા ગુણ પ્રગટે. **"સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ"** (૯૫) પરભવમાં આ સાથે આવે એવું છે. અત્યારે તો જેટલું કરવું હોય તેટલું થાય. આટલી સામગ્રી ફરી ન મળે. શું કરવા આવ્યો છે? શું કરે છે? ધર્મના કામમાં ઢીલ ન કરવી, કરી લેવું. -બો.ભા.૧ (પૃ.૨૧૧)

## સર્વ કર્મમળથી રહિત તે સહજાત્મસ્વરૂપ

મુમુક્ષુ—સહજાત્મસ્વરૂપ એટલે શું?

પૂજ્યશ્રી—આત્મસ્વરૂપ જેવું છે તેવું. પોતાના સ્વભાવમાં રહેવું અથવા કર્મમલરહિત જે સ્વરૂપ તે સહજાત્મસ્વરૂપ. જેમ સ્ફટિકરત્ન, અન્ય પદાર્થના સંયોગે લીલો, પીળો, લાલ આદિ જેવો સંયોગ થાય તેવો દેખાય છે; તે તેનું સહજ સ્વરૂપ નથી, પણ જ્યારે એકલો નિર્મળ સ્ફટિક રહે ત્યારે તે તેનું સહજસ્વરૂપ છે. -બો.ભા.૧ (પૃ.૨૬૨)

સ્મરણનું વધારે જોર રાખવું. સ્મરણ હરતાં ફરતાં પણ કરવું. -બો.ભા.૧ (પૃ.૨૬૨) મંત્રથી મંત્રાઈ જવું, પારકા બોલ ભૂલી જ્ઞાનીના બોલમાં ચિત્ત રાખવું. જગતના કામોનું ગમે તેમ થાઓ, પણ આપણે તો કૃપાળુદેવનું જે કહેવું છે તેમાં જ રહેવું છે. પ્રભુશ્રીજી કહેતા કે ગાંડા થઈ જવું,સ્મરણમાં રહેવું. -બો.ભા.૧ (પૃ.૨૬૩)

## મંત્રથી મંત્રાઈ જવું

**"મંત્રે મંત્ર્યો, સ્મરણ કરતો, કાળ કાઢું હવે આ,**
**જ્યાં ત્યાં જોવું પરભણી ભૂલી, બોલ ભૂલું પરાયા;**
**આત્મા માટે જીવન જીવવું, લક્ષ રાખી સદાએ,**
**પામું સાચો જીવન-પલટો મોક્ષ-માર્ગી થવાને."**



—પૂ. શ્રી બ્રહ્મચારીજી




# સાત વ્યસન અને સાત અભક્ષ્ય વિષે

( પૂ.શ્રી બ્રહ્મચારીજી લિખિત 'પત્રસુધા' તથા 'બોધામૃત ભાગ-૧' માંથી )

પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજીએ જણાવ્યું છે કે પરમકૃપાળુદેવની સાક્ષીએ સાત વ્યસનનો ત્યાગ કરવા યોગ્ય છે. (પ.પૃ.૨૧૭)

## સદાચરણ વગર બધું નકામા જેવું

આજ્ઞા આરાધન યોગ્ય થવા માટે સદાચરણ સેવવાની જરૂર છે. તે ન હોય તો બધું નકામા જેવું છે. માટે પ્રથમ સાત વ્યસનના ત્યાગની જરૂર છે તથા પાંચ અભક્ષ્ય ફળ અને મધ, માખણ ત્યાગવા યોગ્ય છે. (બો.ભા.-૧ પૃ.૯)

## પ્રથમ સાત વ્યસન ત્યાગની જરૂર

(૧) **જુગાર** — લોભ મહા ખરાબ છે. જો તે છૂટે તો ઘણો જ લાભ થાય એમ છે. એકદમ પૈસાદાર થઈ જવાની કામનાએ કરી સટ્ટા, લોટરી વગેરે કરવાં નહીં. (જુગાર-મેળામાં લોટરી, આંકફરક, રેસ વગેરેમાં શરત ન લગાવવી.) (૨-૩) **માંસ-દારૂ** ત્યાગવા યોગ્ય છે. (૪) **ચોરી**—ચોરી કરીને તુરત પૈસા આવે તે સારું લાગે છે, પણ જેનું પરિણામ ખરાબ આવે તે દુઃખદાયક છે એમ સમજી કોઈને પૂછ્યા સિવાય શાક જેવી વસ્તુ પણ ન લેવી. લાખ રૂપિયાની કિંમતી ચીજ રસ્તામાં પડી હોય તે પણ લેવી નહીં. **"એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાતદુઃખ તે સુખ નહીં."** જેનું પરિણામ દુઃખદાયક છે તે કામ કદી કરવું નહીં, એમ કૃપાળુદેવે કહ્યું છે. (૫) **શિકાર**—કોઈ પણ જીવને ઇરાદાપૂર્વક મારવો નહીં. ઘણા માણસોને એવી ટેવ હોય છે કે માંકડ, મચ્છર, ચાંચડ વગેરેને ઇરાદાપૂર્વક મારી નાખે છે, પણ તેમ કરવું નહીં. ચૂલો સળગાવતાં પણ લાકડાં ખંખેરીને નાખવાં જેથી જીવ હોય તે મરી જાય નહીં. જૂ-લીખ મારવી નહીં. (૬) **પરસ્ત્રી** અને (૭) **વેશ્યાગમન**—આ વ્યસનોથી આ લોક અને પરલોક બન્ને બગડે છે, માટે તેનું સેવન કરવું નહીં. લોકોમાં પણ નિંદ્ય છે માટે તેનો ત્યાગ કરવો. (બો.ભા.૧ પૃ.૯)

## સાત વ્યસન, સાત અભક્ષ્યનો પ્રભુ સાક્ષીએ ત્યાગ કર્ત્તવ્ય

આ સાત વ્યસન; અને (૧) **વડના ટેટા** (૨) **પીપળના ટેટા** (૩) **પીંપળાના ટેટા** (૪) **ઉમરડાં**, (૫) **અંજીર**, (૬) **મધ**, (૭) **માખણ**—આ સાત અભક્ષ્ય—આ સત્પુરુષની-પરમકૃપાળુદેવની સાક્ષીએ જિંદગી પર્યંત તજવા યોગ્ય પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીએ દરેક મુમુક્ષુ જીવને જણાવેલ છે. (પ.પૃ.૩૨૯)

સાત વ્યસન અને સાત અભક્ષ્ય વસ્તુઓમાંથી જીવતા સુધી જેટલાનો ત્યાગ થઈ શકે તેટલો ત્યાગ હૃદયમાં વિચારી તેની આજથી પ્રતિજ્ઞા લઉં છું એવો દૃઢ નિર્ણય કર્તવ્ય છેજી. કેમકે પાપના પંથથી પાછા હઠ્યા સિવાય સન્માર્ગમાં સ્થિરતા થતી નથીજી. (પ.પૃ.૨૩૪)

## એક મધના ટીપામાં સાત ગામ બાળવા કરતાં વિશેષ પાપ

તમે મધની દવા પૂરતી છૂટ રાખવા પત્રમાં લખો છો, પણ સાત અભક્ષ્યમાં વધારેમાં વધારે પાપવાળું એ મધ છેજી. મધમાખી ફૂલ ઉપરથી રસ ચૂસી મધપૂડામાં જઈ પૂંઠથી છેરે છે એટલે મધ એ માખીની વિષ્ઠારૂપ છે. તેમાં નિરંતર વિષ્ઠાની પેઠે જીવો ઉત્પન્ન થયા કરે છે. એક ટીપું મધ ચાખે તેને સાત ગામ બાળતાં જેટલાં માણસ, બાળક, પશુ, જંતુઓ મરી જાય તેથી વધારે પાપ લાગે છે....ખાંડની ચાસણી મધને બદલે વપરાય છે, અને લગભગ સરખો જ ગુણ કરે છે....આત્માને મધત્યાગથી ઘણા પાપના બોજામાંથી બચાવી શકાય એટલા માટે લખ્યું છે.

-(પ.પૃ. ૬૯૪)

મધમાં બહુ દોષ છે. સાત ગામ બાળી નાખે અને જેટલું પાપ લાગે તેથી વધારે પાપ એક મધનું ટીપું ચાખવાથી લાગે છેજી. પૂર્વે પાપ કરેલાં તેને લીધે માંદગી આવે છે. અને ફરી મધ ખાઈને પાપ કરે તો વધારે માંદગી આગલા ભવમાં આવે, માટે મધનો ત્યાગ ન કર્યો હોય તો આજથી ત્યાગ કરવો ઘટે છેજી. એવું પાપ કરવાની આજ્ઞા હોય નહીં. (પ.પૃ.૭૧૧)

પરમકૃપાળુદેવે જણાવેલો જે માર્ગ તેને વિઘ્ન કરનાર સાત વ્યસન છે...ધર્મનો પાયો નીતિ છે તેથી જ સાત વ્યસનનો ત્યાગ, મંત્ર લેતાં પહેલાં લેવાનો હોય છે. (પ.પૃ.૬૬૯)

# સત્પુરુષની આજ્ઞા

(બોધામૃત ભાગ-૧,૨,૩ માંથી)


## જ્ઞાનીની એક આજ્ઞા આરાધવાથી તીર્થંકર પદ પ્રાપ્તિ

સત્પુરુષની આજ્ઞા એ જ ખરો માર્ગ છે....ભીલે એક 'મારે કાગડાનું માંસ નથી ખાવું' એટલી જ આજ્ઞા આરાધી, જેથી મરીને તે દેવ થયો. પછી શ્રેણિક રાજા થયો. અનાથી મુનિ મળ્યા ત્યારે સમકિત પામ્યો અને મહાવીર ભગવાન મળ્યા ત્યારે ક્ષાયિક સમકિત થયું અને તીર્થંકર ગોત્ર બાંધ્યું. (બો.ભા.૧ પૃ.૫૧)

મુમુક્ષુ—જ્યાં સુધી સ્વરૂપ ન જાણ્યું હોય ત્યાં સુધી શામાં રહેવું? પૂજ્યશ્રી—જ્ઞાનીપુરુષની આજ્ઞામાં રહેવું. (બો.ભા.૧ પૃ.૧૫૬)

જ્ઞાનીની આજ્ઞા લઈને અખંડપણે પાળે, એવા જીવો પૂર્વે હતા. પણ આજના જીવોને તો કૃપાળુદેવ કહે છે કે આજ્ઞા કરવી તે ભયંકર છે. **''જ્યાં સુધી આત્મા સુદ્રઢ પ્રતિજ્ઞાથી વર્તે નહીં ત્યાં સુધી આજ્ઞા કરવી ભયંકર છે.''** (બો.ભા.૧ પૃ.૨૦૧)

## રાગ દ્વેષ ન કરવા એ મુખ્ય આજ્ઞા



જ્ઞાનીની આજ્ઞાથી જીવનું કલ્યાણ થાય છે....કોઈ મહાપુણ્યના યોગે આજ્ઞા મળે અને તેને ઝૂરણા સહિત આરાધે તો જીવ છૂટે, નહીં તો છૂટે એવો નથી...ખરી આજ્ઞા તો રાગદ્વેષ ન કરવાની છે. વિભાવથી છૂટી સ્વભાવમાં આવવું એ જ જ્ઞાનીની આજ્ઞા છે. (બો.ભા.૧ પૃ.૩૦૩)

જ્ઞાનીની આજ્ઞા ઓળંગીને કંઈ કરવું નથી. જ્ઞાની પ્રત્યક્ષ હોય તો પૂછીને કરે અને પ્રત્યક્ષ ન હોય તો એમના ચિત્રપટ આગળ જઈ આ પ્રત્યક્ષ જ છે એમ જાણી, હે ભગવાન! આપની આજ્ઞાથી આ કરું છું એમ ભાવના કરી વ્રત નિયમ વગેરે કરવાં. (બો.ભા.૧ પૃ.૩૫૧) જ્ઞાનીની આજ્ઞા કોઈ પણ જીવ પામે એ લક્ષ રાખવો. (બો.ભા.૧ પૃ.૧૮૯)

## મિથ્યાત્વને હટાવવા આજ્ઞા અને ચારિત્રમોહને દૂર કરવા વીતરાગતાની જરૂર

જેની આજ્ઞા આરાધવાથી કષાય મંદ થાય, ઉપશમભાવ આવે તેવા પુરુષની ખોજ રાખજો. દર્શનમોહ દૂર કરવા આજ્ઞાની જરૂર છે અને ચારિત્ર મોહ દૂર કરવા ઉપશમભાવ અથવા વીતરાગભાવ જોઈએ. (બો.ભા.૨ પૃ.૪૩)

**''શાસ્ત્રમાં કહેલી આજ્ઞાઓ પરોક્ષ છે અને તે જીવને અધિકારી થવા માટે કહી છે. મોક્ષ થવા માટે જ્ઞાનીની પ્રત્યક્ષ આજ્ઞા આરાધવી જોઈએ.''** (વ.પૃ.૨૬૩)

પ્રભુશ્રીજીના વખતમાં આ વંચાતું હતું, તે વખતે આ વાક્ય આવ્યું ત્યારે પ્રભુશ્રીજીએ કહ્યું કે, 'આવું ઉઘાડું, ફૂલ જેવું કહ્યું, એ પણ ન સમજાય તો અગ્યારમું આશ્ચર્ય છે.

(બો.ભા.૨ પૃ.૪૬)

## આત્મજ્ઞાની ગુરુની આજ્ઞાએ વર્તવાથી મોક્ષ

સૂયગડાંગમાં 'ગુરુને આધારે - આજ્ઞાએ વર્તતા મોક્ષ થાય છે. (બો.ભા.૨ પૃ.૧૧૭)

જ્ઞાનીની આજ્ઞાએ મોક્ષ છે. પ્રભુશ્રીજી કહેતા કે અમે ખીલી ખીલી કરવાનું કહ્યું હોય તે મુમુક્ષુ કરે તો પણ એનો મોક્ષ થાય. માહાત્મ્ય તો જ્ઞાનીની આજ્ઞાનું છે. સાચા પુરુષની આજ્ઞાનો આરાધક હોય તો બે ઘડીમાંય કેવળજ્ઞાન થાય. (બો.૨ પૃ.૧૪૫)

પૂજ્યશ્રી—જ્ઞાનીની આજ્ઞા મુખ્યપણે તો આત્મામાં જ રહેવાની છે. આત્મામાં ન રહેવાય ત્યારે જ્ઞાનીની આજ્ઞાએ આત્માનો લક્ષ રાખીને સમિતિમાં વર્તવું પડે તો પ્રવર્તવું. (બો.ભા.૨ પૃ.૩૩૩)

હું કોઈને 'આજ્ઞા' કરતો નથી. જ્ઞાનીની 'આજ્ઞા' કહી બતાવું ખરો. અને જે તેની 'આજ્ઞા' ઉઠાવે તેનું કલ્યાણ થાય.

....''आणअे धम्मो आणाअे तवो'' એવું આચારાંગજીનું ફરમાન છે. માટે જે 'સત્પુરુષની આજ્ઞા'આપણને પ્રાપ્ત થઈ છે, તે તો મરણ પ્રસંગે પણ ચૂકવા યોગ્ય નથી. (બો.ભા.૩ પૃ.૪૩૪)

## આજ્ઞા મેળવવાના ત્રણ પ્રકાર

ત્રણ બાબત તમે જે લખી જણાવી તેનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે :—

(૧) જ્ઞાનીપુરુષના સ્વમુખે જે આજ્ઞા જીવને મળે છે તે એક પ્રકાર છે. (૨) પ્રત્યક્ષ જ્ઞાનીપુરુષે જેને આજ્ઞા કરી હોય તેની મારફતે જીવને આજ્ઞા થાય અને (૩) ત્રીજો પ્રકાર - પ્રત્યક્ષ જ્ઞાનીપુરુષ મારફતે પ્રાપ્ત થયેલી આજ્ઞા કોઈ જીવ આરાધતો હોય તેની પાસેથી તેનું માહાત્મ્ય સમજી તે આજ્ઞા આરાધકની પેઠે જે જીવ, જ્ઞાનીની આજ્ઞા છે એમ જાણી, હિતકર માની આરાધે છે. આ ત્રણે પ્રકાર જ્ઞાનીની આજ્ઞા આરાધવા અર્થે છે. અને ત્રણેથી કલ્યાણ થાય છેજી.

**પહેલા ભેદનું દૃષ્ટાંત :** શ્રી ગૌતમ સ્વામી ભગવાન મહાવીર પાસેથી રૂબરૂમાં ધર્મ પામ્યા.

**બીજા ભેદનું દૃષ્ટાંત :** ભગવાન મહાવીરના નિર્વાણને દિવસે શ્રી ગૌતમ સ્વામીને ભગવાને કહ્યું કે અમુક બ્રાહ્મણને તમે આ પ્રકારે ધર્મ સંભળાવજો.

### ત્રીજા ભેદનું દૃષ્ટાંત : વણાગનટવર રાજા


લચ્છી અને મલ્લી નામના ક્ષત્રિયો (કૌરવ-પાંડવો જેવા) ના યુદ્ધમાં (મહાવીર સ્વામીના સમયમાં) ચેડા મહારાજાના પક્ષમાં એક વણાગનટવર નામનો શ્રાવક રાજા ભક્તિવાળો હતો. તેને મોટા રાજા-ચેડા મહારાજાનો હુકમ થવાથી યુદ્ધમાં ઊતરવાનું હતું. તે બે ઉપવાસ કરી એક દિવસ પારણું કરે અને ફરી બે ઉપવાસ કરે એવી તપસ્યા કરતો હતો. પારણાને દિવસે હુકમ મળ્યો એટલે તેણે વિચાર્યું કે પારણું કરીને પાપ કરવા જવા કરતાં ત્રીજો ઉપવાસ આજે કરું. એ વિચાર તેણે ગુરુ આગળ જણાવ્યો, એટલે ગુરુએ તેને ઉપવાસની સંમતિ આપી અને જણાવ્યું કે યુદ્ધમાં એમ લાગે કે હવે દેહ વિશેષ ટકે તેમ નથી. ત્યારે સારથિને કહીને રથ એકાંતમાં હંકાવી નીચે ઊતરી જમીન ઉપર સ્વસ્થ સૂઈને મંત્રનું આરાધન-ભક્તિ કરવી. તે વાત તેનો સારથિ સાંભળતો હતો. તેણે પણ વિચાર્યું કે તે રાજા કરે એમ મારે પણ આખર વખતે કરવું.

### રાજાએ કર્યું તેમ સારથિએ પણ કર્યું

પછી યુદ્ધમાં ગયા. સામે લડવા આવેલાએ પ્રથમ ઘા કરવા કહ્યું ત્યારે એણે ના પાડી કે હું તો માત્ર બચાવ કરવાનો છું. તેથી પેલા માણસે તો શૂરવીરપણું બતાવવા ખાતર પાંચ બાણ રાજાને, પાંચ સારથિને અને પાંચ પાંચ બાણ ઘોડાઓને માર્યા; પણ રાજા બચાવ કરી શક્યો નહીં; અને મરણ પમાડે તેવાં તે બાણ જાણી તેણે સારથિને રથ એક બાજુ નદી તરફ લઈ જવા કહ્યું. તેણે તે પ્રકારે કર્યું. ત્યાં જઈને ઊતરીને ઘોડાના બાણ કાઢી નાખ્યાં, તો તે પ્રાણરહિત થયાં. તેવી જ પોતાની દશા થશે એમ જાણી નદીની રેતીમાં તે રાજા સૂઈ ગયો. સારથિએ પણ તે કરે તેમ કરવા માંડ્યું. પછી તે રાજાએ હાથ જોડી પ્રાર્થના શરૂ કરી. તે દાસને પ્રાર્થના આવડતી નહોતી, પણ એવા ભાવ કર્યા કે હે ભગવાન! હું કંઈ જાણતો નથી, પણ આ રાજા જ્ઞાનીનું કહેલું કંઈ કરે છે અને તેવું જ મારે પણ કરવું છે; પણ મને આવડતું નથી, પણ તેને હો તે મને હો. એવી ભાવના તે કરવા લાગ્યો. પછી તેણે બાણ પોતાની છાતીમાંથી ખેંચી કાઢ્યાં તેમ તે દાસે પણ કર્યું. અને બન્નેના દેહ છૂટી ગયા.

### રાજા કરતા વહેલો દાસનો મોક્ષ

રાજા દેવલોકમાં ગયો અને દાસનું પુણ્ય તેટલું નહોતું તેથી વિદેહ ક્ષેત્રમાં મનુષ્ય થયો. ત્યાં તેને જ્ઞાની મળ્યા અને મોક્ષમાર્ગ આરાધી તે મુક્ત થયો. હજી તે રાજા તો દેવલોકમાં છે. આમ ભાવના કરવાથી જીવનું કલ્યાણ થાય છે, પણ જ્ઞાનીએ જાણ્યો છે તે આત્મા છે તે અર્થે કરવું. (બો.ભા.૩ પૃ.૫૦૦)



### સદ્ગુરુની આજ્ઞા ઉઠાવી હોત તો મોક્ષ થઈ ગયો હોત

જો સદ્ગુરુની આજ્ઞા આ જીવે કોઈ ભવમાં ઉઠાવી હોત તો આ જન્મ ન હોત, મોક્ષે ગયો હોત. આ વાત બહુ ઊંડા ઊતરીને વારંવાર વિચારવા જેવી છે. અને બીજાં બધા સાધનો કરતા જ્ઞાનીપુરુષની આજ્ઞાનું આરાધન એ જ મોક્ષનો ઉપાય છે. એ હૃદયમાં દૃઢ કરી લેવા યોગ્ય છેજી. (બો.ભા.૩ પૃ.૫૬૨)

### જેણે આત્મસ્વરૂપ પ્રગટ અનુભવ્યું તે પ્રત્યક્ષ જ્ઞાની

(૧) પ્રશ્ન —"મોક્ષ થવા માટે પ્રત્યક્ષ જ્ઞાનીની આજ્ઞા આરાધવી જોઈએ." (૨૦૦) પ્રત્યક્ષ જ્ઞાનીની આજ્ઞા કોને કહેવી? અને અમારે વિષે તે શી રીતે સંભવે?

ઉત્તર—જેણે આત્મસ્વરૂપ પ્રગટ કરી અનુભવ્યુ છે તે પ્રત્યક્ષ જ્ઞાની છે. પરમકૃપાળુદેવે પ્રગટ આત્મસ્વરૂપ અનુભવ્યું છે, આત્મસ્વરૂપ થયા છે, પોતે દેહધારી છે કે કેમ તે તેમને માંડ માંડ વિચાર કરે ત્યારે યાદ આવતું; તેવા પ્રત્યક્ષ જ્ઞાનીની આજ્ઞા પ.પૂ.પ્રભુશ્રીજીને પ્રાપ્ત થઈ, તેમણે પોતાને જે આજ્ઞાથી લાભ થયો તે આ કાળમાં અન્ય યોગ્ય જીવોને પ્રાપ્ત થાય તે અર્થે તેમની પાસે આવ્યા તેમને તે (પ્રત્યક્ષ પુરુષની) આજ્ઞા જણાવી અને પોતે ન હોય ત્યારે યોગ્ય જીવોને જણાવવા અંત વખતે મને આજ્ઞા કરી. તે પ્રત્યક્ષ જ્ઞાનીની આજ્ઞા તમને પ્રાપ્ત થઈ છે, તો શ્રદ્ધાપૂર્વક આરાધવા, અપ્રમત્તપણે આરાધવા ભલામણ છેજી. (બો.ભા.૩ પૃ.૭૭૭)

# સત્સંગ એ સર્વ સુખનું મૂળ

(પૂ.શ્રી બ્રહ્મચારીજી કૃત 'પત્રસુધા'માંથી)

**'क्षणमपि सज्जनसंगतिरेका,**
**भवति भवार्णवतरणे नौका'**

એક લવ સત્સંગ પણ કોટિકર્મોનો નાશ કરવા સમર્થ છે.

## સત્સંગ માટે ડગલાં ભરતા અઢળક પુણ્ય

જ્યાં સત્સંગ છે ત્યાં આ ભવ, પરભવ બન્નેનું હિત થાય તેવો જોગ છે. કોટિ કર્મનો નાશ સત્પુરુષના સમાગમે થાય છે. તે કમાણી જેવી તેવી નથી. બસો પાંચસો રૂપિયા માટે જીવ પરદેશ પણ ચાલ્યો જાય, અનેક જોખમ ખેડે અને મહેનત ઉઠાવે પણ પુણ્ય વિના તે પામી શકાતું નથી; અને સત્સંગ માટે જ્યારથી ડગલાં ભરે ત્યારથી જીવને પુણ્ય અઢળક બંધાતું જાય છે. તેનું માત્ર જીવને ભાન નથી, શ્રદ્ધા નથી. (પ.પૃ.૮૯)

સત્સંગ એ પહેલામાં પહેલું અને સહેલામાં સહેલું આત્મકલ્યાણનું કારણ છે. વિશેષ શું લખવું? જેનું ભલું થવાનું હશે તેને તે સૂઝશે અને સત્સંગે કોઈ જ્ઞાનીની આજ્ઞા પામી આરાધીને આત્મહિત કરી લેશે તેનો મનુષ્યભવ સફળ થશે એ લક્ષમાં લેવા યોગ્ય છેજી. (પ.પૃ.૫૫૯)

## સત્સંગ અર્થે આટલો ભવ અવશ્ય ગાળવો


''આ કાળમાં પરમકૃપાળુદેવે પણ જેને માટે વારંવાર ઝૂરણા કરી છે અને જેનું માહાત્મ્ય દર્શાવવા અનેક પત્રો લખ્યા છે એવો એક સત્સંગ નામનો પદાર્થ સર્વથી પહેલો નિરંતર ઉપાસવા યોગ્ય છે, ભાવના કરવા યોગ્ય છેજી. તે સિવાય નિઃશંક થવાય તેમ નથીજી. માટે બનતા પ્રયત્ને ગમે તેટલા ભોગે, શરીરની દરકાર જતી કરીને પણ સત્સંગ અર્થે આટલો ભવ ગાળવો છે. એમ નિર્ણય થશે તો જરૂર તમે જે ધારણા રાખો છો સમાધિ-મરણની, તેનું તે અચૂક કારણ છેજી.'' (પ.પૃ.૪૯૭)

''કોઈનો સંગ કરવા યોગ્ય નથી; છતાં તેમ ન બને તો સત્સંગ કરવો, કેમકે તે અસંગ થવાની દવા છે.'' (પૃ.૫૪૪)

## સંસાર ઝેરને નિવારવા સત્સંગ જડીબુટ્ટીરૂપ

સંસાર ઝેરી નાગ જેવો છે. મુમુક્ષુ નોળિયા જેવો હોવો જોઈએ. તેને સંસારનું ઝેર જણાય કે તરત જડીબુટ્ટીરૂપ સત્સંગ સેવે. (પ.પૃ.૫૯૬)

'મોક્ષમાળા'માં પાઠ ૨૪મો સત્સંગ વિષે છે. તેમાં કુસંગથી બચવા તથા કુસંગનો ત્યાગ કરવો ઘટે છે એમ કહ્યું છે તે યથાર્થ છે. જ્યાં સુધી પોતાને યથાર્થ વિચાર કરવાની દશા ન પ્રગટે ત્યાં સુધી ઘણો વખત સત્સંગમાં ગાળવાનો મળે તો મારાં



અહોભાગ્ય એમ માની સત્સંગ વારંવાર સેવવા યોગ્ય છે. (પ.પૃ.૭૦૪)

પરમકૃપાળુદેવમાં પરમપ્રેમ પ્રગટે અને તેમનાં વચનો અમૃત તુલ્ય લાગે તેમ સંસારપ્રેમ સંક્ષેપવા સત્સંગ સર્વનું મૂળ છે. તેની ખામી તેટલી બધામાં ખામી. (પ.પૃ.૭૧૦)

**બોધામૃત ભાગ-૧માંથી :**

## સત્સંગ સહેલો અને પહેલો કરવા યોગ્ય

પ્રશ્ન—સત્સંગ એટલે શું?


ઉત્તર—આત્માને સત્ય રંગ ચઢાવે તે સત્સંગ, એકાંતમાં બેસીને પોતાનો વિચાર કરવો તે સત્સંગ, ઉત્તમનો સહવાસ તે સત્સંગ, આત્મા ભણી વૃત્તિ રહેવી તે સત્સંગ. -બો.ભા.૧ (પૃ.૫૨)

પ્રભુશ્રીજી જે દિવસે નાસિકથી પધાર્યા તે દિવસે સાંજે બોધ કર્યો હતો. તેમાં છેવટે કહ્યું હતું કે સત્સંગ કરજો. સત્સંગ એ સહેલો રસ્તો છે, તે પહેલાં કરી લેવાનો છે. સત્સંગમાં પોતાના દોષ દેખાય, પછી કાઢે. -બો.ભા.૧ (પૃ.૪૭)

અગાસ આશ્રમમાં શ્રીમદ્ રાજચંદ્રના નિર્વાણ અર્ધ શતાબ્દી મહોત્સવના વરઘોડામાં પૂજ્યશ્રી બ્રહ્મચારીજીના ઉપર તડકો ન પડે તે માટે મુમુક્ષુઓએ ધરી રાખેલ ચાદર



નિર્વાણ અર્ધ શતાબ્દી પ્રસંગે પ.પૂ.પ્રભુશ્રીજીની દેરીએ ચૈત્યવંદન કરતાં પૂ.શ્રી બ્રહ્મચારીજી



## સમાધિમરણ-પોષક અલૌકિક તીર્થ

# શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ અગાસ

(પૂ.શ્રી બ્રહ્મચારીજી લિખિત 'પત્રસુધા'માંથી)

### આશ્રમમાં જ આયુષ્ય ગાળવા યોગ્ય

પરમકૃપાળુદેવનું અલૌકિક યોગબળ અહીં વર્તે છે. જેમનો દેહ આ આશ્રમમાં છૂટ્યો છે તે સર્વની દેવગતિ થઈ છે. પરમ કૃપાળુદેવની શ્રદ્ધા વધે અને આત્મહિત થાય તેવું અલૌકિક આટલું સ્થળ બન્યું છે. મહાભાગ્યશાળી હશે તેનો દેહ અહીં છૂટશે. જો આજીવિકાની અડચણ ન હોય તો અહીં જ આયુષ્ય ગાળવા યોગ્ય છે. ધર્મ, ધર્મ અને ધર્મના જ સંસ્કાર રાતદિવસ પડ્યા કરે એમ અહીં બધું વર્તન છે. (પ.પૃ.૭૭)

### આશ્રમમાં રોજ પર્યુષણ

''પર્યુષણ પર્વ બહુ રૂડી રીતે ઉજવાયું છેજી. પરમકૃપાળુ દેવની કૃપાથી આશ્રમમાં તો રોજ પર્યુષણ જેવી જ ભક્તિ થયા કરે છે.'' (પ.પૃ.૧૧૫) ''આશ્રમમાં જેમ ભક્તિ, શાંતિ અને સત્સંગનો યોગ છે, તેવું બીજે બધે દૂર હજારેક માઈલ (દક્ષિણની યાત્રામાં) જઈ આવ્યા પણ જણાયું નથી. પરમકૃપાળુદેવની પરમ નિષ્કારણ કરૂણાથી આપણને અપૂર્વ માર્ગ દર્શાવનાર પરમકૃપાળુશ્રી પ્રભુશ્રીનો યોગ થયો છે. તે સમાન બીજું ક્યાંય જગતમાં જણાતું નથી.'' (પ.પૃ.૧૬૧)

### આશ્રમમાં રહી જવા જેવું

''આશ્રમમાં રહી જવા જેવું છે. બીજી જાત્રાઓ લોકો બતાવે તેમાં દોરવાઈ જવું નહીં. અને જ્યાં આપણને બોધનો જોગ હોય, ચિત્ત શાંત થાય તે તીર્થ છે.'' (પ.પૃ.૧૭૪)

''પ.પૂ.પ્રભુશ્રીજીએ જ્યાં ચૌદ ચોમાસાં કર્યા છે, એવા રાજગૃહી તીર્થ સમાન અગાસ આશ્રમમાં આપનો આવવાનો વિચાર છે, તે જાણીને આનંદ થયો છે.'' (પ.પૃ.૬૨૯)

### પ્રભુશ્રીએ દીર્ઘદૃષ્ટિથી ગોઠવેલ ભક્તિક્રમ

''પ.પૂ.પ્રભુશ્રીએ જે કાર્યક્રમ આશ્રમ માટે ગોઠવ્યો છે તે બહુ દીર્ઘદૃષ્ટિ વાપરી ચોક્કસ કર્યો છે. તેમાં રસ ન આવે તેટલી જીવને મુમુક્ષતાની ખામી છે.'' (પ.પૃ.૭૬૯) ''મારા આત્માની સંભાળ રાત દિવસ લેવાનું બને તેવું સ્થળ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ છે ત્યાં સદાય રહેવાય તેવું ક્યારે બનશે? તેવી સવારમાં ઊઠીને રોજ ભાવના કરવી અને અમુક મુદતે તે બને તેવું છે. એમ લાગે તો તે દિવસ ગણતા રહેવું. જેમ વહેલું બને તેવી ગોઠવણ કરતા રહેવું ઘટે છેજી. પ.પૂ.પ્રભુશ્રીજીએ કહ્યું છે કે આશ્રમમાં જેનો દેહ છૂટશે તેને સમાધિમરણ થશે. એક વખત સમાધિમરણ થાય તો



મોક્ષે જતા સુધીમાં જેટલા ભવ કર્મને આધીન લેવા પડે તે બધા ભવમાં સમાધિમરણ જરૂર થાય એવો નિયમ છે, તો આ લાભ લેવાનું ચૂકવું નથી, એમ નક્કી કરી વહેલે મોડે મરણ પહેલા આશ્રમમાં રહેવાનું બને તેમ કર્તવ્ય છેજી.'' (પ.પૃ.૭૮૪)

### અનેક પાપને ધોવાનું તીર્થ અગાસ આશ્રમ

પરમકૃપાળુદેવે ઝૂરણા કરી છે. **''તેવું સ્થાન ક્યાં છે કે જ્યાં જઈને રહીએ? અર્થાત્ તેવા સંતો ક્યાં છે કે જ્યાં જઈને એ (રાગદ્વેષ રહિત) દશામાં બેસી તેનું પોષણ પામીએ?''** આપણે માટે તો પ.પૂ.પ્રભુશ્રીજીએ એવું સ્થાન બનાવી સમાધિમરણનું થાણું થાપ્યું છે. હવે જેટલી ઢીલ કરીએ તેટલી આપણી ખામી છે. તેઓશ્રી કહેતા કે, 'તારી વારે વાર, થઈ જા તૈયાર.'


હવે બધી વાતો ભૂલી અનેક પાપોને ધોવાનું તીર્થ પ.પૂ. પ્રભુશ્રીજીએ સ્થાપ્યું છે ત્યાં નિવાસ કરવાની ભાવનામાં કાળ ગાળવો. તે ભૂલવું નહીં.'' (પ.પૃ.૭૮૪)

### અગાસ આશ્રમને આપેલ અનેક વિશેષણો


પૂ.શ્રી બ્રહ્મચારીજીએ આશ્રમથી લખેલ દરેક પત્રમાં મથાળે આશ્રમનું અદ્ભુત માહાત્મ્ય ગાયું છે તેમાંથી નમૂનારૂપે થોડા અવતરણો 'પત્રસુધા'માંથી અત્રે આપીએ છીએ.

''તીર્થશિરોમણિ કલ્પવૃક્ષ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ'' (પત્રાંક ૪૨)
''તીર્થક્ષેત્ર સત્શાંતિધામ........................'' (પત્રાંક ૨૦૬)
''તીર્થશિરોમણિ સજ્જનમન વિશ્રામધામ.......'' (પત્રાંક ૨૩૮)
''તીર્થશિરોમણિ ભવદવત્રાસિતને શાંતિપ્રેરક...'' (પત્રાંક ૨૭૩)
''તીર્થશિરોમણિ સદ્વિચારપ્રેરક તથા પોષક...'' (પત્રાંક ૩૭૯)
''તીર્થશિરોમણિ સત્સંગધામ, ભક્તિવન.......'' (પત્રાંક ૧૦૧૦)
''તીર્થશિરોમણિ સત્સંગધામ સમાધિમરણપ્રેરક.''(પત્રાંક ૧૦૨૪)

# શ્રી સદ્‌ગુરુ ભક્તિ રહસ્ય*



(ભક્તિના વીશ દોહરા-અર્થ સહિત)





**હે પ્રભુ! હે પ્રભુ! શું કહું દીનાનાથ દયાળ;**
**હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ. ૧**

હે પ્રભુ બોલતાં જ કૃપાળુદેવ ભણી દૃષ્ટિ જવી જોઈએ. દીન અને અનાથ મળીને દીનાનાથ થયું છે. દીન અને અનાથ ઉપર દયા રાખનાર હે પ્રભુ! તમને હું શું કહું? હે ભગવાન! હું તો અનંત દોષનું પાત્ર છું.

**શુદ્ધભાવ મુજમાં નથી, નથી સર્વ તુજ રૂપ;**
**નથી લઘુતા કે દીનતા, શું કહું પરમસ્વરૂપ? ૨**

કૃપાળુદેવે ક્ષાયિક સમકિત થયા પછી આ પ્રાર્થના લખી છે. શુદ્ધભાવ એ એક બહુ મોટો ગુણ છે. **"વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ."** અનંતકાળથી જીવ શુભાશુભ ભાવ કરતો આવ્યો છે પણ શુદ્ધભાવ આવ્યો નથી. એવો શુદ્ધભાવ આવવા માટે પ્રભુ ભણી દૃષ્ટિ કરીને એનું સ્વરૂપ વિચારવું. લઘુતા એટલે હલકાપણું - આરંભ પરિગ્રહનો ભાર જેના ઉપર ના હોય. દીનતા એટલે **"સત્પુરુષમાં જ પરમેશ્વરબુદ્ધિ એને જ્ઞાનીઓએ પરમ ધર્મ કહ્યો છે. અને એ બુદ્ધિ પરમ દૈન્યત્વ સૂચવે છે."** (૨૫૪) એવું લઘુત્વ અને દીનત્વ મારામાં નથી. હે ભગવાન! હું પરમસ્વરૂપને શું કહું?

**નથી આજ્ઞા ગુરુદેવની અચળ કરી ઉર માંહી;**
**આપ તણો વિશ્વાસ દૃઢ, ને પરમાદર નાહીં. ૩**

ઉપર કહેલું પરમસ્વરૂપ શાથી સમજાય? તો કહે, સદ્‌ગુરુની આજ્ઞાથી. એવી સદ્‌ગુરુની આજ્ઞા મેં મારા હૃદયમાં અચળપણે ધારણ કરી નહીં. સદ્‌ગુરુની આજ્ઞા રાગદ્વેષ ન કરવા તે છે. આવી આજ્ઞા ધારણ ક્યારે થાય? પ્રભુ પ્રત્યે આદર અને વિશ્વાસભાવ આવે ત્યારે. એવો આપ પ્રભુ પ્રત્યે આદર અને વિશ્વાસભાવ પણ મારામાં નથી.

**જોગ નથી સત્સંગનો, નથી સત્ સેવા જોગ;**
**કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ. ૪**

સદ્‌ગુરુ પ્રત્યે વિશ્વાસ અને આદરભાવ આવવા માટે સત્સંગની જરૂર છે. આવો સત્સંગનો યોગ પણ મને નથી. આપની સેવાનો પણ મને યોગ નથી. સેવાભાવ આવવા માટે અર્પણતાની જરૂર છે. તેવી અર્પણતા પણ મારામાં નથી. અર્પણતા મેળવવા માટે અનુયોગનો આશ્રય લેવાનો છે. આવા આશ્રયનો પણ મને યોગ નથી. (પ્રથમાનુયોગ અથવા ધર્મકથાનુયોગ, કરણાનુયોગ, ચરણાનુયોગ અને દ્રવ્યાનુયોગ એ ચાર અનુયોગ કહેવાય છે.)

**હું પામર શું કરી શકું? એવો નથી વિવેક;**
**ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક. ૫**

હું પામર છું, કશું કરી શકતો નથી, એવો વિવેક મારામા નથી. પામર એટલે હું કશું જાણતો નથી, અધમ છું. એવો વિવેક શાથી આવે? આપના ચરણકમળના આશ્રયની ધીરજ, મરણ સુધી હોય તો વિવેક આવે. ક્ષણ ક્ષણમાં વૃત્તિઓ પલટાય છે તો પછી વિવેક ક્યાંથી આવે? મરણ પર્યંત તારા શરણમાં જ રહું એવો ભાવ આવે ત્યારે વિવેકની પ્રાપ્તિ થાય. એવી ધીરજ મારામાં નથી.

**અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ;**
**અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ. ૬**

તારા માહાત્મ્યનો મને પ્રફુલ્લિત ભાવ નથી. એવા પ્રફુલ્લિત ભાવ માટે તારા પ્રત્યે જેવા સ્નેહની જરૂર છે તેવો સ્નેહ મારામાં એક અંશ માત્ર પણ નથી. તારા ઉપર સ્નેહ શી રીતે થાય? તો કહે : પરમ પ્રભાવ હોય તો. પ્રભાવ એટલે ગૌતમ સ્વામી જ્યારે મહાવીર સ્વામી પાસે આવ્યા હતા ત્યારે બહુ અહંકારથી ભરેલા અને જાણે મહાવીર સ્વામીથી લડવા માટે જ આવ્યા હોય તેવું લાગતું હતું. પણ જ્યારે ભગવાન સમીપે પહોંચ્યા ત્યારે સર્વ ખોટા ભાવ જતા રહ્યા; અને સાચા રસ્તાને પકડી લીધો. એ પુરુષનો પ્રભાવ કહેવાય છે. આવો પરમ પ્રભાવ પણ મને નથી મળ્યો કે જેથી સદ્‌ગુરુ પ્રત્યે સ્નેહ ઉત્પન્ન થાય.

* પૂ.શ્રી બ્રહ્મચારીજીએ સુમેરભાઈને સમજાવવા આ અર્થ કરેલા. જેની નોંધ તેમણે કરી હતી. આ અર્થ તેઓશ્રીના નજરતળે નીકળી ગયેલા છે.

**અચળરૂપ આસક્તિ નહિ, નહીં વિરહનો તાપ;**
**કથા અલભ તુજ પ્રેમની, નહિ તેનો પરિતાપ. ૭**

તારા અચળરૂપમાં મારું મન લાગતું નથી. તારા પર મને આસક્તિ નથી. મને સદ્‌ગુરુના વિયોગનો પરિતાપ થતો નથી. અને તેનો ખેદ પણ થતો નથી. તારા પ્રેમની મને કથા પણ લભ્ય થતી નથી. અને પાછો તેનો ખેદ અથવા પરિતાપ પણ થતો નથી.

એક વખત પ્રભુશ્રીજીનું ચોમાસું ખંભાતમાં હતું. ત્યારે પરમકૃપાળુદેવ ખંભાતથી ત્રણ ગાઉ દૂર રાળજ ગામમાં બિરાજતા હતા. બધાં મુમુક્ષુઓ ત્યાં જઈને દર્શન કરતા અને વખાણતા. પ્રભુશ્રીજીને પણ દર્શન કરવાની તીવ્ર અભિલાષા ઉત્પન્ન થઈ. પણ ચોમાસામાં તો મુનિઓને બહાર ન જવાય. એથી કરીને તેઓ મનમાં બહુ મૂંઝાતા હતા. એક દિવસે ચાલતાં ચાલતાં પરમકૃપાળુદેવ જે ગામમાં હતા તે રાળજ ગામની બહાર તલાવડી પાસે આવીને ઊભા રહ્યા. પછી કોઈ સાથે કહેવડાવ્યું કે અંબાલાલભાઈને કહેજો કે પેલા મુનિ આવેલા છે. અંબાલાલભાઈને કોઈએ કહ્યું એટલે ગામ બહાર આવ્યા અને પૂછ્યું—તમે આજ્ઞા વગર કેમ આવી ગયા? ત્યારે પ્રભુશ્રીજીએ જણાવ્યું કે આજ્ઞા લેવા માટે જ અહીં ઊભો છું. પછીથી શ્રી અંબાલાલભાઈએ પરમકૃપાળુદેવ પાસે જઈને બધી હકીકત કહી. પરમકૃપાળુદેવે ખબર મોકલી કે – ''તમને અમારા દર્શન કર્યા વિના જો શાંતિ થતી હોય તો પાછા ચાલ્યા જાઓ અને ના થતી હોય તો હું ત્યાં આવું.'' પ્રભુશ્રીજીએ વિચાર્યું કે ભલે દર્શન ન થાય પણ મારે પરમકૃપાળુદેવને અહીં આવવાનું કષ્ટ તો આપવું નથી. એમ વિચારી પાછા ચાલ્યા ગયા. જતાં જતાં બહુ ખેદ થયો કે મારા કેવા અંતરાય કર્મો છે કે બધાને પરમકૃપાળુદેવનાં દર્શન થાય છે અને મને નથી થતાં. પરમકૃપાળુદેવે બધું જાણી બીજે દિવસે શ્રી સોભાગભાઈને ત્યાં મોકલ્યા. શ્રી સોભાગભાઈને જોઈને પ્રભુશ્રીજીને બહુ હર્ષ થયો. શ્રી સોભાગભાઈએ કહ્યું કે તમને બહુ ખેદ થાય છે એટલે મને મોકલ્યો છે. હવે આ મંત્ર **'સહજાત્મસ્વરૂપ પરમગુરુ'** નું સ્મરણ કરજો. પ્રભુશ્રીજીને મંત્ર મળ્યા પછી શાંતિ થઈ. આવો વિરહનો ખેદ થાય ત્યારે સદ્‌ગુરુના અચળરૂપમાં આસક્તિ થાય.

**ભક્તિ માર્ગ પ્રવેશ નહિ, નહીં ભજન દૃઢ ભાન;**
**સમજ નહીં નિજ ધર્મની, નહિ શુભ દેશે સ્થાન. ૮**

ભક્તિમાર્ગમાં નિરંતર રહેવા જેવું છે. સર્વજ્ઞે જે ભક્તિનો માર્ગ ભાખ્યો છે એવા માર્ગમાં પણ મારો પ્રવેશ નથી, એવા ભાવ ક્યારે થાય? તો કહે : તારા ભજનમાં દૃઢ ભાન થાય ત્યારે.



એવું દૃઢ ભાન પણ મને નથી. મારો ધર્મ શું છે, તેની પણ મને સમજણ નથી. મારો ધર્મ એટલે જિનેશ્વર ભગવાને ભાખ્યો છે, તે જૈનધર્મ અથવા આત્માનો ધર્મ. એવો ધર્મ ક્યાંથી લભ્ય થાય? શુભદેશમાં સ્થાન હોય તો. એવું સ્થાન પણ મને પ્રાપ્ત થયું નથી.

**કાળ દોષ કળિથી થયો, નહિ મર્યાદા ધર્મ;**
**તોય નહીં વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ. ૯**

કાળ બહુ ખરાબ અને દુષમ છે. એવા કાળમાં મને સદ્‌ધર્મની પ્રાપ્તિ થઈ નથી; અને થઈ છે તો એની મર્યાદા નથી, એમ છતાં પણ મનમાં કશી વ્યાકુળતા થતી નથી. હે પ્રભુ! મારાં કર્મો તો જુઓ? કેવાં અહિતકારી છે. મનમાં વ્યાકુળતા થાય તો ધર્મ ભણી શ્રદ્ધા ઉત્પન્ન થાય.

**સેવાને પ્રતિકૂળ જે, તે બંધન નથી ત્યાગ;**
**દેહેન્દ્રિય માને નહીં, કરે બાહ્ય પર રાગ. ૧૦**

જે સેવાને પ્રતિકૂળ છે એવા બંધનના કારણોનો પણ મને ત્યાગ નથી. સેવાભાવ કરવો હોય તો ઇન્દ્રિયોને વશ કરવી જોઈએ. પણ આ ઇન્દ્રિયો તો માનતી જ નથી, અને બાહ્ય પદાર્થો ઉપર રાગ કરે છે. તો સેવાભાવ ક્યાંથી થાય? સેવાભાવથી કલ્યાણ થાય એવું છે. **'પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમ ભેદ સુઉર બસે; વહ કેવલકો બીજ ગ્યાનિ કહે.'** એવો પ્રેમ પ્રભુ પ્રત્યે થાય તો આત્માનું કલ્યાણ થાય.

**તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન નયન યમ નાહી;**
**નહિ ઉદાસ અનભક્તથી, તેમ ગૃહાદિક માંહિ. ૧૧**

તારા પર પ્રેમ આવ્યો હોય તો વિરહનો પરિતાપ થાય અને વિયોગ સ્ફુરે. પણ આવો ખેદ મને થતો નથી.અથવા તારો વિયોગ પણ મનમાં સ્ફુરતો નથી. વચનનો અને નયનનો સંયમ પણ ધર્યો નથી. અનભક્ત એટલે જે ભક્ત ન હોય એવાથી ઉદાસ ભાવ તેમજ ગૃહાદિક કાર્યોમાં પણ ઉદાસ ભાવ થતો નથી.



**અહંભાવથી રહિત નહિ, સ્વધર્મ સંચય નાહીં;**
**નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ. ૧૨**

દેહ, સ્ત્રી, પુત્રાદિ એ બધા મારાં છે એમ માનીને જીવ બેઠો છે. એટલે અહંભાવ જતો નથી. જે મારું નથી તેને મારું માની બેસવું તે અહંભાવ. હે પ્રભુ! આવા અહંભાવથી હું રહિત નથી. સ્વધર્મ એટલે આત્મધર્મનો પણ સંચય નથી. સ્વધર્મનો સંચય હોય તો અહંભાવની મંદતા થાય, પણ એવું બન્યું નથી. અને અન્ય ધર્મો પ્રત્યે પણ મારી નિર્મળપણે નિવૃત્તિ નથી. અન્ય ધર્મ એટલે જૈન અથવા આત્મધર્મ સિવાયના ધર્મો.

**એમ અનંત પ્રકારથી, સાધન રહિત હુંય;**
**નહીં એક સદ્ગુણ પણ, મુખ બતાવું શુંય? ૧૩**

એમ અનેક પ્રકારના વિચાર કીધા પણ મને સત્સાધન મળ્યું નહીં. હું સાધન રહિત જ રહ્યો. મારામાં એક પણ સદ્ગુણ નથી. મારું મોઢું તને કેવી રીતે બતાવું, શરમ આવે છે. એટલા દોષો ભરેલા છે કે હું કહી શકતો નથી.

**કેવળ કરુણામૂર્તિ છો, દીનબંધુ દીનનાથ;**
**પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ. ૧૪**

હે સર્વજ્ઞ ભગવાન! તમે કેવળ દયાની મૂર્તિ છો, દીનના બંધુ અને નાથ છો. હું મહાપાપી છું, અને પરમ અનાથ છું. મારો હાથ ગ્રહીને મને તારો. 'હાથ ગ્રહો' એટલે શું? કંઈ સદ્ગુરુ હાથ ઝાલવા આવે? 'ગ્રહો પ્રભુજી હાથ' એટલે મને બોધ આપીને મારી મિથ્યા માન્યતા ટળે તેમ કરો. હું ડૂબી રહ્યો છું માટે બોધરૂપી હાથથી ગ્રહીને—મને પકડીને બહાર કાઢો.

**અનંતકાળથી આથડ્યો, વિના ભાન ભગવાન;**
**સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યું નહિ અભિમાન. ૧૫**

હે પ્રભુ હું અનંત કાળથી આ સંસારમાં ભ્રમણ કરી રહ્યો છું, અને ચાર ગતિમાં આથડી રહ્યો છું, મને કશું ભાન નથી. ભાન વિના અનંતકાળથી રખડતો આવ્યો છું. ભાન શાથી આવે? સંતને સેવે તો. પણ મેં તો ગુરુ કે સંતને પણ સેવ્યા નથી. તેમની આજ્ઞા ઉઠાવી નથી; અને વધારામાં અભિમાન પણ મૂક્યું નથી.

**સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યા અનેક;**
**પાર ન તેથી પામિયો, ઊગ્યો ન અંશ વિવેક. ૧૬**

હે પ્રભુ! મેં સંત ચરણ એટલે સદ્ગુરુના આશ્રય વગર અનેક સાધન કર્યા. પણ એનાથી કશું પાર પામ્યો નહીં. એક અંશ માત્ર પણ વિવેક ઊગ્યો નથી.

**સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય;**
**સત્ સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય. ૧૭**

હે પ્રભુ! જેટલા સાધનો કર્યાં તેનાથી બંધન જ થયું. હવે મને કોઈ ઉપાય સૂઝતો નથી. જ્યાં સુધી સત્ સાધનને હું નથી સમજ્યો ત્યાં સુધી બંધન કેવી રીતે જાય? સાચો માર્ગ સદ્ગુરુ સિવાય બતાવનાર કોઈ નથી. સદ્ગુરુના કહેવા પ્રમાણે ચાલવા જેવું છે.

**પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડ્યો ન સદ્ગુરુ પાય;**
**દીઠા નહિ નિજ દોષ તો, તરિયે કોણ ઉપાય? ૧૮**

નિરંતર મનમાં 'પ્રભુ પ્રભુ' એવી લગની લાગે ત્યારે મુમુક્ષુતા તો શું પણ મોક્ષેય પ્રગટ થાય. બનારસીદાસે લખ્યું છે કે, **'ભાલસો ભુવન વાસ, કાલ સો કુટુંબ કાજ.'** એટલે જેને પ્રભુની લગની લાગી છે તેને પછી ગૃહસ્થાશ્રમ ભાલા જેવો લાગે છે, અને કુટુંબ કાર્ય કાળ જેવા લાગે એને જ સર્વજ્ઞ 'તીવ્ર મુમુક્ષુતા' કહે છે. એવી પવિત્ર લગની લાગી નથી અને સદ્ગુરુને અંતઃ-કરણથી પાય પણ લાગ્યો નથી. જ્યાં સુધી સ્વદોષ ન દેખે ત્યાં સુધી બધું નકામું છે. સ્વદોષ જોયા વિના કેવી રીતે તરી શકાય?

**અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હુંય;**
**એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય. ૧૯**

સકળ જગતમાં હું અધમાધમ છું, પતિત છું, એવો નિશ્ચય જ્યાં સુધી મનમાં ન થાય ત્યાં સુધી હે જીવ! તું શું સાધન કરીશ? સ્વદોષ જોયા વિના બધું અવળું છે.

**પડી પડી તુજ પદપંકજે, ફરી ફરી માંગુ એ જ;**
**સદ્ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દે જ. ૨૦**

ઉપરની ૧૯ ગાથાનો સારાંશ પણ આમાં આવી ગયો છે. ભગવાનને અંતે પ્રાર્થના કરે છે કે હે પ્રભુ! તારા ચરણકમળમાં વારંવાર નમસ્કાર કરીને ફરી ફરી એ જ માંગું છું કે સદ્ગુરુ, સંત અને તારા સ્વરૂપની મને દૃઢ શ્રદ્ધા થાઓ, તેની પ્રાપ્તિ થાઓ.

## *કૈવલ્ય બીજ શું ?

(અર્થ સહિત)

(ત્રોટક છંદ)

**યમનિયમ સંજમ આપ કિયો,**
**પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો,**
**વનવાસ લિયો, મુખ મૌન રહ્યો,**
**દૃઢ આસન પદ્મ લગાય દિયો. ૧**

**યમ** એટલે શું? અને તે કેટલા છે? જીવનપર્યંત વ્રત લેવામાં આવે તે યમ છે. યમ પાંચ છે—અહિંસા, સત્ય, અચોર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ.

**નિયમ** પણ પાંચ કહેવાય છે—શૌચ, સંતોષ, તપ, સજ્ઝાય અને ઈશ્વરધ્યાન. (૧) શૌચ—લોભ નહીં તે. આત્માને મલિન કરનાર લોભ છે. બાહ્યથી શરીરની પવિત્રતા રાખે તે બાહ્ય શૌચ. મનમાં રાગદ્વેષ ન થવા દે તે અભ્યંતર શૌચ. (૨) સંતોષ એટલે લાભ થાય તેથી રાજી ન થાય અને હાનિ થાય તો શોક ન કરે. (૩) તપ એટલે મનના કહ્યા પ્રમાણે વર્તે નહીં પણ તેની સામો પડે. (૪) સજ્ઝાય એટલે શાસ્ત્રોને વિચારવા સ્વાધ્યાય કરે. (૫) ઈશ્વરધ્યાન એટલે ભગવાનને ભૂલે નહીં. એક ભગવાનમાં જ લક્ષ રાખે; ખાતાપીતા પહેલાં ભગવાનને સંભારે. આ પાંચ નિયમો કહેવાય છે.

**સંયમ** : પાંચ ઇન્દ્રિય અને મનને જીતે અને છકાય જીવોની રક્ષા કરે, એમ બાર પ્રકારે સંયમ છે. સંયમમાં સ્વદયા અને પરદયા પાળે. કૃપાળુદેવે **'અપૂર્વ અવસર'**માં કહ્યું છે કે **'સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી, માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો.'** સર્વભાવથી વિરામ પામવારૂપ સંયમ છે. બહાર ભટકતી વૃત્તિઓને રોકવી તે પણ સંયમ છે. એવો સંયમ, વૈરાગ્ય હોય તો થાય.

આ યમ, નિયમ, સંયમ બધા જીવે **'આપ કિયો'** એટલે સ્વચ્છંદે કર્યાં છે, અથવા અજ્ઞાનીના આશ્રયે કર્યાં છે. પોતાની મેળે કરે અથવા અજ્ઞાનીની આજ્ઞાથી કરે તો કંઈ લાભ થાય નહીં.

**ત્યાગ** એટલે શું? **"આત્મપરિણામથી અન્ય પદાર્થનો તાદાત્મ્ય અધ્યાસ નિવર્તવો તેને શ્રી જિન ત્યાગ કહે છે."** –શ્રીમદ્ રાજચંદ્ર. તાદાત્મ્ય એટલે દેહને આત્મારૂપ માનવો, દેહ તે જ આત્મા માનવો. એવા અધ્યાસનો ત્યાગ તે ખરો ત્યાગ છે. ભગવાને એને ત્યાગ કહ્યો છે. પણ જીવે એવો ત્યાગ કર્યો નથી. સ્વચ્છંદી થઈને બાહ્ય ત્યાગ વગેરે કર્યાં છે. જો ખરો ત્યાગ કર્યો હોત તો સંસારમાં રહે જ નહીં.

**વિરાગ** એટલે શું? પાંચ ઇન્દ્રિયોના વિષયોની આસક્તિનો



ત્યાગ તે વૈરાગ્ય છે. બને તેટલો ત્યાગ કરે અને જે છૂટે નહીં તેના પ્રત્યે વૈરાગ્ય રાખે. શરીર પ્રત્યે વૈરાગ્ય રાખે, આસક્તિ છોડે, મમતા ન કરે! દેહ તે હું નહીં, જરૂર પડે તે વસ્તુ રાખે પણ આસક્તિ ન થવા દે, એ વૈરાગ્ય છે. પણ જીવે ખરો વૈરાગ્ય કર્યો નથી. સમજણ ન હોય ત્યાં સુધી વૈરાગ્ય નથી, પણ દ્વેષ છે. વનવાસ લીધો એટલે જ્યાં માણસો ન હોય એવા જંગલમાં રહ્યો. મુખ મૌન રહ્યો એટલે કોઈથી બોલે નહીં. નિરંતર મૌન ધારણ કર્યું. પદ્માસન લગાવીને પણ બેસી ગયો. આ બધા સાધનો જીવે સ્વચ્છંદપણે ઘણી વાર કર્યાં છે.

**મન પૌન નિરોધ સ્વબોધ કિયો,**
**હઠ જોગ પ્રયોગ સુ તાર ભયો,**
**જપ ભેદ જપે, તપ ત્યોહિ તપે,**
**ઉરસેંહિ ઉદાસી લહી સબપેં. ૨**

**મન** એટલે મન અને **પૌન** એટલે પવન = શ્વાસોચ્છ્વાસ. મનને બીજે ન જવા દીધું અને શ્વાસોચ્છ્વાસને રોક્યાં. મનનો **નિરોધ** કર્યો પણ તે યથાર્થ નહોતો. મનને યથાર્થપણે જાણ્યું નહીં, પણ દમન કર્યું. મનનું સ્વરૂપ શું છે તે જાણ્યા વિના કર્યું. ક્યારે એ મને છેતરશે, તે ખબર નથી. **હઠયોગ** એટલે કાયા, વચન અને મનને રોકે, પરાણે વશ કરે. પોતાને શિખામણ આપે કે પાપ કરીશ તો નરકમાં જવું પડશે. માટે પાપ કરીશ નહીં. એ **સ્વબોધ** છે. એ બધા પ્રયોગો જીવે સ્વચ્છંદે કર્યાં. એમાં તલ્લીન થઈ ગયો. એ મારે કરવું જ છે, એવો હઠયોગ નિશ્ચય કરી એકતાર થયો. **જપ**ના અનેક ભેદો છે તે બધા કર્યાં. **તપ** પણ કર્યાં. જેમ કોઈ પહેલે દિવસે એક ચોખાનો દાણો ખાય, પછી બીજે દિવસે બે દાણા ખાય એમ કરતાં કરતાં પેટ ભરાય ત્યારે એક એક ઓછો કરવા માંડે. આવાં તપ અનેક કર્યાં. મનથી સર્વ બાહ્ય પદાર્થો પ્રત્યે **ઉદાસીનતાથી** વર્ત્યો. કોઈથી બોલ્યો નહીં. એકલો ફર્યો. એમ અનેક પ્રકારે ઉદાસીનતા રાખી. આવું જીવે ઘણું કર્યું છે. પણ બધું **'આપ કિયો'** એટલે પોતાની મેળે સ્વચ્છંદે કર્યું.

* પૂજ્યશ્રી બ્રહ્મચારીજીએ શ્રી સુમેરભાઈને સમજાવવા આ અર્થ કરેલા જેની તેમણે નોંધ કરી હતી. તેઓશ્રીની નજર તળે આ લખાણ નીકળી ગયેલ છે.

**સબ શાસ્ત્રનકે નય ધારી હિયે,**
**મત મંડન ખંડન ભેદ,લિયે,**
**વહ સાધન બાર અનંત કિયો,**
**તદપિ કછુ હાથ હજું ન પર્યો. ૩**

સર્વ શાસ્ત્રોને તેના નયપૂર્વક, પ્રમાણો વડે શીખી ગયો. પંડિત થયો, વાદવિવાદ કર્યા. અન્ય મતોનું ખંડન મંડન કર્યું. આ ધર્મ સાચો છે, આ ખોટો છે, એમ ભેદ પાડ્યા. એવા સાધનો અનંતી વાર કર્યાં છતાં જીવ મોક્ષમાર્ગ પામ્યો નહીં. બધું કર્યું પણ જન્મમરણ છૂટ્યાં નહીં.

**અબ ક્યોં ન બિચારત હૈ મનસેં,**
**કછુ ઔર રહા ઉન સાધન સેં?**
**બિન સદ્ગુરુ કોય ન ભેદ લહે,**
**મુખ આગલ હૈ કહ બાત કહે? ૪**

આટલું આટલું પોતાની મેળે કર્યું છતાં કશું હાથમાં ન આવ્યું. ત્યારે જ્ઞાની પુરુષો આ જીવને સંબોધીને કહે છે કે મનુષ્યભવ મળ્યો છે તો મનથી કેમ નથી વિચારતો કે આ ઉપરના સાધનોથી કંઈ બીજું કરવા જેવું છે? **સદ્ગુરુ વિના ગમે તેટલી માથાકૂટ કરે તોય પાર આવે એમ નથી.** સદ્ગુરુ મળે તો આત્મા પાસે જ છે. દૃષ્ટિ ફેરવવાની છે. દેહને જુએ છે તેના બદલે આત્મા જોવાની દૃષ્ટિ કરવાની છે. સદ્ગુરુ વિના આવી દૃષ્ટિ થાય નહીં. જીવ સમજે તો સહજ છે, નહીં તો અનંત ઉપાયે હાથ આવે એમ નથી, એવો આત્મા છે. જ્ઞાનીઓ કહે છે પણ પકડે કોણ? સદ્ગુરુ વિના કામ થાય એમ નથી. સદ્ગુરુ મળે તો જ આત્મા સમજાય. એ વિના રહસ્ય જણાય એમ નથી. 'જબ જાગેંગે આતમા તબ લાગેંગે રંગ' ખરો ગુરુ તો પોતાનો આત્મા જ છે. એ જ્યારે જાગશે ત્યારે કામ થશે. પોતે પોતાનો વૈરી થઈને વર્તે છે, તેના બદલે પોતે પોતાનો મિત્ર થઈ વર્તશે ત્યારે કામ આવશે. અનાથી મુનિએ શ્રેણિકને કહ્યું હતું કે આપણો આત્મા જ નંદનવન જેવો છે; અને આપણો આત્મા જ નરકે લઈ જનાર છે; આપણો આત્મા જ મિત્ર અને આપણો આત્મા જ શત્રુ છે. એ જ કર્મનો કરનાર છે અને એ જ પોતાને મોક્ષે લઈ જનાર છે. ચાવી સદ્ગુરુના હાથમાં છે. માને તો કામ થઈ જાય.



**કરુના હમ પાવત હૈ તુમકી,**
**વહ બાત રહી સુગુરુ-ગમકી,**
**પલમેં પ્રગટે મુખ આંગલસેં,**
**જબ સદ્ગુરુ ચર્ન સુ પ્રેમ બસેં. ૫**

જ્ઞાની પુરુષોને સંસારી જીવો પ્રત્યે કરુણા આવે છે. જીવનું કલ્યાણ સદ્ગુરુ-ગમે છે. જ્યારે સદ્ગુરુની આજ્ઞા પ્રત્યે પ્રતીતિ અથવા પ્રેમ થાય તો આત્મા પળમાં પ્રગટ થાય એમ છે. સદ્ગુરુની આજ્ઞા પ્રત્યે જેટલો પ્રેમ થયો તેટલો જીવ સવળો થયો. પ્રેમ હોય તો આજ્ઞા મનાય.

**તનસેં, મનસેં, ધનસેં, સબસેં,**
**ગુરુદેવકી આન સ્વઆત્મ બસેં;**
**તબ કારજ સિદ્ધ બને અપનો,**
**રસ અમૃત પાવહિ પ્રેમ ઘનો. ૬**

તન, મન, ધન અને બીજા બધા બાહ્યાંતર પદાર્થો ઉપરથી મમતા છોડી **એક સદ્ગુરુની આજ્ઞાને જો આત્મામાં ધારણ કરે તો કાર્ય સિદ્ધ થઈ જાય, અમૃત રસ પામે.** દેહાદિમાં પ્રેમ છોડે તો અમૃતરસ જેવો અખૂટ પ્રેમ પામે.

**વહ સત્ય સુધા દરશાવહિંગે,**
**ચતુરાંગુલ હે દૃગસેં મિલહે,**
**રસ દેવ નિરંજન કો પિવહી,**
**ગહી જોગ જુગોજુગ સો જીવહી. ૭**

સદ્ગુરુ પ્રત્યે પ્રેમ થાય તો સત્ય સુધારસ સમજાય. એ પોતાની પાસે જ છે. દૃષ્ટિ પડવી જોઈએ. સમ્યક્દૃષ્ટિ થાય તો આત્મા પાસે જ છે. **'પરમ નિધાન પ્રગટ મુખ આગળે, જગત ઉલ્લંઘી હો જાય જિનેશ્વર.'** (આનંદઘનજી) મોઢા આગળ જ છે એને મૂકી પુદ્ગલમાં જાય છે. **'સત્ એ કંઈ દૂર નથી પણ દૂર લાગે છે.** અંતર-આત્મા થઈ પરમાત્માને ભજે તો પોતે પરમાત્મા થાય, નિરંજન રસને પામે. પછી આત્માને મરવું ન પડે. અમર થઈ જાય એટલે મોક્ષ પામે. દુઃખથી નિવૃત્ત થાય.

**પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં,**
**સબ આગમભેદ સુઉર બસેં,**
**વહ કેવલકો બીજ ગ્યાનિ કહેં,**
**નિજકો અનુભૌ બતલાઈ દિયે. ૮**

ઉપરનો સાર બધો આ ગાથામાં આવી ગયો છે. સર્વ પદાર્થો ઉપરથી પ્રેમ ઉઠાવીને એક પ્રભુ પ્રત્યે પરમ પ્રેમ થાય તો સર્વાગમનું જ્ઞાન, ભણ્યા વિના જ આવી જાય. **'મન મહિલાનું રે વહાલા ઉપરે, બીજા કામ કરંત; તેમ શ્રુત ધર્મે રે મન દૃઢ ધરે, જ્ઞાનાક્ષેપકવંત'**. આ તો એક સામાન્ય દૃષ્ટાંત છે. **એના કરતાં અનંતગણો પ્રેમ આવવો જોઈએ.** બધા આગમો એની સાક્ષી પૂરે છે. પ્રેમરૂપી અગ્નિ લાગે તો બધા કર્મો બળી જાય. પરાભક્તિ એ કેવળજ્ઞાનનું બીજ છે. **'પ્રભુભક્તિ ત્યાં ઉત્તમ જ્ઞાન.'**

# 'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત-વિવેચન

(શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત વાંચતા શ્રી દેવશીભાઈ રણછોડભાઈ કોઠારીને જે કંઈ પ્રશ્નો ઉદ્‌ભવતા તેના ખુલાસા પૂ.શ્રી બ્રહ્મચારીજી પાસેથી મેળવતા. તેમની નોંધ ઉપરથી અહીં આગળ સારરૂપ ભાગ ઉતાર્યો છે. મુખ્યપણે શબ્દોના ભાવાર્થ જ અહીં લીધા છે. વચનામૃતમાંનું મૂળ લખાણ નીચે ગાઢા અક્ષરોમાં અને પૂ.શ્રી બ્રહ્મચારીજીએ કરેલ વિવેચન સાદા અક્ષરોમાં લીધેલ છે.)

**પત્રાંક ૪૦ — વિશાલ બુદ્ધિ** : વિચારક બુદ્ધિ. જીવ વર્તમાન કાળનો અપૂર્ણ વિચાર કરી વર્તે છે તે દેહદૃષ્ટિવાળા સંકુચિત છે. તે નહીં, પણ ત્રણે કાળનો ભૂત, ભવિષ્ય ને વર્તમાનનો વિવેક કરનાર, વિવેક બુદ્ધિવાળા, આત્મવિચારક દૃષ્ટિવાળા. વર્તમાનમાં મતિજ્ઞાન અલ્પ છે, પણ શ્રુતજ્ઞાન વિશાલ છે.

**''બુદ્ધિ ક્રિયા ભવફળ દીએજી, જ્ઞાનક્રિયા શિવઅંગ;**
**અસંમોહ કિરિયા દીએજી, શીઘ્ર મુગતિફળ ચંગ.''**

**મધ્યસ્થતા** : પક્ષપાતરહિત બુદ્ધિવાળો. ગ્રહણ-ત્યાગનો વિવેક, તે સહિત બુદ્ધિવાળો.

**સરળતા** : માયાકપટ રહિત, મનમાં હોય તેવું જ કહેનાર, વર્તનાર. મનમાં એક ને વર્તનમાં જુદું એમ નહીં, મન-વચન-કાયાનો વિરોધ ન હોય, હૃદય સરળ થવું. વક્રતા નહીં. સ્વાર્થ-માયાકપટથી રહિત.

**જિતેન્દ્રિયપણું** : મોક્ષમાળામાં પાઠ ૬૮મો જિતેન્દ્રિયતા વિષે છે તે જોવો.

**''ઇન્દ્રિયદમનકું સ્વાદ તજ, મનદમનકું ધ્યાન.''**

જિતમોહ, ક્ષીણમોહને માટે સમયસારમાં દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિયનું સ્વરૂપ આપેલું છે તે જોવું.

**પત્રાંક ૫૪ — માર્ગના મર્મને પામ્યા વિના** : દેહાધ્યાસ છૂટવો તે મર્મ છે.

**''છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;**
**નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ.''**

જેટલો દેહાધ્યાસ છૂટે તેટલો મર્મ સમજાય.

**શ્રી મહાવીર જે વાટેથી તર્યા તે વાટેથી શ્રીકૃષ્ણ તરશે....** તે વાટ અથવા માર્ગ કયો ? : જ્ઞાની પુરુષની આજ્ઞારૂપ માર્ગ. 'આણાએ ધમ્મો, આણાએ તવો.'

**તે આત્મત્વ અર્પશે-ઉદય આપશે-ત્યારે જ તે પ્રાપ્ત થશે** : સત્પુરુષ તે આત્મતા અર્પશે, ઉદય આપશે, ત્યારે જ તે પ્રાપ્ત થશે. સત્પુરુષ વગર માર્ગ નથી.

**પત્રાંક ૧૦૩ — એકાંતથી જેટલો સંસાર ક્ષય થવાનો છે** :




ત્યાગી અવસ્થાથી, સર્વસંગપરિત્યાગથી, અસંગઅપ્રતિબદ્ધ દશાથી.

**અલ્પપરિચયી** : ઓછું આવવું—જવું-કોઈ કોઈ વખતે, પ્રયોજન વગર જવું નહીં.

**અલ્પ આવકારી** : વિશેષ હાવભાવ સહિત આવકાર કે માન આપવું નહીં. સામાન્યપણે યોગ્ય સમજીને વર્તવું.

**અલ્પ ભાવના દર્શાવવી** : વિશેષ માયિક ભાવના દર્શાવવી નહીં, જેમ કે માયાથી-પ્રેમથી રડે, દિલગીર થાય, ખોટી માયા-મમતા દર્શાવે. તેમ કરવું નહીં.

**અલ્પ સહચારી** : ગાઢ મિત્રતા નહીં તે.

**અલ્પ ગુરુ** : મોટાઈ નહીં. મોટા ન થવું. ગર્વ ન કરવો.

**પત્રાંક ૧૭૬ — અલખ'લે'માં આત્માએ કરી સમાવેશ થયો છે** : નિર્વિકલ્પ સમાધિમાં.

**અબુધ થયા છીએ** : અસંગ થયા છીએ.

**પત્રાંક ૧૮૦ — અમરવરમયજ આત્મદૃષ્ટિ થઈ જશે** : અભેદભાવ થઈ જશે, પ્રભુ પ્રભુ લય થઈ જશે.

**રામ હૃદે વસ્યાં છે** : સમ્યગ્દર્શન સહિત આત્મા.

**અનાદિનાં ખસ્યાં છે** : આવરણ દૂર થયાં છે.

**સુરતિ ઇત્યાદિક હસ્યાં છે** : જાગૃતિમય આત્મરમણતાની પ્રસન્નતા.

**પત્રાંક ૧૯૭ — સુધાની ધારા પછીના કેટલાક દર્શન થયા છે** : મુખ વિષે સુધારસ વરસે છે તે ઉપયોગની સ્થિરતા માટે છે. તે પછી આત્મદર્શન થાય છે.

**પત્રાંક ૨૧૦ — સર્વેએ એટલું જ હાલ તો કરવાનું છે કે જૂનું મૂક્યા વિના તો છૂટકો જ નથી; અને એ મૂકવા યોગ્ય જ છે એમ દૃઢ કરવું** : સત્પુરુષને મળ્યા પહેલાનું માની રાખેલું બધું ભૂલી જવું. સત્પુરુષનું કહેલું માન્ય કરવું. લૌકિક ભાવ કાઢી નાખવો.

**બીજો અર્થ** : અગૃહીત મિથ્યાત્વ છે તે જૂનું એટલે અનાદિકાળનું ચાલ્યું આવે છે તે મૂકી દેવું.

**પત્રાંક ૨૪૭ — જે રસ જગતનું જીવન છે;** કયો રસ? ચૈતન્ય.



**પત્રાંક ૨૭૧ — એવો એક જ પદાર્થ પરિચય કરવાયોગ્ય છે... તે કયો?** : સત્સંગ.

**કેવા પ્રકારે?** : છૂટવાના પ્રકારે.

**પત્રાંક ૨૮૭ — એકથી અનંત છે; અનંત છે તે એક છે** : એક છે તે અનંતથી જુદું નથી. અનંત ગુણોનો સમૂહ તે આત્મા. આત્માને આધારે છે. **"ऐगं जाणई सो सव्वं जाणइ"** । દ્રવ્યદૃષ્ટિથી એક અને પર્યાયદૃષ્ટિથી અનંત એમ જુદી જુદી ઘણી અપેક્ષા છે.

**પત્રાંક ૨૮૮ — નહીં તો બધુંય નવું છે, અને બધુંય જીર્ણ છે** : એમને તો બધુંયે સરખું છે. દ્રવ્ય અપેક્ષાએ જૂનું છે, પર્યાય અપેક્ષાએ નવું છે. સોનાનું દૃષ્ટાંત - સોનું એ, પણ જુદા જુદા ઘાટથી પર્યાય નવા નવા થાય છે.

**પત્રાંક ૩૦૫ — કોઈ પણ પ્રકારનું દર્શન થાય તેને સમ્યક્જ્ઞાન મોટા પુરુષોએ ગણ્યું છે એમ સમજવાનું નથી** : કંઈ તેજ વગેરે દેખાય તે બધું કલ્પિત છે, સમ્યક્જ્ઞાન નથી.

**પદાર્થનો યથાર્થ બોધ પ્રાપ્ત થાય** : યથાર્થ આત્માની ઓળખાણ થાય તે.

**પત્રાંક ૩૪૦ — જે બે કારણ છે તે મળ્યા વિના જીવને અનંતકાળ થયાં રખડવું પડ્યું છે, જે બે કારણ મળ્યે મોક્ષ હોય છે તે ક્યાં?** : સત્પુરુષનું ઓળખાણ અને તેની આજ્ઞાનું આરાધન.

**પત્રાંક ૩૭૧ — 'પરમ એવું જે બોધસ્વરૂપ' એટલે?** : જ્ઞાનીપુરુષ.

**'અનંત કાળે જે પ્રાપ્ત થયું નથી' તે શું?** : સમકિત. તે સત્પુરુષની કૃપાથી થાય, સત્પુરુષમાં ભૂલ ન થવી જોઈએ. લાવ, બીજા જ્ઞાની શોધું, આમ કરું, તેમ કરું-એમ ન થવું જોઈએ. એ હાનિ છે.

**પત્રાંક ૩૭૩ — 'મન'** : મનનું સ્વરૂપ સમજાવું મુશ્કેલ છે. જુદી જુદી અપેક્ષા છે. આત્માનું સ્વરૂપ કે મનનું સ્વરૂપ અપેક્ષાએ જુદું નથી. સંકલ્પવિકલ્પ કરે ત્યારે મન કહેવાય છે.

**'તેને લઈને'** : તેને આધારે. આત્માને આધારે જે જે થાય તે.

**'આ બધું'** : આખું વિશ્વ,જગત આત્મારૂપ જાણવામાં-જોવામાં આવે.

**'તેનો નિર્ણય'**: જ્ઞાની વગર નિર્ણય ન થાય. (જગતનો, વિશ્વનો, આત્માનો) વસ્તુ સમજાય તો આત્મજ્ઞાન થાય.

**પત્રાંક ૩૭૫ — 'તે બંધન શું? અને શું જાણવાથી તે ત્રુટે?'** : પોતે જે માને છે તે બધું ખોટું છે. એવો વિચાર અને ભેદ પડ્યા વિના, સાચું શું તે યથાર્થ સમજાય નહીં. યથાર્થ જ્ઞાનીપુરુષ દ્વારા ભેદ પડ્યા વિના સમજાય નહીં. સમજાયા વગર બંધન ત્રુટે નહીં.

**'યથાર્થ બોધ' એટલે શું?** : આત્મબોધ. તે સત્પુરુષની ભક્તિથી સમજાય અને સહેજે આત્મબોધ થાય. 'જે સત્પુરુષોએ સદ્ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે....સહેજે આત્મબોધ થાય' (છ પદનો પત્ર)

**પત્રાંક ૩૭૯ — 'જેની પ્રાપ્તિ પછી અનંતકાળનું યાચકપણું મટી... તેને ભજો'** : જેની પ્રાપ્તિ પછી એટલે સદ્ગુરુની પ્રાપ્તિ થવી જોઈએ. સદ્ગુરુના યોગથી વીતરાગતા પ્રાપ્ત થાય છે. સદ્ગુરુ તરણતારણ હોય છે. સદ્ગુરુના યોગથી નિઃસ્પૃહતા તથા નિષ્કાંક્ષિતા વગેરે સમકિતને યોગ્ય ગુણો પ્રાપ્ત થઈ સમકિત થાય છે. સદ્ગુરુનો યોગ એવો અપૂર્વ છે. પોતે નિઃસ્પૃહ રહી નિઃસ્પૃહ કરે છે.

હાલ તો **'નિર્બળ' થઈ શ્રી 'હરિ'ને હાથ સોંપીએ છીએ** : હરિનું શરણ લઈએ છીએ. કર્મવશાત્ સ્થિતિ ભોગવે છે, તેમાં શુદ્ધ ભાવ, શુદ્ધ આત્માનું શરણું છૂટતું નથી. હે પ્રભુ! તું તારજે.

**માત્ર આત્મરૂપ મૌનપણું અને તે સંબંધી પ્રસંગ એને વિષે બુદ્ધિ રહે છે** : આત્મામાં જ લીન થવું છે અને તે સંબંધી સત્સંગ-પ્રસંગ, તે સિવાય કંઈ કરવું નથી. આત્મામાં સમાઈ જવું છે.પણ કોઈ પૂછે તો જવાબ આપવો પડે છે.



શ્રી દેવશીભાઈ

**પત્રાંક ૩૮૪ – 'અને તેનું ઓળખાણ થયે પણ સ્વેચ્છાએ વર્તવાની જે બુદ્ધિ તે વારંવાર ઉદય પામે છે' એમ સાથી છે?** ઓળખાણ ઓળખાણમાં ફેર છે. સમકિત થયા પછી સ્વચ્છંદ વગેરે દોષ ન થાય. તે પહેલાં પુરુષાર્થની મંદતાથી બીજા પ્રસંગોમાં દોરવાઈ જાય છે. કોઈ પુણ્યયોગે સત્સંગ, ભક્તિ, પ્રેમ, વિશ્વાસ, શ્રદ્ધારૂપી ઓળખાણ થાય પણ તે યથાર્થ ઓળખાણ નથી. સમકિત થયાના સંજોગ મળ્યા હોય છતાં જીવ પાછો ફરી જાય, બીજી રુચિ-ભાવમાં ભળી જાય તેનું કારણ સ્વચ્છંદનો ઉદય છે.

**પત્રાંક ૩૮૮ – જગત જ્યાં સૂએ છે ત્યાં જ્ઞાની જાગે છે** : જગત સૂએ છે એટલે બેભાન છે. કલ્યાણ કરવાના વખતમાં બેદરકાર છે. ત્યાં જ્ઞાની જાગે છે, જગત પ્રત્યે બેદરકાર છે, પણ આત્માને ભૂલતા નથી, જાગતા છે.

**જગત જાગે છે ત્યાં જ્ઞાની સૂએ છે** : જગત સ્વાર્થમાં જાગે છે, જ્ઞાની સ્વાર્થમાં બેપરવા છે. જેમ થવું હોય તેમ થાઓ, પણ આત્માને આંચ આવવા દેતા નથી.

**પત્રાંક ૩૯૧ – 'સત્' એક પ્રદેશ પણ અસમીપ નથી, તથાપિ તે પ્રાપ્ત થવાને વિષે અનંત અંતરાય - લોકપ્રમાણ પ્રત્યેક એવા રહ્યા છે** : એકેકો અંતરાય લોકપ્રમાણ છે અને તેવા અંતરાયને કારણે જીવ મુક્ત થયો નથી. અનંતકાળથી એવા અંતરાય નડે છે. તે માટે સત્સંગ વગેરે સુયોગો પ્રાપ્ત કરી સત્પુરુષાર્થ કરવો.


**પત્રાંક ૪૧૩ – લોકની શબ્દાદિ કામના પ્રત્યે દેખતાં છતાં ઉદાસીન રહી જે માત્ર સ્પષ્ટપણે પોતાને દેખે છે એવા જ્ઞાનીને નમસ્કાર કરીએ છીએ** : લોક આખો ઇચ્છાવાળો છે. તેમાં રહી જ્ઞાનીઓ આત્માને સંભાળે છે. લોકો પુદ્ગલને ઇચ્છે છે, તેના પ્રત્યે ઉદાસીન રહી જ્ઞાની આત્માને ભૂલતા નથી.

**પત્રાંક ૬૦૭**

**''જંગમની જુક્તિ તે સર્વે જાણીએ,**
**સમીપ રહે પણ શરીરનો નહીં સંગ જો;**
**એકાંતે વસવું રે એક જ આસને,**
**ભૂલ પડે તો પડે ભજનમાં ભંગ જો.**
**ઓધવજી, અબળા તે સાધન શું કરે?''**

**ભાવાર્થ** : ઓધવજીને પોતાનો ગર્વ સમજાવવા માટે શ્રીકૃષ્ણે તેમને ગોપીઓ પાસે મોકલ્યા. ત્યાં ગોપીઓ કહે છે –

હે ઓધવજી! અમે તો દેહધારી સાકાર પરમાત્મા (કૃષ્ણ)ની ભક્તિને ભાવની કૃપાએ તેની કળા અને તેને ઓળખીએ - જાણીએ છીએ. તે પરમાત્મા કેવા છે? તો કે શરીરમાં રહેવા છતાં સર્વ પ્રકારે અસંગ નિર્લેપ છે અને તમે તો કહો છો કે એકાંતવાસમાં રહીને એક જ આસન લગાવીને પરમાત્માનું ધ્યાન કરવું તે તેને ઓળખવાનો માર્ગ છે. પણ તે માર્ગમાં ભૂલ પડે તો અમારે તો



ભજનમાં એટલે પ્રભુપ્રેમમાં ભંગ પડ્યા જેવું થાય તે અમારાથી કેમ બને?

**પત્રાંક ૬૦૮ – 'રાંડી રુએ, માંડી રુએ, પણ સાત ભરતારવાળી તો મોઢું જ ન ઉઘાડે'** : રાંડી રુએ એટલે જેને ગુરુ છે નહીં તે સંસારની પ્રવૃત્તિમાં રુએ કહેતાં દુઃખી છે. માંડી રુએ એટલે જેને ગુરુ મળ્યા છે પણ યોગ્યતા નથી, તેથી બેભાનપણામાં રહી કંઈ કરી શકતા નથી એટલે તે પણ દુઃખી છે, લાભ લઈ શકતા નથી. સાત ભરતારવાળી તે તો મોઢું જ ન ઉઘાડે એટલે જેને આરંભ પરિગ્રહરૂપી બહોળો વ્યવસાય છે તેને તો લક્ષ જ નથી, તો તે પરમાર્થવિચાર કરવાનો અવકાશ જ ક્યાંથી લાવે? મોઢું જ ન ઉઘાડે એટલે માથું પણ ઊંચું કરી શકતો નથી; વ્યવસાયમાં જ મચ્યો રહે છે. એ સામાન્ય લોક કહેવત છે. આપણે એનો પરમાર્થ ગ્રહણ કરવો.

**પત્રાંક ૭૭૫ – 'આ જીવ કઈ દિશાથી આવ્યો છે' એટલે શું સમજવું?** : એક દ્રવ્યદિશા અને બીજી ભાવદિશા. દ્રવ્યદિશા તે પૂર્વ પશ્ચિમ ઉત્તર દક્ષિણ તથા વિદિશા. અને ભાવદિશા તે મનુષ્ય, દેવ, તિર્યંચ, નારકી ગતિરૂપી ભાવદિશા છે. તે ક્યાંથી આવ્યો તે જાતિસ્મૃતિ જ્ઞાનથી જણાય. તે આત્માને હિતનું કારણ છે.

**ઉ.છા.** (પૃ.૬૯૧) – **''દૃઢ નિશ્ચય કરવો કે વૃત્તિઓ બહાર જતી ક્ષય કરી અંતર્ વૃત્તિ કરવી. અવશ્ય એ જ જ્ઞાનીની આજ્ઞા છે.'' તે શી રીતે થાય?** '': વૃત્તિક્ષય સમકિત પછી ઉપયોગ રાખવાથી તે થાય છે. પર વસ્તુ પરથી રુચિ ઓસરી જાય, આત્માથી સૌ હીન, તુચ્છ ભાસે, આત્મા સિવાય બીજી પર વસ્તુઓનું માહાત્મ્ય ન લાગે ત્યારે ક્ષય થાય.



શ્રી રાજમંદિર અગાસ આશ્રમમાં ઉપર બતાવેલ પૂ.શ્રી બ્રહ્મચારીજીનું નિવાસસ્થાન

**ઉ.છા.** (પૃ.૭૦૦) — **"આ જીવની અનાદિકાળની જે ભૂલ છે તે ભાંગવી છે. ભાંગવા સારુ જીવની મોટામાં મોટી ભૂલ શું છે તેનો વિચાર કરવો, ને તેનું મૂળ છેદવા ભણી લક્ષ રાખવો." તે ભૂલ શું અને તેનું મૂળ શું?** :

વાસના છે તે મૂળ છે. વાસના જરાક થોડી હોય તેમાંથી વધે. મૂળમાંથી વધવા માંડે. પોષણ મળે એટલે વધે, અને તેથી જ ભૂલ છે તે સમજાતું નથી. સંસારની વાસના છે તેથી વૈરાગ્ય ઉપશમ વધતા નથી.

**મને શાથી બંધન થાય છે?** વાસનાથી બંધન થાય છે.

**ઉ.છા.** (પૃ.૭૧૩) — **"ઘણા જીવો સત્પુરુષનો બોધ સાંભળે છે, પણ તેને વિચારવાનો યોગ બનતો નથી." તે યોગ કયો અને શું?** :

વાંચન પછી મનન યોગ છે. તે મનન કરવાનો અને વિચારવાનો અવકાશ લેતો નથી. વાંચ્યા પછી તે મનનનો યોગ થવો જોઈએ, તો વિચાર સ્ફુરીને વિચારબળ વધે તેથી સત્પુરુષનો બોધ સમજવાનો અવકાશ પ્રાપ્ત થાય. સમજાય તે મનનયોગ છે.

**ઉ.છા.** (પૃ.૭૩૩) — **'જ્ઞાની કહે છે તે કૂંચીરૂપી જ્ઞાન વિચારે, તો અજ્ઞાન-રૂપી તાળું ઉઘડી જાય." કૂંચીરૂપી જ્ઞાન એટલે શું?** : મૂળ જ્ઞાન. દેહથી ભિન્ન આત્માનું જ્ઞાન. દેહદેવળમાં રહેલો આત્મા જાણવો તે.

**(હાથનોંધ-૨)** (પૃ.૮૨૩) — **હે કામ! હે માન! હે સંગઉદય!**

**હે વચનવર્ગણા! હે મોહ! હે મોહદયા! હે શિથિલતા! તમે શા માટે અંતરાય કરો છો? પરમ અનુગ્રહ કરીને હવે અનુકૂળ થાઓ! અનુકૂળ થાઓ.**

આ બધાને અનુકૂળ કેવી રીતે કરવા?

ઉત્તર : **કામ** : જેટલી ઇચ્છા, તૃષ્ણા, કામના, વાસના પાંચ ઇન્દ્રિયોના વિષયો પ્રત્યે છે તે પલટાવી પરમાર્થે સારા કામો કરવા, કરવાની ભાવના રાખવી. **'અચળરૂપ આસક્તિ નહીં.'** સત્પુરુષ પ્રત્યે વૃત્તિઓનું એકાગ્ર થવું તે કામની અનુકૂળતા છે.

**માન** : હું સત્પુરુષનો શિષ્ય છું. તો મારાથી એવા હલકા નિંદવાયોગ્ય કાર્ય ન થવા જોઈએ કે જેથી મારા સદ્‌ગુરુ નિંદાય ને હું હલકો ગણાઉં. મારાથી એવા અકાર્ય ન થવાં જોઈએ. મારું તો સદ્‌વર્તન હોવું જોઈએ.

**સંગઉદય** : બધા વિભાવિક બંધનનો ઉદય મારે ન હો. મારે તો સ્વાભાવિક સત્સંગ અને પરમાર્થનો ઉદય થાઓ.

**વચનવર્ગણા** : સંસાર વધારનાર વિષય કષાય, રાગદ્વેષ વગેરે વિભાવિક વિકથામાં વચનો ન વપરાતાં સત્પુરુષનાં ગુણ-ગ્રામ, તેમની ભક્તિ, ભજન, વાંચન, સ્મરણ વગેરે સત્પુરુષનાં બોધ-વચનો સંભારવામાં બોલવામાં વચનવર્ગણા કામ કરો.

**મોહ** : જેટલો મોહ જીવ સંસાર અને સંસારના કામો પ્રત્યે કરે છે તેટલો પરમાર્થ અને સત્પુરુષ પ્રત્યે જીવને મોહ જ ન આવ્યો. સત્પુરુષ પ્રત્યે પ્રેમ, પ્રીતિ, ભક્તિ, મોહ કરવાથી નિર્મોહી થવાય છે, કારણ તેઓ નિર્મોહી છે.

**મોહદયા** : ઘરનાં સ્વજનો, કુટુંબીઓ વગેરે પ્રત્યે દયા બતાવે છે પણ ત્યાં મોહ હોય છે અને તેને દયા કહે છે; કારણ અંતરંગ સ્વાર્થનો મોહ છે એટલે મોહસહિત દયા છે. પોતાને જે સત્પુરુષ પ્રત્યે શ્રદ્ધા થઈ છે અને પરમાર્થ સમજાયો છે તે કુટુંબીઓ વગેરે સર્વને તેવી શ્રદ્ધા થાઓ, તેમના આત્માનું હિત થાઓ. તે પ્રકારની દયા ચિંતવવી તે મોહદયા અનુકૂળ થઈ કહેવાય.

**શિથિલતા** : સંસારના કાર્યોને પડતા મૂકી, ખોટી ન થતાં તેને રહેવા દઈ ત્યાં શિથિલતા કરી પરમાર્થ - આત્મકલ્યાણનાં કાર્યોમાં પ્રેરાય, પુરુષાર્થ કરે. ત્યાં શિથિલતા ન કરતાં શિથિલતાનો સદુપયોગ કરે. વિષયકષાયોમાં મંદતા થવી તે શિથિલતા અનુકૂળ થઈ કહેવાય.

# 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ પત્રાંક ૭૮૧નું વિવેચન

(પૂજ્યશ્રી બ્રહ્મચારીજીના અપ્રગટ બોધમાંથી)

## પરમપુરુષદશાવર્ણન



**''કીચસૌ કનક જાકૈ, નીચસૌ નરેશપદ,**
**મીચસી મિતાઈ, ગરુવાઈ જાકૈ ગારસી;**
**જહરસી જોગ જાતિ, કહરસી કરામાતિ,**
**હહરસી હૌસ, પુદ્ગલછબિ છારસી;**
**જાલસૌ જગબિલાસ, ભાલસૌ ભુવનવાસ,**
**કાલસૌ કુટુંબકાજ, લોકલાજ લારસી;**
**સીઠસૌ સુજસુ જાનૈ, બીઠ સૌ બખત માને,**
**ઐસી જાકી રીતિ તાહી, બંદત બનારસી.''**

પૂજ્યશ્રી—આ પત્ર સોભાગભાઈ ઉપર લખેલો છે. સોભાગભાઈને સમ્યક્દર્શન થયા પછી લખેલો છે. જીવ સમ્યક્દર્શનથી પાછો ન પડે, નીચેની સ્થિતિમાં ન આવે અને સમ્યક્ત્વની દૃઢતા થાય, તેને માટે આ પત્ર લખ્યો છે.

(૧) **''મહાપુરુષો સોનાને કાદવ જેવું જાણે છે.''** એટલે જેમ કાદવમાં પગ ખરડાય તો કેટલું ખરાબ લાગે? તેમ સોના પ્રત્યે ઘૃણા થવી જોઈએ. એ તો પુદ્ગલ છે, એમાં શું મોહ કરવો.

(૨) **''રાજગાદીને નીચ પદ સરખી જાણે છે.''** રાજા હોય તે પ્રાયઃ નરકે જ જાય છે. એ રાજપદ છે તે નરકે લઈ જનાર છે. માટે એને નીચ પદ સરખું ગણે છે. મુનિઓને, રાજાને ઘેર આહાર લેવાની પણ શાસ્ત્રમાં ના કહી છે.

(૩) **''કોઈથી સ્નેહ કરવો તેને મરણ સમાન જાણે છે.''** ''ક્ષણ ક્ષણ ભયંકર ભાવ મરણે, કાં અહો! રાચી રહો!''એમ પરમકૃપાળુદેવે કહ્યું છે. તેમ કોઈની સાથે સ્નેહ કરવાથી મરણ વધે છે. આત્માને મરણ વધારવાનું કારણ હોવાથી સ્નેહને મરણ સમાન કહ્યો છે.

(૪) **''મોટાઈને લીપવાની ગાર જેવી જાણે છે.''** લીપવાની ગાર હોય તેના ઉપર કોઈ ચાલવાનું કહે તો ચાલે? ન ચાલે. તેમ મોટાઈથી માન આદિ વધવાથી આત્મહિત થતું નથી. માટે જ્ઞાનીપુરુષો જેમ જેમ મોટાઈને પામે તેમ તેમ તેમાં તેમને બહુ લઘુતા હોય છે. જેમ જેમ અધિકાર વધે, તેમ તેમ તેમને તેમાં રુચિ થતી નથી.

(૫) **''કીમિયા વગેરે જોગને ઝેર સમાન ગણે છે.''** કીમિયા એટલે લોઢાને સોનું કરવું આદિ કીમિયા કરવાથી ભવભ્રમણનાં કારણ વધે છે. પુદ્ગલોનો મોહ કરવાથી સંસાર વધે છે.

શુભચંદ્ર અને ભર્તૃહરિ બન્ને ભાઈ રાજ્ય છોડી ચાલી



નીકળ્યા. શુભચંદ્ર મોટો હતો અને ભર્તૃહરિ નાનો હતો. બન્ને રાજપુત્ર હતા. ભર્તૃહરિએ તાપસી દીક્ષા લીધી અને શુભચંદ્રે જૈન દીક્ષા લીધી. ભર્તૃહરિએ તાપસાપણામાં બાર વર્ષ સુધી તપસ્યા કરીને લોઢાનું સોનું થાય, એવો રસ ભેગો કર્યો. પછી તેણે અર્ધી તુંબડી ભરીને ભાઈને માટે મોકલાવી. પણ મુનિએ તો તે તુંબડી ઢોળી નાખી. તે સમાચાર મળતાં ભર્તૃહરિને બહુ દુઃખ લાગ્યું. તેથી અર્ધો રસ જે પોતાની પાસે હતો તે લઈને પોતે જ્યાં શુભચંદ્ર મુનિ ધ્યાનમાં ઊભા હતા, ત્યાં ગયો. અને રસની તુંબડી મુનિના ચરણ પાસે મૂકી નમસ્કાર કરી બેઠો. ધ્યાન પૂર્ણ થતાં મુનિએ તે રસ પણ પગની ઠેસથી ઢોળી નાખ્યો. તેથી ભર્તૃહરિને ઘણો આઘાત લાગ્યો, અને કહ્યું કે મારી બાર વર્ષની મહેનત નિષ્ફળ ગઈ.'' તેના મોહને મટાડવા માટે શુભચંદ્ર મુનિએ કહ્યું કે ''આ સોનુ મેળવવા માટે રાજ્ય છોડ્યું હતું? સોનું તો રાજ્યમાં ઘણુંયે હતું.'' પછી મુનિએ થોડી ધૂળ લઈ એક મોટા પથ્થર ઉપર ફેંકી તો આખો પથ્થર સોનાનો થઈ ગયો. મુનિએ તાપસને કહ્યું કે લે આ સોનું. પછી તેને ઉપદેશ આપ્યો કે ''પુદ્ગલ ઉપર મોહ ન કરવો; પણ આત્માનું હિત કરવું.'' મુનિના બોધથી પ્રતિબોધ પામી ભર્તૃહરિ પણ જૈન મુનિ થયા અને પોતાના આત્માનું હિત કર્યું.

(૬) **''સિદ્ધિ વગેરે ઐશ્વર્યને અશાતા સમાન જાણે છે.''** સિદ્ધિ એટલે અણિમા આદિ આઠ પ્રકારની સિદ્ધિઓ જે પ્રગટ થાય તેને પરમપુરુષો અશાતા સમાન ગણે છે. જેમ આપણને તાવ ચઢ્યો હોય તો તેની કેટલી ફિકર થાય છે? તેમ તે પરમપુરુષોને સિદ્ધિ ઋદ્ધિ પ્રગટવાથી તાવ જેટલી તેની ફિકર રહે છે કે મને સિદ્ધિ ઋદ્ધિઓ પ્રગટી છે તેના મોહમાં પડવાથી રખેને મારું સમકિત જતું રહે, એવો ભય નિરંતર રાખી ઋદ્ધિઓ અને સિદ્ધિઓને ફોરવતા નથી.

(૭) **''જગતમાં પૂજ્યતા થવા આદિની હોંસને અનર્થ સમાન જાણે છે.''** હું લોકમાં પૂજનિક થઈ પૂજાઉં એવી ભાવનાને પરમપુરુષો અનર્થ સમાન ગણે છે.

(૮) **''પુદ્ગલની છબી એવી ઔદારિકાદિ કાયાને રાખ જેવી જાણે છે.''** એટલે ઔદારિક, વૈક્રિય આદિ જે શરીર છે તે પુદ્ગલથી બનેલાં છે. અને તે તો રાખ થઈ જવાનાં છે, એમ જાણી મોટા પુરુષો તે શરીરમાં મોહ કરતા નથી. દેહાદિને રાખની પોટલી જેવા જાણે છે.

(૯) **"જગતના ભોગવિલાસને મૂંઝાવારૂપ જાળ સમાન જાણે છે."** એટલે જગતમાં જે ભોગવિલાસ છે તેથી મૂંઝાય છે કે હું ક્યારે આ બંધનમાંથી છૂટું અને આત્માનું હિત કરું; એવી ભાવના રહે છે. ભોગવિલાસને, કેદીને જેલની જેમ બંધનરૂપ માની તે પુરુષો મૂંઝાય છે અને તેથી છૂટવાના જ વિચાર કરે છે. બીજામાં — પરવસ્તુમાં એમની બુદ્ધિ હોતી નથી.

(૧૦) **"ઘરવાસને ભાલા સમાન જાણે છે."** ઘરમાં રહેવું તે એમને શૂલી પર રહેવા જેવું લાગે છે. તેથી તેમાં મન પરોવતા નથી. પણ આત્મામાં જ મન રાખે છે.

(૧૧) **"કુટુંબના કાર્યને કાળ એટલે મૃત્યુ સમાન જાણે છે."** ઘરના કાર્યો છે તે મૃત્યુને વધારનાર છે.એમ જાણીને તે કાર્યોમાં ઉદાસીન રહે છે, તેમાં રાજી થતા નથી. જેથી આત્માનું કાર્ય બગડે તે કાર્યને મરણરૂપ જાણે છે.

(૧૨) **"લોકમાં લાજ વધારવાની ઇચ્છાને મુખની લાળ સમાન જાણે છે."** એટલે મુખમાંથી લાળ પડે તો ઝટ લૂંછી લઈએ છીએ, લાળ વધારવાની ઇચ્છા કરતા નથી તેમ પરમપુરુષો લોકામાં લાજ વધારવાની ઇચ્છા કરતા નથી.

(૧૩) **"કીર્તિની ઇચ્છાને નાકના મેલ જેવી જાણે છે."** એટલે જેમ નાકમાંથી લીટ પડે તો તેને ઝટ લૂંછી લે છે. તેને વધારવાની ઇચ્છા કરતા નથી. તેમ પરમપુરુષો યશ-કીર્તિને વધારવાની ઇચ્છા કરતા નથી.

(૧૪) **"પુણ્યના ઉદયને વિષ્ટા સમાન જાણે છે."**

## પત્રાંક ૮૧૯નું વિવેચન

(પૂજ્યશ્રી બ્રહ્મચારીજીના અપ્રગટ બોધમાંથી)

**(ૐ ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને....પત્ર વંચાવ્યો)**



પૂજ્યશ્રી—કોઈ મુમુક્ષુએ પોતાનો ખેદ અટકાવવા માટે પત્ર લખવાનું જણાવતાં, પરમકૃપાળુદેવે તેનો જવાબ આ પત્રમાં લખ્યો છે. મુમુક્ષુ જીવ હોય તેને જ વિષય-કષાય આદિ વિશેષ વિકાર કરી જાય ત્યારે ખેદ થાય છે. જેટલું મુમુક્ષુપણું વધારે હોય તેટલો ખેદ વિશેષ થાય છે. ત્યારે જ્ઞાનીપુરુષોએ તે ખેદને અટકાવવા માટે શૂરવીર થવાનું કહ્યું છે. ખેદ કરે તો ઊલટાં કર્મ બંધાય છે. માટે ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને તે વિષય-કષાયોને હઠાવે છે. પાંચ ઇન્દ્રિયના વિષયો, ક્રોધ, માન, માયા, લોભ, રાગ-દ્વેષાદિ વધારે થાય ત્યારે શૂરવીરતાથી મુમુક્ષુ પુરુષો, તે વિષયાદિ પ્રત્યે તિરસ્કારવૃત્તિથી જોઈને, જ્ઞાનીપુરુષોના વચનોનું અવલંબન લઈ તેમના ચરિત્રોનું સ્મરણ કરી, પોતે પોતાને વારંવાર નિંદે છે. જેમ કે હે જીવ! તું જો આમ જ વિષયોમાં ફસીને રહીશ તો નરકનાં અનંત દુઃખ વેઠવા પડશે. તને તો જ્ઞાનીપુરુષનું શરણું મળ્યું છે. છતાં તું આમ જ વર્તીશ તો પાછા અનંત દુઃખ વેઠવા પડશે, અને તું મોક્ષસુખને કેવી રીતે પ્રાપ્ત કરી શકીશ? તારે તો જ્ઞાનીપુરુષ પડખે છે. માટે તેમણે જે આજ્ઞા કરી છે તેને જ તું માન્ય કરી, જેમ બે યોદ્ધા લડાઈમાં લડે છે તેમાં એક હારી જાય છે તો તેને ખેદ થાય છે અને પાછો તે બીજા યોદ્ધાની સાથે લડીને તેને જીતી લે છે, તેમ તું પણ તે દુષ્ટ વિષયો કે જે તને બહુ દુઃખ દેનાર છે, તેને જીતી લે અને મોક્ષના અનંત સુખને પામ. જો તું આમ જ (વિષયકષાયાદિમાં) વર્તીશ તો તને જ્ઞાનીપુરુષ મળ્યા પણ શા કામના? આત્માર્થી જીવો, જ્ઞાની પુરુષોની જે આજ્ઞા છે તેને અખંડ રીતે આરાધી, તે મહાપુરુષોના ચરિત્રોનું સ્મરણ કરી એટલે તે પુરુષોએ કેવી રીતે વિષય-કષાયોને જીત્યા છે, તેનું સ્મરણ કરી અને તેમના વાક્યોનો વિચાર કરી જ્યાં સુધી તે વિષય-કષાયોને ન હઠાવે ત્યાં સુધી નીચે મને બેસતા નથી. આત્માને આ રીતે વારંવાર શૂરવીરતાનો બોધ કરી, તેને શૂરવીર બનાવી તેને વશ કરે છે. એમ જ આત્માર્થી જીવો પોતાના મનને વશ કરી ને અંતે જય પામ્યા છે. જેમ એ વિષય-વિકારોને હઠાવવા માટે પોતે બળ કરે છે, તેમ તે વિષયો પણ બહુ હઠ કરી લે છે. પણ વારંવાર જ્ઞાની પુરુષોના ચરિત્રોનો વિચાર કરી, તેમના વચનોનો વિચાર કરી, તે વિષયોને હઠાવી આખરે આત્મા જ જય પામે છે. કેમ કે કર્મ તો આવીને ચાલ્યા જાય છે. પણ તેમાં શાંતિથી બેસાતું નથી. તેમને બળ કરી નહીં હઠાવે ત્યાં સુધી પુરુષાર્થ કર્યે જ છૂટકો છે. નહીં તો કર્મોનો જય થઈ જાય છે. માટે આત્માનો જય કરવા માટે શૂરવીર થવાની જરૂર છે. અને તો જ મોક્ષ મળશે.

આ વાત મુમુક્ષુજીવોએ મુખે કરી હૃદયમાં સ્થિર કરવા યોગ્ય છે. એટલે ફરી એ વિષય-વિકારો નહીં ઊઠે તેમ આ આત્માને શૂરવીર બનાવવા માટે વારંવાર આ વાતનો વિચાર કરી, તે પ્રસંગમાં પોતાનો આત્મા ન તણાઈ જાય તેમ લક્ષ રાખી શૂરવીર બનવું જોઈએ.

પ્રશ્ન—સત્પુરુષમાં પરમેશ્વરબુદ્ધિ કેમ થાય?


પૂજ્યશ્રી—મોહ, મિથ્યાત્વ આદિ સંસારના ભાવ ઘટે; વૈરાગ્ય વધે ત્યારે સત્પુરુષોનું માહાત્મ્ય સમજાય છે. અને સત્પુરુષમાં પરમેશ્વર બુદ્ધિ આવે છે. માટે સંસારનો મોહ ઓછો કરવો. બધાથી નાના અધમાધમ થઈને રહેવું. સત્પુરુષોનો બહુ વિનય કરવો.

# પૂજ્યશ્રી બ્રહ્મચારીજીનો અપ્રગટ બોધ

(શ્રી ૐકારભાઈના સંગ્રહમાંથી)

## વંદન હો વારંવાર મહાત્માઓને







## જન્મ મરણ શાથી ટળે?

પ્રશ્ન—જન્મ મરણ શાથી ટળે?

પૂજ્યશ્રી—સત્પુરુષની આજ્ઞા આરાધે તો જન્મમરણ ટળે.

પ્રશ્ન—સત્પુરુષની આજ્ઞા શું છે?

પૂજ્યશ્રી—રાગદ્વેષ, મોહ છોડવા તે સત્પુરુષની આજ્ઞા છે.

પ્રશ્ન—રાગદ્વેષાદિ કેમ ટળે?

પૂજ્યશ્રી—સંકલ્પ વિકલ્પ નાશ પામે તો રાગદ્વેષાદિ ટળે. **ઉપયોગ શુદ્ધ કરવા આ જગતનાં સંકલ્પવિકલ્પને ભૂલી જજો.**

## પોતાના દોષ અપક્ષપાતે જોવા

પૂજ્યશ્રી—જીવમાં મુમુક્ષુતા લાવવા માટે પોતાના દોષ અપક્ષપાતે જોતા રહેવું. અને તે દોષોને દૂર કરવા. સર્વથી મોટો દોષ તો એ છે કે જીવને પોતાના દોષ જોવાની વૃત્તિ થતી નથી. માટે પહેલા એ દોષને દૂર કરી, ક્ષણે ક્ષણે દોષોને જોઈને તે દૂર કરવા; અને તેથી જ મુમુક્ષુતા આવે છે. જ્ઞાનીપુરુષની આજ્ઞા શું છે? ને હું શું કરી રહ્યો છું? એ નિરંતર જોતા રહેવું અને જ્ઞાની-પુરુષની આજ્ઞામાં વર્તવું. આખો લોક ત્રિવિધ તાપથી બળી રહ્યો છે એમ પરમકૃપાળુદેવે કહ્યું છે.

## રોજ અઢાર પાપસ્થાનક વિચારવા

પૂજ્યશ્રી—આ મનુષ્યભવમાં આપણે વ્યાપાર કરીએ છીએ. તેમ ધર્મને નામે પણ ક્રિયા કરીએ છીએ. પણ ક્રિયા કરીને ઘેર આવીએ કે તેમાં ચિત્ત રહેતું નથી. બધું અસમજણથી કરીએ છીએ. સમજણપૂર્વક કરાય તો મોક્ષનું કારણ થઈ પડે. સમજણપૂર્વક રોજ અઢાર પાપસ્થાનકનો વિચાર કરે તો એક એક પાપસ્થાનકનો વિચાર કરતી વખતે આખા દિવસનો વિચાર કરવો પડે કે મેં સવારથી અત્યાર સુધીમાં શું શું કર્યું? એમ અઢાર વખત આખા દિવસની ચર્યાનો વિચાર કરવો પડે. આ પણ એક સાચું પ્રતિક્રમણ થાય છે. પણ જીવ વિચાર કરતો નથી, બડબડ બોલી જાય છે. માટે સમજણ અને વિચારપૂર્વક કરવું.

## મનુષ્યભવરૂપી મૂડીનો એક સમય પણ નકામો ન ગુમાવવો

પૂજ્યશ્રી—જ્ઞાની પુરુષોની આજ્ઞા છે કે રાગદ્વેષ ન કરવા. આ મનુષ્યભવરૂપી મૂડીનો એક સમય પણ નકામો ન ગુમાવવો. જેમ વ્યાપારમાં થોડી ખોટ જાય તો કેટલું દુઃખ થાય છે! તેમ આ મનુષ્યભવરૂપી મૂડીનો એક સમય વ્યર્થ જાય તો તેથી પણ વિશેષ દુઃખ થવું જોઈએ. મનુષ્યભવ મળવો બહુ દુર્લભ છે. તેમાં ઉચ્ચ

કુળ, જ્ઞાનીપુરુષની આજ્ઞા મળવી બહુ દુર્લભ છે. તે બધું આપણને મળ્યું છે તો હવે જ્ઞાનીપુરુષની આજ્ઞામાં બિલકુલ ખોટ ન આવવા દેવી. પરમકૃપાળુદેવની સામે ઊભો રહી પ્રતિજ્ઞા કરે કે હે ભગવાન! હવેથી ફલાણું અકાર્ય ન કરું. અને પછી જો આજ્ઞાનું ઉલ્લંઘન કરે તો પાછો ચાર ગતિમાં ભટકે. આજ્ઞા વગર વૈરાગ્ય આવે નહીં, ભક્તિમાં રસ આવે નહીં, આત્માનું કંઈ પણ હિત થાય નહીં. માટે જ્ઞાનીપુરુષોની આજ્ઞાનું ધ્યાન રાખી આરાધન કરવું જોઈએ.

## સારાં પુસ્તકો વાંચવાની ટેવ પાડવી

પૂજ્યશ્રી—સત્શાસ્ત્ર વાંચવાની ટેવ પાડવી. કોઈ વાતો કરતા હોય, પણ આપણે મનમાં **'સહજાત્મસ્વરૂપ પરમગુરુ'**નું રટણ કરવું. જેમ નાનું બાળક હોય તેને ધાવણ છોડાવવા માટે પ્રથમ સાકર અને ઘી ચટાવે છે, ત્યારે તે બાળક તેને પાછું મોઢામાંથી બહાર કાઢી દે છે. પણ રોજ આપવાથી ધીમે ધીમે તે બાળકને તેમાં સ્વાદ આવે છે એટલે આંગળી પણ ભેગી ચાવી નાખે છે. તેમ પહેલાં તો સારાં પુસ્તકો વાંચવાનું ન ગમે, પણ ધીમે ધીમે ટેવ પાડે તો પછી બીજા પુસ્તકો વાંચવાનું મન જ ન થાય, સારા ધર્મના પુસ્તકો જ ગમે. માટે સારાં પુસ્તકો વાંચવાની ટેવ પાડવી.

## પ.પૂ.પ્રભુશ્રીજીનો બોધ અમૂલ્ય ધન

પ્રભુશ્રીજીનો હસ્તલિખિત બોધ બતાવતાં પૂજ્યશ્રી કહે —

આ અહીં અમૂલ્ય ધન એકઠું કર્યું છે. ત્યાં જઈને પણ તે વિચારવું. એક વખત વાંચી ગયા પછી, મેં તો વાંચી લીધું છે, એમ ન કરવું. ફરી ફરી વાંચીએ તેમ નવા નવા ભાવો સ્ફુરાયમાન થશે. ફરી ફરી વાંચવા, વિચારવા આજ્ઞા કરી છે. વખત મળે ત્યારે આ કામ કરવું. શીખ્યા છીએ તે પાછા ફેરવતા રહેવું. મંદિરમાં કોઈ નહીં હોય તો આપણે ભગવાન સામે બોલી જવું. પત્રો ભૂલવા નહીં.


## કરોડ રૂપિયા આપે તોપણ મનુષ્યભવનું આયુષ્ય વધે નહીં

પૂજ્યશ્રી—કરોડ રૂપિયા આપે તોય મનુષ્યભવનું આયુષ્ય વધે નહીં, એક સમય પણ. તો પછી આખા મનુષ્યભવની કેટલી કિંમત થાય? વિચાર કરે તો મફતમાં ન ગુમાવે. કોણ જાણે હવે કેટલું જીવવાનું છે! ચેતી જવું.

મનુષ્યપણું મળવું ઘણું દુર્લભ છે. મનુષ્યનું આયુષ્ય સો વર્ષનું હોય, તેમાંથી ચાળીસ વર્ષ ઊંઘમાં જાય, ૨૦ વર્ષ બાળવયમાં જાય, ૨૦ વર્ષ વૃદ્ધાવસ્થામાં નકામાં જાય,અને બાકી ૨૦ વર્ષ યુવાવયના રહ્યાં, તેમાં મોહની ધાડ પડે છે. ધન કમાવવામાં, વિષયો ભોગવવામાં, નાના પ્રકારની ઇચ્છામાં વહ્યાં જાય છે. ધર્મ, ભક્તિ યુવાવયમાં કરવી જોઈએ. સુખદુઃખ પૂર્વોપાર્જિત પ્રમાણે આવે છે. દુઃખ વિના પ્રયોજને આવે છે, તેમ સુખ પણ વિના પ્રયોજને આવે છે. આટલી જીવને શ્રદ્ધા-વિશ્વાસ આવી જાય તો શાંતિ રહે. પણ જીવ ફોગટ માથાં મારે છે, ત્યાં દુઃખી થાય છે.

## આત્માનો કદી નાશ નથી

શુભ અને અશુભ બેય કર્મ છે. બેયમાં સુખ નથી. સુખ જુદી વસ્તુ છે. આત્માનું ભાન જીવને લક્ષમાં નથી. આત્મા પરમાનંદરૂપ છે. જે થાય તે જોયા કરવું. આત્માનો કદી નાશ થાય નહીં. અનંતકાળથી મર્યો નથી તો હવે શું મરવાનો છે? આત્મા તો દેહથી જુદો-ભિન્ન છે. સંયોગોને મારા માન્યા છે, એ તો નાશવંત છે. આત્મા પરમાનંદરૂપ છે. દેહને પોષ પોષ કરે છે. એ તો નાખી દેવાનો છે. અત્યારે વેઠિયા જેવી દશા છે. શરીરની વેઠ કરે છે. ખબર નથી એટલે શું કરે? જ્ઞાનીએ દયા કરી છે.



## ચામડીમાં મોહ કરશે તો પાછી ચામડી મળશે

પૂજ્યશ્રી—આ દેહ ઉપર જીવ મોહ કરે છે, તેને મારો માને છે, તેની સારસંભાળ રાખે છે. પણ તેમાં છે શું? હાડ, માંસ, લોહી, મળ, મૂત્રાદિ ભરેલ છે. એવા ગંધાતા આ દેહ ઉપર જીવ મોહ કરી આત્માનું હિત કરતો નથી. આ ચામડિયા ધંધામાં જ પોતાનો અમૂલ્ય મનુષ્યભવ વ્યર્થ ગુમાવી બેસે છે. આ ચામડીમાં મોહ કરશે તો ચામડી મળશે; અને જન્મમરણનાં દુઃખ ભોગવશે. માટે આ ચામડિયા ગંધાતા દેહ ઉપરનો મોહ છોડીને એક આત્મા ઉપર પ્રેમ કરવો. જેણે આત્મા જાણ્યો છે એવા પુરુષની આજ્ઞા પ્રમાણે વર્તે અને તેના ઉપર શ્રદ્ધા કરે તો આ જીવ પણ આત્માને જાણી શકે છે. પોતે પોતાને ભૂલ્યો છે માટે આ મનુષ્યપણાને પશુપણામાં નહીં ગુમાવતાં યથાર્થપણે મનુષ્યદેહ સફળ કરવો. પશુ પણ પંચેન્દ્રિયના વિષયમાં રક્ત રહે છે. અને આપણે પણ તેમ જ વર્તીએ તો પશુ જ છીએ. મનુષ્યપણું સમજે તે જ મનુષ્ય છે. જ્ઞાનીએ મનુષ્યપણામાં શું કર્યું? તેવા આલંબનો પ્રત્યે જીવને પ્રવર્તાવવો. જ્ઞાની પુરુષની જે **'સહજાત્મસ્વરૂપ પરમગુરુ'** મંત્રની આજ્ઞા મળી છે, તેનું નિરંતર સ્મરણ કરવું.


## પરમકૃપાળુદેવનું સ્વરૂપ સહજાત્મસ્વરૂપ તેવું જ મારું સ્વરૂપ

પ્રશ્ન—'**સહજાત્મસ્વરૂપ**'ની માળા ફેરવતી વખતે સંકલ્પ-વિકલ્પ થાય છે તેનું શું કરવું?

પૂજ્યશ્રી—માળા ફેરવવા બેસીએ ત્યારે '**સહજાત્મસ્વરૂપ પરમગુરુ**'માં મન રાખવું. બીજે જવા દેવું નહીં. તે વખતે પરમકૃપાળુદેવની દશાનું સ્મરણ કરવું. એટલે હું જાણતો નથી, કૃપાળુદેવે કેવળજ્ઞાન સ્વરૂપ આત્મા દીઠો છે તેવો મારો આત્મા છે. તે કેવળજ્ઞાન સ્વરૂપ થઈ શકે છે. એવો ઉત્સાહ રાખવો.

## નિગોદનું ભયંકર દુઃખ

પૂજ્યશ્રી—સૂક્ષ્મ નિગોદનું દુઃખ બતાવ્યું છે. નિગોદમાં જીવ એક શ્વાસોશ્વાસમાં સાડા સત્તર ભવ કરે છે. એક સોયની અણી જેટલી જગ્યામાં અસંખ્યાત ગોળા છે. એક એક ગોળામાં અસંખ્યાત નિગોદ છે.




નિગોદ એટલે અનંત જીવોના પિંડનું એક શરીર. એક એક નિગોદમાં અનંત અનંત જીવ છે. જેટલા સિદ્ધ થયા તેના કરતાં અનંત ગુણા જીવ એક નિગોદમાં છે.

સાતમી નરકનું ૩૩ સાગરોપમનું ઉત્કૃષ્ટ આયુષ્ય, તેના જેટલા સમય થાય તેટલી વાર કોઈ જીવ સાતમી નરકમાં ૩૩-૩૩ સાગરોપમનું આયુષ્ય લઈને જન્મે. તે બધા નરકના અસંખ્યાત ભવ થાય. તે અસંખ્યાત ભવોમાં તે જીવને જેટલું છેદન ભેદનનું દુઃખ થાય તેથી પણ અનંતગણું દુઃખ સૂક્ષ્મ નિગોદનો જીવ એક સમયમાં ભોગવે છે.

**દૃષ્ટાંત** - મનુષ્યની સાડા ત્રણ કરોડ રોમ રાજીને કોઈ દેવ સાડાત્રણ કરોડ લોખંડની સોય અગ્નિમાં તપાવીને સમકાળે રોમે રોમે ચાંપે ત્યારે તે જીવને જે વેદના થાય તેથીયે અનંતગુણી વેદના નિગોદના જીવને એક સમયમાં થાય છે.

આ જીવે અનંત કાળ સુધી નિગોદમાં રહીને આ દુઃખ ભોગવ્યું છે. અને હવે આત્મસ્વરૂપને ન ઓળખ્યું તો પાછું તે દુઃખ ભોગવશે. માટે આ મનુષ્યદેહ કોઈ મહત્ પુણ્યયોગે મળ્યો છે. તેનો એક સમય પણ વ્યર્થ જવા દેવા યોગ્ય નથી. એક સમય રત્નચિંતામણી જેવો છે. માટે જેમ બને તેમ આત્મહિત કરી લેવું, જેથી પાછું નિગોદમાં ન જવું પડે. જ્ઞાનીપુરુષ કૃપાળુદેવે જે કહ્યું છે, તે પ્રકારે વર્તવાથી આ નિગોદ ટળશે.

## સંસાર ખારા પાણી જેવો છે, મોક્ષ મીઠા પાણી જેવો છે

પૂજ્યશ્રી—જ્ઞાની પુરુષોએ આ જગતમાં એકાંત દુઃખ કહ્યું છે. જેમ કોઈ ગામમાં બધે ખારું પાણી હોય, ક્યાંય પણ મીઠું પાણી મળે નહીં, તો ત્યાંના માણસોને તે પાણીની ટેવ પડ્યા પછી ખારું લાગતું નથી. પણ ત્યાં કોઈ બીજા ગામનો માણસ આવે ને તે ત્યાંનું પાણી પીએ ત્યારે વિચારે કે આ ગામના બધા માણસો ખારું પાણી કેમ પીએ છે? તેમ આ સંસારમાં જીવ ખારા પાણીની માફક દુઃખને સુખ માની બેઠા છે. પણ કોઈ મીઠું પાણી પીનારની જેમ જ્ઞાનીપુરુષને, આ જીવોને જોઈ બહુ દુઃખ લાગે છે અને દયા આવે છે. પરમકૃપાળુદેવે કહ્યું છે કે આ જગતમાં બધે દુઃખ છે. આખો લોક ત્રિવિધ તાપથી બળી રહ્યો છે. તેવી આપણે શ્રદ્ધા રાખવી. હું કંઈ જાણતો નથી, પણ પરમકૃપાળુદેવે સુખ અનુભવ્યું છે તે સાચું છે. બાકી આ સંસારમાં ક્યાંય સુખ નથી એવી શ્રદ્ધા રાખવી. ધર્મ વસ્તુ ઘણી મહાન છે. હું કંઈ જ જાણતો નથી. પરમકૃપાળુએ જે આત્મા અનુભવ્યો છે તે મારે માન્ય છે. હું દેહાદિથી ભિન્ન છું, એવી શ્રદ્ધા રાખવી.

## જ્ઞાનીની આજ્ઞામાં રહેનારનો કોઈ વાળ વાંકો ન કરે

પૂજ્યશ્રી—આત્મા આનંદસ્વરૂપ છે, સુખસ્વરૂપ છે, દેહથી તદ્દન જુદો છે. હવે નજીવી વસ્તુમાં જીવ શું મોહ પામે છે! શરીરમાં હાડ, માંસ, રૂધિર ભરેલું છે.તે ત્યાગવા યોગ્ય છે. હવે આટલા વર્ષ તો ગયા, આત્માનું કંઈ કામ થયું નથી; તો પછી મરણ આવશે ત્યારે શી વલે થશે? જીવે કરવા યોગ્ય હતું તે કર્યું નથી. પારકી પંચાતમાં પડે છે ત્યાં પોતાનું ખોઈ બેસે છે. હવે સત્પુરુષનું કહેલું કરવું છે. એણે શું કહ્યું છે તે કરવું છે. આજ્ઞા માની વર્તવું તે સમિતિ કહેવાય છે. આજ્ઞા ઉપર એક દ્રષ્ટાંત છે.

## સિપાઈનું દૃષ્ટાંત

એક શહેરમાં રાજાની પાસે એક સિપાઈ રહેલો. તે ગામના માણસોને રાજાના હુકમથી બોલાવવા જાય ત્યારે લોકોને વાંકું બોલે; તે લોકોને ગમે નહીં. તેથી તે બધા તેને માર મારવાની શોધ કરતા હતા. એક વખતે લોકો વધારે ભેગા થયા ત્યારે સિપાઈ બોલાવવા આવ્યો અને પહેલાની જેમ વાંકુ બોલવા લાગ્યો. ત્યારે લોકોએ કહ્યું કે તમે રાજાના પટ્ટાને લઈને વાંકુ બોલો છો, તેથી તમને અમે કંઈ કરી શકતા નથી, નહીં તો માર મારત. તે સાંભળી પેલા સિપાઈએ રાજાનો પટ્ટો ફેંકી દીધો. ત્યારે લોકોએ તેને માર્યો. તે ફરિયાદ રાજા પાસે ગઈ. રાજાએ લોકોને કહ્યું કે તમે એને શા માટે માર્યો?

લોકોએ કહ્યું : તમારા પટ્ટાને લઈને વાંકુ બોલતો હતો છતાં અમે કંઈ કરતા નહોતા. પણ જ્યારે એણે તમારો પટ્ટો કાઢી ફેંકી દીધો ત્યારે અમે માર્યો. રાજાએ કહ્યું-એમ જ કરવું હતું.

રાજાનો પટ્ટો હતો ત્યાં સુધી લોકો તેને પજવી ન શક્યા. જ્યારે પટ્ટો નાખી દીધો ત્યારે પજવ્યો. તેમ જ્ઞાનીની આજ્ઞામાં રહેનારનો કોઈ વાળ વાંકો ન કરે. આજ્ઞા મૂકે ત્યારે કર્મો પજવે.

## શ્રીમદ્ રાજચંદ્રના અનુયાયી કે વિષયોના અનુયાયી



પૂજ્યશ્રી કહે : પરમકૃપાળુદેવનું નામ વગોવાય તેવુ વર્તન રાખવું નહીં. પોતે જ્ઞાની પરમકૃપાળુની આજ્ઞાએ વર્તવું અને તે જોઈને બીજા પણ વર્તે તેવું કામ કરવું. પોતે કહે કે અમે શ્રીમદ્ રાજચંદ્રના અનુયાયી છીએ, પણ પંચેન્દ્રિયના વિષયોમાં લીન રહે તો પછી તેમને પંચેન્દ્રિય વિષયોના અનુયાયી કહેવા કે શ્રીમદ્ રાજચંદ્રના અનુયાયી? કોના અનુયાયી કહેવા? માટે તેમની આજ્ઞા પ્રમાણે વર્તીને ખરા અનુયાયી થવું. મોહ ઓછો કરવો, એ ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

## બ્રહ્મચર્ય

પૂજ્યશ્રી—આ સંસારમાં જન્મમરણાદિ દુ:ખ રહ્યાં છે. તેને ટાળવા માટે કંઈ ને કંઈ વ્રત લેવું જોઈએ. બ્રહ્મચર્ય શા માટે પાળવું? આત્માને અર્થે. પાંચ ઇન્દ્રિયોના વિષયો ભોગવ્યાથી, અનંતકાળથી જીવે જન્મ મરણ કર્યાં છે. માટે જે દિવસે બ્રહ્મચર્ય પાળવાનું છે, તે દિવસે સાધુની જેમ રહેવું. એક પરમકૃપાળુદેવ સિવાય કોઈ બીજાની ઇચ્છા કરવી નહીં. આ વ્રત શરીરથી પળાય છે, પણ મન તેમાં લેશમાત્ર ન જવું જોઈએ. તે દિવસે ભક્તિ, વાંચન કરીને સારા ભાવ રાખવા. અનંતકાળથી આ વિષયોમાં જ રહ્યાથી, અનંતકાળથી દુ:ખ ભોગવવું પડ્યું છે. અને હવે પણ જો તેમાંથી વિરક્ત ન થઈને તેમાં જ મન રાખીશું તો પાછું અનંત દુ:ખ ભોગવવું પડશે. માટે બ્રહ્મચર્યવ્રત હોય તે દિવસે પોતાનું મન પણ તેમાં ન જવું જોઈએ. એ લક્ષમાં રાખવા જેવું છે. પરમકૃપાળુદેવે ''નીરખીને નવયૌવના...''માં કહ્યું છે : **''પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન.''** માટે એ બ્રહ્મચર્યવ્રત, આત્માનું હિત કરવું હોય તેણે પાળવું જોઈએ.

## મનથી વ્રતનું પાલન કરવું


જો આ વ્રત હોય તો સંસારથી છૂટવું સહેલું છે. કેમકે સારું સારું ખાય તે પણ એક ભોગને અર્થે, સારાં કપડાં પહેરે તે પણ એક ભોગને અર્થે, બીજું બધું પણ ભોગને અર્થે જીવ કરે છે. અને જો ભોગથી વિરક્ત થયા હોઈએ તો સંસારમાં કંઈ ખાવાની, પીવાની, ઓઢવાની બધી ઇચ્છાઓ નષ્ટ થઈ જાય છે. એ વ્રત હોય, પછી ભલેને જીવ સંસારમાં રહેતો હોય, તો પણ તે સાધુ જેવો જ છે. માટે મનથી એ વ્રત પાળવું જોઈએ. જેમ ચોવિહાર કરે તો મહિનામાં પંદર ઉપવાસનું ફળ મળે છે. તેમ આમાં પણ છે. જો દિવસમાં પણ બ્રહ્મચર્ય પાળવાનો નિયમ હોય તો મહિનામાં પંદર દિવસ બ્રહ્મચર્યનું ફળ મળે છે. નિયમ જેટલો પળાય તેટલો લેવો; પણ પાળવો બરાબર જોઈએ. એક પોતાના આત્માનું હિત થાય, એટલા માટે એક આત્માર્થનો જ લક્ષ રાખવો.

## બ્રહ્મચર્યવ્રતથી વાંચન વિચારમાં સ્થિરતા

એ વ્રત, વાંચન-વિચાર આદિમાં મન બરાબર રહે, તે માટે લેવાનું છે. માટે તે દિવસે સારા ભાવ રાખવા. અને આ સંસારમાં જન્મ, જરા, મરણાદિ નાશ થાય તે જ આ ભવમાં કરવું. બીજું કરવાથી તો બહુ દુ:ખ પામ્યો. માટે જેમ બને તેમ આ સંસારમાંથી છુટાય તે જ કામ કરવું. બીજું બધું નાશવંત છે. એક ધર્મ સાથે આવશે. એ માટે **'મોક્ષમાળા'**માં જે બ્રહ્મચર્યની નવ વાડો છે, તે પણ મોઢે કરી લેવી. અને **'પ્રવેશિકા'**માં પણ બ્રહ્મચર્ય વિષેના શિક્ષાપાઠ છે, તે વિચારવાં. આ વ્રત મોહ-રાગ ઓછો કરવા માટે છે. એ લક્ષમાં રાખી તે વ્રતના દિવસે ભક્તિ વાંચનમાં ચિત્ત રાખી, વિષયો પ્રત્યે ચિત્ત ન જાય, એ લક્ષમાં રાખવું.

## ફરી આવો યોગ મળવો દુર્લભ

કંઈ પણ વાંચવાનું, વિચારવાનું, યાદ કરવાનું રાખવું. વખત નકામો ન ગુમાવવો. વાંચન, મનન અને નિદિધ્યાસન (ભાવના ભાવવી) કરવાનું રાખવું. આ મનુષ્યભવ નકામો ન જાય. ફરી આવો યોગ મળવો દુર્લભ છે. મનુષ્યભવ, તેમાં ઉચ્ચ કુળ, સદ્ગુરુનો યોગ અને બોધ સાંભળવાનું પણ મન થાય એવો યોગ ફરી ન મળે. માટે આત્માર્થે આ મનુષ્યભવ સફળ કરી લેવા યોગ્ય છે.



મુમુક્ષુઓનું પૂ.શ્રી બ્રહ્મચારીજી સાથે અગાસ સ્ટેશનથી યાત્રા પ્રયાણ





પૂ.શ્રી બ્રહ્મચારીજીને વિદાય આપતા મુમુક્ષુઓ



# પૂજ્યશ્રી બ્રહ્મચારીજીની તીર્થયાત્રાના સંસ્મરણો*

**''સદ્‌ગુરુ ચરણ જહાં ધરે, જંગમ તીરથ તેહ;**
**તે રજ મમ મસ્તક ચઢો, બાળક માંગે એહ.''**

સં. ૧૯૮૧ થી પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજીએ જે જે તીર્થસ્થળોની ક્ષેત્રસ્પર્શના કરી ત્યાં ત્યાં પૂ.શ્રી બ્રહ્મચારીજી સાથે હતા. પણ સં.૧૯૯૨ના વૈશાખ સુદ ૮ના દિવસે તેઓશ્રીનો દેહોત્સર્ગ થયા પછી પૂ. શ્રી બ્રહ્મચારીજીએ કયા વર્ષમાં ક્યાં ક્યાં યાત્રાર્થે ગમન કર્યું તેનું ક્રમશઃ વિવરણ નીચે પ્રમાણે છે. પૂજ્યશ્રી બ્રહ્મચારીજી બે ત્રણ વર્ષે યાત્રાએ પધારતા. તે વખતે સો-બસોનો કે ક્યારેક ચારસો પાંચસોનોય સંઘ સાથે થઈ જતો હતો.


પ.પૂ.પ્રભુશ્રીજી


શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ


પૂ.શ્રી બ્રહ્મચારીજી

## કાવિઠા

સં.૧૯૯૩ના કાર્તિક વદ ૨ના રોજ પૂ.શ્રી બ્રહ્મચારીજીએ કાવિઠાના મુમુક્ષુભાઈઓની ઘણી આગ્રહભરી વિનંતીથી ૭૦-૮૦ મુમુક્ષુભાઈઓ સાથે ત્યાં પધારી ત્રણ દિવસની સ્થિરતા કરી હતી. તેમના સાનિધ્યમાં 'શ્રીમદ્ રાજચંદ્ર મંદિર'નું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

મહુડી, આંબે, વડ અને ધોરી ભગતની દેરીએ, જ્યાં જ્યાં પરમકૃપાળુદેવે બોધધારા વર્ષાવેલી, તે સર્વ જગ્યાએ દર્શન ભક્તિનો લાભ લીધો હતો. તે સમયે પરમકૃપાળુદેવના પગલા માટે રૂપિયા ત્રણ હજારની ટીપ થઈ હતી.

કાવિઠાના મુમુક્ષુભાઈઓનો ઉત્સાહ ઘણો હતો. તેઓએ પૂ.શ્રીને જણાવ્યું કે અમારે માટે હવે આપ જ એક માર્ગદર્શક છો.

## ઈડરની યાત્રા

સં.૧૯૯૩ના મહા સુદ ૧ને શુભ દિવસે પૂજ્યશ્રી સિદ્ધપુર પધાર્યા. ત્યાં છ દિવસ રોકાઈ સાતમને દિવસે પગપાળા વિહાર કરી ખેરાળુ, જ્યાં પ.પૂ.પ્રભુશ્રીજીએ ચોમાસું કરેલું ત્યાં ગયા. ત્યાંથી રાત્રે દસ વાગે પગપાળા વિહાર કરી તારંગાજી પહોંચ્યા. ત્રણ દિવસ ત્યાં રોકાઈ ઈડર પધાર્યા.

ઈડર આવ્યા પછી આશ્રમમાં સમાચાર મોકલ્યા. જેથી સોએક મુમુક્ષુભાઈબહેનો ત્યાં આવી પહોંચ્યા. શ્રી પુનશીભાઈ તથા અમદાવાદથી શેઠ શ્રી જેસીંગભાઈ પણ ત્યાં આવ્યા હતા. તે સમયે ઘંટિયા પહાડ ઉપર રહેવાની સગવડ નહોતી. પૂ.શ્રી બ્રહ્મચારીજી સૌથી આગળ અને પાછળ સર્વ સંઘ સ્મરણમંત્રની ધૂન બોલતા ઘંટિયા પહાડ ઉપર આવી પહોંચ્યો. ત્યાં શ્રી સિદ્ધશિલા સમક્ષ નમસ્કાર કરી બધા બેઠા અને ભક્તિ ભજન કર્યાં.


શ્રી સિદ્ધશિલા

## સ્વમુખે 'બૃહદ્‌દ્રવ્યસંગ્રહ' - સંભળાવ્યો

પછી પૂ.શ્રી બ્રહ્મચારીજીએ સ્વમુખે **'બૃહદ્ દ્રવ્ય સંગ્રહ'** સંભળાવ્યો અને તેનું વિવેચન પણ કર્યું. સર્વ મુમુક્ષુઓએ મૌનપણે એકાગ્રચિત્તે તેનું શ્રવણ કરી અત્યંત આનંદ અનુભવ્યો.

નીચે પુઢવી શિલા, કણિયા મહાદેવનું મંદિર, બીજા પહાડ ઉપર શ્રી શાંતિનાથ ભગવાનનું દેરાસર, દિગંબર મંદિર, રણમલની ચોકી, રૂઠી રાણીનું માળિયું, ભૂરાબાવાની ગુફા વગેરે સ્થળોએ જ્યાં જ્યાં પરમકૃપાળુદેવ વિચરેલા તે તે જગ્યાએ દર્શન ભક્તિ કરી ઉલ્લાસિત થયા.

* મુખ્યત્વે શ્રી વસ્તીમલજીની નોટના આધારે મળેલી યાત્રાની વિગત.

ગામ બહાર ત્રણ છત્રીઓ છે. તેમાંની એક છત્રી પરમકૃપાળુદેવના પૂર્વભવની કહેવાય છે. તેની નજીક સ્મશાન અને એક કુંડ તેમજ ગુફા પણ છે, જે ગુફામાં પરમકૃપાળુદેવ એક મહિનો રહેલા. ત્યાં **'અપૂર્વ અવસર'** આદિની બહુ ઉલ્લાસપૂર્વક ભક્તિ કરી બધા ઉતારે પાછા વળ્યા.

ચોથે દિવસે ફરી ઘંટિયા પહાડ ઉપર દર્શન કરવા ગયા. પહાડ ઉપર તે સમયે કંઈ બાંધકામ થયેલું નહોતું. માત્ર જંગલ જ હતું. બાંધકામ સં.૧૯૯૬માં ત્યાં થયું અને પાદુકાજીની પ્રતિષ્ઠા પણ તે જ સાલમાં થઈ હતી.

## નરોડા



વર્તમાનમાં બનેલ શ્રીમદ્ રાજચંદ્ર મંદિર, નરોડા

ઈડરથી પૂજ્યશ્રી સંઘ સાથે નરોડા પધાર્યા. જ્યાં પરમ કૃપાળુદેવ ઊતર્યા હતા, તે જ ધર્મશાળામાં વિશાળ મંડપ બાંધી ચિત્રપટની સ્થાપના કરી ઘણા ઉલ્લાસપૂર્વક ભક્તિ કરવામાં આવી.

ત્યાંથી પગપાળા વિહાર કરી પૂજ્યશ્રી સકળ સંઘ સાથે અમદાવાદમાં પંચભાઈની પોળ તેમજ શેઠ શ્રી જેસીંગભાઈએ બંધાવેલ લાલ બંગલામાં ચિત્રપટોની સ્થાપના છે ત્યાં ગયા, અને બીજા પણ મંદિરોના દર્શન કરી પાછા નરોડા પધાર્યા.

બીજે દિવસે સવારમાં ગામ બહાર જે જગ્યાએ પરમ કૃપાળુદેવ બિરાજેલા ત્યાં ઓટલો બાંધેલ છે; ત્યાં ભક્તિના પદો સર્વેએ ઘણા ઉલ્લાસપૂર્વક ગાયાં. મુનિશ્રી ચતુરલાલજી, શેઠ શ્રી જેસીંગભાઈ, શ્રી છોટાકાકા, શેઠાણી ચંપાબહેન વગેરે સાથે હતા. સ્ટેશન પાસે એક બંગલો છે તેમજ તળાવ પાસે એક ટેકરી છે, જ્યાં પરમકૃપાળુદેવ વિચરેલા ત્યાં પણ દર્શનાર્થે ગયા હતા.

## આહોર પ્રતિષ્ઠા

પ્રતિષ્ઠા નિમિત્તે પૂ.શ્રી બ્રહ્મચારીજી તેમજ સકળ મુમુક્ષુ સંઘને આમંત્રણ આપવા માટે શ્રી ફૂલચંદભાઈ આહોરથી અગાસ આશ્રમમાં આવ્યા. તે સમયે પૂજ્યશ્રીએ, શ્રી ચુનીભાઈ કારભારી આદિ ટ્રસ્ટીઓને તેમજ મુરબ્બી મુમુક્ષુઓને ઉપર બોલાવી કહ્યું કે આહોરના ભાઈઓએ અહીંની પ્રતિષ્ઠામાં ઘણી મદદ આપેલ છે. આપણે પણ પ્રતિષ્ઠા પ્રસંગે હાજરી આપવી જોઈએ.



શ્રીમદ્ રાજચંદ્રનું
પહેલા બનેલ મંદિર, આહોર

પછી સં.૧૯૯૩ ના જેઠ સુદ ૪ના શુભ દિવસે પૂ.શ્રી બ્રહ્મચારીજી ૨૦૦ મુમુક્ષુભાઈબહેનો સાથે આશ્રમથી વિદાય થઈ આહોર રાજમંદિરની પ્રતિષ્ઠા નિમિત્તે પધાર્યા. સાથે મુખ્ય સ્થાપના કરવા અર્થે પરમકૃપાળુદેવનો ચિત્રપટ પણ લાવ્યા હતા. ધામધૂમથી વાજતે ગાજતે બજારમાં થઈ **'સહજાત્મસ્વરૂપ ટાળો ભવકૂપ'** નું પદ બોલતા રાજમંદિરમાં તેની પધરામણી કરી. શેઠ શ્રી જેસીંગભાઈ, શ્રી પુનશીભાઈ શેઠ, શ્રી હીરાલાલ ઝવેરી, શ્રી નાહટા સાહેબ, શ્રી મણિભાઈ કલ્યાણજી, શ્રી ચુનીભાઈ, શ્રી સોભાગભાઈ, શ્રી વનેચંદ શેઠ, શ્રી છોટાકાકા, શ્રી શારદા બહેન આદિ ઘણા મુમુક્ષુભાઈબહેનો આહોરના પ્રતિષ્ઠા મહોત્સવ ઉપર હાજર રહ્યા હતા.

જેઠ સુદ ૧૩ના શુભ દિવસે ચિત્રપટોની સ્થાપના પૂ.શ્રી બ્રહ્મચારીજીના કરકમળે, વિધિ સહિત જયધ્વનિ સાથે અત્યંત ધામધૂમથી ઉત્તમ મુહૂર્તમાં કરવામાં આવી હતી.

## રાણકપુરજી



શ્રી જીનમંદિર, રાણકપુર

આહોરથી જાલોર ગઢ ઉપર અને રાણકપુરજીની પંચતીર્થીની યાત્રા કરી સકળ સંઘ આશ્રમ પાછો ફર્યો અને પૂજ્યશ્રી ૧૫-૨૦ મુમુક્ષુઓ સાથે આબુ પધાર્યા.

## આબુ માઉંટની યાત્રા



શ્રી દેલવાડાના મંદિરોનું દૃશ્ય

આબુ માઉન્ટ ઉપર સવારમાં દેલવાડા મંદિરોના દર્શન કર્યા. પછી શ્રી શાંતિવિજયજી મહારાજ મળ્યા. પૂ.શ્રી બ્રહ્મચારીજીને જોઈ તેમને ઘણો જ આનંદ થયો. પોતાની પાટ ઉપર પાસે બેસાડી પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીના દેહત્યાગ સંબંધી વૃત્તાંત પૂછવા લાગ્યા. પૂજ્યશ્રીએ બધી હકીકત તેમને કહી સંભળાવી.

## અચળગઢ



શ્રી અચલગઢના મંદિરોનું દૃશ્ય

અચળગઢમાં પ.પૂ.પ્રભુશ્રીજી સં.૧૯૯૧ની સાલમાં જે હૉલમાં આઠ નવ દિવસ રહ્યા હતા તે જ હૉલમાં પૂજ્યશ્રી આદિ ઊતર્યા. સત્પુરુષો જ્યાં પગ મૂકે તે ભૂમિ તીર્થરૂપ છે.

આબુમાં જ્યાં જ્યાં પ.પૂ.પ્રભુશ્રીજી વિચરેલા તે શ્રબરી બંગલો, વસિષ્ઠાશ્રમ, દેડકી શિલા વગેરે સ્થળોએ પૂજ્યશ્રી દર્શન કરવા પધાર્યા હતા.


## નાર



શ્રીમદ્ રાજચંદ્ર મંદિર, નાર

સં.૧૯૯૪ના માગશર વદ ૮ના દિવસે પૂજ્યશ્રી મોટા સંઘ સાથે નાર અને વટામણ પધાર્યા. વટામણમાં પ.પૂ. પ્રભુશ્રીજીના જન્મસ્થળના દર્શન કરી મુમુક્ષુઓને ઘણો આનંદ અને ઉલ્લાસ થયો અને તે વખતે વટામણમાં મંદિર બાંધવા માટે રૂપિયા ૧૫૦૦ ની ટીપ થઈ.

## વટામણ



શ્રીમદ્ રાજચંદ્ર મંદિર, વટામણ

## ભાદરણ પ્રતિષ્ઠા




શ્રીમદ્ રાજચંદ્ર મંદિર, ભાદરણ

સં.૧૯૯૪ના મહા સુદ ૫ (વસંતપંચમી)ના શુભ દિવસે પ્રતિષ્ઠા નિમિત્તે પૂજ્યશ્રી ઘણા મુમુક્ષુભાઈબહેનો સાથે ભાદરણ પધાર્યા, અને શુભ મુહૂર્તમાં તેઓશ્રીની આજ્ઞાથી વિધિ સહિત ચિત્રપટોની સ્થાપના કરવામાં આવી.

સં.૧૯૯૪ના વૈશાખ વદ ૩ના રોજ પૂજ્યશ્રી પાંચ સાત મુમુક્ષુભાઈઓ સાથે ફરી વાર ભાદરણ પધાર્યા અને ૧ માસ ત્યાં રોકાયા. ભક્તિનો ક્રમ રોજ ચાલુ હતો. ઘણા મુમુક્ષુભાઈ બહેનો ભક્તિમાં ભાગ લેતા અને ઘણાએ સ્મરણમંત્ર પણ લીધો હતો.

## વસોની યાત્રા



શ્રીમદ્ રાજચંદ્ર મંદિર, વસો

સં.૧૯૯૫ના કાર્તિક વદ ૫ને દિવસે આશ્રમથી પચ્ચીસેક મુમુક્ષુઓ સાથે પગપાળા વિહાર કરી પૂજ્યશ્રી સંદેશર ગામે ગયા. ત્યાંથી મુમુક્ષુઓ સાથે પાદવિહાર કરી બાંધણી ગામે પધાર્યા. ત્યાં રાતના આત્મસિદ્ધિ વગેરેની ભક્તિ કરી આરામ કર્યો. બીજે દિવસે સવારમાં પૂજ્યશ્રી પોતાનું સંસારી અવસ્થાનું જે ઘર છે ત્યાં સગાઓના આગ્રહથી સર્વ મુમુક્ષુઓ સાથે ગયા અને **'બહુ પુણ્ય કેરા'**નું પદ ત્યાં બોલ્યા.


બાંધણીથી બપોરના ત્રણ વાગ્યે સર્વ મુમુક્ષુઓ સાથે પગપાળા વિહાર કરી સાંજે સાત વાગે વસો પધાર્યા. આશ્રમથી બીજા ઘણા મુમુક્ષુઓ ગાડીમાં બેસી ત્યાં આવી પહોંચ્યા. બીજે દિવસે સવારમાં ગામની બહાર સ્મશાનભૂમિ, કૂવા ઉપર, રાયણ નીચે, ગોચરભૂમિ (ચરો) વગેરે એકાંત સ્થળોમાં જ્યાં જ્યાં પરમકૃપાળુદેવ વિચરેલા તે તે પવિત્ર સ્થળોના દર્શન કરવા ગયા. સત્પુરુષો જ્યાં વિચરેલા હોય છે તે તીર્થભૂમિ મહાપુરુષોની સ્મૃતિ કરાવે છે.

સં.૧૯૫૪માં પરમકૃપાળુદેવે આ ગામમાં પ.પૂ. પ્રભુશ્રીજીને આત્મબોધની પ્રાપ્તિ કરાવી હતી. જંગલમાં પણ જ્યાં બોધ કરેલ તે સ્થળે જઈ ભક્તિના પદો બોલ્યા હતા.

## બાહુબળીજીની યાત્રા

સં.૧૯૯૫ના જેઠ સુદ પૂર્ણિમાના શુભ દિવસે આશ્રમથી સંઘ સાથે પૂજ્યશ્રી બાહુબળીજીની યાત્રાએ પધાર્યા. વચ્ચે તિરુમલ્લઈ ગામમાં ઊતર્યા. ત્યાં પહાડ ઉપર શ્રી નેમિનાથ ભગવાનની કાઉસગ્ગ મુદ્રાની ૧૫ ફૂટની દિગંબરી પ્રતિમા છે. છેક ટેકરી ઉપર શ્રી સમંતભદ્રાચાર્યના પગલા છે, બાજુમાં વાદિભસિંહ આચાર્યનું સમાધિસ્થાન છે. ત્યાંના શાસ્ત્રીજીએ જણાવ્યું કે પાંડવોએ પોતાને દર્શન કરવા માટે આ પ્રતિમા કોતરેલી. આ પહાડ ઉપર તેઓ ચોમાસું રહ્યા હતા. ઉત્તરમાં દુષ્કાળ પડવાથી બાર હજાર સાધુઓ દક્ષિણ તરફ આવેલા, તે વખતે ચાર હજાર સાધુઓ આ પહાડ ઉપર સમાધિ પામ્યા હતા.

મૈસુરથી સોળ માઈલ દૂર ગોમટ્ટગિરિ છે. ત્યાં બાહુબળીજીની તેર ફૂટ ઊંચી કાઉસગ્ગ મુદ્રાની પ્રતિમા છે. ત્યાં દર્શન ભક્તિ કરી મલિયુર ગામ (કનકગિરિ) આવ્યા. ત્યાં પહાડ ઉપર પૂજ્યપાદ સ્વામીના સમાધિ- સ્થાને પાદુકાજી છે, જૂના લેખો છે, દશ ખંડનું એક મોટું મંદિર છે. ત્યાં દર્શન કરી મૈસુર પાછા ફર્યા.



૫૭ ફૂટ ઊંચી બાહુબલીજીની પ્રતિમા

મૈસુરથી સ્પેશિયલ મોટર કરી સાંજના પાંચ વાગે બાહુબળીજી આવી પહોંચ્યા. સવારમાં વિંધ્યગિરિ નામના બાહુબળીજીના પહાડ ઉપર સર્વે ચઢ્યા. ત્યાં બાહુબળીજીની એક જ પથ્થરમાંથી કોતરેલ ૫૭ ફૂટ ઊંચી ભવ્ય અને શાંત પ્રતિમા જોઈને બધાને ખૂબ આનંદ થયો. ત્યાં ભક્તિ કરી ચૈત્યવંદન કર્યું.

ત્યાંના પંડિતે, આ મૂર્તિ કોણે અને કેવી રીતે બનાવી હતી, તે સંબંધી દંતકથા નીચે પ્રમાણે જણાવી —

બાહુબળીજીની આ પ્રતિમા શ્રી મુનિસુવ્રત સ્વામીના વખતમાં મંદોદરીએ પોતાને દર્શન કરવા માટે એક વિદ્યાધર પાસે રત્નવડે કોતરાવેલ. રામ, સીતાજી અને રાવણે પણ આ પ્રતિમાજીના દર્શન કરેલ છે.

## પ્રતિમા બહુ સુંદર, શાંત અને ભવ્ય

કાળાંતરે બાહુબળીજીની આ પ્રતિમા ત્યાં આગળ પહાડ ઉપર જમીનમાં દટાઈ ગયેલ. આજથી તેરસો વર્ષ પૂર્વે શ્રી ચામુંડારાયને આ બાહુબળીજીની મૂર્તિ સંબંધી સ્વપ્ન આવ્યું કે સામેના ભરતજીના પહાડ ઉપરની અમુક જગ્યાએથી અમુક દિશામાં બાણ મારવાથી એ બાણ જ્યાં પડે ત્યાં ખોદવું, એટલે મૂર્તિ નીકળશે અને ત્યાં મંદિર બંધાવવું. આ પ્રમાણે કરવાથી મૂર્તિ નીકળી એટલે મંદિર બંધાવી શ્રી ચામુંડરાયના હસ્તે પ્રતિષ્ઠા કરવામાં આવેલ છે. કમળ અને મૂર્તિ બન્ને એક પથ્થરમાંથી કોતરેલા છે. પ્રતિમા બહુ સુંદર, શાંત અને ભવ્ય છે.

## ભરતજીની પ્રતિમા



ભરતજીના પહાડ ચંદ્રગિરિ ઉપર ૧૪ મંદિરો છે. બાજુની ખુલ્લી જગ્યામાં ભરતજીની પ્રતિમા સાથળ સુધી જમીનમાં ઊતરી ગયેલી છે. આ પ્રતિમાજીની ઊંચાઈ ૧૫ ફૂટની છે. ભદ્રબાહુ-સ્વામીનું સમાધિસ્થાન અહીં ગુફામાં છે, ત્યાં તેમના ભવ્ય પાદુકાજી છે. ચંદ્રગુપ્ત રાજા અહીંથી દેવલોક પામેલ છે. બધા સ્થાને દર્શન ભક્તિ કરી વેણુર ગયા.

વેણુરમાં પાંચ મંદિર અને બાહુબળીજીની પાત્રીસ ફૂટ ઊંચી ઊભી પ્રતિમાના દર્શન કરી મૂડબિદ્રિ આવ્યા. ત્યાં અઢાર મંદિરો છે, જેમાં એક ત્રણ માળનું મોટું મંદિર છે. બધે દર્શન ભક્તિ કરી ત્યાંથી કારકલ ગયા. ત્યાં ચૌદ મંદિરો છે અને એક નાની ટેકરી ઉપર બાહુબળીજીની ચાળીસ ફૂટ ઊંચી પ્રતિમા છે. ત્યાં દર્શન કરી વારંગ ગયા.

વારંગમાં તળાવની વચ્ચે મોટું મંદિર છે. નાવમાં બેસી ત્યાં ગયા. બધે ભક્તિ ચૈત્યવંદન વગેરે કરી પાછા મુડબિદ્રિ આવ્યા અને સિદ્ધાંતમંદિરના દર્શન કરવા ગયા. ત્યાં શાસ્ત્રીજીએ પ્રથમ 'ધવલ', 'જયધવલ', 'મહાધવલ' આદિ શાસ્ત્રોના દર્શન કરાવ્યા. પછી હીરા, માણેક આદિ રત્નોની ૩૫ પ્રતિમાઓ એક પછી એક હાથમાં રાખી પાછળ દીવો ધરી બતાવી અને દરેક રત્નના ગુણધર્મની સમજણ પાડી. દરેક રત્નનું માહાત્મ્ય વર્ણવતી વખતે સાથે એમ પણ બોલતા કે ભગવાનની દૃષ્ટિમાં તો આ પથ્થર જ છે, કે જેને આપણે મોટું મહત્વ આપીએ છીએ. પણ મહાપુરુષોના ગુણોની સ્મૃતિ લાવવા આ આકાર છે. આત્મા ભણી દૃષ્ટિ કરી દર્શન-લાભ લેવાનો છે.

દક્ષિણની યાત્રા આ પ્રકારે સુખપૂર્વક પૂર્ણ થઈ.

## રાજકોટ



શ્રીમદ્ રાજચંદ્ર નવીન સમાધિમંદિર

સં.૧૯૯૬ના મહા સુદ ૧૩ના પ્રતિષ્ઠા નિમિત્તે પૂજ્યશ્રી મુમુક્ષુઓ સાથે રાજકોટ પધાર્યા. ત્યાં આજી નદીના કાંઠે સ્મશાનભૂમિની બાજુમાં આવેલ પરમકૃપાળુદેવના સમાધિમંદિરમાં પૂ.શ્રી બ્રહ્મચારીજીના વરદ હસ્તે પરમકૃપાળુદેવના ચિત્રપટની સ્થાપના ઘણા ઉલ્લાસપૂર્વક જયધ્વનિ સાથે કરવામાં આવી.

સં.૧૯૯૬ના વૈશાખ સુદ ૩ના શુભ દિવસે સડોદરામાં ચિત્રપટોની સ્થાપના પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં હર્ષોલ્લાસપૂર્વક કરવામાં આવી હતી.

## સડોદરા પ્રતિષ્ઠા




વર્તમાનમાં બનેલ શ્રીમદ્ રાજચંદ્ર મંદિર, સડોદરા

## ઈડર



સિદ્ધશિલા ઉપર પરમકૃપાળુદેવના પાદુકાજીની સ્થાપના કરેલ. વર્તમાનમાં તેના ઉપર સ્થાપેલ પ્રતિમાજી



શ્રીમદ્ રાજચંદ્ર વિહારભવન, ઈડર

સં.૧૯૯૬માં પૂજ્યશ્રી મુમુક્ષુઓ સાથે ઈડર પ્રતિષ્ઠા નિમિત્તે પધાર્યા. ત્યાં વિહારભુવનમાં સિદ્ધશિલા ઉપર પરમકૃપાળુદેવના પાદુકાજીની સ્થાપના અત્યંત ઉલ્લાસભાવથી જય જયકારના શબ્દો સાથે થઈ હતી.

## ખંભાત



શ્રીમદ્ રાજચંદ્ર મંદિર, ખંભાત (લોંકાપુરી)



શ્રીમદ્ રાજચંદ્ર ખંભાતમાં રહેલ તે મકાન

સં.૧૯૯૭ના ચૈત્ર માસમાં પૂજ્યશ્રી બ્રહ્મચારીજી ૪૦-૫૦ મુમુક્ષુભાઈબહેનો સાથે ખંભાત પધાર્યા. ખંભાતમાં એક દિવસ રોકાઈ ઘણા મંદિરોનાં દર્શન કર્યાં.


## વડવા



શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, વડવા

પછી વડવા જઈ એક દિવસની સ્થિરતા કરી, ભક્તિ-ભજન કરી પાછા અગાસ આશ્રમમાં આવી પહોંચ્યા.

## ધામણ પ્રતિષ્ઠા



પહેલાંનું શ્રીમદ્ રાજચંદ્ર મંદિર, ધામણ

સં.૧૯૯૮ના માગશર સુદ દસમની પ્રતિષ્ઠા નિમિત્તે આશ્રમથી પૂજ્યશ્રી સકળ સંઘ સાથે ધામણ પધાર્યા.

માગશર સુદ ૧૦ને શુભ દિવસે વિધિ સહિત ચિત્રપટોની સ્થાપના સભામંડપમાં પૂજ્યશ્રીના હસ્તકમળે ઘણા ધામધૂમથી કરવામાં આવી.

ધામણમાં ઘણા ભાઈબહેનો ભક્તિ વાંચનમાં આવતા અને સ્મરણમંત્ર પણ લેતા. તે લોકોનો ઉત્સાહ તેમજ તેમને ધર્મને માર્ગે ચઢતા જોઈ પૂજ્યશ્રીને ઉલ્લાસ થતો. તે સમયે પૂજ્યશ્રીના સમાગમથી ઘણા જીવોએ સત્યધર્મનો અલૌકિક લાભ મેળવ્યો.


## રાજકોટ-સમાધિભવન



શ્રીમદ્ રાજચંદ્ર સમાધિભવન

સં.૧૯૯૮ના મહા સુદ ૧૧ના દિવસે આશ્રમથી મુમુક્ષુ ભાઈઓ સાથે પૂજ્યશ્રી રાજકોટ પધાર્યા. પરમકૃપાળુદેવનો દેહવિલય જે મકાનમાં થયેલો તે જ મકાનમાં પાંચ દિવસ રહ્યા. ભક્તિ ત્યાં જ કરતા. છેલ્લે દિવસે શ્રી જવલબહેનના આગ્રહથી પૂજ્યશ્રી વવાણિયા પધાર્યા. ત્યાં પરમકૃપાળુદેવના જન્મસ્થાન ઉપર સભામંડપનું કામ ચાલતું હતું ત્યાં ભક્તિ કરી.

## પ્રકાશપુરી, જૂનાગઢ



પ.પૂ.પ્રભુશ્રીજીનું નિવાસસ્થાન પ્રકાશપુરી, જૂનાગઢ

વવાણિયાથી પૂજ્યશ્રી જૂનાગઢ ગયા. ત્યાં બધી ટૂકોના દર્શન કરી જ્યાં પ.પૂ.પ્રભુશ્રીજીએ સં.૧૯૭૨નું ચોમાસું કર્યું હતું તે 'પ્રકાશપુરી'માં જઈ દર્શન ભક્તિ કર્યા. ત્યાંથી મુમુક્ષુઓ સાથે પૂજ્યશ્રી પાલિતાણા પધાર્યા.

## જૂનાગઢના પહાડ ઉપરના મંદિરો



## પાલિતાણા

પાલિતાણા, કદંબગિરિ, હસ્તગિરિ, તળાજા, ભાવનગર, ઘોઘા બંદર, બોટાદ, વઢવાણ કેમ્પ, ઈડર, વિજયનગર, કેસરિયાજી, ઊદયપુર, ચિતોડગઢ, રતલામ થઈ ઇન્દોર આવ્યા.

ઇન્દોરથી ઉજ્જૈન, મક્ષીજી, સિદ્ધવરકૂટ, બડવાની, માંડવગઢ, બાઘ, ભોપાવર, રાજપુર, કુક્ષી, લક્ષ્મણીજી વગેરે સ્થળોએ યાત્રા કરી આશ્રમ પાછા ફર્યા.

## સિદ્ધવરકૂટ



## માંડવગઢ



## બડવાની (બાવનગજા)





## સુરત



વર્તમાનમાં બનેલ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, સુરત

સં.૧૯૯૯ના પોષ સુદ પૂનમને દિવસે શ્રી મનહરભાઈને ત્યાં ચિત્રપટોની સ્થાપના કરવા પૂજ્યશ્રી સુરત પધાર્યા. ત્યાં વિધિ સહિત સ્થાપના કરી ધામણ, સડોદરા, ભુવાસણ વગેરે સ્થળોએ જઈ ત્યાંથી સીધા આહોર પધાર્યા.


## આહોર



વર્તમાનમાં બનેલ શ્રી રાજમંદિર-આહોર

ત્યાં રાજમંદિર પાસે મકાનમાં પૂ.શ્રી બ્રહ્મચારીજીનો ઉતારો હતો. મુમુક્ષુ ભાઈ-બહેનોથી આખું રાજમંદિર ભરાઈ જતું. અને અત્યંત ઉલ્લાસભાવથી ભક્તિ વાંચનાદિ થતા હતા. ૨૧ દિવસ આહોરમાં સ્થિરતા કરી પૂજ્યશ્રી ઈડર પધાર્યા.

## ઈડર પ્રતિષ્ઠા



વર્તમાનમાં બનેલ શ્રી ચંદ્રપ્રભુની દેરી

ઈડરમાં સિદ્ધશિલાની સામે ટેકરી ઉપર શ્રી ચંદ્રપ્રભુ-સ્વામીના પાદુકાજીની સ્થાપના પ્રસંગે આવવું થયું.

પૂજ્યશ્રી તથા મુમુક્ષુભાઈબહેનો અગિયાર દિવસ ત્યાં રોકાઈ જ્યાં જ્યાં પરમકૃપાળુદેવ વિચરેલા તે તે પવિત્ર સ્થાનોમાં રોજ દર્શન કરવા જતા અને ભક્તિના પદો ઘણા ઉલ્લાસભાવથી બોલતા. ત્યાંથી નરોડા આવ્યા.

## નરોડા




પરમકૃપાળુદેવ બિરાજેલ ત્યાં વર્તમાનમાં બનાવેલ દેરી, નરોડા

નરોડા બે દિવસ રોકાયા. ગામ બહાર જ્યાં પરમકૃપાળુદેવ બિરાજેલા તે સ્થાને ઓટલો બંધાવેલ છે. ત્યાં બધા બેઠા. પછી પૂ.શ્રીએ શ્રી વસ્તીમલજીને **'અપૂર્વ અવસર'** બોલવાની આજ્ઞા કરી અને બીજા બધાને મૌન ધારણ કરી ધ્યાનમાં બેસવા જણાવ્યું. તે અવસરે જે ઉલ્લાસભાવથી **'અપૂર્વ અવસર'** બોલાયો હતો તેની કલ્પના પણ ન કરી શકાય. નરોડાથી મુમુક્ષુઓ આશ્રમમાં આવ્યા.

પૂજ્યશ્રી ત્રણ મુમુક્ષુઓ સાથે અમદાવાદમાં શ્રી જેસીંગભાઈ શેઠને ત્યાં ત્રણ દિવસ રોકાયા. શેઠજીને ઘણો ઉલ્લાસ અને આનંદ થયો હતો. ભક્તિ સ્વાધ્યાય તેમના બંગલામાં જ થતો. ત્યાંથી સીધા આશ્રમ આવવાનું બન્યું. આ વખતે સુરત જિલ્લામાં, રાજસ્થાનમાં તેમજ ઈડર વગેરે મળી કુલ ત્રણ મહિનાની યાત્રા સુખે પૂર્ણ થઈ.

## વવાણિયા પ્રતિષ્ઠા



પહેલાં બનેલ શ્રીમદ્ રાજચંદ્ર જન્મભવન, વવાણિયા

સં.૨૦૦૦ના કાર્તિક સુદ ૧૦ના રોજ પૂજ્યશ્રી સંઘ સાથે શ્રી વવાણિયા તીર્થે પ્રતિષ્ઠા નિમિત્તે પધાર્યા. પૂજ્યશ્રીનો ઉતારો ઉપાશ્રયમાં હતો. ભક્તિનો કાર્યક્રમ મંડપમાં થતો. મોરબીના રાજાએ પણ ત્યાં આવી ઘણી મદદ કરી હતી.



શ્રી ભગવાનભાઈ

પરમકૃપાળુદેવના જમાઈ શ્રી ભગવાનભાઈએ જ્યાં પરમકૃપાળુદેવનું જન્મસ્થળ છે તે જગ્યા ઉપર મોટો સભામંડપ બનાવી તેમાં જિનપ્રતિમા અને બાજુમાં શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુની પ્રતિમાની સ્થાપના થાય તે માટે બે વિભાગ પાડેલા. ત્યાં ઘણી ધામધૂમથી જય જયકારના ધ્વનિ સાથે વાજતેગાજતે અલૌકિક રીતે પૂ.શ્રી બ્રહ્મચારીજીના સાન્નિધ્યમાં સવિધિએ અપૂર્વ ઉલ્લાસથી કાર્તિક સુદ પૂનમના દિવસે સ્થાપના થઈ હતી.

## કચ્છની યાત્રા

સં.૨૦૦૦ના કાર્તિક વદ ૨ના રોજ શ્રી પુનશીભાઈ શેઠના આગ્રહથી પૂ.શ્રી બ્રહ્મચારીજી મુમુક્ષુઓ સાથે વવાણિયાથી કચ્છની યાત્રાએ પધાર્યા.

## ભદ્રેશ્વર



આ તીર્થ જગડુશાશેઠે બંધાવેલ છે. ત્યાં બાવન જિનાલયના મોટા મંદિરમાં ભવ્ય પ્રતિમાઓના દર્શન કર્યા. છ દિવસ ત્યાં રોકાઈ મુંદ્રામાં દર્શન કરી ભુજપુર આવ્યા.

## ભુજપુર

ભુજપુરમાં વેલજી મેઘરાજને ત્યાં નિવાસ કર્યો. વેલજી મેઘરાજે અમુક ગુણસ્થાનકનું કાવ્ય બનાવેલું. તે પૂજ્યશ્રીને ગાઈ સંભળાવ્યું. તેના ઉત્તરમાં પૂજ્યશ્રીએ કહ્યું : ''આજ્ઞા વગર કે પોતાની કલ્પનાથી ઝેર પીવા જેવું છે. અનાદિકાળથી આ જીવ રખડ્યો છે. તે શાથી રખડ્યો છે? આવું ને આવું જ જીવ સ્વચ્છંદે કરતો આવ્યો છે. પણ કલ્યાણ થયું નથી.''

## મોટી ખાખર

ભુજપુરથી મોટી ખાખર આવ્યા. ત્યાં ત્રણ મંદિરો છે. રોજ દર્શન કરવા જતા. આઠ દિવસ ત્યાં રહી નાની ખાખરમાં મંદિરના દર્શન કરી બીદડા આવ્યા.

## નાની ખાખર

બીજે દિવસે શેઠ પ્રેમજી લધા મોટર લઈ બીદડા આવી પહોંચ્યા. પૂજ્યશ્રી અને મુમુક્ષુભાઈઓને ફરીથી નાની ખાખર લઈ ગયા. શેઠ પ્રેમજી લધા પૂજ્યશ્રીનું ઘણા ઉલ્લાસભાવથી બહુમાન અને વિનય કરતા, અને રોજ કુટુંબ સહિત બોધ સાંભળવા આવતા. શેઠ વગેરેને મહાપુરુષ પોતાના ઘરે પધાર્યાનો ઘણો આનંદ અને ઉલ્લાસ હતો. પૂજ્યશ્રી ચાર દિવસ રોકાયા હતા.

## બીદડા



બીદડામાં મંદિરનાં દર્શન કર્યાં. ત્યાં શ્રી વેલસીભાઈનું આશ્રમ છે. ભક્તિમાં પૂજ્યશ્રીની આજ્ઞાથી શ્રી શંકર ભગત **''જીવને માર્ગ મળ્યો નથી એનું શું કારણ?''** આ પત્ર બોલ્યા પછી પૂજ્યશ્રીએ તે પત્રનું વિવેચન કર્યું. તે સાંભળતા જ વેલસીભાઈને ઘણું આશ્ચર્ય થયું અને બોલ્યા—આવી વાત મને ક્યાંય સાંભળવામાં આવી નથી. તેનું શું કારણ હશે?

પૂજ્યશ્રીએ કહ્યું : ''મહાપુણ્યનો જોગ હોય ત્યારે જ આવા અપૂર્વ વચનો સાંભળવાનું ભાગ્ય પ્રાપ્ત થાય છે. જીવ અનાદિકાળથી આ સંસારમાં રઝળે છે. પણ કોઈ વખત પુણ્યની ઝલક થાય છે. ત્યારે જ સત્પુરુષના વચનો કાને પડે છે.'' આમ ઘણો બોધ થવાથી વેલસીભાઈને ઘણો ઉલ્લાસ થયો હતો. બે દિવસ ત્યાં રોકાઈ બધા કોડાય પધાર્યા.

## કોડાય

આ ગામમાં ત્રણ મોટા દેરાસરો છે. બ્રહ્મચારી બહેનોનું આશ્રમ શ્રી કમુબહેનના નામથી પ્રસિદ્ધ છે.

પરમકૃપાળુદેવને કાશી ભણવા મોકલવા માટે આ ગામના શ્રી હેમરાજભાઈ, નળિયાના શ્રી માલશીભાઈ બેઉ સાથે રાજકોટ આવ્યા હતા. આ બન્ને ભાઈઓને પરમકૃપાળુદેવનું અલૌકિક માહાત્મ્ય લાગેલું ત્યારથી આ ગામમાં પરમકૃપાળુદેવની શ્રદ્ધાવાળા ઘણા મુમુક્ષુઓ થયેલા. આ ગામ કાશીપુરીના નામથી પણ ઓળખાય છે. અહીં જૈન શાસ્ત્રોનો ભંડાર પણ છે.

ત્યાં મુનિ શ્રી પદ્મવિજયજીએ પૂજ્યશ્રીના વાંચનનો સારો લાભ લીધો અને કહ્યું કે આપ અત્રે પધાર્યા છો તો ઘણા માણસો ભક્તિમાં આવે છે, નહીં તો કોઈ આવતું નથી.

કોડાયમાં પૂજ્યશ્રીએ જે બોધ કર્યો તે સાંભળી એક સાધ્વીજીએ કહ્યું કે ''આ બોધ મારા હૃદયમાં ચોંટી ગયો છે. આવો બોધ કોઈ સાધુ પાસેથી અમે સાંભળ્યો નથી. આજથી પરમકૃપાળુદેવને હું શિરસાવંદ્ય માનું છું.'' પૂજ્યશ્રી પાસેથી તેમણે અપૂર્વ વસ્તુની પ્રસાદીરૂપ સ્મરણમંત્ર અને 'તત્ત્વજ્ઞાન' લીધું હતું. આઠ દૃષ્ટિની સજ્ઝાયનું વિવેચન પૂજ્યશ્રીએ તેમને સારી રીતે કરી સમજાવ્યું. અલૌકિક બોધ થયો હતો. સાધ્વીજીને ઘણા ઉલ્લાસ અને શ્રદ્ધાનું કારણ બન્યું હતું.

## રાયણ

શેઠ શ્રી પુનશીભાઈના ઘરે જ પૂજ્યશ્રી વગેરેનો ઉતારો હતો. ભક્તિ વાંચન પણ એમને ત્યાં જ થતાં. રાયણમાં ત્રણ દેરાસરો છે. પાંચ દિવસ ત્યાં રોકાવું થયું હતું. શેઠ શ્રી પુનશી-ભાઈની ભાવના ઘણી ઉત્તમ હતી.

## નવાવાસ

દેરાસરમાં ચૈત્યવંદન આદિ કરી **"નિઃશંકતાથી નિર્ભયતા ઉત્પન્ન હોય છે; અને તેથી નિઃસંગતા પ્રાપ્ત હોય છે."** (૨૫૪) આ પત્ર બોલવાની પૂજ્યશ્રીએ શ્રી મોહનભાઈને આજ્ઞા કરી. ત્યાં શ્રી અવિચળશ્રીજી અને શ્રી ગુણશ્રીજી આ બે આર્યાઓને આ પત્ર સાંભળી મનમાં થયું કે આ કોઈ અલૌકિક માર્ગ છે. પછી પૂજ્યશ્રીના સમાગમથી તેમને પરમકૃપાળુદેવ ખરેખર સદ્ગુરુ ભગવાન જ છે, એમનું શરણ ગ્રહણ કરવાથી આત્માનું કલ્યાણ થશે એવી શ્રદ્ધા થઈ.

ત્યાર પછી તેઓ અવારનવાર આશ્રમમાં આવતા. સં.૨૦૦૪નું ચોમાસું પણ તેમણે આશ્રમમાં કર્યું હતું. પૂજ્યશ્રીનો પત્રો દ્વારા સમાગમ પણ તેમને ઘણો મળ્યો હતો. અવિચળશ્રીજીનો દેહત્યાગ ચોમાસી પ્રતિક્રમણ કરતાં કાઉસગ્ગમાં થયો હતો.

ત્યાંથી મેરાઉ, માપર, સંઘાણ, સુથરી, અરિખાણ, સિંઘોડી, લાલા, જખૌ, જસાપુર, નળિયા, તેરા, કોઠારા, ડુમરા, જામનગર વગેરે સ્થળોએ મંદિરોના દર્શન કરી બગસરા આવ્યા.

## બગસરા

બગસરામાં સં.૧૯૭૩નું ચોમાસું પ.પૂ.પ્રભુશ્રીજીએ જે હૉલમાં કર્યું હતું તે જ હૉલમાં પૂ.શ્રી ઊતર્યા હતા. ત્યાં પૂ.શ્રીનું બહુ વૈરાગ્યપ્રેરક વાંચન થતું. ત્રણ દિવસ ત્યાં રોકાઈ બોટાદ પધાર્યા.

## બોટાદ

શેઠ વીરચંદ ભૂરાભાઈને ત્યાં ઉતારો હતો. બોટાદમાં પરમકૃપાળુદેવ જ્યાં રહેલા તે મકાનમાં પૂજ્યશ્રી વગેરે મુમુક્ષુઓએ ભક્તિ ભજન કર્યા. ત્યાંથી વઢવાણ કેમ્પ થઈ આશ્રમમાં પધાર્યા.

સં.૨૦૦૧ના કાર્તિક વદ ૭ને મંગળવારના શુભ દિવસે પૂ.શ્રી બ્રહ્મચારીજી મુમુક્ષુભાઈબહેનો સાથે આશ્રમથી શિવગંજ પધાર્યા, ત્યાં પાંચ દિવસ રોકાઈ આહોર પધાર્યા. આહોરમાં એક માસ સ્થિરતા કરી હતી. તે વખતે ઘણા ભાઈબહેનોએ સ્મરણમંત્ર લીધો હતો.

## નાકોડા

આહોરથી જાલોર ગઢ ઉપર દર્શન કરી નાકોડા તીર્થે પધાર્યા. તે સમયે પૂજ્યશ્રીની દશા અદ્ભુત વૈરાગ્યમય હતી.


શ્રી નાકોડા તીર્થ

શરીર ઉપરની મૂર્છા તો જાણે સાવ ક્ષીણ થઈ ગઈ હોય એમ લાગતું હતું. નાકોડા તીર્થમાં ૯ દિવસ રહી પાલી આવ્યા. પાલીમાં એક ડુંગર ઉપર મંદિર છે. ત્યાં દર્શનભક્તિ કરી ઇન્દોર પધાર્યા.

ઇન્દોરમાં કાવિઠાના શ્રી સોમાભાઈ પ્રભુદાસ તરફથી શ્રી સમેતશિખરજીનો યાત્રાસંઘ કાઢવાનું નક્કી થયું. તેના સમાચાર આશ્રમ જણાવ્યા જેથી બીજા મુમુક્ષુઓ પણ ઇન્દોર આવી પહોંચ્યાં.

## શ્રી સમેતશિખરજીની યાત્રા

શ્રી સમેતશિખરજીના પહાડ ઉપરનું જળ મંદિર


ઇન્દોરથી સં.૨૦૦૧ ના પોષ સુદ ૯ ને શુભ દિવસે શ્રી સમેતશિખરજીની યાત્રાર્થે પ્રયાણ કરી બનારસ આવ્યા. ત્યાં ભેલુપુરમાં પાર્શ્વનાથ ભગવાનના ચાર કલ્યાણક થયેલા છે.

ભદૈની ઘાટ ગંગાતીર પર શ્રી સુપાર્શ્વનાથ ભગવાનના ચાર કલ્યાણકની જગ્યા છે.ચંદ્રપુરી (ચન્દ્રાવતી) ત્યાંથી વીસ માઈલ દૂર છે. ત્યાં ચંદ્રપ્રભસ્વામીના ચાર કલ્યાણક થયેલા છે.

સારનાથ ( સિંહપુરી)માં શ્રી શ્રેયાંસનાથ ભગવાનના ચાર કલ્યાણક છે. એ સર્વ સ્થળોએ દર્શન ભક્તિ કરી પટના (પાટલીપુત્ર) ગયા.

## એક પ્રતિમા ચોથા આરાની

પટના નંદરાજાની અને ચંદ્રગુપ્ત રાજાની રાજધાની હતી. ત્યાં સાત દેરાસરો છે. તેમાં એક પ્રતિમા ચોથા આરાની છે. શ્રી સુદર્શનશેઠ જે સ્થાનેથી મોક્ષે ગયા ત્યાં પાદુકાજીની સ્થાપના છે.

એક મંદિરની સામે શ્રી સ્થૂલિભદ્રજી કોશા ગણિકાના મહેલમાં ચાતુર્માસ અર્થે રહ્યા હતા ત્યાં પાદુકાજીની સ્થાપના છે.

પટનાથી રાજગૃહી આવી શ્વેતાંબર ધર્મશાળામાં ઊતર્યા.

## શ્રી રાજગૃહી તીર્થ



શ્રી રાજગૃહીમાં આવેલ પાંચ પહાડો

ગામથી એક માઈલ દૂર પાંચ પહાડ આવેલા છે.

૧. વિપુલાચલ ૨. રત્નાગિરિ ૩. ઉદયગિરિ ૪. સોનાગિરિ (શ્રમણગિરિ) ૫. વૈભારગિરિ.

## ચાર હજાર વર્ષ જૂની ભવ્ય પ્રતિમા

વિપુલાચલ પર્વત ઉપર શ્રી મહાવીર ભગવાન આદિના મંદિરો છે. રત્નાગિરિ ઉપર મુનિસુવ્રતસ્વામીનું મંદિર છે. ઉદયગિરિ ઉપર શ્રી પાર્શ્વનાથ ભગવાનની ચાર હજાર વર્ષ જૂની ભવ્ય પ્રતિમા છે. વૈભારગિરિ ઉપર મહાવીર સ્વામી ઘણી વાર પધારેલાનું વર્ણન શાસ્ત્રોમાં આવે છે. તે પહાડ ઉપર શ્રી મુનિસુવ્રતસ્વામીના ચાર કલ્યાણકની જગ્યા છે. ત્યાં મંદિર છે. અહીંથી શ્રી ધનાભદ્ર અને શ્રી શાલિભદ્ર અનશન કરી મોક્ષે પધાર્યા હતા. તે સ્થાન ઉપર તેમની મૂર્તિઓ છે.

વૈભારગિરિની ટોચ ઉપર શ્રી ગૌતમસ્વામીની દેરી છે, ત્યાં જઈ ચૈત્યવંદન કર્યું. ત્યાંથી પાછા વળતાં મંદિર આગળ નીચે બે ગુફાઓ છે. તે રોહિણિયા ચોરની ગુફાઓ કહેવાય છે. તે ગુફાઓ એક નાના ગામ જેટલી વિશાળ છે.

## પૂજ્યશ્રીને મુમુક્ષુઓએ કરાવેલ સ્નાન

વૈભારગિરિ પહાડની નીચે તળેટીમાં ગરમ પાણીના છ કુંડ છે. એનું પાણી ગંધક કે એવી જ કોઈ ધાતુમિશ્રિત હોવાથી પ્રાકૃતિક રીતે ગરમ હોય છે. આ પાણી રોગ નિવારક છે. લકવો, સંગ્રહણી વગેરે દરદો માટે બહુ ઉપયોગી કહેવાય છે. હજારો માણસો તેનો ઉપયોગ કરે છે. આ સ્થાને



પૂજ્યશ્રીને શ્રી મગનભાઈ, શ્રી ધર્મચંદભાઈ અને શ્રી વસ્તીમલભાઈએ મળીને ૧૦૮ કળશાઓ વડે નવરાવ્યા



બ્ર.શ્રી મગનભાઈ



શ્રી ધર્મચંદજી



બ્ર.શ્રી વસ્તીમલજી

હતા. રાજગૃહીમાં કુલ ૯ દિવસ રહ્યા હતા. ત્યાંથી નાલંદા કુંડલપુર આવ્યા. તે મહાવીર સ્વામીની જન્મભૂમિ છે. ત્યાં શ્વેતાંબર દિગંબરના મંદિરો છે. તેનાં દર્શન કરી સાંજે રાજગૃહી પાછા આવી પહોંચ્યા.

## પાવાપુરી-શ્રી મહાવીર સ્વામીનું મોક્ષસ્થાન



ભગવાન મહાવીર સ્વામીનાં અગ્નિસંસ્કાર સ્થાને આવેલ જળમંદિર

રાજગૃહીથી પાવાપુરી ગયા. ત્યાં શ્રી મહાવીર સ્વામીનું મોક્ષસ્થાન તથા અગ્નિસંસ્કારની જગા ઉપર તળાવની વચ્ચે જળમંદિર આવેલું છે. તે સુંદર અને રમણીય છે. મંદિરમાં જવા માટે પુલ પણ બાંધેલો છે.

જળમંદિરથી એક માઈલ દૂર શ્રી મહાવીર સ્વામીની અંતિમ દેશનાના સ્થાને સમવસરણની રચનાના આકારનું સુંદર રમણીય મંદિર આવેલું છે. તેને બાબુનું મંદિર કહે છે.

હવે સંઘ પાવાપુરીથી ગુણિયાજી આવ્યો. ત્યાં ગૌતમ સ્વામીના નિર્વાણની જગ્યાએ સુંદર જળમંદિર બનાવેલું છે. ત્યાં દર્શન ભક્તિ કરી સમેતશિખરજી માટે પ્રયાણ કર્યું.

## મધુવન-શ્રી સમેતશિખરજી તીર્થ



જ્યાંથી વીસ તીર્થંકરો મોક્ષે પધાર્યા

મહા સુદ પૂર્ણિમાને દિવસે સવારના ૮ વાગે બધા મધુવન-સમેતશિખરજી આવી પહોંચ્યા. શ્વેતાંબર ધર્મશાળામાં ઊતર્યા. ત્યાં મંદિરમાં ભક્તિ, પૂજા, સ્વાધ્યાયમાં તે દિવસ વ્યતીત થયો. મહા સુદ પૂર્ણિમાની રાત્રીએ ૩ વાગે એટલે મહા વદ એકમની વહેલી સવારે સમેતશિખરજીના ગઢ ઉપર ચઢવા પ્રયાણ કર્યું. સૂર્ય ઉદયે શ્રી ગૌતમસ્વામીની પ્રથમ ટુકે પહોંચ્યા. ત્યાં દર્શન કરી આલોચના બોલી ત્યાંથી આગળ પાંત્રીસ ટૂકો છે ત્યાં દર્શન કરવા ગયા. સર્વ પવિત્ર સ્થાનોના દર્શન કરી જળમંદિરે આવી ચૈત્યવંદન સ્તવન આદિ કાર્યક્રમ પૂરો કરી નવ વાગે સાથે લાવેલ નાસ્તો વાપર્યો. પછી પાર્શ્વનાથ ભગવાનની છેલ્લી ટૂક છે. ત્યાં જઈ 'પંચકલ્યાણક', 'મૂળમારગ' વગેરે બોલી નીચે બપોરના અઢી વાગે ધર્મશાળામાં આવી પહોંચ્યા.

## શ્રી જંબુસ્વામીની નિર્વાણભૂમિ

બીજે દિવસે અયોધ્યા ગયા. ત્યાં શ્વેતાંબર અને દિગંબર મંદિરોનાં દર્શન કરી મથુરા આવ્યા; ત્યાં શ્વેતાંબર મંદિરમાં દર્શન ભક્તિ કરી ત્યાંથી દોઢ માઈલ દૂર શ્રી જંબુસ્વામીની નિર્વાણભૂમિ છે, ત્યાં જઈ દર્શન કર્યાં. ત્યાં દિગંબર મંદિર અને બ્રહ્મચર્યાશ્રમ પણ છે. મથુરાથી સંઘ રવાના થઈ અગાસ આશ્રમમાં આવી પહોંચ્યો. આમ શ્રી સમેતશિખરજીની યાત્રા સુખપૂર્વક પૂર્ણ થઈ.

## વવાણિયાની યાત્રા

સં.૨૦૦૨ના કાર્તિક વદ ૭ના દિવસે આશ્રમથી પૂજ્યશ્રી ૪૦-૫૦ મુમુક્ષુઓ સાથે વવાણિયા પધાર્યા. પૂજ્યશ્રી સાથે ૪-૫ મુમુક્ષુઓ વવાણિયા રોકાયા. બાકીના મુમુક્ષુઓ ત્રણ દિવસ રહી પાલિતાણા વગેરેની યાત્રાએ ગયા.

## પરમકૃપાળુદેવ ધ્યાન કરતા તે નવ તલાવડીઓ




પરમકૃપાળુદેવ ધ્યાન કરતાં તેમાંની એક તલાવડી

વવાણિયામાં નવ તળાવડીઓ છે. બધી તળાવડીઓ ઉપર પરમકૃપાળુદેવ ઘણી વખત જતા તેથી તે પૂજનિક ગણાય છે. દરરોજ એક એક તળાવડી ઉપર જઈ અમે ભક્તિ કરતા.

એક દિવસ પૂજ્યશ્રી સાથે મુમુક્ષુઓ કાળી તળાવડીએ ભક્તિ કરતા હતા ત્યારે ત્યાં એક સાપ નીકળ્યો. પૂજ્યશ્રીએ કહ્યું : ''કોઈ ગભરાશો નહીં. એની મેળે ફરીને જતો રહેશે.'' આજુબાજુ ફરી, ભક્તિ પૂરી થવા આવી એટલામાં તે સાપ ચાલ્યો ગયો. તે વખતે ૧૧ દિવસ વવાણિયા રોકાયા હતા. પૂજ્યશ્રી પધારેલા તે કારણથી શ્રી જવલબહેન પણ ત્યાં જ રોકાયા હતા.

## શ્રી રાજકોટ



શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન મંદિર - રાજકોટ

વર્તમાનમાં બનેલ શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર, રાજકોટ

વવાણિયાથી રવાના થઈ રાજકોટ બે દિવસ રોકાયા.

## ક્ષેત્રફરસનાથી અનેક મુમુક્ષુઓને ઘેર આગમન

પછી વઢવાણ કેમ્પમાં ચાર દિવસ, અમદાવાદમાં શ્રી જેસીંગભાઈને ત્યાં બે દિવસ, ત્યાંથી સીધા સુરત બે દિવસ, ધૂળિયા છ દિવસ, વ્યારા એક દિવસ રોકાઈ બારડોલી, સરભાણ, ભુવાસણ, ધામણ, સડોદરા, પથરાડિયા, દેરોદ, આસ્તા આદિ સ્થાનોએ ફરી પાછા સુરત ત્રણ દિવસ રોકાઈ ત્યાંથી પાલેજમાં ત્રણ દિવસ સ્થિરતા કરી આશ્રમમાં પધાર્યા.

સં.૨૦૦૩ના કાર્તિક વદ ૭ ના દિવસે પૂજ્યશ્રી કાવિઠા ગયા. ત્યાં સવા મહિનો સ્થિરતા કરી. પછી સીમરડા અગિયાર દિવસ રહ્યા. ત્યાંથી ડભાસી બે દિવસ, ભાદરણ બાર દિવસ, સીસવા ત્રણ દિવસ રહી બોરસદ થઈ આશ્રમમાં આવ્યા.

વૈશાખ વદ અગિયારસને દિવસે આંખ બતાવવા માટે પૂજ્યશ્રીનું મુંબઈ જવું થયું હતું. ત્યાંથી પાછા વળતાં ઉમરાટ પચ્ચીસ દિવસ રહ્યા હતા.



સં.૨૦૦૪ના કાર્તિક વદ ૭ના દિવસે પૂજ્યશ્રી પગ-પાળા વિહાર કરી સંદેશર ગયા. ત્યાંથી બાંધણી નવ દિવસ, સુણાવ એક મહિનો ને બે દિવસ, દંતાલી સોળ દિવસ, સીમરડા બાર દિવસ, આશી એક મહિનો રહી આશ્રમ પાછા ફર્યા હતા.

## શ્રી કાવિઠા ગામે પ્રતિષ્ઠા



વર્તમાનમાં સભામંડપ સાથે શ્રીમદ્ રાજચંદ્ર મંદિર, કાવિઠા

સં.૨૦૦૪ના વૈશાખ સુદ ૯ને દિવસે પૂજ્યશ્રી મુમુક્ષુઓ સાથે પગપાળા વિહાર કરી કાવિઠા પ્રતિષ્ઠા નિમિત્તે પધાર્યા. ત્યાં આઠ દિવસનો અઠ્ઠાઈ મહોત્સવ રાખેલ. તેથી આજુબાજુના તેમજ દૂરના ઘણા મુમુક્ષુઓએ હાજરી આપી હતી.

## પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજીના પ્રતિમાજી




વૈશાખ સુદ તેરસના શુભ દિવસે પૂજ્યશ્રીના સાનિધ્યમાં ઉપરના ભાગમાં તીર્થંકર ભગવાનની પ્રતિમા, નીચેના ભાગમાં પરમકૃપાળુદેવની પ્રતિમા અને ગભારાની બહાર એક બાજુ પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજીના પ્રતિમાજીની સ્થાપના થઈ હતી.

દેરાસરના આગળના ચોકમાં બે હજાર માણસો બેસી શકે એટલો મોટો સુંદર વિશાળ મંડપ બાંધ્યો હતો. ભક્તિનો બધો કાર્યક્રમ ત્યાં થતો. વાંચનમાં પૂજ્યશ્રી અસરકારક વિવેચન કરતા તે ઘણા જીવોને વૈરાગ્યનું કારણ થયું હતું.

વરઘોડાની શોભા કોઈ અલૌકિક લાગતી હતી. પૂ.શ્રી બ્રહ્મચારીજી જેમ તારામાં ચંદ્ર પ્રકાશે તેમ સંઘની વચમાં શોભતા હતા. ભક્તિનાં પદો અને ગરબીઓ બહુ ઉલ્લાસથી ગવાતા હતા.

આબુ માઉંટમાં પૂજ્યશ્રી બ્રહ્મચારીજી મુમુક્ષુ ભાઈઓ સાથે



કોદરા ડેમ ઉપર પૂજ્યશ્રી બ્રહ્મચારીજી ભાઈ-બહેનો સાથે





સંવત્ ૨૦૦૫ના વૈશાખ સુદ ૧૩ના દિવસે શ્રી ચુનીલાલ મેઘરાજની વિનંતિથી આશ્રમથી પૂજ્યશ્રી મુમુક્ષુઓ સાથે આબુ માઉન્ટ પધાર્યા. એક મહિનો અને દશ દિવસ ત્યાં રોકાયા હતાં.

**આબુ માઉંટમાં ટ્રાવરસ્ટાલ ઉપર પૂજ્યશ્રી બ્રહ્મચારીજી મુમુક્ષુ ભાઈ-બહેનો સાથે**



**વસિષ્ઠાશ્રમથી આવતા પૂ.શ્રી બ્રહ્મચારીજી તથા વાપરા સુપરા પોઇંટ પર ભક્તિ કરતા મુમુક્ષુઓ સાથે**






સં.૧૯૯૧ની સાલમાં પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજી આબુ પધાર્યા  તે વખતે જે જે જગ્યાએ ફરસના કરેલી તે તે ઉત્તમ સ્થાનોમાં પૂજ્યશ્રી ફરવા જતા. ત્યાં ભક્તિ કરી પાછા ઉતારે આવતા. તે સ્થાનોના નામો આ પ્રમાણે છે :—


## અનાદરા પોઇંટ ઉપર પૂજ્યશ્રી બ્રહ્મચારીજી મુમુક્ષુ ભાઈઓ સાથે



વાપર સુપરા પોઇંટ ઉપર પૂ.શ્રી બ્રહ્મચારીજી
તથા શ્રી રણછોડભાઈ





ડેમ ઉપરથી જતાં પૂ.શ્રી બ્રહ્મચારીજી
તથા મુમુક્ષુ ભાઈઓ



દેલવાડાનાં મંદિરો, ક્રેગ પોઈન્ટ, વસિષ્ઠ આશ્રમ, અનાદરા પોઈન્ટ,
શાંતિવિજયજીની ગુફા, દેડકી શિલા, અચળગઢ, ટેન તળાવ, નખી તળાવ આદિ ઉપર ભક્તિ કરેલ.


## આબુ માઉંટમાં પૂજ્યશ્રી બ્રહ્મચારીજી મુમુક્ષુ ભાઈ-બહેનો સાથે





**આબુ માઉંટમાં પૂ.શ્રી બ્રહ્મચારીજી**

**આબુ માઉંટમાં પૂ.શ્રી બ્રહ્મચારીજીનું રહેઠાણ**





પૂ.શ્રી બ્રહ્મચારીજી આબુ રહ્યા ત્યાં સુધી આચારાંગ સૂત્રનું પઠન કર્યું. ભક્તિમાં વચનામૃત શ્રી મોહનભાઈ વાંચતા અને પૂજ્યશ્રી તેના ઉપર વિવેચન કરતા. લગભગ આખા વચનામૃતનું વિવેચન ત્યાં થયું હતું. ત્યાં જંગલમાં એકલા જઈ પૂજ્યશ્રી એકાંતમાં ધ્યાનમાં બિરાજતા અથવા કાઉસગ્ગ મુદ્રામાં ઊભા રહેતા હતા. આશ્રમના ટ્રસ્ટીઓએ પૂજ્યશ્રીને તાર કરી આબુથી આશ્રમ બોલાવ્યા હતા.

## સીમરડા



વર્તમાનમાં બનેલ જિનમંદિર સાથે શ્રીમદ્ રાજચંદ્ર મંદિર, સીમરડા

આશ્રમ આવ્યા પછી પૂજ્યશ્રીને કપરા ઉપસર્ગો થયા. પોતે સમતાભાવથી તે બધા સહન કર્યા. જ્યારે ટ્રસ્ટીઓએ પૂજ્યશ્રીને કહ્યું કે તમારે હવે કોઈને મંત્ર આપવો નહીં. તે દિવસે સાંજે સ્ટેશને જઈ એક ભાઈને મંત્ર આપ્યો અને બીજે દિવસે એટલે સં.૨૦૦૬ના પોષ સુદ ૬ના રોજ અંતઃસ્ફુરણા થવાથી સવારમાં સાડાચાર વાગે આશ્રમથી પગપાળા વિહાર કરી પૂજ્યશ્રી સીમરડા પધાર્યા. સાથે માત્ર એક બેસવાની ચટાઈ હતી, જે પ.પૂ.પ્રભુશ્રીજીએ તેમને આપેલ હતી.

તે વખતે પૂજ્યશ્રી સાડાત્રણ મહિના સીમરડા રહ્યા. તે સમય દરમ્યાન આશ્રમમાં આવનારા મુમુક્ષુઓ સીમરડા જઈ દર્શન સમાગમનો લાભ લેતા.

ત્યારબાદ શ્રી અમૃતલાલ પરીખ, શ્રી મનહરભાઈ, શ્રી પદમશીભાઈ, શ્રી રાવજીભાઈ દેસાઈ વગેરે આશ્રમના ટ્રસ્ટીઓ સીમરડા જઈ ચૈત્ર વદ ૩ની સવારે પૂજ્યશ્રીને સવિનય આશ્રમમાં લઈ આવ્યાં હતાં.

### જે કામ ત્રણ વર્ષે ન થાય તે ત્રણ મહિનામાં

આ ઉપસર્ગોથી પૂજ્યશ્રીનો ઘણો આત્મવિકાસ થયો. આશ્રમમાં આવ્યા પછી કોઈ પ્રસંગે શ્રી મોહનભાઈને પૂજ્યશ્રીએ કહેલું કે **"જે કામ ત્રણ વર્ષે ન થાય તે આ ત્રણ મહિનામાં થયું છે."** દિનપ્રતિદિન તેઓશ્રીનો આત્મપ્રભાવ અમોએ ચઢતે પરિણામે જોયો છે. આ કંઈ અતિશયોક્તિ નથી, પણ જે સમાગમમાં આવ્યા તેમનો આ જાત અનુભવ છે.

## ઈડર

સં.૨૦૦૬ના ચૈત્ર વદ ૮ને દિવસે ૪૦-૫૦ મુમુક્ષુ ભાઈબહેનો સાથે પૂજ્યશ્રી ઈડર ત્રણ દિવસની યાત્રાએ જઈ બધે દર્શન ભક્તિ કરી પાછા આવ્યા.

## ઇન્દોર




વર્તમાનમાં બનેલ શ્રીમદ્ રાજચંદ્ર મંદિર, ઇન્દોર

સં.૨૦૦૬ના વૈશાખ સુદ ૧૧ના રોજ અગાસ આશ્રમથી ૫૦-૬૦ મુમુક્ષુભાઈબહેનો સાથે પૂજ્યશ્રી ઇન્દોર ચિત્રપટ સ્થાપના નિમિત્તે પધાર્યા.

ત્યાંના મુમુક્ષુઓએ ભક્તિ અર્થે મકાનના ઉપરના હૉલમાં વૈશાખ સુદ ૧૩ને દિવસે પૂજ્યશ્રીના શુભ હસ્તે ચિત્રપટોની સ્થાપના કરાવી. ત્યાંથી બનેડિયાજી વગેરે સ્થળોની યાત્રા કરી પાછા ઇન્દોર આવ્યા.

ઇન્દોર છાવણીમાં જતાં નસીઆ ધર્મશાળામાં જ્યાં પ.પૂ. પ્રભુશ્રીજી સં.૧૯૭૬ની સાલમાં ઊતર્યા હતા, ત્યાં **'આત્મસિદ્ધિ'** અને **'મૂળમારગ'** વગેરેની અત્યંત ઉલ્લાસપૂર્વક ભક્તિ કરી. પછી બધા અગાસ આશ્રમમાં આવ્યા.


## મોરબી



વર્તમાનમાં બનેલ શ્રીમદ્ રાજચંદ્ર સ્મૃતિ મંદિર, મોરબી

સં.૨૦૦૭ના કાર્તિક વદ ૩ના રોજ આશ્રમથી પૂજ્યશ્રી લગભગ ૫૦ મુમુક્ષુભાઈબહેનો સાથે મોરબી પધાર્યા.

## વવાણિયામાં શ્રીમદ્ રાજચંદ્રને જાતિસ્મરણજ્ઞાન થયું તે વૃક્ષ પાસે પૂ.શ્રી બ્રહ્મચારીજી મુમુક્ષુ ભાઈ-બહેનો સાથે



મોરબી દર્શન કરી વવાણિયા આવ્યા. શ્રી જવલબહેન અને શ્રી બુદ્ધિધનભાઈ વગેરે ત્યાં જ હતા.

સવારની ભક્તિ કરી રહ્યા પછી બધી તળાવડીઓએ ફરવા ગયા. પછી જ્યાં પરમકૃપાળુદેવને જાતિસ્મરણજ્ઞાન થયું હતું તે બાવળના ઝાડ આગળ બેસી ભક્તિ કરી અને બહેનોએ ગરબા ગાયા. બીજે દિવસે તળાવડીએ પદ બોલી બેઠા પછી પૂ.શ્રી બ્રહ્મચારીજીએ જણાવ્યું કે ''યાત્રામાં જેટલું શરીર ઘસાશે તેટલું કામનું છે.'' પોતે ઘણા ઉલ્લાસમાં હતા. તે જ દિવસે થોડીવારમાં એક સુંદર ભજન તૈયાર કર્યું.


**''અંતર અતિ ઉલ્લસે હો કે જન્મભૂમિ નીરખી, મુમુક્ષુ મનને હો કલ્યાણક સરખી.''**

આ ભજન શ્રી વસ્તીમલભાઈને ભક્તિમાં બોલવાની આજ્ઞા કરી. સર્વ મુમુક્ષુમંડળે પ્રેમપૂર્વક ઝીલી ખુબ આનંદ અનુભવ્યો હતો. વવાણિયા છ દિવસ રોકાઈ રાજકોટ પધાર્યા. રાજકોટમાં જ્યાં પરમકૃપાળુદેવનું સમાધિસ્થાન છે ત્યાં દર્શન ભક્તિ કરી જે બંગલામાં પરમકૃપાળુદેવનો દેહોત્સર્ગ થયેલો તે સ્થાનના દર્શનાર્થે ગયા.

**શ્રી જુનાગઢ-ગિરનારના ગઢ ઉપર**
**શ્રી નેમિનાથ પ્રભુના નિર્વાણસ્થાને ભક્તિ કરતા પૂ.શ્રી બ્રહ્મચારીજી તથા મુમુક્ષુ ભાઈ-બહેનો**



રાજકોટથી જૂનાગઢ પધાર્યા. ગામના મંદિરો અને તળેટીના મંદિરોમાં દર્શન કરી પૂજા ભક્તિ કરી. ત્રીજે દિવસે ગઢ ઉપર ચઢ્યા. બધી ટૂકોએ દર્શન ભક્તિ કરી અને મુખ્ય મંદિરમાં ચૈત્યવંદન કર્યું. સાંજના રાજુલની ગુફા જોઈ. પછી ચિદાનંદજીની ગુફા છે ત્યાં ગયા. તે ગુફામાં રાત્રે કોઈ રહી શકતું નહીં. સં.૧૯૬૦ની સાલમાં પ.પૂ.પ્રભુશ્રીજી અને મુનિશ્રી મોહનલાલજી મહારાજ આ ગુફામાં ત્રણ દિવસ રહેલા. વ્યંતરના કારણે ઉપદ્રવો પણ થયેલા. ત્યાં દર્શન કરી ગઢ ઉપરના ઉતારે આવ્યા. રાત્રે ભક્તિ કરી ગઢ ઉપર સૂઈ ગયા. બીજે દિવસે સવારે સહસામ્રવન (શેષાવન) જઈ પંચકલ્યાણક બોલી જૂના રસ્તે થઈ ગામમાં બધા આવી પહોંચ્યા.



શ્રી જુનાગઢ-ગિરનારના મંદિરોનું દૃશ્ય

# શ્રી પાલીતાણા ગઢ ઉપરના મંદિરોના દર્શન





શ્રી હસ્તગિરિ તીર્થ



શ્રી મોતીશાની ટૂંક, પાલીતાણા ગઢ ઉપર




શ્રી કદંબગિરિ તીર્થ

જૂનાગઢથી પાલીતાણા પધાર્યા. પહેલે દિવસે ગામના દેરાસરોમાં દર્શન કર્યા. બીજે દિવસે ગઢ ઉપર ચઢી બધી ટૂકોના દર્શન કરી આદીશ્વર ભગવાન આગળ ચૈત્યવંદન કરી નીચે ઊતર્યા. પૂજ્યશ્રી ૪-૫ મુમુક્ષુઓ સાથે સોનગઢ ગયા. ત્યાં બધે ફરી સમવસરણની રચના તથા દેરાસરના દર્શન કરી પાછા પાલીતાણા આવ્યા. ત્યાંથી ૭-૮ મુમુક્ષુઓ સાથે પૂજ્યશ્રી બોટાદ પધાર્યા અને બીજા બધા મુમુક્ષુઓ પાલિતાણાથી સીધા આશ્રમ માટે રવાના થયા.

## શ્રી બાહુબળીજીની યાત્રા

સં.૨૦૦૮ના કાર્તિક વદ ૧૧ને દિવસે આશ્રમથી લગભગ ૧૦૦ મુમુક્ષુ ભાઈ-બહેનોના સંઘ સાથે પૂજ્યશ્રી બાહુબળીજીની યાત્રાએ પધાર્યા. આશ્રમથી પરમકૃપાળુદેવનો લાઈફ સાઇઝનો ચિત્રપટ સાથે હતો. તે લઈ હુબલી સ્ટેશને ઊતર્યાં. ત્યાં શ્રી ઘેવરચંદજી, શ્રી ઓટરમલજી વગેરે મુમુક્ષુઓ ઘણા ઉલ્લાસમાં બેંડવાજા સાથે લેવા આવ્યા હતાં. વાજતે ગાજતે ગામમાં પ્રવેશ થયો. દિગંબર શ્વેતાંબર મંદિરોના દર્શન કરવા ગયા. ત્યાં **'કોન ઉતારે પાર' 'પંથ પરમપદ બોધ્યો'** અને **'મૂળ માર્ગ'**ના પદો બોલ્યા હતા.



શ્રીમદ્ રાજચંદ્ર ચિત્રપટ



વર્તમાનમાં નવું બનેલ શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન મંદિર, હુબલી

પ.પૂ.પ્રભુશ્રીજીએ સં.૧૯૮૦નું ચોમાસું પૂનામાં કર્યું હતું અને ત્યાંથી બાહુબળીજીની યાત્રાએ જતાં હુબલી સ્ટેશન પાસે એક બંગલામાં ત્રણ દિવસ રોકાયા હતા. તે બંગલામાં પૂજ્યશ્રી સર્વ મુમુક્ષુભાઈબહેનો સાથે પધાર્યા. ત્યાં 'મંગલાચરણ' 'વીસ દોહરા' 'જડ ને ચૈતન્ય બન્ને' 'બહુ પુણ્ય કેરા'ના પદો બોલ્યા. બંગલામાં રહેનાર શેઠે કહ્યું કે ધન્ય ભાગ્ય મારાં કે આજે આવા પુરુષનાં મારે ઘેર પગલાં થયાં.



હુબલીમાં પ.પૂ.પ્રભુશ્રીજી રહેલા તે મકાન

પૂજ્યશ્રીએ કહ્યું : ''આ બંગલામાં એક આત્મજ્ઞાની પુરુષ આવેલા છે. જાણ્યે-અજાણ્યે પણ તમને ઘેર બેઠા તીર્થ જેવું ઘર મળ્યું છે. મહાપુરુષોની ચરણરજથી પવિત્ર થયેલા સ્થાનો જીવને કલ્યાણકારી છે.'' એના ઉપર પૂજ્યશ્રીએ એક દૃષ્ટાંત આપ્યું કે ''ભરત ચક્રવર્તીને જે અરીસાભુવનમાં કેવળજ્ઞાન થયું તે જ ભુવનમાં તેમના પછી ઘણા રાજાઓ કેવળજ્ઞાન પામ્યા હતા. મહાપુરુષોના પુદ્ગલો પણ એવા હોય છે કે ઘણા કાળ સુધી તેની અસર રહે છે.'' હુબલીમાં ત્રણ દિવસ રોકાઈ બેંગલોર પધાર્યા.

## પૂ.પ્રભુશ્રીજી ઉતર્યા તે જ હૉલમાં પૂશ્રીનો ઉતારો

બેંગલોરમાં સં.૧૯૮૧માં પ.પૂ.પ્રભુશ્રીજી ચિકપેટના શ્રી આદિનાથ જૈનમંદિરના જે વ્યાખ્યાન હૉલમાં ઊતર્યા હતા તે જ હૉલમાં પૂજ્યશ્રીનો ઉતારો હતો. ત્યાં આહોરના શ્રી ચંદનમલજી તથા શ્રી જુગરાજજીએ બધી સગવડ કરી હતી. બે દિવસ ત્યાં રોકાઈ મૈસુર પધાર્યા. મૈસુરમાં પૂજ્યશ્રીનો ઉતારો શ્રી મિશ્રીમલજીને ત્યાં હતો. એમના ઘરે ચિત્રપટોની સ્થાપના કરી તથા આત્મસિદ્ધિની પૂજા દરમ્યાન શ્રી નિર્મળાબેનને યાવત્જીવન ચોથા વ્રતની પ્રતિજ્ઞા વિધિસહિત આપી હતી.

મૈસુરમાં ત્રણ દિવસ રોકાઈ ૧૫૦ મુમુક્ષુભાઈબહેનોના સંઘ સાથે બાહુબળીજીના દર્શનાર્થે પ્રયાણ કર્યું.

## પૂજ્યશ્રી બ્રહ્મચારીજી તથા મુમુક્ષુ ભાઈ-બહેનો શ્રી બાહુબલીજીના પહાડ ઉપર ચઢતા




વિંધ્યગિરિ પહાડ ઉપર બાહુબળીજીની ૫૭ ફૂટની પ્રતિમા છે. તેના દર્શનાર્થે
પૂજ્યશ્રી સૌથી આગળ અને પાછળ આખો સંઘ જય જયકાર સાથે ચઢવા લાગ્યો.

## બાહુબળીજીના પહાડ ઉપર ચઢતા વિસામો




શ્રી બાહુબળીજીની પ્રતિમા સામે દર્શન કરતા પૂ.શ્રી બ્રહ્મચારીજી આદિ મુમુક્ષુઓ




પ્રતિમાના દર્શન કરી ચારે બાજુ ફરતા 'કોન ઉતારે પાર' પદ બોલી પ્રતિમાની સામે આવી બેઠા



## ભરતજીના પહાડ ઉપર બોધવડે મુમુક્ષુઓની આંખોમાં આંસુ






ત્યાં પૂ.શ્રી બ્રહ્મચારીજીએ 'પ્રજ્ઞાવબોધ'માંથી શ્રી ઋષભદેવ ભગવાનના પાઠમાં આવેલ બાહુબળીજી અને ભરતજીના યુદ્ધનો સંવાદ સંદેસરના શ્રી અંબાલાલભાઈ પાસે ગવડાવ્યો. સાથે પૂ.શ્રીએ તેનું વિવેચન કર્યું. તે સાંભળી ઘણો આનંદ થયો હતો.

બીજે દિવસે ચંદ્રગિરિ પહાડ ઉપર ગયા. ત્યાં દર્શન કરી, ભરતજીની મૂર્તિ અર્ધી જમીનમાં દટાયેલી છે ત્યાં બેઠા.

'પ્રજ્ઞાવબોધ'માંથી ગઈ કાલે ગવડાવેલ પાઠનો આગળનો ભાગ ભરતજીના વૈરાગ્ય સંબંધીનો ગવડાવ્યો, અને પૂજ્યશ્રીએ તેનું વિવેચન કર્યું. તે સાંભળી મુમુક્ષુઓની આંખોમાં આંસુ આવી ગયા.

પૂ.શ્રી બ્રહ્મચારીજી ભરતજીના પહાડ ઉપર સત્સંગમાં મુમુક્ષુ ભાઈ-બહેનો સાથે



બપોરે ગામના મંદિરમાં ભટ્ટારકજીએ સ્ફટિકમણિ વગેરે વિવિધ રત્નોની પ્રતિમાઓના દર્શન કરાવ્યા હતા.

ત્યાંથી વેણુર, મુડબિદ્રિ અને કારકલમાં દર્શન ભક્તિ કરી પાછા હુબલી પધાર્યા. ત્યાંથી ઘણા મુમુક્ષુઓ આશ્રમમાં પાછા ફર્યા. અને પૂજ્યશ્રી થોડા મુમુક્ષુઓ સાથે હુબલીથી બલારી જઈ રાયચૂર આવ્યા. રાયચૂરમાં શ્રી સીતાબહેનને ત્યાં ત્રણ દિવસ રોકાયા હતા. રાયચૂરથી એક માઈલ દૂર ટેકરી ઉપર શ્રી ભદ્રબાહુસ્વામીના પાદુકાજી છે, ત્યાં દર્શન કરી 'અપૂર્વ અવસર' બોલ્યા અને તળાવના કિનારે બે દેરીઓ છે ત્યાં ભક્તિ કરી હતી.

## શ્રી કુલપાકજી


રાયચૂરથી હૈદ્રાબાદ થઈ કુલપાકજી આવ્યા. મંદિરમાં પ્રતિમાઓ ચમત્કારી છે. કુલપાકજીથી ત્રણ માઈલ દૂર એક પહાડની તળેટીમાં ત્રણ પ્રતિમાઓ છે. ત્યાં દર્શન કરી પાછા કુલપાકજી આવ્યા.

કુલપાકજીથી પૂજ્યશ્રી ગુડિવાડા પધાર્યા. શ્રી ધર્મચંદજી વગેરે મુમુક્ષુઓનો ઉલ્લાસ ઘણો હતો. સ્ટેશનથી બેંડવાજા સાથે વાજતે ગાજતે પૂજ્યશ્રીને ધર્મશાળાએ લઈ ગયા. બાજુમાં જિનમંદિર છે. ત્યાં દર્શન ભક્તિ કરી. મંદિરમાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા ચમત્કારી છે.

શ્રી ધર્મચંદભાઈના મકાનમાં ચિત્રપટોની સ્થાપના પૂજ્યશ્રીના હસ્તકમળે કરવામાં આવી. છ દિવસ ત્યાં રોકાઈ વિજયવાડા, ભાંડુકતીર્થ થઈ અંતરીક્ષ પાર્શ્વનાથ આવ્યા.

ત્યાંથી પૂજ્યશ્રી ધૂળિયા પધાર્યા. તેના ઉલ્લાસમાં શ્રી મગનભાઈ લક્ષ્મીદાસ વગેરે ત્રણે ભાઈઓએ પ.પૂ.પ્રભુશ્રીજીનો બોધ છપાવવા માટે રૂા. એક હજારનો ડ્રાફ્ટ કઢાવી આશ્રમમાં મોકલ્યો. છ દિવસ ધૂળિયા રોકાઈ અંજડ આવ્યા. ત્યાં શ્રી ચીમનભાઈ ઘણા ઉલ્લાસથી બેંડવાજા સાથે પૂજ્યશ્રીને પોતાના ઘેર લઈ ગયા. અને તેઓશ્રીના કરકમળે ચિત્રપટોની સ્થાપના કરાવી. ઇન્દોરથી શ્રી મંગળદાસશેઠ અને શ્રી સાકરબેન વગેરે અંજડ આવ્યા હતા.

## શ્રી બાવનગજામાં પૂ.શ્રી બ્રહ્મચારીજી
## મુમુક્ષુ ભાઈ-બહેનો સાથે



### બાવનગજા

ત્યાંથી બાવનગજા ગયા. ત્યાં સાતપુડા પર્વતોની હાર છે. એક પર્વતમાં ૮૪ ફૂટની શ્રી આદિનાથ ભગવાનની કાયોત્સર્ગ મુદ્રાની પ્રતિમા અર્ધી કોતરેલી છે. ગામનું નામ બડવાની છે. ત્યાંથી બાવનગજા છ માઈલ દૂર છે. ત્યાં દર્શન કરી ઇન્દોર આવ્યા.

## ઇન્દોર



ઇન્દોરમાં જ્યાં પરમકૃપાળુદેવના ચિત્રપટોની સ્થાપના કરેલ ત્યાં પૂજ્યશ્રીનો ઉતારો હતો. ઇન્દોરમાં શ્રી હુકમીચંદ શેઠનું કાચનું મોટું દેરાસર પ્રસિદ્ધ છે. ત્યાં દર્શન કરવા ગયા. શેઠ શ્રી હુકમીચંદજી પાસે અર્ધો કલાક બેઠા અને 'અપૂર્વ અવસર' નું પદ બોલ્યા. શેઠને આનંદ થયો હતો.

તે સમયે પૂજ્યશ્રી બાવીસ દિવસ ઇન્દોર રોકાયા. વારા ફરતી ૩૦ મંદિરોના દર્શન કર્યાં. માંડવગઢ અને બનેડિયાજી જઈ દર્શન કરી આવ્યા તેમજ ઇન્દોરથી ૭૫-૮૦ મુમુક્ષુ ભાઈ બહેનો સાથે સિદ્ધવરકૂટ પણ ગયા. ત્યાં પાંચ મંદિરોનાં દર્શન કર્યા. ઘણો આનંદ થયો. પ.પૂ.પ્રભુશ્રીજી પણ ઇન્દોરથી બનેડિયાજી ગયા હતા અને સિદ્ધવરકૂટ પધાર્યા હતા. ત્યાં સિદ્ધવરકૂટમાં તેઓશ્રી આઠ દિવસ રોકાયા હતા.

## રાજસ્થાનની યાત્રા

પૂજ્યશ્રી ઇન્દોરથી અજમેર પધાર્યા. ત્યાં દસ-બાર મંદિરો છે. આગમ મંદિર, સમવસરણની રચના અને ભગવાનના પંચકલ્યાણકની રચના ઉત્તમ પ્રકારે કરેલી છે. ત્યાંથી પુષ્કરાજ, બ્યાવર થઈ શિવગંજ પધાર્યા. ત્યાં ચાર દિવસ રહી આહોર આવવું થયું હતું.

આહોરમાં ચાર દિવસ રોકાઈ ઉમેદપુર થઈ રાણકપુરની પંચતીર્થીમાં મુસાળા મહાવીર, ઘાણેરાવ, નાડલાઈ, નાડોલ, વરકાણામાં દર્શન ભક્તિ કરી જોધપુર પધાર્યા.

જોધપુરથી રાતના ૧૦ વાગે જેસલમેર જવા માટે ટ્રેનમાં બેસવાનું હતું. ત્યારે પૂજ્યશ્રીને જોતાં જ સ્ટેશનના બે માસ્તરોને એવી ભાવના થઈ કે એમની પાસેથી આપણે કંઈક સાંભળીએ. પૂજ્યશ્રીએ અર્ધો કલાક તેમને પરમાર્થ સંબંધી સમજ આપી. બન્ને માસ્તરોએ નિત્યક્રમ પુસ્તક લીધા.

## જેસલમેર તીર્થ



જેસલમેરના કિલ્લામાં પાસે પાસે ૭ દેરાસર આવેલા છે. તેમાં છ હજાર પ્રતિમાઓ છે. ત્યાં દર્શન પૂજા ભક્તિ કર્યા. અહીંનો શાસ્ત્રભંડાર પ્રસિદ્ધ છે. તે જોઈ ત્રણ દિવસ ત્યાં રોકાઈ લોદરવાજી આવ્યા. લોદરવાજીમાં પાર્શ્વનાથ ભગવાનની સહસ્રફણાની સુંદર ચમત્કારી પ્રતિમા છે. તેનાં દર્શન કરી જેસલમેરની આજુબાજુ યાત્રાએ ફરી પૂજ્યશ્રી નાકોડા તીર્થ પધાર્યા.

## નાકોડા તીર્થ



નાકોડાજીમાં પૂ.શ્રી બ્રહ્મચારીજી મુમુક્ષુ ભાઈઓ સાથે

નાકોડાજીમાં ચાર દિવસ સ્થિરતા કરી હતી. રાતના રોજ વાંચન ચાલતું. તેમાં પૂજ્યશ્રી અલૌકિક ભાવમય વિવેચન કરતા હતા. ત્યાંથી સિવાના આવ્યા.


## ગઢ સિવાના



શ્રીમદ્ રાજચંદ્ર મંદિર, સિવાના

સિવાનામાં બે દિવસ રોકાવું થયું. ત્યાં ભક્તિ વાંચનમાં ૪૦-૫૦ ભાઈબહેનોનું આવવું થતું. ત્યાંથી જાલોર પધાર્યા. ગઢ ઉપર ચઢી દર્શન કરી નીચે ઊતર્યા. ત્યાંથી સાથેના મુમુક્ષુ-ભાઈબહેનો અગાસ આશ્રમ આવવા માટે રવાના થયા. અને પૂ.શ્રી બ્રહ્મચારીજી આહોર પધાર્યા. ઓગણીસ દિવસ ત્યાં સ્થિરતા કરી. તે સમયે શ્રી મોહનભાઈ, શ્રી મગનભાઈ અને શ્રી રણછોડભાઈ સાથે હતા.

સં.૨૦૦૯ના મહા સુદ ૧ના દિવસે શારીરિક સ્વસ્થતા અર્થે પૂજ્યશ્રીનું નાસિક પધારવું થયું. શ્રી શાંતિભાઈ, શ્રી રણછોડભાઈ અને શ્રી પુખરાજજી તેઓશ્રીની સેવામાં સાથે હતા.



ડુમસનું જિનમંદિર

સં.૨૦૦૯ના ચૈત્ર વદ ૮ને દિવસે આશ્રમથી પૂજ્યશ્રી સંઘ સાથે પથરાડિયા, સરભાણ, ખરવાસા, બારડોલી, ખોજ, પારડી, શામપુરા, ભુવાસણ, આસ્તા, ધામણ, દેરોદ, રૂંઢી, કામરેજ, નનસાડ થઈને સડોદરા પધાર્યા. ત્યાંથી કુચેદ, અંભેટી થઈ ધામણ પધાર્યા. ત્યાં ત્રણ દિવસ રહી સં. ૨૦૦૯ના પ્રથમ વૈશાખ સુદ ૧૩ને દિવસે ડુમસ પધાર્યા. ત્યાં સેવામાં શ્રી સુમેરભાઈ અને શ્રી રણછોડભાઈ હતા. પંદર દિવસ ત્યાં રોકાઈ જીથરડી થઈ આશ્રમ પધાર્યા.

બીજા વૈશાખ સુદ ૧૩ને દિવસે પૂજ્યશ્રી આશ્રમથી સીધા ડુમસ પધાર્યા. સેવામાં શ્રી રણછોડભાઈ હતા. ૨૫ દિવસ લગભગ ત્યાં રોકાઈ આશ્રમ આવવું થયું હતું.

અગાસ આશ્રમમાં સં.૨૦૦૯ના આસો વદ ૨ને દિવસે પ.પૂ.પ્રભુશ્રીજીના રંગીન ચિત્રપટની સ્થાપના શ્રી રાજમંદિરમાં આરસના ગોખમાં પૂજ્યશ્રીના સ્વહસ્તે કરવામાં આવી. પછી સ્વમુખે ભક્તામર સ્તોત્ર બોલ્યા હતા.


સં.૨૦૧૦ના કાર્તિક સુદ ૭ ને દિવસે સાંજે પાંચ કલાકને ચાલીસ મિનિટે પરમ પૂજ્યશ્રી બ્રહ્મચારીજીએ અગાસ આશ્રમના શ્રી રાજમંદિરમાં પરમકૃપાળુદેવના ચિત્રપટ સમક્ષ કાઉસગ્ગ મુદ્રામાં ઊભા રહી, આત્મસમાધિમાં લીન થઈ આ નશ્વરદેહનો ત્યાગ કરી ઉત્તમ ગતિને પામ્યા.


વન્દન હો પવિત્ર પુરુષોના પાદારવિંદમાં.

- ભાવનાબેન પી. જૈન અગાસ આશ્રમ

## પૂ.શ્રી બ્રહ્મચારીજી







# ઉત્તરસંડા તીર્થક્ષેત્ર




એકવાર પૂજ્યશ્રી બ્રહ્મચારીજી ઉત્તરસંડા પધાર્યા હતા. તે ભૂમિના દર્શન થતાં પૂજ્યશ્રીએ પદોની રચના કરી. ''કોડ અનંત અપાર પ્રભુ મને કોડ અનંત અપાર'' તથા બીજું પદ ''નયન સફળ થયા આજ પ્રભુ મારા નયન સફળ થયા આજ.''



## પૂજ્યશ્રી બ્રહ્મચારીજીના દેહોત્સર્ગ અર્ધ શતાબ્દી મહોત્સવ નિમિત્તે અગાસ આશ્રમમાં વરઘોડાના દૃશ્યો


અગાસ આશ્રમનું જૂનું સભા મંડપ


અગાસ આશ્રમનું નૂતન સભા મંડપ













# પૂજ્યશ્રી બ્રહ્મચારીજીના દેહોત્સર્ગ અર્ધ શતાબ્દી મહોત્સવ નિમિત્તે બનાવેલ પ્રદર્શનના દૃશ્યો

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ અગાસમાં
બનાવેલ પ્રદર્શન







રાત્રે પૂજ્યશ્રી બ્રહ્મચારીજીની દેરી આગળ ભક્તિ

